સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 4
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ પૌષ વદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
રવિવાર, ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



સાપ્તાહિક

# મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1689/57 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 4

■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ પૌષ વદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26

રવિવાર, ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ ઉત્સવ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# કુમુદિની લાખિયાને પદ્મવિભૂષણ, પંકજ પટેલને પદ્મભૂષણ

## તુષાર શુકલ, સુરેશ સોની, પરમાર લવજીભાઇ, ચંદ્રકાંત શેઠની પસંદગી

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ (શનિવારે) પદ્મ અવૉર્ડ વિજેતાઓના નામ જાહેર કર્યા હતા. પદ્મવિભૂષણ વિજેતા સાત જણમાં ગુજરાતના કુમુદિની રજનીકાંત લાખિયા, પદ્મભૂષણ વિજેતા ૧૯ જણમાં ગુજરાતના પંકજ પટેલ, પદ્મશ્રી પુરસ્કાર વિજેતા ૧૧૩ જણમાં ગુજરાતના સાબરકાંઠાના સુરેશ હરિલાલ સોની, તુષાર શુકલ, ચંદ્રકાંત શેઠ, ચંદ્રકાંત સોમપુરા, રતનકુમાર પારીમુ, અને સુરેન્દ્રનગરના પરમાર લવજીભાઇ નાગજીનો સમાવેશ થાય છે.

પદ્મશ્રી અવૉર્ડ વિજેતાઓમાં સાબરકાંઠામાં કુષ્ઠરોગીઓની સેવા કરતા સુરેશ સોની, સુરેન્દ્રનગરના પરમાર લવજીભાઇ નાગજીભાઇ, નિર્ગુણભક્તિના ભેરુસિંહ ચૌહાણ, બતુલ બેગમ, રાધાબહેન ભટ્ટ, ગોવાના ૧૦૦ વર્ષીય સ્વાતંત્ર્યસેનાની લિબિઆ લોબો સરદેસાઇ, પશ્ચિમ બંગાળના સંગીતકાર - ઢાક વાજિંત્ર વગાડનારા ગોકુલચંદ્ર દાસ, કુવૈતના યોગ પ્રેક્ટિશનર શૈખા એ. જે. અલ સાબાહ, ઉત્તરાખંડના ટ્રાવેલ બ્લોગર દંપતી હ્યુ અને કોલીન ગાન્ટેઝ. નાગાલૅન્ડના ફળો ઉગાડનારા ખેડૂત એલ. હાંગથિંગ, પુડુચેરીના ઉદ્યોગપતિ પી. દાતાચાનમૂર્તિ, મધ્ય પ્રદેશના સેલ્લી હોળકર, મરાઠી લેખક મારુતિ ભુજંગરાવ ચિંતાપલ્લી, અશ્વથી તિરુનલ ગૌરી લક્ષ્મીબાઇ, સદાનામ પી. વી. બાલકૃષ્ણન, નારાયણ ઇ. પી., સત્યનારાયણ બેલેરી, સ્વામી મુનિ નારયણપ્રસાદ,પી. ચિત્રન નમ્બૂદિરિપ્પાદ, ગર્ભાશયના કેન્સર માટે કામ કરતા ડૉ. નીરજા ભાટિયા, હોમિયોપેથ વિલાસ ડાંગરે, નિર્મલાદેવી, મુસાહર કોમને આગળ લાવવા કાર્ય કરનારા ભીમસિંહ ભાવેશનો સમાવેશ થાય છે.

### મુંબઈ સમાચાર

મુંબઈ સમાચારની ઑફિસ પ્રજાસત્તાક દિન, તા. ૨૬.૧.૨૦૨૫, રવિવારે સંપૂર્ણ બંધ રહેવાની હોવાથી તા. ૨૭.૧.૨૦૨૫, સોમવારનું અખબાર પ્રસિદ્ધ નહિ થાય, તેની વાચકો અને અન્ય લોકોએ નોંધ લેવી.

- વ્યવસ્થાપક

## મુંબઈ હુમલાના દોષી તહવ્વુર રાણા ભારતને સોંપવા મંજૂરી

### અમેરિકાની સુપ્રીમ કોર્ટે સમીક્ષા અરજી કાઢી નાખી



વૉશિંગ્ટન : અમેરિકાની સુપ્રીમ કોર્ટે ૨૦૦૮ના મુંબઈ પર આતંકવાદી હુમલાના કેસમાં વૉન્ટેડ હુમલા કેસમાં સજા ભોગવી રહેલા તહવ્વુર રાણાના પ્રત્યર્પણને મંજૂરી આપી દીધી છે. તહવ્વુર રાણા ભારતને ન સોંપાય તે માટેની રિવ્યૂ અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. રાણા મૂળ પાકિસ્તાની છે, પરંતુ તેની પાસે કેનેડાનું નાગરિકત્વ છે. ભારત સરકારે તહવ્વુર હુસૈન રાણાના પ્રત્યર્પણ માટે અમેરિકાને વિનંતી કરી હતી. આ સાથે આ કેસમાં તેને દોષી ઠરાવવામાં આવ્યા બાદની તેની રિવ્યુ પિટિશન પણ ફગાવી દેવામાં આવી છે.

સૂત્રો અનુસાર, તહવ્વુર રાણાને ભારત પ્રત્યાર્પણ ન કરવા માટે આ છેલ્લી કાનૂની તક હતી.

અગાઉ રાણાની સાન ફ્રાન્સિસ્કોમાં યુએસ કોર્ટ ઑફ અપીલ સહિત અનેક ફેડરલ કોર્ટમાં થયેલી કાનૂની લડાઈમાં હાર થઈ હતી.

વિદેશ પ્રધાન એસ. જયશંકરે પૂર્વ અમેરિકી પ્રમુખ જો બાઈડેનના શાસનકાળ દરમિયાન આરોપીને ભારતને સોંપવાની ઘણી વખત માંગ કરી હતી.

એક રિપોર્ટ પ્રમાણે ૭ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ અમેરિકાની એક અદાલતે રાણાને ૧૬૮ મહિનાની જેલની સજા કરી હતી.

જૂન ૨૦૧૦માં કેલિફોર્નિયાના મેજિસ્ટ્રેટે ભારતની પ્રત્યાર્પણ અરજીને ધ્યાનમાં રાખીને રાણાના કામચલાઉ અરેસ્ટ વૉરન્ટ પર સહી કરી હતી.

તહવ્વુર રાણા તેના મિત્ર ડેવિડ હેડલી સાથે મુંબઈ હુમલાને અંજામ આપવા અને ડેનમાર્કમાં હુમલાની યોજના બનાવવાના આરોપમાં દોષિત ઠર્યા હતા. અમેરિકન કોર્ટે રાણાને ૧૪ વર્ષની જેલની સજા સંભળાવી હતી. રાણાને ક્યારે પ્રત્યાર્પણ દ્વારા ભારતને સોંપાશે તે હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી.



**અતિથિ વિશેષઃ**
દિલ્હીસ્થિત હૈદરાબાદ હાઉસ ખાતે શનિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઈન્ડોનેશિયાના પ્રમુખ પ્રાબોવો સૂબિઆન્તો. (એજન્સી)

## ત્રણ બૅન્કને દંડ

મુંબઈઃ નિયમોનું યોગ્ય રીતે પાલન ન કરવા બદલ જમ્મુ ઍન્ડ કાશ્મીર બૅન્ક, બૅન્ક ઑફ ઈન્ડિયા અને કેનેરા બૅન્કને દંડ કરવામાં આવ્યો હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ)એ શુક્રવારે કહ્યું હતું. બૅકિંગ સેવા, બેઝીક સેવિંગ્સ બૅન્ક ડિપોઝીટ અકાઉન્ટ (બીએસબીડીએ), નૉ યોર કસ્ટમર (કેવાયસી) અને લૉન ઍન્ડ ઍડવાન્સિસ તેમ જ અન્ય અંકુશો સંબંધિત ચોક્કસ નિયમોનો ભંગ કરવા બદલ જમ્મુ ઍન્ડ કાશ્મીર બૅન્કને રૂ. ૩.૩૧ કોડનો દંડ કરવામાં આવ્યો હતો. બૅન્કિગ રેગ્યુલેશન ઍક્ટ ૧૯૪૯ની ચોક્કસ જોગવાઈઓનો યોગ્ય રીતે અમલ ન કરવા બદલ બૅન્ક ઑફ ઈન્ડિયાને એક કરોડ રૂપિયાનો તો જાહેર ક્ષેત્રની કેનેરા બૅન્કને રૂ. ૧.૬૩ કરોડનો દંડ કરવામાં આવ્યો હોવાનું આરબીઆઈએ કહ્યું હતું. 'મેનેજિંગ રિસ્ક્સ ઍન્ડ કોડ ઑફ કન્ડક્ટ ઈન આઉટસોર્સિંગ ઑફ ફાઈનાન્શિયલ સર્વિસિસ બાય એનબીએફસી' અંગે આરબીઆઈ દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશનું પાલન ન કરવા બદલ પ. બંગાળની ડૅટસન એક્સપોર્ટને એક લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. (એજન્સી)

## મહારાષ્ટ્રની એક વ્યક્તિનું નેપાળમાં મૃત્યુ

કાઠમંડુઃ નેપાળના બારા જિલ્લાના વેઈટિંગ શેલ્ટરમાં એક ભારતીય નાગરિક મૃત સ્થિતિમાં મળી આવ્યો છે, એવી માહિતી પોલીસ અધિકારીએ આપી હતી. મહારાષ્ટ્રનો ૪૨ વર્ષનો રુદ્ર ગિરિ ગુરુવારે સમિરા સબ-મેટ્રોપોલિટન સિટીના ચુરિયમાઈ મંદિરની નજીકની ટેકરીના જાહેર પ્રતીક્ષા ગૃહમાં મૃત સ્થિતિમાં મળી આવ્યો હતો, એવી માહિતી અધિકારીએ આપી હતી. જોકે તેમના મરણનું કારણ હજી જાણવા મળ્યું નથી.

## કાશ્મીરમાં વંદે ભારત ટ્રેનની સફળ ટ્રાયલઃ વિશ્વના સૌથી ઊંચા ચેનાબ પુલ પર દોડી



**સિદ્ધિઃ**
રિયાસી જિલ્લામાં ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રૂટ પર આવેલા વિશ્વના સૌથી ઊંચા રેલવે પુલના ચેનાબ બ્રિજ પરથી શનિવારે પ્રથમ 'વંદે ભારત' ટ્રેન પસાર થઈ હતી. (એજન્સી)

શ્રીનગરઃ વર્ષોની આકરી મહેનત, સમર્પણ અને એન્જિનિયરિંગ ચમત્કારો બાદ આખરે કાશ્મીર સાથે રેલ કનેક્ટિવિટીનું સપનું સાકાર થયું છે. શનિવારે ખાસ ડિઝાઇન કરાયેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેને અહીં તેનો ટ્રાયલ રન પૂર્ણ કર્યો હતો.

વંદે ભારત તેના પ્રથમ ટ્રાયલ રન પર જમ્મુના કટરાથી શહેરની બહારના નૌગામમાં શ્રીનગર સ્ટેશને પહોંચી હતી. આ ટ્રેન શુક્રવારે જમ્મુ પહોંચી હતી. વંદે ભારત એક્સપ્રેસ સવારે ૧૧-૩૦ વાગ્યે સ્ટેશન પહોંચતાની સાથે જ તેનું સ્વાગત સૂત્રોચ્ચાર અને ભારતીય રેલવેની પ્રશંસા સાથે કરવામાં આવ્યું હતું. અહીં સ્ટેશન પર થોડો સમય રોકાયા પછી ટ્રેન તેનો ટ્રાયલ રન પૂર્ણ કરવા માટે બડગામ સ્ટેશન પહોંચી હતી. એક અધિકારીએ જણાવ્યું કે કટરા અને કાશ્મીર વચ્ચે વંદે ભારતનો પહેલો ટ્રાયલ રન સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. આ ટ્રેન ખાસ કરીને જમ્મુ અને કાશ્મીરની પડકારજનક શિયાળાની પરિસ્થિતિઓમાં સરળતાથી સંચાલિત કરવા માટે ડિઝાઇન કરાઇ છે.

રેલવે સેફ્ટી કમિશ્નરે કટરા-બારામુલ્લા સેક્શન પર ટ્રેન સેવાઓ ચલાવવા માટે લીલી ઝંડી આપી દીધી છે. હવે વડા પ્રધાન નરેન્દ્ર મોદી કટરાથી ટ્રેનને લીલી ઝંડી આપે તેવી અપેક્ષા છે. લીલી ઝંડી આપવાના સમારોહની તારીખ હજુ જાહેર કરવાની બાકી છે. રેલવેએ ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલ લિંક(યુએસબીઆરએલ) પ્રોજેક્ટના ૨૭૨ કિમી પૂર્ણ કરી લીધા છે. રેલવે અધિકારીઓના જણાવ્યા મુજબ રેલવે બૉર્ડે ગયા વર્ષે ૮ જૂને આગામી કટરા-શ્રીનગર રેલ રૂટ માટે જમ્મુ અને કાશ્મીરની પડકારજનક શિયાળાની પરિસ્થિતિઓમાં સરળતાથી સંચાલન કરવા માટે ખાસ ડિઝાઇન કરાયેલી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનું અનાવરણ કર્યું હતું.

આ ટ્રેનમાં ખાસ આબોહવા સંબંધિત સુવિધાઓ સામેલ છે. દેશના વિવિધ ભાગોમાં દોડતી અન્ય ૧૩૬ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોની સરખામણીએ આ ટ્રેનમાં જમ્મુ અને કાશ્મીરની પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓમાં સંચાલન પડકારો અને મુસાફરોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે ઘણી વધારાની સુવિધાઓ છે. અધિકારીઓએ જણાવ્યું કે આ ટ્રેન કાશ્મીર ખીણની રાષ્ટ્રીય રેલ નેટવર્ક સાથે કનેક્ટિવિટી વધારીને ભૌગોલિક અને આર્થિક અંતરને દૂર કરવાની ભારતની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.

## ગુજરાત સ્થાનિક સ્વરાજ ચૂંટણી જંગમાં એનસીપી અજિત પવાર જૂથ મેદાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તારીખ જાહેર થતા તમામ રાજકીય પાર્ટીઓએ ચૂંટણી જંગમાં ઝંપલાવવા માટે તૈયારીઓ શરૂ કરી છે. જો કે આ વખતનો ચૂંટણી જંગ રસપ્રદ બની રહે છે, ચૂંટણી મેદાનમાં ભાજપ, કૉંગ્રેસ અને આપ ઉપરાંત શંકરસિંહ વાઘેલાની પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટી અને મહારાષ્ટ્રની એનસીપી પાર્ટી અજિત પવાર જૂથ પણ ગુજરાતની આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઝંપલાવવા જઈ રહી છે. આ જ કારણે આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ અને કૉંગ્રેસની મુશ્કેલીમાં વધારો થઈ શકે છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી મુદ્દે એનસીપીના અજિત પવાર જૂથે નિકુલ સિંહ તોમરને ગુજરાતના પાર્ટી અધ્યક્ષ તરીકે મેદાનમાં ઉતાર્યા છે. આ ચૂંટણીમાં પાર્ટીની રણનીતિ અંગે તેમણે જણાવ્યું હતું કે, એકલા હાથે બધી બેઠક પર ચૂંટણી લડીશું. વિજય યાદવ ઘાટલોડિયા બેઠક માટે ઉમેદવાર રહેશે. ઘાટલોડિયા વૉર્ડ નંબર ૭ ના ઉમેદવાર તરીકે વિજય યાદવ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી સ્ટુડન્ટ વિંગના મહામંત્રી ઉમેદવાર તરીકે ચૂંટણી લડશે. આ ઉપરાંત ૧૧ લોકોની કમિટી બનાવવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે, અલગ અલગ રાજ્યમાં મુદ્દા અલગ હોય છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી છે એ સ્થાનિક મુદ્દા મુજબ ગઠબંધન નક્કી થતું હોય છે. કાર્યકર્તાઓ પાર્ટીમાં જોડાઈ રહ્યા છે કેમ કે તેમને ઉત્સાહ હોય છે કે તે ચૂંટણી લડે, હોદ્દા પર ના હોય તો કામનો ઉત્સાહ પણ ના હોય. એવામાં મોંઘવારી, યુવાઓ ડ્રગ્સ તરફ જઈ રહ્યા છે અને રોજગારીના મુદ્દે અમે ચૂંટણી લડીશું.

## ગુજરાતમાંથી દીપડા પકડીને મહારાષ્ટ્રમાં છોડાતા હોવાનો વાઈરલ થયેલો વીડિયો ફેક હોવાનો વન પ્રધાનનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાંથી દીપડાઓને પકડીને મહારાષ્ટ્રનાં ગામડાઓમાં છોડી મુકાતા હોવાનો એક વીડિયોમાં આક્ષેપ કરાયો હતો. આ વીડિયો વાઇરલ થયા બાદ રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ પ્રધાન મુકેશ પટેલે આ વીડિયોને ફેક ગણાવી રાજ્યના વન વિભાગને બદનામ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે એવું જણાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં પકડાયેલા દીપડાઓને મહારાષ્ટ્રના નંદુરબારનાં જંગલોમાં છોડી દેવામાં આવતા હોવાનો લોકોએ આક્ષેપ કર્યો હતો. એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. જેમાં દક્ષિણ ગુજરાતના મહારાષ્ટ્ર બોર્ડર નજીક આવેલાં ગામોમાં નર્મદા નદીના જળમાર્ગે બાર્જ બોટ મારફત દીપડાઓને મણિબેલી અને ચીમલખેડી વિસ્તારમાં લાવવામાં આવે છે. લોકોએ ગુજરાતના વન વિભાગના અધિકારીઓ બાર્જ બોટમાં પાંજરામાં પૂરેલા દીપડાને નંદુરબારના મણિબેલી અને ચીમલખેડી વિસ્તારમાં છોડવા માટે આવ્યા હતા. એ સમયે ગ્રામજનોએ ઉગ્ર વિરોધ કર્યો હોવાનો દાવો પણ કરવામાં આવી રહ્યો છે.

નંદુરબારના સ્થાનિકોના કહેવા પ્રમાણે છેલ્લા ત્રણેક મહિનામાં ગુજરાતમાંથી ચાર દીપડાને આ વિસ્તારમાં છોડી દેવાયા છે. આ વિસ્તાર આદિવાસી વિસ્તાર છે.દીપડાને અહીં છોડી જવાથી સ્થાનિકો માટે જીવનું જોખમ ઊભું થાય છે. આ સમગ્ર મામલે રાજ્યકક્ષાના પ્રધાન મુકેશ પટેલે જણાવ્યું હતું કે ''મારી પાસે પણ વીડિયો આવ્યો છે. અમારા વન વિભાગના અધિકારીઓ ક્યારેય દીપડાનું રેસ્ક્યૂ કરીને કોઈ અન્ય રાજ્યમાં મોકલતા નથી. ગુજરાત પાસે પર્યાપ્ત જગ્યા છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, અમે મોટા ભાગે દીપડાઓ પર ચિપ્સ લગાવીએ છીએ અને એની મૂવમેન્ટ પર અમારી નજર હોય છે. કોઈએ વન વિભાગને બદનામ કરવા માટે કાવતરું કર્યું હોય એમ લાગે છે.''

## દિલ્હી અભેદ્ય કિલ્લામાં ફેરવાયું

### કર્તવ્ય પથની પરેડમાં 'વિરાસત' અને 'વિકાસ' રજૂ કરાશે

નવી દિલ્હીઃ દેશની રાજધાની દિલ્હીમાં પ્રજાસત્તાક દિનની ઉજવણીને ધ્યાનમાં રાખીને કડક સલામતી વ્યવસ્થા કરાઈ છે. અનિચ્છનીય ઘટનાને ટાળવા પોલીસ, સૈનિકો, અર્ધલશ્કરી દળના જવાનો સુરક્ષાનું ખાસ ધ્યાન રાખી રહ્યા છે. કર્તવ્ય પથ પર પરેડમાં ભારતની લશ્કરી તાકાત રજૂ કરાશે. કવાયતમાં દેશની 'વિરાસત'થી લઈને 'વિકાસ'ની ઝાંખી

દર્શાવાશે. રવિવારે ઉજવવામાં આવનારા ૭૬મા પ્રજાસત્તાક દિન નિમિત્તે યોજાનારી પરેડમાં ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનું પ્રદર્શન કરવાની સાથે સાથે બંધારણના અમલની પ્લેટિનમ જ્યૂબિલિની પણ ઉજવણી કરાશે.

આ પ્રસંગે ઈન્ડોનેશિયાના પ્રમુખ પ્રાબોવો સૂબિઆન્તો મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે અને ઈન્ડોનેશિયાની સેના અને બૅન્ડની ટુકડી પણ આ પરેડમાં ભાગ લેશે. પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં ભાગ લેનારાં પ્રમુખ પ્રાબોવો સૂબિઆન્તો ઈન્ડોનેશિયાના ચોથા પ્રમુખ હશે.

પરેડમાં બ્રહ્મોસ, પિનાકા અને આકાશ મિસાઈલ ઉપરાંત આર્મીની બૅટલ સર્વેલન્સ સિસ્ટમ 'સંજય' તેમ જ ડીઆરડીઓની જમીન પરથી જમીન પર છોડી શકાય તેવી મિસાઈલનું પણ પ્રદર્શન કરવામાં આવશે.

ટી-૯૦ 'ભીષ્મ' ટેન્ક, શૉર્ટ સ્પાન બ્રિજિંગ સિસ્ટમ, નાગ મિસાઈલ સિસ્ટમ, મલ્ટી બેરલ રૉકેટ લૉન્ચર સિસ્ટમ 'અગ્નિબાણ' અને 'બજરંગ' પણ આ પરેડનો હિસ્સો હશે. પરેડમાં એવી પણ અનેક વસ્તુઓ હશે જે સેનાની ત્રણે પાંખની સંયુક્ત તાકાતનું પ્રદર્શન કરશે જેની મુખ્ય થીમ 'સશક્ત અને સુરક્ષિત ભારત' હશે.

પ્રજાસત્તાક દિન નિમિત્તે રાષ્ટ્રપતિ દ્રૈપદી મુર્મૂ રાષ્ટ્રને સંબોધન કરશે. વર્ષ ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ દેશનું બંધારણ અસ્તિત્વમાં આવ્યું હોવાને કારણે પણ આ દિવસને ઐતિહાસિક લેખવામાં આવે છે.

પરેડ અગાઉ વડા પ્રધાન નરેન્દ્ર મોદી શહીદ સ્મારક ખાતે પુષ્પાંજલી અર્પણ કરી શહીદોને શ્રદ્ધાજલી આપશે.

રાષ્ટ્રીય સલામી સાથે રવિવારે સવારે પરેડ શરૂ થશે અને ૯૦ મિનિટ ચાલશે. આ પરેડ દેશના 'વિકાસ અને વારસા'નું પ્રતિબિંબ હશે.

સી-૧૩૦જે સુપર હરક્યૂલસ, સી-૨૯૫, સી-૧૭ ગ્લોબ માસ્ટર, પી-૮૧, મીગ-૨૯ અને એસયૂ-૩૦ વિમાનો પણ આ પરેડમાં ભાગ લેશે.

દેશના વિવિધ હિસ્સાઓનું પ્રતિનિધિત્વ કરતા ૩૦૦ જેટલા કલાકારો 'સારે જહાં સે અચ્છા, હિન્દુસ્તાન હમારા'ની સંગીતમય ધૂન પર પરફોર્મ કરશે.

લે. જન. ભાવનિશકુમાર, જનરલ ઑફિસર કમાન્ડિંગ (દિલ્હી) પરેડના કમાન્ડર હશે. ચીફ ઑફ સ્ટાફ મેજ. જન. સુમિત મહેતા (દિલ્હી) પરેડના સેકન્ડ ઈન કમાન્ડ હશે.

બે પરમવીર ચક્ર વિજેતા (બંને કારગિલ યુદ્ધના હીરો) અને એક અશોક ચક્ર વિજેતા પરેડનો હિસ્સો હશે. (એજન્સી)

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૬-૧-૨૦૨૫ થી તા. ૧-૨-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં મકર રાશિમાં ભ્રમણ કરે છે. વક્રી મંગળ મધ્યમ ગતિએ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. અતિચારી બુધ મકર રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. ગુરુ વૃષભ રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. શુક્ર કુંભ રાશિમાંથી તા. ૨૮મીએ મકર રાશિમાં ભ્રમણ કરે છે. શનિ કુંભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર તા. ૨૬મીએ વૃશ્ચિકમાંથી ધનુ રાશિમાં, તા. ૨૮મીએ મકર રાશિમાં, તા. ૩૦મીએ કુંભ રાશિમાં, તા. ૧લીએ મીન રાશિમાં ભ્રમણ કરે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં મેષ રાશિના જાતકોને વેપારના કામકાજમાં સફળતા જણાશે. નોકરી માટે તા. ૨૮, ૨૯, ૩૦ શુભ જણાય છે. વેપારના નિર્ણયો સફળતાથી લઈ શકશો. નવ કારોબારનો પ્રારંભ થઈ શકશે.નવાં આવકના સાધનો પ્રાપ્ત કરશો.મહિલાઓને નવાં કામકાજનાં પ્રારંભ માટેની તક મેળવશો.વિદ્યાર્થીઓનાં અધ્યયનનાં કામકાજ સરળ બની રહેશે. કઠીન વિષયોમાં જરૂરી તક સાંપડશે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણની તક લેળવશો.નોકરીમાં તા.૨૭,૨૯,૩૦માં સફળ તકો મેળવશો. વેપારનાં કામકાજમાં સફળતા મેળવશો.પ્રવાસથી કારોબારમાં પ્રગતિની તકો મેળવશો. મહિલાઓને કુટુંબ જીવનનો સુખદ અનુભવ થશે.પરિવારને માટેની ખરીદીમાં સરળતા જણાશે. વિદ્યાર્થીઓનાં અભ્યાસનાં શૈક્ષણીક કામકાજ સફળ નીવડશે

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક, સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે.નોકરીમાં ૨૭,૩૧.૧ સફળતાં સૂચવે છે. ભાગીદારી માટે વિવાદો ઉકેલવાની તક મેળવશો.નાણાંની આવક જળવાઇ રહેશે.કાયદાનાં પ્રશ્નોનો ઉકેલ આવશે.મહિલાઓનાં હુન્નરની તાલીમ અધ્યનનાં નિર્ણયો સાનુકૂળ બની રહેશે. વિભાગીય પરિક્ષામાં વિદ્યાર્થીઓને નવા વિષયોનાં અભયાસની તકો પ્રાપ્ત થશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન તકો મેળવશો.નવા વેપારની તક પ્રાપ્ત કરશો.નોકરી માટે ૨૭,૨૯,૩૦ લાભદાયી પુરવાર થશે. નોકરીનાં સહકાર્યકરોથી સહયોગ મેળવશો.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં રોકડાનાં કામકાજ અનુકૂળ રહેશે.વેપાર વધશે.નોકરીમાં અધિકારીનો સહયોગ મેળવી શકશો.નોકરીમાતે તા.૨૯,૩૦ લાભદાયી પુરવાર થશે.કારોબારમાં વ્યસ્તતા અનુભવશો.નવાં આવકનાં સાધનો મેળવશો. જૂનાં રોકાયેલ નાણાંની વસૂલી શક્ય જણાય છે. કુટુંબના મતભેદોમાં ઉકેલની તક સાંપડશે.સંતાનના અધ્યનનાં નિર્ણયો લઇ શકશો.

વિદ્યાર્થિઓની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પ્રગતિ થશે. પરિવારનાં સભ્યોનો સહયોગ મેળવશો.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનાં રોકાણનાં નિર્ણયો સફળ બની રહેશે. પ્રવાસ માટે સફળ તકો મેળવશો. જૂના ઉઘરાણીનાં નાણાંની વસૂલી પૂર્ણ થઇ શકશે. કુટુંબના કારોબારમાં સફલ તકો મેળવશો.નવા કામકાજનો પ્રારંભ થશે.નાણાં આવકના નવાં સાધનો પર્યાપ્ત થશે. મહિલાઓને નવા કામકાજની તકો પ્રાપ્ત થશે. કામકાજમાં યશ મેળવશો. નોકરીમાં તા.૨૭,૨૮,૩૦ શુભ જણાય છે.

તુલા (ર, ત)ઃ આ સપ્તાહમાં શેર બજારમાં નવા પ્રકારના કામકાજની પદ્ધતિ અપનાવી શકશો. નોકરીના કામકાજ પૂર્ણ કરી શકશો. વેપારની વાટાઘાટો તા. ૨૮, ૩૧, ૧લીએ સફળ બનતી જણાશે. કારોબારમાં નાનો નફો થશે. મહિલાઓના પરિવારની જવાબદારીના કામકાજ સંપન્ન થશે. વિદ્યાર્થીઓને નવા અભ્યાસની તક મળતી જણાશે.

વૃશ્ચિક (ન, ય)ઃ શેરબજારમાં વાયદાના વેપારમાં સફળતા અતિ મેળવશો. નોકરીનાં કામકાજ અર્થે પ્રવાસ શક્ય છે. તા. ૨૭, ૨૮, ૨૯ નોકરીનાં કામકાજ પૂર્ણતા દર્શાવે છે. તા. ૩૦મીએ નવા કામકાજનો પ્રારંભ દર્શાવે છે. મહિલાઓને પતિનો સહયોગ નીજી પ્રવૃત્તિઓમાં પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓના અધ્યયનના નિર્ણયો, આયોજનનો અમલ બનતા જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ શેરબજારમાં સાપ્તાહિક, નવા નાણાં રોકાણનો નિર્ણય લઇ શકશો. નોકરી માટે તા. ૨૭, ૩૦, ૧ શુભ જણાય છે. ઉપરી અધિકારીની મદદ મેળવી શકશો. ભાઈ, બેન સાથેનો નાણાં વ્યવહાર પૂર્ણ કરી શકશો. નવીન કામકાજ પૂર્ણ કરી શકશો તથા મિત્રોની મદદ મેળવી શકશો. મહિલાઓના કામકાજ, પરીવારની જવાબદારી પૂર્ણ થઈ શકે. અધ્યયનમાં વિદ્યાર્થીઓ નિયમિતતા દાખવી શકશે.

મકર (ખ.જ)ઃ શેરબજારના જૂના બાકી કામકાજ સફળ બની રહેશે. નોકરીમાં સહકાર્યકરોનો સહયોગ મેળવશો. નવીન કામ પૂર્ણ કરવામાં સફળતા મેળવશો. નાણાં આવક જળવાઈ રહેશે. મહિલાઓનાં નોકરીનાં નિર્ણયો સફળ બનશે. કિંમતી ચીજોની ખરીદીમાં અનુકુળતાઓ જણાશે. વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ સુખમય બની રહેશે.

કુંભ (ગ, શ, સ)ઃ શેરબજારમાં સફળ તકો મળશે. વેપાર સફળ રહેશે. નોકરી માટે તા.૨૮.૩૦,૩૧ અનુકૂળ છે. વાહન, મિલકત ખરીદવા માટે ગોચર ફળ શુભ છે. જૂની ઉઘરાણીનાં નાણાની વસૂલી થશે. નવા કામકાજનો પ્રારંભ થશે. મહિલાઓને પ્રાસંગિક જવાબદારીમાં સફળતા પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધુ મજબૂત થશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ શેરબજારનાં નિર્ણયો યશસ્વી પુરવાર થશે. સાપ્તાહિક વેપારના લાભ મેળવશો. નોકરીમાં તા. ૨૮, ૨૯, ૩૦ શુભ જણાય છે. નવા કામકાજનો પ્રારંભ થાય. નાણાં વ્યવહાર સફળ નીવડશે. મહીલાઓનો ફરવાનો, પ્રવાસનો નિર્ણય સફળ રહેશે. વિદ્યાર્થીઓને મિત્રોનું પ્રોત્સાહન પ્રાપ્ત થાય.

## આજનું પંચાંગ

### (સૌર હેમંતઋતુ પ્રારંભ), રવિવાર, તા. ૨૬-૧-૨૦૨૫, ગણરાજ્ય દિન, વિંછુડો

ભારતીય દિનાંક ૬, માહે માઘ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ વદ-૧૨
જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ વદ-૧૨
પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૬
મીસરી રોજ ૨૭મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૬
નક્ષત્ર જયેષ્ઠા સવારે ક. ૦૮-૨૫ સુધી, પછી મૂળ.
ચંદ્ર વૃશ્ચિકમાં સવારે ક. ૦૮-૨૫ સુધી, પછી ધનુમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૩, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૬, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૨૧, સ્ટા. ટા.
-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતીઃ સવારે ક. ૦૯-૦૦, રાત્રે ક. ૨૨-૫૧
ઓટઃ બપોરે ક. ૧૫-૩૫, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૪ (તા. ૨૭)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - દ્વાદશી. ગણરાજ્ય દિન, વિંછુડો સમાપ્તિ સવારે ક. ૦૮-૨૫. શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

મુહૂર્ત વિશેષઃ લગ્ન, જયેષ્ઠા ,મૂળ જન્મ નક્ષત્ર શાંતિ પૂજા,ગાયત્રી દેવી પૂજન,જાપ,હવન,સૂર્ય-કેતુ પૂજન,વિશેષ રૂપે ભગવાન સૂર્યનારાયણનું પૂજન,પ્રયાણ મધ્યમ,શાંતિ પૌષ્ટિક.સર્વશાંતિ પૂજા,વિદ્યારંભ,નિત્ય થતાં મિલકત લેવડ દેવડનાં કામકાજ, ધાન્ય ભરવું. પ્રાણી પાળવાં.

આચમનઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ આળસુ પ્રકૃત્તિનાં , શુક્ર-મંગળ ત્રિકોણ ઉદાર સ્વભાવ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ ચાલબાજીવાળા, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ મતલબી

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, શુક્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ દક્ષિણે ૫ અંશ ૫ કળાના અંતરે રહે છે.

ગ્રહગોચરઃ સૂર્ય-મકર. વક્રી મંગળ-મિથુન, બુધ-મકર, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

### (ઉત્તરાયણ,સૌર હેમંતઋતુ ), સોમવાર, તા. ૨૭-૧-૨૦૨૫,સોમપ્રદોષ, શિવરાત્રિ,

ભારતીય દિનાંક ૭, માહે માઘ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ વદ - ૧૩
જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ વદ-૧૩
પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૬
મીસરી રોજ ૨૮મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૬
નક્ષત્ર મૂળ સવારે ક. ૦૯-૦૧ સુધી, પછી પૂર્વાષાઢા.
ચંદ્ર ધનુમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૩, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૭, અમદાવાદ ક. ૧ ૮ મિ.૨૨, સ્ટા. ટા.
-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતીઃ સવારે ક. ૧૦-૦૪, રાત્રે ક. ૨૩-૨૭
ઓટઃ સાંજે ક. ૧૬-૨૪, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૩૪ (તા. ૨૮)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - ત્રયોદશી. સોમપ્રદોષ, શિવરાત્રિ, મેરૂ ત્રયોદશી,ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૦-૩૪, શુક્ર મીનમાં મધ્યરાત્રિ પછી ક. ૩૧-૦૫.

શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ. સોમ પ્રદોષ વ્રત ઉપવાસ,શિવ-પાવર્તી પૂજા,ભક્તિ,ભજન,જાપ, કીર્તન, રાત્રિ જાગરણ,

મુહૂર્ત વિશેષઃ મૂળ જન્મ નક્ષત્ર શાંતિ પૌષ્ટિક પૂજા, ચંદ્ર-હર્ષલ અર્ધચતુષ્કોણ ચંદ્ર-કેતુ દેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, પરદેશ ગમનનું પસ્તાનું, પ્રયાણ મધ્યમ, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, મિલકત લેવડ દેવડનાં નિત્ય થતાં કામકાજ, બી વાવવું, ખેતીવાડીનાં કામકાજ, ધાન્ય ભરવું, પ્રાણી પાળવાં, માલ વેચવો.

આચમનઃ ચંદ્ર-હર્ષલ અર્ધચતુષ્કોણ અચોક્કસ મનનાં.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ અર્ધચતુષ્કોણ, ચંદ્ર વિષુવવૃત્તથી મહત્તમ ઉત્તરે ૨૮ અંશ ૨૩ કળાના અંતરે રહે છે.

ગ્રહગોચરઃ સૂર્ય-મકર. વક્રી મંગળ-મિથુન, બુધ-મકર, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ /મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૬-૧-૨૦૨૫ થી તા. ૧-૨-૨૦૨૫

રવિવાર, પૌષ વદ-૧૨, વિ. સં. ૨૦૮૧, તા. ૨૬મી જાન્યુઆરી, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર જયેષ્ઠા સવારે ક. ૦૮-૨૫ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં સવારે ક. ૦૮-૨૫ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. ગણરાજ્ય દિન, વિંછુડો સમાપ્તિ સવારે ક. ૦૮-૨૫. લગ્ન,શુભ દિવસ.

સોમવાર, પૌષ વદ-૧૩, તા. ૨૭મી નક્ષત્ર મૂળ સવારે ક. ૦૯-૦૧ સુધી, પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. સોમપ્રદોષ, શિવરાત્રિ, મેરૂ ત્રયોદશી,ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૦-૩૪, શુક્ર મીનમાં મધ્યરાત્રિ પછી ક. ૩૧-૦૫. સામાન્ય દિવસ.

મંગળવાર, પૌષ વદ-૧૪, તા. ૨૮મી, નક્ષત્ર પૂર્વાષાઢા સવારે ક. ૦૮-૫૮ સુધી, પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુમાં બપોરે ક. ૧૪-૫૧ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. લાલા લજપતરાય જયંતી, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૦૯. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, પૌષ વદ-૩૦, તા. ૨૯મી, નક્ષત્ર ઉત્તરાષાઢા સવારે ક. ૦૯-૨૦ સુધી, પછી શ્રવણ. ચંદ્ર મકર રાશિ પર જન્માક્ષર. દર્શ અમાવસ્યા, અન્વાધાન, ત્રિવેણી અમાવસ્યા (ઓરિસ્સા), થૈ અમાવસ્યા (દક્ષિણ ભારત), મકરવાયુ (કેરાલા). શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, માઘ શુક્લ-૧, તા. ૩૦મી, નક્ષત્ર શ્રવણ સવારે ક. ૦૭-૧૪ સુધી, પછી ધનિષ્ઠા મધ્યરાત્રિ પછી ક.૨૯-૫૦ સુધી (તા.૩૧મી),પછી શતતારકા. ચંદ્ર મકરમાં સાંજે ક. ૧૮-૩૪ સુધી, પછી કુંભ રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, માઘ શુક્લાદિ, ચંદ્રદર્શન, મું. ૩૦, સામ્યાર્ઘ, ઉત્તર શૃંગોન્નતિ ૧૪ અંશ, ગાંધી નિર્વાણ દિન, પંચક પ્રારંભ સાંજે ક. ૧૮-૩૪, હર્ષલ માર્ગી રાત્રે ક. ૨૧-૫૪. લગ્ન,ખાત મુહુર્ત,શુભ દિવસ.

શુક્રવાર, માઘ શુક્લ-૨, તા. ૩૧મી, નક્ષત્ર શતતારકા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૩ સુધી (તા. ૧લી), પછી પૂર્વાભાદ્રપદા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. મુસ્લિમ ૮મો શાબાન માસારંભ. પંચક. લગ્ન,વાસ્તુ મુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા , શુભ દવસ.

શનિવાર, માઘ શુક્લ-૩, તા. ૧લી ફેબ્રુઆરી, નક્ષત્ર પૂર્વાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક.૨૬-૩૨ સુધી. પછી ઉત્તરાભાદ્રપદા .ચંદ્ર કુંભમાં રાત્રે ક. ૨૦-૫૭ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર.ગૌરી તૃતિયા . વિનાયક ચતુર્થી, તિલકુંદ ચતુર્થી, શ્રી ગણેશ જયંતી, વરદ્ ચતુર્થી, પંચક, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨-૨૬.સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ.



**ઉજવણીઃ** જમ્મુમાં શનિવારે વિદ્યાર્થીઓએ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરી હતી. (એજન્સી)

## કાશ્મીરમાં ઠંડીનું જોર વધ્યું

શ્રીનગરઃ કાશ્મીરમાં ઠંડીનું જોર વધ્યું છે. શનિવારે લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. હવામાન વિભાગે મહિનાના અંત સુધી મોટેભાગે હવામાન શુષ્ક રહેવાની આગાહી કરી છે. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર ઠંડીનું જોર વધવાથી કાશ્મીર ખીણમાં રાત્રિના તાપમાનમાં વધુ ઘટાડો નોંધાયો છે. હવામાન વિભાગે જણાવ્યું કે શ્રીનગરમાં લઘુતમ તાપમાન માઇનસ ૪.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગત રાત્રિના માઇનસ ૩.૩ ડિગ્રી સેલ્સિયસ હતું. દક્ષિણ કાશ્મીરમાં અમરનાથ યાત્રાના બેઝ કેમ્પ પૈકીના એક પહેલગામમાં લઘુતમ તાપમાન માઇનસ ૮.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગત રાત્રિના માઇનસ ૭ ડિગ્રી હતું. ઉત્તર કાશ્મીરના પર્યટન સ્થળ ગુલમર્ગમાં લઘુત્તમ તાપમાન માઇનસ ૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

કાઝીગુંડમાં લઘુતમ તાપમાન માઇનસ ૪.૪ ડિગ્રી, પમ્પોર શહેરના કોનિબાલમાં માઇનસ ૫.૫ ડિગ્રી, કુપવાડામાં માઇનસ ૪.૮ ડિગ્રી અને કોકરનાગમાં માઇનસ ૨.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. કાશ્મીરમાં હાલ ૪૦ દિવસનો મહા ઠંડીનો ગાળો 'ચિલ્લાઇ-કલાન' ચાલી રહ્યો છે. જે ૩૦ જાન્યુઆરીના રોજ સમાપ્ત થશે. આ દરમિયાન હિમવર્ષાની સૌથી વધુ સંભાવના હોય છે અને તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે.

## પ્રબુદ્ધ મતદારો લોકશાહીને મજબૂત બનાવે છેઃ મુર્મૂ

નવી દિલ્હી : પ્રબુદ્ધ મતદારો લોકશાહીને મજબૂત બનાવે છે, એમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શનિવારે રાષ્ટ્રીય રાજધાનીમાં ૧૫મા રાષ્ટ્રીય મતદાતા દિવસના કાર્યક્રમને સંબોધતા ભારપૂર્વક જણાવ્યું હતું.

મતદારોએ લોકશાહીમાં વિશ્વાસ રાખવા ઉપરાંત, તેમના મતાધિકારનો ઉપયોગ કરતી વખતે સંકુચિતતા, ભેદભાવ અને લાલચથી ઉપર ઊઠવાનો દૃઢ નિર્ધાર રાખવો જોઈએ, એમ મુર્મૂએ જણાવ્યું હતું.

કેન્દ્રીય કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલ, મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર, ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને એસએસ સંધુ અને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં પોતાનું સંબોધન આપતા, તેમણે મતદાન પ્રક્રિયાને સુધારવા અને વધુ પારદર્શક બનાવવા માટે નવી તકનીકો અને નવીનતમ સોફ્ટવેરનો ઉપયોગ કરવા બદલ મતદાન પેનલની પ્રશંસા કરી હતી.

રાષ્ટ્રપતિએ કહ્યું કે તેમને વિશ્વાસ છે કે ભારતીય લોકશાહી વૈશ્વિક સમુદાય માટે ઉદાહરણો સ્થાપિત કરતી રહેશે.

''લોકશાહીમાં વિશ્વાસ રાખવા ઉપરાંત, મતદારોએ એવો દૃઢ નિશ્ચય રાખવો જોઈએ કે તેઓ તેમના મતાધિકારનો ઉપયોગ કરતી વખતે સંકુચિતતા, ભેદભાવ અને લાલચથી ઉપર ઊઠશે... પ્રબુદ્ધ મતદારો લોકશાહીને મજબૂત બનાવે છે,'' એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. ભારત પ્રજાસત્તાક બન્યાના એક દિવસ પહેલા, ૨૫ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ ચૂંટણી પંચની સ્થાપનાના દિવસ તરીકે છેલ્લાં ૧૫ વર્ષથી રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવવામાં આવે છે.

## યમુનાને સ્વચ્છ કરીશું: ભાજપ

નવી દિલ્હીઃ દિલ્હી વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ભાજપે વચન આપ્યું છે કે જો દિલ્હીમાં ભાજપ સત્તા પર આવશે તો ત્રણ વર્ષમાં યમુના નદી સ્વચ્છ કરશે તેમ જ કામદારો અને શ્રમીકો માટે કલ્યાણ યોજનાઓ અમલમાં મૂકશે.

પાંચ ફેબ્રુઆરીએ યોજાનારી દિલ્હી વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે ત્રણ વર્ષમાં યમુના નદી સ્વચ્છ કરવાનું, ૧,૭૦૦ જેટલી ગેરકાયદે વસાહતોમાં વસતા લોકોને સંપૂર્ણપણે મલિકીનો હક આપવાનું અને કામદારો તેમ જ શ્રમિકો માટે કલ્યાણ યોજનાઓ અમલમાં મૂકવાનું વચન આપ્યું છે.

આ કારણે ગેરકાયદે વસાહતોમાં વસતા લોકો માટે જગ્યા વેચવાનો,ખરીદવાનો અને બાંધકામ કરવાનો માર્ગ મોકળો થશે.

કામદારો અને શ્રમિકોને રૂ. ૧૦ લાખનું વીમાકવચ અને પાંચ લાખ રૂપિયાના અકસ્માત વીમાનું કવચ પૂરું પાડવાનું વચન પણ તેમણે આપ્યું છે. પારદર્શિતા જાળવીને સરકારી નોકરીમાં ૫૦,૦૦૦ લોકોની ભરતી કરવાનું અને ૨૦ લાખ જેટલા સ્વરોજગાર ઊભા કરવાનું પણ તેમણે વચન આપ્યું છે.

દિલ્હીમાં રસ્તાઓનું નિર્માણ કરવા કેન્દ્ર સરકારે રૂ. ૪૧,૦૦૦ કરોડ, રેલવેલાઈન નાખવા રૂ. ૧૫,૦૦૦ કરોડ અને ઍરપોર્ટના નિર્માણ પાછળ રૂ. ૨૧,૦૦૦ કરોડ ખર્ચ્યા છે, એમ તેમણે કહ્યું હતું. કેન્દ્ર સરકારે માળખાકીય સુવિધાઓ ઊભી કરવા રોકાણ ન કર્યું હોત તો દિલ્હી રહેવાલાયક સ્થળ ન રહ્યું હોત, એમ તેમણે કહ્યું હતું.

કથિત કૌભાંડોનો ઉલ્લેખ કરતાં તેમણે આક્ષેપ કર્યો હતો કે 'આપ'ના શાસનકાળ દરમિયાન દિલ્હીમાં જેટલો ભ્રષ્ટાચાર થયો છે તેટલો અગાઉ ક્યારેય નથી થયો. દિલ્હીમાં વર્તમાનમાં ચાલી રહેલી ગરીબો માટેની કોઈ પણ કલ્યાણ યોજના અમે બંધ નહીં કરીએ, એમ તેમણે કહ્યું હતું.

અમિત સાહે 'આપ'ના સુપ્રીમો અરવિંદ કેજરીવાલને જુઠ્ઠાડા લેખાવ્યા હતા અને આપેલા વચનોનું પાલન ન કરતા હોવાનો તેમના પર આક્ષેપ કર્યો હતો.

શાહે ભારપૂર્વક કહ્યું હતું કે આવા જુઠ્ઠાડા લોકોથી દિલ્હીને મુક્ત કરવું એ સૌથી મોટો ચૂંટણી મુદ્દો છે. ભાજપના ચૂંટણીઢંઢેરામાં નેશનલ કોમન મોબિલિટી કાર્ડ સ્કીમ અંતર્ગત જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને દિલ્હી મેટ્રોમાં વાર્ષિક રૂ. ૪,૦૦૦ સુધીનો મફત પ્રવાસ કરવા દેવાનું વચન પણ આપવામાં આવ્યું છે. (એજન્સી)

## વૃંદાવનનું બાંકે બિહારી મંદિર વિદેશી ભંડોળ મેળવી શકશે

નવી દિલ્હી : વૃંદાવનમાં આવેલા બાંકે બિહારી મંદિરને કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા વિદેશી ભંડોળ (નિયમન) અધિનિયમ (એફસીઆરએ) હેઠળ લાઇસન્સ આપવામાં આવ્યું હોવાથી હવે તે વિદેશમાંથી ભંડોળ મેળવી શકશે.

સૂત્રોએ શનિવારે જણાવ્યું હતું કે મંદિરનું સંચાલન હાલમાં એક કોર્ટ દ્વારા કરવામાં આવે છે, જેણે એક મેનેજમેન્ટ સમિતિની રચના કરી છે. વૃંદાવનમાં આવેલા બાંકે બિહારી મંદિરને વિદેશી ભંડોળ (નિયમન) અધિનિયમ, ૨૦૧૦ હેઠળ લાઇસન્સ આપવામાં આવ્યું છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

વર્તમાન મેનેજમેન્ટ સમિતિએ એફસીઆરએ લાઇસન્સ માટે અરજી કરી હતી.

મંદિરનું સંચાલન પહેલા પૂજારીઓના પરિવાર દ્વારા કરવામાં આવતું હતું અને તે પહેલા ખાનગી સંચાલન હેઠળ હતું.

ગૃહ મંત્રાલયે યોગ્ય અરજી અને કોર્ટની મંજૂરી પછી તેની પ્રક્રિયા પછી એફસીઆરએ હેઠળ વિદેશી ભંડોળ મેળવવા માટે લાઇસન્સ આપ્યું છે.

અરજી અનુસાર, મંદિરને તેની દાનપેટીમાં ઘણી બધી વિદેશી ચલણી નોટો મળી હતી અને તે વિદેશમાંથી દાન સ્વીકારવાનો પણ ઇરાદો ધરાવે છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

કાયદા મુજબ, વિદેશી યોગદાન મેળવતી તમામ એનજીઓએ એફસીઆરએ હેઠળ નોંધણી કરાવવી જરૂરી છે.

## ગુજરાતી બન્યો અમેરિકાના વાઈટ હાઉસના ડેપ્યુટી પ્રેસ સેક્રેટરી

વોશિંગ્ટન : અમેરિકાનાં પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ભારતીય-અમેરિકન ભૂતપૂર્વ પત્રકાર કુશ દેસાઈને તેમના ડેપ્યુટી પ્રેસ સેક્રેટરી તરીકે નિયુક્ત કર્યા છે, એવી વ્હાઇટ હાઉસે જાહેરાત કરી છે.

વ્હાઇટ હાઉસે શુક્રવારે તેમની નિમણૂકની જાહેરાત કરી હતી.

દેસાઈએ અગાઉ ૨૦૨૪માં રિપબ્લિકન નેશનલ કન્વેન્શન અને રિપબ્લિકન પાર્ટી ઓફ આયોવા માટે કોમ્યુનિકેશન ડિરેક્ટર તરીકે સેવા આપી હતી.

દેસાઈ રિપબ્લિકન નેશનલ કમિટીમાં ડેપ્યુટી બેટલગ્રાઉન્ડ સ્ટેટ્સ અને પેન્સિલવેનિયા કોમ્યુનિકેશન ડિરેક્ટર પણ હતા. આ પદ પર, તેમણે મુખ્ય યુદ્ધભૂમિ રાજ્યો, ખાસ કરીને પેન્સિલવેનિયામાં સંદેશાવ્યવહાર અને વાર્તા નિર્માણમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

ટ્રમ્પે તમામ સાત યુદ્ધભૂમિ રાજ્યોમાં જીત મેળવી હતી.

## હવે ઘરે-ઘરે રામાયણ પહોંચાડશે ટીવીના 'રામ' અરુણ ગોવિલ

મેરઠઃ અભિનેતામાંથી રાજકારણી બનેલા અરુણ ગોવિલે ''ઘર-ઘર રામાયણ'' હેઠળ રામાયણની નકલોનું વિતરણ કરવા માટે રાષ્ટ્રવ્યાપી ઝૂંબેશ શરૂ કરી હતી. આ અભિયાન અયોધ્યામાં રામ મંદિરના અભિષેકની પ્રથમ વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે શરૂ કરવામાં આવ્યું હતું. બુધવારે તેમણે હાપુડમાં રામાયણની નકલોનું વિતરણ કર્યું હતું. ગુરુવારે આઇકોનિક ટીવી શ્રેણી 'રામાયણ'માં 'ભગવાન રામ'ની ભૂમિકા ભજવનારા અને હવે મેરઠથી ભાજપના સાંસદ ગોવિલે મેરઠના કિઠૌર વિધાનસભા મતવિસ્તારમાં બે કાર્યક્રમો યોજ્યા હતા. એક કાર્યક્રમ હાપુડ રોડ પર ધનોતા ગામમાં લોહિયા ફાર્મ હાઉસમાં યોજાયો હતો જ્યારે બીજો કાર્યક્રમ સતકુઆ રોડ પર લાલપુર ગામમાં જિંદાલ વેલ્ડિંગ એસ્ટાબ્લિશમેન્ટમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં બોલતા ગોવિલે કહ્યું હતું કે તેમનો હેતુ પાંચ વર્ષમાં દેશભરમાં રામાયણની ૧૧ લાખ નકલોનું વિતરણ કરવાનો છે. તેમણે કહ્યું હતું કે ''આ અભિયાન શરૂ કરતા પહેલા મેં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને તેમની સ્વીકૃતિ માગી હતી.'' તેમના સમર્થનથી રામાયણના પવિત્ર ગ્રંથને ભારતના દરેક ઘર સુધી પહોંચાડવા માટે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. ગોવિલે કહ્યું હતું કે આ અભિયાન રામાયણની શિક્ષા સાથે પરિવારોને ફરીથી જોડવાનો અને ભવિષ્યની પેઢીઓમાં ભારતીય સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મૂલ્યોને પ્રોત્સાહન આપવાની દિશામાં એક પગલું છે.

# પ્રજાસત્તાક પર્વના દિવસે ગુજરાતના ૯ પોલીસ અધિકારી અને જવાનોને રાષ્ટ્રપતિ પદકથી સન્માનિત કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી તાપી ખાતે કરવામાં આવશે. તે ઉપરાંત રાજ્યમાં સરકારના ૯૪૨ કર્મચારીઓને આ પ્રસંગે વીરતા સેવા પદકથી સન્માન્તિ કરવામાં આવશે. જેમાં ૯૫ જવાનોને વીરતા પદક, ૧૦૧ને સ્પે. સર્વિસ રાષ્ટ્રપદક, ૭૪૬ને સરાહનીય સેવા માટે પદક આપવામાં આવશે.

પ્રજાસત્તાક પર્વના દિવસે ગુજરાતના ૯ પોલીસ અધિકારી અને જવાનોને રાષ્ટ્રપતિ પદકથી સન્માનિત કરાશે. રાજ્યના પોલીસ અધિકારીઓને તેમની પ્રસંશનીય સેવાઓ બદલ બોર્ડર રેન્જ આઇજી ચિરાગ કોરડીયા, આઇપીએસ નિલેશ જાજડિયા, અશોક પાંડોર, મુકેશ નેગી, હેમાંગ મોદી, દેવદાસ બારડ, સુરેન્દ્રસિંહ યાદવ, હિરેન વરણવા, બાબુ પટેલ સહિતના ૯ પોલીસ કર્મીને રાષ્ટ્રપતિને પદકથી સન્માનિત કરાશે.

દેશના ૭૬મા પ્રજાસત્તાક પર્વ-૨૬મી જાન્યુઆરી-૨૦૨૫ની રાજ્યકક્ષાની ઉજવણી તાપી ખાતે થશે. તા.૨૬મી જાન્યુઆરીના રોજ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે તેમજ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ધ્વજવંદન સમારોહ યોજાશે. આ ઉપરાંત ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને સાબરકાંઠા ખાતે, વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ આહીરના અધ્યક્ષ સ્થાને પંચમહાલ ખાતે તથા રાજ્ય પ્રધાન મંડળના સભ્યો અને જિલ્લા કલેકટરોના અધ્યક્ષ સ્થાને વિવિધ જિલ્લા મથકોએ ધ્વજવંદન સમારોહ યોજાશે. ■

# ચૂંટણીની આચારસંહિતા અમલી થતાં શિક્ષણ વિભાગે સરકારી સ્કૂલોના મુખ્ય શિક્ષકોની બદલી પ્રક્રિયા સ્થગિત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ફેબ્રુઆરીમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની આચારસંહિતાને કારણે ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા સરકારી સ્કૂલોના મુખ્ય શિક્ષકો માટે આયોજિત જિલ્લા ટ્રાન્સફર કેમ્પને અસ્થાઈ રૂપે સ્થગિત કરવામાં આવ્યો હતો.

સાતમી જાન્યુઆરી સુધી જિલ્લામાં આંતરિક બદલી માટે અરજી કરવા સાથે શરૂ થયેલી બદલી પ્રક્રિયાનું શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫ માટે રાજ્યની સ્કૂલોમાં શિક્ષકોની ખાલી પડેલી ૭૫ જગ્યાઓને ભરવા માટે આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષણ વિભાગે ઓફલાઈન બદલી કેમ્પ માટે લાંબો સમયગાળો નક્કી કર્યો હતો. જેમાં અરજીની ચકાસણી અને મેરિટની સૂચી તૈયાર કરવાનો સમાવેશ કરાયો હતો. આ શેડ્યૂલ્ડમાં મુખ્ય તારીખોમાં સાતમી જાન્યુઆરીએ અરજી જમા કરાવવાની અંતિમ તારીખ અને ૧૭ જાન્યુઆરી સુધી જિલ્લાવાર સ્વીકૃત અરજીનું મેરિટ તૈયાર કરવા સહિત ૨૭ જાન્યુઆરીએ બદલીના આદેશનો સમાવેશ કરાયો હતો. હવે શિક્ષણ વિભાગ દ્વારા આચાર સંહિતા પૂર્ણ થયા બાદ બદલી માટે નવી તારીખની જાહેરાત કરવામાં આવશે. રાજ્યના ચૂંટણી પંચે તમામ સરકારી વિભાગોમાં આદર્શ આચારસંહિતાના અમલીકરણને વેગ આપતા આગામી ફેબ્રુઆરી મહિનામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની જાહેરાત કરી હતી. સ્કૂલોના કમિશ્નરે એક સત્તાવાર પરિપત્ર દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારીઓને આચારસંહિતાના અમલ અંગે જાણકારી આપી હતી. ૨૧ જાન્યુઆરીના પરિપત્ર બાદ ચૂંટણી પંચની માર્ગદર્શિકામાં નિષ્પક્ષ ચૂંટણી યોજવા માટે અધિકારીઓ અને કર્મચારીઓની બદલી અને રજા પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. પરંતુ આ પરિપત્ર જાહેર થયા પહેલા નક્કી થયેલી બદલીઓ માન્ય રાખવામાં આવી હતી. ■

# રાજ્ય સરકારની ઘોર બેદરકારી: જીએસટી નંબર વગર જ ૨૦૦ કરોડના કોન્ટ્રાક્ટ અપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સરકારના વિવિધ વિભાગોમાં કોન્ટ્રાક્ટ આપવા બાબતે ઘોર બેદરકારી પ્રવર્તી રહી છે, સામાન્ય રીતે કોઈ પણ સરકારી વિભાગોમાં અપાતાં કામોમાં જે તે કોન્ટ્રાક્ટરે જીએસટી રિટર્ન ફાઇલ કર્યું છે કે કેમ તે અંગે તપાસ કરવામાં આવે છે. જો કે તાજેતરમાં જીએસટી વિભાગના રાજ્યવ્યાપી સર્વેમાં બહાર આવ્યું હતું કે, સરકારી વિભાગોમાં અપાતાં કામોમાં કોન્ટ્રાક્ટરે જીએસટી રિટર્ન ફાઇલ કર્યું છે કે કેમ એ સુધ્ધાં ચકાસાતું નથી. આવા ૨૦૦ કરોડનાં કામોમાં કોન્ટ્રાક્ટરોએ રિટર્ન ફાઇલ કર્યા વગર જ કે જીએસટી નંબર સસ્પેન્ડ થઈ ગયા બાદ પણ સરકારી કામો મેળવી લીધાં હતાં. આ મામલે જીએસટી વિભાગે ૨૦ કરોડની ઉઘરાણી કાઢતા તંત્રની બેદરકારીની પોલ ખુલી ગઈ હતી. કોન્ટ્રાકટરો જીએસટી ભરે છે કે કેમ તેની ચકાસણી માટે અધિકારીઓએ વિકાસ કામો સાથે સંકળાયેલી કચેરીઓના ટીડીએસ કપાતના ડેટા ચકાસવાનું શરૂ કર્યું જેમાં જાણવા મળ્યું હતું કે રોડ, બિલ્ડિંગ સહિતના કેટલાક કોન્ટ્રાક્ટરો એવા છે જેમને પેમેન્ટ ચૂકવી દેવામાં આવે છે પરંતુ તેઓ રિટર્ન ભરતા નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, કોન્ટ્રાકટરોને મળેલા કામના આધારે ટેક્સની જવાબદારી નક્કી થાય છે, જેમાં ૧૨ અને ૧૮ ટકાના દરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કામ આપનારી સંસ્થા જ્યારે કોન્ટ્રાકટરને પેમેન્ટ કરે છે ત્યારે પહેલાં ૧ ટકા ટીડીએસ કાપી લે છે. બાદમાં કોન્ટ્રાકટર જ્યારે રિટર્ન ફાઇલ કરે અને ટેક્સની જવાબદારી નક્કી થાય ત્યારે તેને લેજરમાંથી તે રકમ બાદ મળી જાય છે. આ અંગે જીએસટી અધિકારીઓએ જણાવ્યું હતું કે, જો સરકારી વિભાગો કોન્ટ્રાકટ આપતી વખતે જ જીએસટી રિટર્ન ભરાયાં છે કે કેમ તેની ચકાસણી કરી લે તો સમસ્યાનો નિવેડો આવી શકે છે. રિટર્ન ભરાતા એ નક્કી થઈ જશે કે નંબર સસ્પેન્ડ થયો નથી અને પાર્ટ પેમેન્ટ થયા બાદ ફરી રિટર્નની કોપી માગવી જોઈએ, જેમાં જોઈ શકાશે કે જે પેમેન્ટ મળ્યું છે તે રિટર્નમાં બતાવ્યું છે કે કેમ તેની તપાસ થવી જોઈએ. શહેરની એન્ફોર્સમેન્ટ વિંગ દ્વારા વર્ક્સ કોન્ટ્રાક્ટરોને સાણસામાં લેવાયા છે અને ચારથી પાંચ જગ્યાએ ફરી તપાસ શરૂ કરવામાં આવી છે. પાલિકા, પીડબલ્યુડી સહિતના વિભાગો સાથે સંકળાયેલા આ કોન્ટ્રાકટરોએ રિટર્ન ભર્યા વગર જ કોન્ટ્રાક્ટ લઈ લીધા છે અને પેમેન્ટ પણ લીધું છે છતાં હજી રિટર્નમાં આ પેમેન્ટની કોઈ જ વિગતો આપી નથી. ■

# અમદાવાદ એરપોર્ટ પર સોનાની દાણચોરી અને ડ્રગ્સ તસ્કરી વધી:

## છેલ્લા ૧૦ મહિનામાં ૧૩૦ કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એપ્રિલ ૨૦૨૪થી ૨૫ જાન્યુઆરી ૨૦૨૫ સુધી ૧૦ મહિનામાં કસ્ટમ વિભાગ દ્વારા ૬૮ કિલો સોનું જપ્ત કરાયું હતું, જેની કિંમત લગભગ ૪૫ કરોડ રૂપિયા જેટલી થાય છે. આ દસ મહિનામાં સોનાની દાણચોરીના ૧૩૦થી વધુ કેસ નોંધાયા છે. એટલે કે, દિવસના સરેરાશ એક કેસ નોંધાતો હોવાનું જાણવા મળ્યું હતું. કસ્ટમ વિભાગે સોનાની દાણચોરી અને ડ્રગ્સની હેરાફેરી કરતા ૨૫થી વધારે લોકોની ધરપકડ પણ કરી છે. આ પૈકી છેલ્લા બે મહિનામાં દાણચોરી અને ડ્રગ્સની હેરાફેરીના મોટા-મોટા કેસ પકડાયા છે. ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં કસ્ટમ વિભાગે દાણચોરીના જે મોટા કેસ કર્યા તેમાં ગોલ્ડ પેસ્ટ અને કેપ્સુલની અંદર સોનું છુપાવીને લાવવાના કેસોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત થાઈલેન્ડથી આવેલા બે પેસેન્જર પાસેથી ફૂડ પેકેટની અંદર છુપાવેલું ડ્રગ્સ પણ જપ્ત કરવામાં આવ્યું હતું. ઈન્ટરનેશનલ માર્કેટમાં તેની કિંમત રૂ.૨૦ કરોડ જેટલી થાય છે. ■

# રાજકોટના રંગપર ગામેથી બે બાંગ્લાદેશી ઘૂસણખોર ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ જિલ્લામાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા બાંગ્લાદેશી સામે જિલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહની સૂચનાથી એસઓજીએ હાથ ધરેલા ચેકિંગ દરમિયાન પડધરીના રંગપર ગામેથી બે બાંગ્લાદેશી ઘૂસણખોરો મળી આવતા બન્નેની ધરપકડ કરી તેના વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી. આ બન્ને બાંગ્લાદેશી ઘૂસણખોરો છેલ્લા ઘણા સમયથી પડધરીના રંગપર ગામે રહેતા હતા.

આ ઘૂસણખોરો કોની કોની સાથે સંપર્કમાં હતા તે બાબતની તપાસ શરૂ કરવામાં આવી છે. રાજકોટ રેન્જ આઈજી અશોક કુમાર યાદવ તથા પોલીસ અધિક્ષક હિમકર સિંહની સૂચનાથી ગ્રામ્ય એસઓજીના પીઆઈ એફ. એ. પારગી અને તેમની ટીમે જિલ્લામાં ગેરકાયદેસર વસવાટ કરતા બાંગ્લાદેશી ઘુસણખોરોને પકડવા માટે ઓપરેશન શરૂ કર્યું હતું. ચેકિંગ દરમિયાન જિલ્લાના પડધરી તાલુકાના રંગપર ગામના પાટિયા પાસે મારુતિ સોસાયટી બ્લોક નં. ૩ માં રહેતા મુળ બાંગ્લાદેશના ઢાંકા રાજધાનીના જોસર જિલ્લાના મોનીરાપુર થાનાના વતની સોહિલ હુસેન યાકુબઅલી ઉ.વ.૩૦ અને વિપોન હુસેન અમીરૂલ ઈસ્લામ ઉ.વ.૨૮ની ધરપકડ કરી હતી. આ બન્ને શખ્સો ભુપતભાઈ ભરવાડના મકાનમાં ભાડેથી રહેતા હતા, આ મામલે પોલીસે મકાન માલિકની પણ પૂછપરછ કરી હતી. બાંગ્લાદેશી ઘુસણખોરોને આશ્રય આપવાના ગુનામાં મકાન માલિક સામે પણ ગુનો નોંધાઈ શકે છે. ■

# વડોદરાની સ્કૂલમાં મોસ્ટ વોન્ટેડ મુપલ્લા લક્ષ્મણના આઈડી પરથી તમિલનાડુના ડીજીપીની પુત્રીના નામે ઈમેલ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરામાં નવરચના સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. સ્કૂલના આચાર્યને શુક્રવારે વહેલી સવારે સ્કૂલમાં બોમ્બ મુકાયો હોવાનો ઈમેલ મળ્યો હતો. ઈમેલ મળ્યા બાદ પોલીસ તંત્ર દોડતુ થયું હતું અને સઘન તપાસ હાથ ધરી હતી. આખરે સ્કૂલમાંથી કોઈજ શંકાસ્પદ ચીજ નહીં મળતાં સ્કૂલ અને પોલીસ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. આ ઘટનાની તપાસમાં મોટો ઘટસ્ફોટ થયો હતો. સ્કૂલને મળેલો આ મેલ મોસ્ટ વોન્ટેડ મુપલ્લા લક્ષ્મણના ઈમેલ પરથી તમિલનાડુના ડીજીપીની પુત્રીના નામે ધમકી આપી હોવાની વિગતો તપાસ અધિકારીઓને મળી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વડોદરા શહેરની નવરચના સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીની તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે, એનઆઈએના મોસ્ટ વોન્ટેડ મુપલ્લા લક્ષ્મણના ઈ-મેલ પરથી તમિલનાડુના ડીજીપીના પુત્રીના નામે આ ધમકી અપાઈ હતી. ડાર્કવેબ પરથી ધમકીભર્યો ઈ-મેઇલ મોકલાયો હતો. ઈમેલ કરનારે ડ્રગ્સ કેસ પરથી ધ્યાન હટાવવા માટે બ્લાસ્ટની જરૂર છે તેવું ઈમેલમાં લખ્યું હતું. પોલીસે આ ઈમેલ અંગે વધુ સઘન તપાસ હાથ ધરી હતી. વડોદરામાં ભાયલી સ્થિત નવરચના ઇન્ટરનેશનલ સ્કૂલના આચાર્યને બોમ્બની ધમકીનો મેઈલ મળતાં ત્રણ સ્કૂલોમાં રજા જાહેર કરી દેવાઈ હતી. ત્યાર બાદ ત્યાં પોલીસે સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. સમા વિસ્તારની અન્ય બે સ્કૂલો પર વડોદરા સિટી પોલીસના ઉચ્ચ અધિકારીઓ દોડી આવ્યા હતા. બોમ્બની ધમકીને ગંભીરતાથી લઇને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ તથા ડોગ સ્કવોડને સ્કૂલ ખાતે બોલાવી લેવાઈ હતી. સ્કૂલની પાઇપમાં બોમ્બ મૂક્યો હોવાની ધમકી હોઇ પોલીસ દ્વારા સ્કૂલમાં તમામ પાઇપની તપાસ કરવામાં આવી હતી. અંદાજે આઠ કલાકની શોધખોળ પછી પણ કંઇ જ શંકાસ્પદ વસ્તુ નહીં મળતાં સ્કૂલ અને પોલીસ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ગુજરાતમાં પોલીસ ભરતીમાં ઊંચાઈ માપવાનો વિવાદ થતાં ઉમેદવારે હાઈ કોર્ટમાં અરજી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોલીસ વિભાગમાં નોકરી મેળવવા માટે ઉમેદવારો એડી ચોટીનું જોર લગાવતાં હોય છે. ગુજરાત હાઈ કોર્ટમાં પોલીસ ભરતી દરમિયાન ઉમેદવારની ઊંચાઇને લઇને વિવાદ હોવાની અરજી દાખલ કરવામાં આવી હતી. અરજી કરનાર અરજદારે કહ્યું હતું કે, સોલા સિવિલમાં તેની ઊંચાઈ ૧૬૪.૯ સે.મી. બતાવવામાં આવી હતી, જ્યારે પોલીસ ભરતીમાં ૧૬૪ સે.મી. બતાવી તેને ગેરલાયક ઠેરવ્યો હતો. આ સમગ્ર મામલે હાઇ કોર્ટે સોલા સિવિલમાં ઊંચાઈ માપીને જણાવવા માટેના નિર્દેશ આપ્યા હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાત હાઈ કોર્ટમાં મહીસાગરના એક ઉમેદવાર દ્વારા અરજી દાખલ કરાઈ હતી.

અરજદારે તાજેતરમાં બહાર પાડવામાં આવેલી ૧૧ હજારથી વધુ પોલીસ કર્મચારીઓની ભરતીમાં ઉમેદવારી નોંધાવી હતી. જેમાં તેનો ફિઝિકલ ટેસ્ટ માટેનો નંબર ૧૦મી જાન્યુઆરીએ કપડવંજ ખાતે આવ્યો હતો. તે ભરતીની પ્રક્રિયામાં ભાગ લેવા પહોંચ્યો હતો અને દોડવાની પરીક્ષામાં તે પાસ થયો હતો, જો કે તેની ઊંચાઈ ૧૬૪.સે.મી નીકળતા તેને ગેરલાયક ઠેરવવામાં આવ્યો હતો. પુરુષો માટે ઊંચાઈની લાયકાત ૧૬૫ સે.મી નક્કી કરવામાં આવી છે.

અરજદાર પોતે અનુસૂચિત જનજાતિ કેટેગરીમાંથી છે. જેની ઉંચાઈ પણ નિયમો મુજબ ૧૬૫ સે.મી હોવી જોઈએ. અગાઉના વર્ષોમાં પણ લોકરક્ષક ભરતીની એક પરીક્ષામાં અરજદારે ઉમેદવારી નોંધાવી હતી. જેમાં પણ આ જ પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. જેમાં હાઇ કોર્ટે સોલા સિવિલ હૉસ્પિટલમાં તેની ઊંચાઈની માપણી કરવા નિર્દેશ આપતા, તેની ઊંચાઈ ૧૬૪.૯ સે.મી નીકળી હતી અને હાઈ કોર્ટે અરજદારની અરજી તે વખતે મંજૂર કરી હતી.

જો કે તે લેખિત પરીક્ષામાં નાપાસ થયો હતો. આ અરજીમાં હાઈ કોર્ટે ઓથોરિટીને નોટિસ પાઠવીને વધુ સુનાવણી ૧૦મી ફેબ્રુઆરીએ રાખી છે. તેમજ અરજદારને તે દરમિયાન સોલા સિવિલ હૉસ્પિટલમાં ઊંચાઈ માપવા ઉપસ્થિત રહેવા જણાવ્યું છે. અરજદારે અરજીના નિકાલ સુધી આ પોલીસ ભરતીમાં એક જગ્યા ખાલી રાખવા પણ માગ કરી છે. ભરતી બોર્ડની અપીલ કમિટીએ તેની અપીલ નકારી નાખતા તેને હાઈ કોર્ટમાં અરજી કરવી પડી હતી. ■

# વડોદરામાં વિશ્વામિત્રી નદીને ઊંડી કરવાની કવાયત શરૂ થતાં ૧૫૦ મગરોનું સ્થળાંતર કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા શહેરમાં ચોમાસામાં ભારે વરસાદથી વિશ્વામિત્રી નદીમાં પૂર આવતાં તેના પાણી શહેર અને આસપાસના વિસ્તારોમાં ફરી વળે છે. આ પાણીની સાથે શહેરમાં મગરો પણ ફરતા થઈ જાય છે. ગત ચોમાસાની સિઝનમાં વડોદરામાં ભારે પુર આવતાં લોકોના ઘરોમાં પાણી ઘૂસી જતાં ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો અને મોટુ નુકસાન ભોગવવું પડ્યું હતું. જેથી વિશ્વામિત્રી નદીમાં આવતા પૂરની સ્થિતિને ખાળવા મહાનગરપાલિકા દ્વારા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતાં.

વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિશ્વામિત્રી નદીમાં પુરની સ્થિતિને ખાળવા નદીને ઊંડી કરવાની કામગીરી શરૂ કરવા કવાયત હાથ ધરવામાં આવી છે. આ કામગીરીને કારણે નદીમાંથી ૧૫૦ જેટલા મહાકાય મગરોનું સ્થળાંતર કરવામાં આવશે. આ મગરોને આજવા સરોવર, સફારી પાર્કમાં સ્થળાંતર કરવામાં આવશે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ડો.શીતલ મિસ્ત્રીએ કહ્યું હતું કે, ટૂંક સમયમાં કામ શરૂ થશે અને ચોમાસા પહેલા કામગીરી કરાશે પૂર્ણ.

મહાનગર પાલિકા દ્વારા વિશ્વામિત્રી નદીમાં જેસીબી મશીન મૂકી આ કામગીરી શુક્રવારથી શરૂ કરાઈ છે. પુરની સ્થિતિને ખાળવા નદીને ઊંડી કરવાની પૂર્વ તૈયારીના ભાગરૂપે સ્પોટ શોધી આ કામગીરી શરૂ કરાઈ હતી. મશીનરી નદીમાં ઉતારવા માટે રેમ્પ બનાવવાના પ્રયાસો પણ શરૂ કરાયા હતાં. વડોદરા મહાનગર પાલિકા દ્વારા ફક્ત પૂર્વ તૈયારીના ભાગરૂપે કામગીરી શરૂ કરી હોવાનો મ્યુનિસિપલ કમિશનરે દાવો કર્યો હતો. પ્રથમ ફેઝમાં થનારી આ કામગીરીથી વિશ્વામિત્રી નદીની વહન શક્તિમા ૭૫ ટકા વધારો થવાનો હોવાથી પાલિકા દ્વારા કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ■

# ગુજરાત સહિત ૭ રાજ્યમાં સીબીઆઈના દરોડા: ૩૫૦ કરોડના ટ્રાન્ઝેક્શન મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દિલ્હી સીબીઆઈએ ગુજરાત સહિત સાત રાજ્યોમાં એક સામટા દરોડા પાડીને રૂપિયા ૩૫૦ કરોડના ક્રિપ્ટો કરન્સીના ટ્રાન્ઝેકશન શોધી કાઢ્યા હતા. ક્રિપ્ટો કરન્સીના રોકાણ પર આધારિત ઉચ્ચ વળતરનું વચન આપીને વિવિધ પોન્ઝી સ્કીમોના ઓઠાં હેઠળ ઠગાઈ આચરવા મામલે સીબીઆઈએ ક્રિપ્ટો કરન્સી વોલેટ્સમાં રૂપિયા ૩૪ લાખની રોકડ, ૩૮,૪૧૪ (આશરે) ડૉલરની ડિજિટલ વર્ચ્યુઅલ અસ્ક્યામતો સહિત અનેક ગુનાહિત ડિજિટલ પુરાવા અને ઉપકરણો કબજે કરીને તપાસ શરૂ કરી છે. તપાસમાં ખુલાસો થયો હતો કે આરોપીઓ કોઈનડીસીએક્સ, વઝીરએક્સ, ઝેહપે અને બિટબીએમએસ સહિત ક્રિપ્ટોકરન્સી એકસચેન્જો સાથે બહુવિધ બેંક એકાઉન્ટ્સ અને વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ (વીડીએ) વોલેટ ધરાવે છે. બે વર્ષના ગાળામાં, આ એકાઉન્ટ્સ અને વોલેટ્સમાં રૂપિયા ૩૫૦ કરોડથી વધુના વ્યવહારો જોવા મળ્યા હતા. પીડિતોને ઓનલાઈન લોન, ઓનલાઈન લકી ઓર્ડર, યુપીઆઈ છેતરપિંડી અને ઈન્ટરનેટ બેંકિંગ કૌભાંડો જેવા વિવિધ બહાના હેઠળ કથિત રીતે છેતરપિંડી આચરવામાં આવી હતી. ■

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કૉંગ્રેસ-આપ વચ્ચે ગઠબંધન મુદ્દે અનેક તર્કવિતર્ક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગતા જ રાજકીય પક્ષોએ તડામાર તૈયારીઓ શરૂ કરી છે. રાજ્યની ૬૬ નગરપાલિકાની ચૂંટણીની તારીખો જાહેર થતાં જ ગઠબંધનની રાજનિતીએ ફરી એક વખત જોર પકડ્યું છે. કૉંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ગઠબંધન થશે કે કેમ તે અંગે અનેક તર્કવિતર્કો થઈ રહ્યા છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણી જાહેર થતા જ કૉંગ્રેસ એક્શન મોડમાં આવી છે. કૉંગ્રેસે પણ ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. અમદાવાદ સ્થિત રાજીવ ગાંધી ભવન ખાતે પોલિટિકલ અફેર્સ કમિટીની અગત્યની બેઠકમાં ગુજરાત કૉંગ્રેસના પ્રભારી મુકુલ વાસનીક, પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, વિરોધ પક્ષના નેતા અમિત ચાવડા તથા સહપ્રભારીઓ તેમજ સિનિયર આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને આગામી ચૂંટણી તેમજ સંગઠન બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

આ દરમિયાન શક્તિસિંહ ગોહિલે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ગઠબંધન અંગે મહત્ત્વનું નિવેદન આપ્યું હતું. શક્તિસિંહ ગોહિલે કહ્યું હતું કે, કોઇ પણ પાર્ટીનો ગઠબંધન અંગે પ્રસ્તાવ આવ્યો નથી. સ્થાનિક સંગઠનની માગ મુજબ ગઠબંધન અંગે ચર્ચા કરીશું. રાજ્ય સ્તરે કોઇપણ પાર્ટી સાથે ગઠબંધન અંગે ચર્ચા થઇ નથી. ગુજરાત કૉંગ્રેસના પ્રદેશ અધ્યક્ષે કહ્યું હતું કે, ચૂંટણી અંગે પોલિટિકલ અફેર્સ કમિટીની બેઠકમાં ચર્ચા કરીશું. અત્રે ઉલ્લેખનીય છે કે, આમ આદમી પાર્ટીના ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ ઇસુદાન ગઢવીએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કૉંગ્રેસ સાથે ગઠબંધન કરવાની વાત કરી હતી.

કૉંગ્રેસના પ્રદેશ પ્રભારી મુકુલ વાસનિકે સ્વરાજની ચૂંટણીમાં ગઠબંધન અંગે જણાવ્યું હતું કે, ઘણા સમયથી સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે. આ ચૂંટણીમાં કૉંગ્રેસ પોતાના સિમ્બોલ પર ચૂંટણી લડશે. જો કે સાથી પક્ષો સાથે ગઠબંધનનો નિર્ણય સ્થાનિક નેતાઓ કરશે. ગઠબંધન અંગેના નિર્ણયમાં સ્થાનિક નેતાઓની ભૂમિકા મહત્ત્વની રહેશે.

ઇસુદાન ગઢવીના નિવેદન પર ધોરાજીના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ પણ પોતાની પ્રતિક્રિયા આપી હતી. લલિત વસોયાએ કહ્યું હતું કે, પ્રદેશ કૉંગ્રેસના અધ્યક્ષ ગઠબંધન નક્કી કરશે. જો કે તેમણે કૉંગ્રેસે ગઠબંધન વગર એકલા હાથે સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

ગુજરાતમાં ૬૬ નગરપાલિકાની ચૂંટણી માટે ૧૬ ફેબ્રુઆરીએ મતદાન થશે, જ્યારે ૧૮ ફેબ્રુઆરીના રોજ પરિણામ જાહેર થશે. ૬૬ નગરપાલિકાની ૨૧૭૮ બેઠક પર યોજાનારી ચૂંટણી માટે ૨૭ જાન્યુઆરીએ જાહેરનામું પ્રસિદ્ધ થશે. તેમજ ઉમેદવારો ૧ જાન્યુઆરી સુધી ફોર્મ ભરી શકાશે. ■

# હિન્દુ-મુસ્લિમ સંપ્રદાય વચ્ચે ચાલી રહેલાં તણાવથી જામસાહેબ ચિંતિત

## પ્રજાજોગ સંદેશમાં વ્યથા ઠાલવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગરના મહારાજા જામસાહેબ શત્રુશલ્યસિંહજી દ્વારા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે મહત્ત્વપૂર્ણ સંદેશ આપવામાં આવ્યો હતો. આ સંદેશમાં તેઓએ સાંપ્રદાયિક એકતાની વાત કરી છે. વર્તમાન સમયમાં હિન્દુ-મુસ્લિમ સંપ્રદાય વચ્ચે ચાલી રહેલાં તણાવ વિશે જામસાહેબે પોતાની ચિંતા વ્યક્ત કરી છે.

જામસાહેબે પ્રજાસત્તાક દિવસના સંદેશમાં લખ્યું કે, ભારત તેમજ વિશ્વના કેટલાંક ભાગોમાં હિન્દુ-મુસ્લિમ વચ્ચે થઈ રહેલાં અસહ્ય દુસાહસોથી હું ખૂબ જ ભયભીત છું. જોકે, હું ભયાનક દુર્ઘટનામાં ન પડવાનું પસંદ કરું છું. કારણકે, જામનગરના મુસ્લિમો મારાં ભાઈ-બહેનો છે. જેઓ સિંધ અને કચ્છથી અમારી સાથે આવ્યા હતા અને હંમેશાં મારા પરિવાર પ્રત્યે વફાદાર રહ્યાં છે, હું તેમની સંભાળ રાખવા માટે મારા શ્રેષ્ઠ પ્રયાસ કરીશ. જામસાહેબે પોતાનો સંદેશ જય માતાજીથી સમાપ્ત કર્યો હતો. આ સંદેશથી તેઓએ સદભાવના અને ધાર્મિક સહિષ્ણુતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ■

# ૧૫મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીમાં ચૂંટણીમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારીઓ અને કર્મચારીઓનું સન્માન કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારત દેશમાં ૧૫ મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી થઈ રહી છે. ગાંધીનગરમાં મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું હતું કે, ભારત જેવા મહાન લોકતાંત્રિક રાષ્ટ્રમાં નાનામાં નાના નાગરિકના મતનું-અભિપ્રાયનું મૂલ્ય છે. લોકતંત્રથી આપણો દેશ દિવસો દિવસ વધુને વધુ સમૃદ્ધ બની રહ્યો છે. માનવજીવનમાં સ્વતંત્રતાથી મોટું કોઈ સુખ નથી અને પરતંત્રતાથી મોટું કોઈ દુ:ખ નથી. આ ઉજવણી દરમિયાન ચૂંટણીમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારીઓ અને કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું હતું કે, ૯૯ કરોડથી અધિક મતદાતા-ઓવાળા આપણા દેશમાં જ્યાં છેલ્લી ત્રણ ચૂંટણીઓમાં સરેરાશ ૬૫ ટકા જેટલું મતદાન થયું હોય તો પણ આપણા દેશમાં અડધા દિવસમાં ચૂંટણી પરિણામો મળી જાય છે. જ્યારે વિકસિત દેશોમાં પણ ચૂંટણી પરિણામો આવતાં દિવસો નીકળી જાય છે. ગુજરાતમાં વર્ષમાં ચાર વખત મતદારયાદી સુધારણા કાર્યક્રમો થાય છે અને યુવા મતદારોને મતદાર યાદીમાં સમાવિષ્ટ કરાય છે. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અધિકારીઓ, કર્મચારીઓ, મહેમાનો, મહાનુભાવો તથા યુવા મતદારોને રાષ્ટ્રીય મતદાતા દિવસ નિમિત્તના શપથ લેવડાવ્યા હતા.

રાજ્યના ચૂંટણી તંત્રની કામગીરી અંગે વાત કરતાં મુખ્ય નિર્વાચન અધિકારીએ જણાવ્યું કે, પાત્રતા ધરાવતા પ્રત્યેક નાગરિકને મતાધિકાર ઉપલબ્ધ કરાવવા ચૂંટણી તંત્ર પ્રતિબદ્ધ છે. હાઉસ ટુ હાઉસ સર્વે અને ખાસ મતદાર નોંધણી શિબિરો થકી મતદાર યાદીને સતત અદ્યતન કરવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપે આજે રાજ્યમાં ૫.૦૩ કરોડ કરતાં વધુ મતદાતાઓ નોંધાયેલા છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા વિકસિત કરવામાં આવેલી વિવિધ આઈ.ટી. ઍપ્લિકેશન્સ થકી ચૂંટણી પ્રક્રિયા વધુ પારદર્શી અને સુલભ બની છે. ■

# દક્ષિણ ગુજરાતની વલસાડ, ધરમપુર અને પારડી નગરપાલિકાની ચૂંટણી માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત થયા બાદ આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. આ ચૂંટણી માટે રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પણ શરૂ કરી દીધી છે. ત્યારે દક્ષિણ ગુજરાતની વલસાડ, ધરમપુર અને પારડી નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટે ભાજપના કાર્યાલયો પર ઉમેદવારોની ભીડ જામી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વલસાડ નગરપાલિકામાં સૌથી વધુ ૧૨ વોર્ડની ૪૪ બેઠકો માટે, પારડી નગરપાલિકામાં ૭ વોર્ડની ૨૮ બેઠકો માટે અને ધરમપુર નગરપાલિકામાં ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે ભાજપના કાર્યાલય ખાતે ઉમેદવારી ફોર્મ ભરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્રણેય નગરપાલિકાઓમાં કુલ ૯૬ બેઠકો માટે ચૂંટણી યોજાનાર છે.

ભાજપના કાર્યકરોમાં ટિકિટ મેળવવા માટે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દરેક વોર્ડમાંથી અનેક કાર્યકરો ઉમેદવારી નોંધાવવા માટે આતુર છે. જેના કારણે કાર્યાલયો પર શનિવારે સવારથી જ ભીડ જામી હતી. પાર્ટી દ્વારા યોગ્ય ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે અને આગામી દિવસોમાં ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે. ■

# સૈફ અલી ખાન પર હુમલાના કેસમાં એકથી વધુ વ્યક્તિની સંડોવણીની પોલીસને શંકા

મુંબઈઃ બાંદ્રા પશ્ચિમમાં સતગુરુ શરણ ઇમારતમાં ફિલ્મ અભિનેતા સૈફ અલી ખાન પર હુમલાના કેસમાં એકથી વધુ લોકો સંડોવાયેલા હોવાની શંકા પોલીસને જાગી છે. આ કેસમાં પોલીસે થાણેથી ૩૦ વર્ષના બાંગ્લાદેશી શરીફુલ ફકીરની ધરપકડ કરી છે.

આરોપીની પોલીસ કસ્ટડી પૂરી થતી હોવાથી તેને શુક્રવારે મેજિસ્ટ્રેટ કોર્ટમાં હાજર કરવામાં આવ્યો હતો. ત્યારે પોલીસે રિમાન્ડ એપ્લિકેશનમાં જણાવ્યું હતું કે સૈફ પર હુમલામાં એકથી વધુ વ્યક્તિ સંડોવાયેલી હોવાની શંકા છે, જે અંગે તપાસ કરવાની બાકી હોવાથી આરોપીની પોલીસ કસ્ટડી લંબાવી આપવાની માગણી કરી હતી.

પોલીસ અધિકારીએ કહ્યું હતું કે બાંદ્રામાં ૧૬ જાન્યુઆરીએ મળસકે સૈફ પર તેના જ ઘરમાં થયેલા હુમલા સમયે હાજર સૈફ અને તેના સ્ટાફના લોહીના નમૂના તેમ જ કપડાં પરીક્ષણ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યાં છે.

સૈફ પર હુમલાના કેસમાં પોલીસે ૧૯ જાન્યુઆરીએ થાણેના ઘોડબંદર ખાતેથી બાંગ્લાદેશી શરીફુલ ઇસ્લામ શેહઝાદ મોહંમદ રોહિલા અમીન ફકીર ઉર્ફે વિજય દાસની ધરપકડ કરી હતી. કોર્ટે શરીફુલ ફકીરની પોલીસ કસ્ટડી ૨૯ જાન્યુઆરી સુધી લંબાવી આપી હતી.

પોલીસે જણાવ્યું હતું કે આરોપી તપાસ ટીમને સહયોગ આપતો નથી. આરોપીએ ગુનામાં વાપરેલી છરી ક્યાંથી ખરીદી હતી તેની તપાસ ચાલી રહી છે. આરોપીનાં કપડાં પર લોહીના ડાઘ મળ્યા છે, જે લોહી સૈફનું છે કે કેમ તેની તપાસ કરવા માટે સૈફ અને આરોપીના લોહીના નમૂના અને કપડાં ફોરેન્સિક લેબોરેટરીમાં મોકલવામાં આવ્યાં છે. ઉપરાંત સૈફના ઘરેથી મળેલી ફિંગરપ્રિન્ટ્સ આરોપી સાથે મળતી આવે છે કે કેમ તેની પણ તપાસ કરાઇ રહી છે.

દરમિયાન સૈફે શુક્રવારે પોલીસને આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે આરોપીએ રૂ. એક કરોડની માગણી કરી હતી. તેણે ઇમારતમાં ઘૂસ્યા બાદ નૅની પર હુમલો કર્યો હતો. તેને રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે તેણે છરીના ઘા ઝીંકી દીધા હતા. (પીટીઆઇ)

# હવે ટમેટા ખેડૂતોને રડાવે છેઃ મબલખ આવકને લીધે ભાવ તળિયે

મુંબઈઃ એક સમયે સેન્સેક્સની જેમ ટમેટાના ભાવની વધઘટ રોજ છાપે ચડી હતી, ઑગસ્ટ મહિનામાં ટમેટાના ભાવ રૂ. ૧૦૦ને ઓળંગી ગયા હતા અને લાંબો સમય સુધી ટમેટાના ભાવ આસમાને રહેતા આમ જનતા અને તેની સાથે હોટેલ બિઝનેસ પણ મુશ્કેલીમાં મુકાયો હતો. ધીમે ધીમે ભાવ ઓછા થતાં ગયા ત્યારે હવે છૂટકા બજારમાં સારી ગુણવત્તાના કિલો ટમેટા લગભગ રૂ. ૧૫થી ૨૦માં મળે છે. જોકે આને લીધે ટમેટા ઉગાડતા ખેડૂતોએ રડવાનો વારો આવ્યો છે. થોડા મહિનાઓ પહેલા ગ્રાહકો રડતા હતા. જોકે ખેડૂતો પાસેથી ઓછા ભાવે લઈ તેને જથ્થાબંધ અને છુટક વેપારીઓ મનફાવે તેવા ભાવ વધારી વેચતા હોય છે, આથી ગ્રાહકોને મોંઘા મળે છે, પરંતુ ખેડૂતો ખાસ કંઈ કમાઈ શકતા નથી.

મહારાષ્ટ્ર-ગુજરાતની મોટા ભાગની એમપીએમસી માર્કેટમાં ટામેટાની જંગી આવકને કારણે ટામેટાના ભાવમાં ઘટાડો નોંધાયો છે. પુણેની વાત કરીએ તો અહીંની એપીએમસીમાં જથ્થાબંધ બજારમાં એક કિલો ટામેટા ગ્રેડના આધારે ૪ થી ૫ રૂપિયા પ્રતિ કિલો મળે છે, જ્યારે છૂટક બજારમાં એક કિલોનો ભાવ ૧૫ થી ૨૦ રૂપિયા છે. ટામેટાં જથ્થાબંધ બજારમાં વેચાણ માટે મોકલવા ખેડૂતો પોષાય તેમ નથી અને તેમનો ટમેટા ઊગાડવાનો અને પરિવહન ખર્ચ પણ નીકળતો નથી.

ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં એક કિલો ટમેટાના ભાવ છૂટક બજારમાં રૂ.૧૦૦ સુધી પહોંચી ગયા હતા. વરસાદને કારણે ટામેટાંની આવક ઓછી થતાં ટામેટાના ભાવમાં વધારો થયો હતો. ટામેટાના ભાવને કારણે મહારાષ્ટ્રમાં પુણે, સાંગલી, સાતારા, કોલ્હાપુર, નાસિક, સોલાપુર સહિત રાજ્યના તમામ ભાગોમાં ખેડૂતોએ મોટા પાયે ટામેટાનું વાવેતર કર્યું હતું. સારા વાવેતરને કારણે ખેડૂતોએ છેલ્લા મહિનાથી રાજ્યની તમામ એપીએમસીમાં મોટા પ્રમાણમાં ટામેટા વેચાણ માટે આવ્યા છે. સ્વાભાવિક છે કે માલ વધારે હોવાથી ભાવ નીચે ગયા છે.

## સંસ્થા સમાચાર

### પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી) વાર્ષિકોત્સવ

પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી) દ્વારા ૭૨મો વાર્ષિકોત્સવ નિમીત્તે રવિવાર તા. ૦૨.૦૨.૨૦૨૫ રોજ સાંજે ૬ થી ૧૦ સુધી સંગીત સંધ્યા એક પ્રયાસ ભાગ ૫ તથા આ અવસરે જાહેર સેવા ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપતા કાંદિવલીના પોલીસ દળ, અગ્નિશામન દળ તથા મુંબઈ મહાનગર પાલિકાના સરકારી કર્મચારીઓનું સન્માનના ભવ્ય કાર્યક્રમનું આયોજન ભુરાભાઈ આરોગ્ય ભુવન મેદાન, શાંતીલાલ મોદી રોડ, કાંદિવલી (૫) ખાતે કરવામાં આવ્યું છે.

તેમજ આ કાર્યક્રમ માટે કાંદિવલી ચારકોપના લોકલાડીલા વિધાન સભ્ય શ્રી યોગેશ સાગર મુખ્ય અતિથી તરીકે પધારશે તથા મે. મરેલી મઘરસન ઑટોમોટીવ લાઈટીંગ ઈન્ડીયા પ્રા. લી.નું ચીફ ફાઈનાનશિલ ઑફીસર શ્રી મનિષ ગુપ્તા અતિથી વિશેષ તરીકે પધારશે.

કાર્યક્રમની રજુઆત સુપ્રસિદ્ધ સંગીત કલાકારો ચેતન ગઢવી, આલોક કટદરે, સૌમ્યા વર્મા કરશે. સંગીત સંચાલન ચેતન ઉપાધ્યાય. કાર્યક્રમનું સંચાલન છઁ રાશી મોદી કરશે.

પ્રગતિ મિત્ર મંડળ સામાજીક, શૈક્ષણિક, વૈદ્યકિય, અનાજ રાહત સહાય, વિશેષ યુવા અને મહિલા સશક્તિકરણ અને પર્યાવરણ જાગૃતિ અભિયાન ઈત્યાદી સમાજ સેવાના કાર્યોમાં સતત કાર્યશીલ રહે છે.


આ કાર્યક્રમ પ્રગતિ મિત્ર મંડળના કાયમી સભ્યો, નટરાજ નાટ્ય ગૃપના સભ્યો તથા આમંત્રિત મહેમાનો માટે જ છે.

### બોરીવલીમાં એમસીએફ દ્વારા થ્રો બોલ ટુર્નામેન્ટ યોજાઈ

બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ) દ્વારા તાજેતરમાં થ્રોબોલ ટુર્નામેન્ટ યોજાઈ હતી અને વિજેતા ટીમને ટ્રોફી અને અન્ય ઈનામ અપાયા હતા. મૈત્રી ઈલેવન ટીમ વિજેતા અને સમૃદ્ધિ ઈલેવન ટીમ બીજી આવી હતી. મિક્સ જેન્ડરમાં દીવે ઈલેવન વિજેતા અને ઓમ ઈલેવન બીજી રહી હતી.

અગાઉ યોજાયેલી ડો. સુહાસ બાપટ મેમોરિયલ ટેનિસ ટુર્નામેન્ટમાં પુરુષોના વિભાગમાં જેનિલ શાહ ઈલેવન વિજેતા અને ઋષભ નાણાવટી ઈલેવન બીજી, મહિલા વિભાગમાં લીના ઈલેવન વિજેતા અને રોનક ઈલેવન બીજી, પચાસ પ્લસમાં ઉદય ઈલેવન વિજેતા અને નીતિન ઈલેવન બીજી, છોકરાઓના વિભાગમાં ધ્રુવ ઈલેવન વિજેતા અને હૃદય ઈલેવન બીજી રહી હતી

અંડરઆર્મ બોક્સ ક્રિકેટના પુરુષોના વિભાગમાં દીવે ઇલેવન વિજેતા રહી હતી. વિજેતા ટીમને ટ્રોફી અપાઈ હતી.



### દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓનાં નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) બીકાશ કુંડુ | ૫૭ | ૬,૫૦,૦૦૦ |
| ૨) ભોળાનાથ કર | ૫૦ | ૮૦,૦૦૦ |
| ૩) બંદાના નંદી | ૫૭ | ૫૦,૦૦૦ |
| ૪) બિનોદ સાવ | ૬૩ | ૧,૫૦,૦૦૦ |
| ૫) બીકાશ ગુચ્છાઈટ | ૫૯ | ૧,૫૦,૦૦૦ |
| ૬) ભૂપેન રોઈબંશી | ૫૯ | ૮૦,૦૦૦ |
| ૭) બસંતી રોય | ૫૫ | ૫૦,૦૦૦ |
| ૮) બૈદ્યનાથ સિંહ | ૫૩ | ૧૫,૦૦૦ |
| ૯) બસંતી કુશાવમ | ૪૭ | ૨૫,૦૦૦ |
| ૧૦) બેબી કેશરી | ૪૨ | ૨૫,૦૦૦ |
| ૧૧) બિશ્વજીત કુંડુ | ૩૦ | ૧,૦૦,૦૦૦ |
| ૧૨) બજાલે અહમદ શેખ | ૫૨ | ૧,૨૦,૦૦૦ |
| ૧૩) બિંદુ દાસ | ૭૦ | ૧૦,૦૦૦ |
| ૧૪) ભારત સમાઈ | ૬૮ | ૫૦,૦૦૦ |
| ૧૫) બીકાશ બિસ્વાસ | ૩૯ | ૧,૨૦,૦૦૦ |
| ૧૬) બૈદ્યનાથ દાસ | ૬૭ | ૫૦,૦૦૦ |
| ૧૭) બની દાસ | ૫૨ | ૧,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૧૮) અનન્યા અમિતકુમાર દૂબે | ૩ | ૩,૫૦,૦૦૦ |
| ૧૯) બુદ્ધમ સિદ્ધાર્થ કામ્બલે | ૧૦ | ૩,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દી માસીના હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૨૦) ભુપેન્દ્ર સિંઘ | ૬૧ | ૨,૫૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફલેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# મર્ચન્ટ નેવીના ભૂતપૂર્વ કૅપ્ટન સાથે ₹ ૧૧.૧૬ કરોડનો શૅર ટ્રેડિંગ ફ્રોડઃ કુર્લાનો યુવક પકડાયો

મુંબઈઃ કોલાબા વિસ્તારમાં રહેનારા મર્ચન્ટ નેવીના ભૂતપૂર્વ કૅપ્ટન સાથે ૧૧.૧૬ કરોડ રૂપિયાનો શૅર ટ્રેડિંગ ફ્રોડ આચરવાના કેસમાં સાયબર પોલીસે કુર્લાના ૨૮ વર્ષના યુવકની ધરપકડ કરી હતી. યુવકની ઓળખ દિનેશ રમેશ ઢોલપુરિયા તરીકે થઇ હતી અને તેના બેન્ક એકાઉન્ટમાં રૂ. નવ લાખ ટ્રાન્સફર થયા હતા, જે ચેકથી કાઢવામાં આવ્યા હતા.

મર્ચન્ટ નેવીના ભૂતપૂર્વ કૅપ્ટન એવા ફરિયાદીનો મોબાઇલ નંબર ૧૯ ઑગસ્ટ, ૨૦૨૪માં અગ્રણી નાણાકીય સેવા કંપનીનું નામ ધરાવતા વ્હૉટ્સઍપ ગ્રૂપમાં ઍડ કરાયો હતો. બાદમાં અન્ય સ્મિથ નામની મહિલાએ ગ્રૂપ પર માહિતી અપલોડ કરી હતી અને ગ્રૂપના સભ્યોને પૂછ્યું હતું કે તેઓ શૅર ટ્રેડિંગમાં રોકાણ કરવા તૈયાર છે. શૅર ટ્રેડિંગમાં નિયમિત રોકાણ કરનારા ફરિયાદીએ આ માટે સંમતિ આપતાં તેમનું નામ બીજા ગ્રૂપમાં ઍડ કરાયું હતું અને તેમને લિંક પાઠવાઇ હતી. ફરિયાદીએ લિંક પર ક્લિક કરીને કંપનીની ઍપ ડાઉનલોડ કરી હતી.

મહિલા અને અન્યો દ્વારા ભલામણ કરાયેલા સ્ટોકમાં રોકાણ કરવા અલગ અલગ બેન્ક ખાતાંઓમાં ફરિયાદીએ પાંચમી સપ્ટેમ્બરથી ૧૯ ઑક્ટોબર દરમિયાન ૨૨ વ્યવહારોમાં ૧૧.૧૬ કરોડ ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં કંપનીની ઍપમાં તેમના ખાતામાં મોટો નફો દેખાડાયો હતો, પણ નફાની રકમ કાઢવાનો પ્રયાસ કરાતાં તેમની વિનંતી નકારી કઢાઇ હતી. ફરિયાદીને શંકા જતાં તેમણે કંપનીની ઓફિસમાં જઇ તપાસ કરી હતી અને બાદમાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# બોરીવલીમાં પાંચ વર્ષની બાળકીની જાતીય સતામણીઃ પડોશીની ધરપકડ

મુંબઇઃ બોરીવલી વિસ્તારમાં ચોકલેટની લાલચ આપીને પાંચ બાળકીને પોતાના ઘરમાં લઇ જઇ તેની જાતીય સતામણી કરવા બદલ એમએચબી પોલીસે ૩૮ વર્ષના પડોશીની ધરપકડ કરી હતી. બીજી તરફ વિલે પાર્લેમાં પાંચ વર્ષના બાળકીનું જાતીય શોષણ કરવા બદલ તેના પિતા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

બોરીવલીમાં બાળકીની જાતીય સતામણ કરવા બદલ પકડાયેલો આરોપી સુથાર છે. તે ચોકલેટની લાલચ આપીને બાળકીને પોતાના ઘરે લઇ ગયો હતો, જ્યાં બાળકીની જાતીય સતામણી કરવામાં આવી હતી. બાદમાં બાળકીને તેના ઘર નજીક છોડીને તે જતો રહ્યો હતો. બાળકીને રડતી જોઇને તેની માતાએ પૂછપરછ કરી હતી, જેમાં તેણે પડોશી 'અંકલ' વિશે જણાવ્યું હતું. બાળકીએ એમ પણ કહ્યું હતું કે અંકલે અગાઉ પણ બે-ત્રણ વાર તેની સાથે આવું કર્યું હતું. દરમિયાન બાળકીની માતાએ આ પ્રકરણે એમએચબી પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી શુક્રવારે આરોપીની ધરપકડ કરી હતી.

દરમિયાન વિલે પાર્લેમાં પાંચ વર્ષની બાળકીનું જાતીય શોષણ કરવાના આરોપસર તેના પિતા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સપ્ટેમ્બરથી નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન બાળકીની માતા કામ નિમિત્તે બહાર જતી ત્યારે પિતા દ્વારા બાળકીનું જાતીય શોષણ કરવામાં આવતું હતું.

# જરાંગે ફરી એક વાર ઉપવાસ પર ઊતર્યા

મુંબઈઃ મરાઠા ક્વોટા માટે અનામતની માગણી કરીને લડત ચલાવતા મનોજ જરાંગે ફરી એક વાર શનિવારથી અનિશ્ચિત ભૂખહડતાળ પર ઊતર્યા હતા. છેલ્લા ૧૬ મહિના દરમિયાન તેમની આ સાતમી ભૂખ હડતાળ હતી. તેમના ક્વોટાની માગ ઉપરાંત જરાંગેએ સરપંચ સંતોષ દેશમુખની હત્યામાં સામેલ આરોપીઓને ફાંસીની સજાની પણ માગ કરી હતી.

જરાંગે મરાઠા સમુદાયના સભ્યોના કુટુંબીઓને 'લોહીના સંબંધીઓ' તરીકે માન્યતા આપતા ડ્રાફ્ટ નોટિફિકેશનના અમલીકરણની માગ કરી રહ્યા છે, જેથી કુટુંબીઓને પછાત વર્ગ (ઓબીસી)ની શ્રેણી હેઠળ અનામત આપી શકાય.

# લેન્ડફિલનો ભાગ બ્રીચ કેન્ડીને આપવાનો પર્યાવરણવાદીઓનો વિરોધ

મુંબઈઃ કોસ્ટલ રોડ પ્રોજેક્ટનું કામ પૂર્ણતાને આરે છે ત્યારે નવી સમસ્યા ઊભી થઈ છે. આ પ્રોજેક્ટ માટે મોટા પાયે દરિયો ભરીને જમીન તૈયાર કરવામાં આવી છે. જોકે લેન્ડફીલમાં બ્રીચ કેન્ડી હોસ્પિટલ પાસેનો ભાગ પ્રોજેક્ટ માટે આપી શકાશે તે સ્પષ્ટ થઈ ગયું છે. તેથી આ જમીન હવે બ્રીચ કેન્ડી હોસ્પિટલને મળશે. પરંતુ પર્યાવરણવાદીઓએ આ જમીન બ્રીચ કેન્ડી હોસ્પિટલને આપવાનો વિરોધ કર્યો છે.સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ભરાયેલી જમીન સાર્વજનિક હોવાથી આ જગ્યાએ કોઈ બાંધકામ કરી શકાશે નહીં. આથી આ જમીન કોઈને આપવા સામે વિરોધ દર્શાવતો પત્ર પર્યાવરણવાદીઓએ પાલિકા પ્રશાસનને પાઠવ્યો છે. મ્યુનિસિપલ પ્રશાસને આ જમીન પ્રોજેક્ટ માટે આપવા કલેક્ટર કચેરીને વિનંતી કરી હતી. પરંતુ કલેક્ટર કચેરીએ આ વિનંતી ફગાવી દીધી હતી. આ જમીનને પ્રોજેક્ટમાંથી બાકાત કરવી પડશે.

## જૈન મરણ

**સ્થાનકવાસી જૈન**

દામનગર નિવાસી હાલ મુંબઇ સ્વ. છગનલાલ નાનજી માયાણીના સુપુત્ર સ્વ. ડો. કિશોરચંદ્ર છગનલાલ માયાણીના ધર્મપત્ની તથા લીંબડી નિવાસી સ્વ. હસમુખલાલ ચંદુલાલ કોઠારીના સુપુત્રી રેખાબેન (ઉં. વ. ૭૫) તા. ૨૦-૧-૨૫ને સોમવારના નિધન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

દામનગર નિવાસી હાલ અજમેર સ્વ. હેમકુંવરબેન જાદવજી ફીફાદરાના સુપુત્ર ગીરીશભાઇ (ઉં.વ.૮૪) તે સ્વ. રમણીકભાઇ, સ્વ. ગુણવંતીબેન તનસુખલાલ કોઠારી, સ્વ. શશીકાન્તભાઇ તથા હસમુખભાઇ ફીફાદરાના ભાઇ. તા. ૨૨-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

મોટા ખોખરા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. ભાઇચંદ ફૂલચંદ પારેખના પુત્ર સ્વ. ભૂપેન્દ્રભાઇના ધર્મપત્ની ગં. સ્વ. નીલાબેન (ઉં. વ. ૭૫) તા. ૨૪-૧-૨૫ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. તે કલ્પેશ, વિશાલના માતા. વૈશાલી, પૂજાના સાસુ. માનવી તથ મનના દાદી. પિયર પક્ષે ખરકડી નિવાસી સ્વ. વેણીલાલ હરજીવનદાસ શાહ (ભગત)ની પુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાવઠી (તળાજા) નિવાસી હાલ ડોમ્બિવલી શાહ શાંતાબેન બાવચંદ હરજીવનદાસના સુપુત્ર બીપીનભાઇ (ઉં. વ. ૬૩) તા. ૨૪-૧-૨૫ના શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે પલ્લવીના પતિ. ધ્રુવિત, વિધીના પિતાશ્રી. સ્વ. પ્રતાપભાઇ, વજુભાઇ, સ્વ. ધનસુખભાઇ, લલિતાબેન જયંતીલાલ ગાંધી, ચંદ્રિકાબેન નિરંજનકુમાર શાહ, નયનાબેન પ્રવીણચંદ્ર દોશીના ભાઇ. કલાબેન, પુષ્પાબેનના દિયર. ચેતનાના જેઠ. વાડીલાલ ત્રિભુવનદાસ વોરા પાલિતાણાવાળાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ મનફરાના અ.સૌ. જીનલ રૂષભ રાંભીયાના સુપુત્ર, શ્રીમતી ઝવેરબેન માવજી પોપટના સુપૌત્ર, વિરાટ (ઉં. વ. ૫ મહિના) ગુરુવાર તા.૨૩.૦૧.૨૦૨૫ન અરિહંતશરણ પામેલ છે. ફૂઈ -ફુઆઃ ફોરમ હાર્દિક મહેન્દ્ર સાવલા(મનફરા)કાકાઃ જીગર,કાકીઃ ભાવિ, વૃત્તિ હરીલાલ ગાલાના બહેન ભચાઉના શ્રીમતી રસીલાબેન અવચર ધનજી કારીઆના દોહિત્ર. પ્રાર્થના સભા રાખેલ નથી. નિવાસ સ્થાન.૧૦૨, દૌલત સ્મૃતિ, મામલતદારવાડી નં.૬, મલાડ-વેસ્ટ, મુંબઈ.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભચાઉના અ.સૌ. મોંઘીબેન નરશી ખુથીયા (ઉં. વ. ૮૦) રવિવાર તા. ૧૯.૦૧.૨૫ રોજ અક્ષરધામ થયેલ છે. સ્વ.મીઠીબેન પાંચા આંણદાના પુત્રવધૂ શ્રી નરશી પાંચાના ધર્મપત્ની, ભાવનાના માતુશ્રી. નવીન ધરમશી ગાલાના સાસુજી, નિકુંજ, મિતેષના નાનીમાં. ભાવલબેન રાઘવજીલ કોરશીના દિકરી. પ્રાર્થના સભા સોમવાર તા.૨૭.૦૧.૨૫ સમય બપોરે ૩.૩૦ થી ૫.૦૦ વાગે, સ્થળ. યોગી સભાગૃહ, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં દાદર-ઈસ્ટ, ઠે. ૩૧૩, આંનજ્ઞ લોક, રૂમ નં.૩, આર.એન નારકર રોડ, જેડ ગાર્ડની એ ની સામે, પંતનગર, ઘાટકોપર-ઈસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બેરાજાના હેમરાજ રવજી મામણીયા (ઉં. વ. ૮૩) તા. ૨૩-૧- ૨૫ ના અવસાન પામેલ છે. માતુશ્રી મમીબાઇ રવજી ધારશીના પુત્ર. મંજુલાબેનના પતિ. પિયુષ, મીના, ગીતાના પિતા. રતનશી, જયંતીલાલ, વલમજી, દમયંતીના ભાઇ. મોટી ખાખરના મકાબાઈ ખીમજી મેઘજીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન.શ્રા.સંઘ સં. કરસન લઘુ નિસર હોલ, દાદર. ખાસ નોંધ : પ્રાર્થના સોમવાર તા. ૨૭-૧-૨૫ ના સાંજે ૪ થી ૫.૩૦. નિ. પિયુષ મામણીયા, બી/૪, પુરૂષોત્તમ નિવાસ, ટેલિફોન એક્સેન્જની સામે, ચેમ્બુર નાકા, મુંબઇ-૭૧.

કપાયાના અ.સૌ. સરલાબેન ચંદ્રકાંત સંગોઈ (ઉં. વ. ૭૦) ૨૩.૧ ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન ભવાનજી વેલજીના પુત્રવધુ. ચંદ્રકાંતના ધર્મપત્ની. કાજલના માતુશ્રી. ભુજપુર લાડબાઈ ભાણજી કરમશીના સુપુત્રી. રમેશ, જયેશ, અતુલ, કપાયા ભારતી જયંત ધનજી, લક્ષ્મી (લીના) અનીલ માવજીના બેન. પ્રાર્થના : આવતી કાલે, સોમવાર : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. કરશન લઘુ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦. નિ. ચંદ્રકાંત સંગોઈ : ૧૦૫, છઅ ટાવર, ટેંક રોડ, ભાંડુપ-વે, મું-૭૮.

**શ્રી મચ્છુકાંઠા વિશા સમાજ જૈન**

વાંકાનેર નિવાસી હાલ કાંદિવલીના સ્વ. લીલાવતીબેન ચંપકલાલ જગજીવન શાહ ના પુત્રવધુ અ.સૌ. નલિનીબેન લલિતભાઈ શાહ (ઉં. વ.૮૪) તે ૨૪/૧/૨૫ ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે સમીર-મીતા તથા સ્વ. લીના વિપુલકુમાર શેઠ ના માતુશ્રી, મહેન્દ્રભાઈ તથા ચંદ્રાબેન રસિકલાલ શાહ ના ભાભી, મૈત્રી, યશ, કરણ તથા મુસ્કાન ના બા, પિયરપક્ષે વાંકાનેરવાળા સ્વ. લીલાબેન હિમતલાલ મગનલાલ પટેલ ના દીકરી.પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાવણી નિવાસી હાલ મીરારોડ ગં. સ્વ. લાભુબેન ભગવાનજી ગાઠાણીના સુપુત્ર કિશોરભાઈ (ઉં. વ.૭૫), તે સ્વ. ઊર્મિલાબેનના પતિ. ધમિલ દિપાલી તુષાર ગાઠાણી ના દાદા તે ચિ. તુષાર અ. સૌ. શીતલ તથા અ. સૌ. જસ્માના

## હિન્દુ મરણ

**ઘોઘારી દશા શ્રીમાળી મુંબઇગરા જ્ઞાતિ**

કુકડ નિવાસી (બુધેલ) હાલ ઘાટકોપર સ્વ. ચીમનલાલ ત્રીકમલાલ બદ્ધુક (શાહ)ના ધર્મપત્ની ગં. સ્વ. વિમળાબેન (ઉં. વ. ૮૭) તા. ૨૫-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ભાવેશ, સ્વ. ચેતન, ભાવના, શોભાના માતુશ્રી. તે પારુલ, ગં. સ્વ. અલકા, યોગેશકુમાર, શૈલેષકુમારના સાસુ. તે પિયરપક્ષે ઉરણ નિવાસી સ્વ. ભગવાનદાસ, સ્વ. કાંતિભાઇ, સ્વ. શાંતિભાઇ સરવૈયા, સ્વ. વિજયાબેન, સ્વ. જેકુરબેનના બેન. મંયક, કવિશ, મીત, બંસરીના દાદી. તથા રૂપેશ, દીશા, જીગર, ધવલના નાની. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૬ જાન્યુઆરી ૨૫, સાંજે ૪થી ૫.૩૦. ઠે. બાપસ સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફૂટ માર્ગ, ગરોડિયા નગર, ઘાટકોપર (પૂર્વ).

**કચ્છી લોહાણા**

સ્વ. વીરજી વાલજી રાયચના પુત્ર દ્વારકાદાસ (ઉં. વ. ૮૨) ગામ મોટા ભાડીયા હાલ ઐરોલી તા. ૨૪-૧-૨૫ના શુક્રવારના રામશરણ પામેલ છે. તે જયાબેનના પતિ. નરેન્દ્ર, કુસુમ મહેન્દ્ર ગણાત્રા, ચેતના અતુલ ઠક્કર, માલતી નીલેશ ઠક્કરના પિતા. દર્શના નરેન્દ્ર રાયચનાના સસરા. તે વસનજી વીરજી રાયચનાના ભાઇ. તે જયરામ ધારશી દાવડાના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૭-૧-૨૫ના મહાજનવાડી પવાની હોલ, ૧લે માળે, મુલુંડ, સાંજે ૫થી ૬.૩૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

બગસરાવાળા હાલ મુંબઇ સ્વ. મગનલાલ વલ્લભદાસ જોગી (ઉં. વ. ૮૦) તે સ્વ. લતાબેનના પતિ. જયેશ, ગીતા અનીલકુમાર પડિયા, ભાવના ભરતકુમાર નિર્મળના પિતાશ્રી. હર્ષાના સસરા. ચિરાગ, દીપના દાદા. સ્વ. નર્મદાબેન જમનાદાસ જે. પડિયા, ચત્રભુજ વલ્લભદાસ જોગી, ગં. સ્વ. દમુબેન રામજી જગડ, ગં.સ્વ. પ્રભાબેન વૃજલાલ નિર્મળના ભાઇ. સ્વ. શામજી સુંદરજી જગડના જમાઇ. તે ગુરુવાર તા. ૨૩-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૬-૧-૨૫ના રવિવારે સાંજે ૪થી ૬. ઠે. વનિતા વિશ્રામ, ૩૯૨, સરદાર વલ્લભભાઇ પટેલ રોડ, મુંબઇ-૪.

**હાલાઇ લોહાણા**

જશવંતીબેન ભગવાનજી કક્કડ (ઉં. વ. ૭૪) તે સ્વ. નવલબેન ભગવાનજી કક્કડના સુપુત્રી. તે સ્વ. પ્રવીણચંદ્ર, ગં. સ્વ. ઉર્મિલાબેન, સ્વ. હંસાબેન, સ્વ. ભારતીબેનના બેન. તે સ્વ. સુશીલાબેનના નણંદ. તા. ૨૪-૧-૨૫ના શુક્રવારે મલાડ ખાતે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

વિંછીયાવાળા હાલ મુંબઇ નિવાસી નિતાબેન સલ્લા (ઉં. વ. ૭૦) તે સ્વ. અનિલ બાબુલાલ સલ્લાના ધર્મપત્ની. તે રાધાબેન જીવરાજભાઇ ધોરડાના દીકરી. તે શ્રદ્ધા, પરીન, (મોટું) અને ગ્રીષ્માના મમ્મી. તે ક્રિષ્ણા અને કિયારાના દાદી. ગુરુવાર તા. ૨૩-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

સાવરકુંડલાવાળા હાલ ભાયંદર નાથાલાલ દુર્લભદાસ છાટબાર (ઉં. વ. ૮૮) તા. ૨૧-૧-૨૫ને મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે શારદાબેનના પતિ. જયશ્રીબેન જગદીશકુમાર પડીયાના પિતાશ્રી. સ્વ. ચંદુભાઇ, ભીખુભાઇ,

પિતાશ્રી, તે દિપાલી ગાઠાણી, નિલેશ પંચમિયા તથા કેતન હરિયાનાં સસરા. સ્વ. પ્રાણલાલ હરજીવન શેઠના જમાઈ તા. ૨૩/૦૧/૨૦૨૫ નાં રોજ અવસાન પામેલ છે. તમામ લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

વરલ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. રસિકલાલ લાલચંદ શાહના સુપુત્ર જિતેન્દ્રભાઇ (જીતુભાઇ) (ઉં. વ. ૮૩) સ્વ. જ્યોતિબેનના પતિ. વિક્રમ, કાજલના પિતાશ્રી. ભાવના તથા અજયકુમાર મનહરલાલ શાહ (ટાણા)ના સસરાજી. ભારતીબેન મનહરલાલ ગાંધી (વીરડી)ના ભાઇ. મોટા સુરકા વાળા હાલ મદ્રાસ સ્વ. પોપટલાલ નાનચંદના જમાઇ. પિતૃવંદના તા. ૨૭-૧-૨૫ના સોમવારે સવારે ૧૦.૩૦થી ૧૨. ઠે. જસ્મીન હોલ, જોલી જિમખાના, વિદ્યાવિહાર (વેસ્ટ).

**વેરાવળ જૈન**

વેરાવળ નિવાસી હાલ મુંબઇ વરજીવનદાસ કલ્યાણજી શાહ (ઉં. વ. ૯૯) સ્વ. નિરંજનાબેનના પતિ. ધીરેશ, વિજય, વિક્રમના પિતા. પલ્લવી, દીપિકા, રીટાના સસરા. વિનુભાઇના ભાઇ. શિલ્પા-મનન, નિમિત-પ્રિયંકા, ભાવિશા-હર્ષ મનન-ઝીલ-સતવીર-હિનાના દાદા. કબીર, મીરાયા, દેવિકા અને આર્યવના પરદાદા. તા. ૨૪-૧-૨૫ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વાવડી (ગઢડા સ્વામીના) નિવાસી હાલ ઘાટકોપર સ્વ. માતુશ્રી લલિતાબેન હિંમતલાલ દોશીના સુપુત્ર અનિલભાઇ (ઉં. વ. ૭૦) તા. ૨૫-૧-૨૫ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે કોકીલાબેનના પતિ. તે ધવલ હીલોનીના પિતાશ્રી. તે હેતલ અને અંકિત ગીરીશ ગાઠાણીના સસરા. તે સ્વ. કનુભાઇ, સ્વ. ગુણવંતભાઇ શશીકાન્તભાઇ મહેન્દ્રભાઇ પ્રફુલ્લભાઇ કિશોરભાઇ દિનેશભાઇના ભાઇ. તે જયાબેન શાંતિલાલ તેજાણીના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૭-૧-૨૫ સોમવારના સાંજે ૩.૩૦થી ૫.૩૦. ઠે. પરમકેશવ બાગ, નવરોજ લેન, ઘાટકોપર (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

જરૂ દારૂવાલા તે ફરોખ દારૂવાલાના માતાજી. તે રુચી એફ. દારૂવાલાના સાસુજી. તે ઓસ્તી ઝરીન રોહીન્ટન પંથકી ને નોશીર હાડવૈદના બહેન. તે સાયરસના ફૂઇજી. તે મેહેરનોશ ને ડેલનાઝના માસી. તે મરહુમો ટેમીના તથા પીરોજશાહ દારૂવાલાના વહુ. તે મરહુમો શેહરૂ તથા સોરાબજી બોનસેટરના દીકરી. (ઉં. વ. ૮૫).

સ્વ. રાજુભાઇ, ધીરૂભાઇના ભાઇ. સ્વ. રૂગનાથ પિતાંબર નિર્મળના જમાઇ. અંકિતા, હિમાંશુના નાનાશ્રીનું બેસણું તા. ૨૬-૧-૨૫ના રવિવારે સાંજે ૪.૩૦થી ૬. ઠે. ૫૦૩, તુષાર સોસાયટી, દત્તમંદિર ક્રોસ રોડ, નં-૧, દહાણુકર વાડી, ચવ્હાણ હોસ્પિટલ પાસે, કાંદિવલી (વેસ્ટ), દેહ દાન કરેલ છે.

**કપોળ**

ખસતાવાળા હાલ કોલ્હાપુર ગં. સ્વ. વર્ષાબેન (ઉષા) (ઉં. વ. ૮૦) સ્વ.સુરેશ મહેતાના ધર્મપત્ની. પ્રશાંત, નીતા, મીનલ, નમ્રતાના માતા. પાયલના સાસુ. નિરંજનાના જેઠાણી. સ્વ. જયાલક્ષ્મી પ્રાણજીવનદાસ મહેતાની દીકરી. શોભનાની બહેન. નિશી શુભના દાદી. તા. ૨૫-૧-૨૫ના શનિવારના શ્રીચરણ પામ્યા છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

દ્વારકા નિવાસી હાલ મુંબઇ ગં. સ્વ. ચંદ્રકલા પ્રવીણચંદ્ર વિઠલાણી (ઉં.વ.૮૨) તે ગં. સ્વ. કમળાબેન રમેશચંદ્ર જોબનપુત્રા, સ્વ. વસુંધરા પ્રવીણચંદ્ર બુદ્ધદેવ, હેમલતાબહેન મોહનલાલ સચદેવ, અ. સૌ. ચંદ્રિકાબેન ભૂપેન્દ્ર ભાવસાર, અ. સૌ. મિનાક્ષીબેન પ્રવીણચંદ્ર શાહના બેન. તથા સંજયભાઇના માતુશ્રી. અ. સૌ. સ્વાતિબેનના સાસુ. તે સ્વ. કુસુમબેન મોહનલાલ સચદેવના દીકરી. તા. ૨૪-૧-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. ઠે. ૩૩ ડી, કાનબાઇ ચાલ, કાંદિવલી, ખાડીલકર રોડ, સી. પી. ટેન્ક, મુંબઇ-૪. લૌકિક વ્યવહાર બંધ છે.

**ખંભાતી દશા પોરવાડ વણીક**

ખંભાતી હાલ મુંબઇ બોરીવલી નિવાસી અ. સૌ. દેવાંગીબેન શાહ (ઉં. ન.૬૧) તે દિપેશભાઇના પત્ની. તથા સ્તવન અને પુષ્ટિના માતુશ્રી. તે શૈલીના સાસુ. ગં. સ્વ. અરુણાબેન રમેશભાઇ શાહ તથા સ્વ. રમેશભાઇ બાબુલાલ શાહના પુત્રવધૂ. તથા બિરેનભાઇ, જિગિશાબેન, દિપાબેનના ભાભી. તથ ગં. સ્વ. પ્રભુતાબેન નવનીતલાલ શાહના સુપુત્રી. તા. ૨૪-૧-૨૫ના શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૬-૧-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. સર્વોદય આરાધના ભવન, બીજા માળે, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝ સામે, બોરીવલી (વેસ્ટ).

**હાલાઇ લોહાણા**

જામનગર નિવાસી હાલ બોરીવલી ગં.સ્વ જયાબેન પરસોત્તમભાઈ થોભાણી (ઉં. વ. ૯૨) તે સ્વ. પરસોત્તમભાઈ ગોરધનદાસ થોભાણી ના ધર્મપત્ની, મુકેશભાઈ, રંજના મહેન્દ્રકુમાર રાયચુરા, જ્યોત્સના જીતેન્દ્રકુમાર ખત્રી, વિશાખા હિતેષભાઇ ગોકાણી તથા પ્રિતી દિલીપભાઈ પુજારા ના માતુશ્રી, વર્ષાબેન ના સાસુ, આશિષ, ભાર્ગવ, શ્યામ, અર્પિત, વિધિ, હર્ષ,કૃતિક, દિતી, હૃદય ના બા. તે પિયરપક્ષે સ્વ. કસ્તુરબેન હરિદાસ રાયઠઠ્ઠા ના દીકરી. તે ૨૩/૧/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાલવાડા ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ**

વાંસદા નિવાસી, હાલ બોરીવલી, સુરેન્દ્ર ડાહ્યાભાઈ ઉપાધ્યાય,(ઉં. વ. ૯૨) તારીખ ૨૪-૧- ૨૫ ને શુક્રવારે, બોરીવલી મુકામે કૈલાશવાસી થયા છે. તેઓ જ્યોતિબેનના પતિ, સૌ. દીપ્તિ ભરત વ્યાસ, ભાસ્કર અને અશ્વિન ના પિતા, તે સૌ. હેમલ ના સસરા, તે સ્વ. ભુપેન્દ્ર, રાજેન્દ્ર, સ્વ. તરુણ, ગં. સ્વ. ભાનુબેન હર્ષદરાય જોશી, ગં. સ્વ. પદ્મલતા કિશોરચંદ્ર ત્રિવેદી, ગં. સ્વ. નિરંજના ચંદ્રકાંત ભટ્ટ, સૌ. શકુંતલા ભદ્રેશ ભટ્ટ ના ભાઈ, તે કુ. કીર્તિ ઉપાધ્યાય, કુ. ભૂમિ વ્યાસ અને ચિ.હરિ વ્યાસ ના દાદા.

**ઘોઘારી લોહાણા**

મહુવાવાળા હાલ બોરીવલીના સ્વ. પુષ્પાબેન તથા સ્વ. નટવરલાલ રવજીભાઈ ચિતલીયા ના પુત્ર આશિષ ચિતલિયા (ઉં. વ.૫૯) તે આશાબેન ના પતિ, અનુકુલ ના પિતા, મનોજભાઈ તથા આરતી વિજયકુમાર અમલાણી ના ભાઈ, સાસરાપક્ષે સ્વ. મુક્તાબેન તથા સ્વ. હિંમતલાલ રૂગનાથ તેલી ના જમાઈ. તે શનિવાર ૨૫/૧/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૨૭/૧/૨૫ ના રોજ ૪ થી ૫.૩૦ કલાકે લોહાણા મહાજનવાડી, બીજે માળે, શંકર મંદિર પાસે, એસ. વી રોડ, કાંદિવલી વેસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ દશા દિશાવાળ**

વાલમ નિવાસી હાલ મુંબઈ લલિતકુમાર જયંતિલાલ શેઠ (ઉં.વ.૬૮) તા. ૨૩/૦૧/૨૫ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. કેતકીબેન ના પતિ, તે ગં. સ્વ સવિતાબેન ગોવિંદભાઈ શાહ ના જમાઈ, તે જયમીન ના પિતા, તે ભરતભાઈ, જીતુભાઈ, નિતીનભાઈ ના ભાઈ, તે કલ્પનાબેન, ચેતનાબેન ના દિયર, તે રાજુબેન ના જેઠ.

**કપોળ**

ભીંડવાળા સ્વ. ત્રિવેણીબેન તથા હરકિશનદાસ જાદવજી ભૂતાના સુપુત્ર નલિન (ઉં. વ. ૭૪) રવિવાર તા. ૧૯-૧-૨૫ના હ્યુસ્ટન (યુ.એસ.એ.) મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે જયોતિબેનના પતિ. ચિરંજીવી અમિત, સ્વ. દેવાંગના પિતા. અ. સૌ. ભક્તિના સસરા. હીરની તથા પૂજાના દાદા. ડેડાણવાળા સ્વ. પ્રતાપરાય ત્રંબકલાલ મહેતાના જમાઇ . સર્વે લૌકિક ક્રિયાઓ યુએસએ ખાતે રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

કોઠડા સાંગણી હાલ મુંબઇ થાણા સ્વ. ચંદ્રિકાબેન તથા સ્વ. વલ્લભદાસ મૂળચંદ ધાબલીયાના પુત્ર જયંતભાઇ વલ્લભદાસ ધાબલીયા (ઉં. વ. ૬૯) તે કલ્પનાબેનના પતિ. સંદિપ, દિપ્તીના પિતા. હિના, બિંદુ, રાજુ અને દિનેશના મોટાભાઇ. સંજયકુમાર રાણા, શ્વેતા સંદિપ ધાબલીયાના સસરા. ધરશીલના દાદા. તથા જૈનીલ, સંજીવના નાના. તા. ૨૨-૧-૨૫ના બુધવારના શ્રીજીચરણ પામેલ છે. સાદડી તા. ૨૭-૧-૨૫ના સોમવારના સાંજે ૪થી ૫.૩૦. નિવાસસ્થાનેઃ જે-૩૦૪, યશરાજ પાર્ક, કાસર વડવલી, ઘોડબંદર રોડ, થાણા (વેસ્ટ).

**ખંભાતી વિશા લાડ વણિક**

ઘાટકોપર નિવાસી શ્યામ (ઉં. વ.૫૮) તે કૌમુદીના પતિ. સ્વ. મીનાબહેન અને સુરેશ રમણલાલ વખારિયાના પુત્ર. સ્વ. વિમળાબહેન રમણલાલ વખારિયાના પૌત્ર. સ્વ. રંજનબેન જિતેન્દ્રભાઇ પારેખના જમાઇ. સંજયભાઇ નિકુંજભાઇના બનેવી. અ. સૌ. સલોની અને કુ. ખુશ્બુના પિતા. સ્વપ્નિલ કાશીકરના સસરા. શુક્રવાર, તા. ૨૪-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

# ભંડારા ઓર્ડનન્સ ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટની તપાસ માટે કમિટીની નિમણૂક

મુંબઈઃ પૂર્વી મહારાષ્ટ્રના ભંડારા જિલ્લામાં ઓર્ડનન્સ ફેક્ટરીમાં થયેલા પ્રચંડ વિસ્ફોટની તપાસ કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. એક દિવસ પહેલાં થયેલા આ વિસ્ફોટમાં ૮નાં મોત થયાં હતાં અને પાંચ જણ ઘાયલ થયા હતા, એવું અધિકારીએ જણાવ્યું હતું. ડેપ્યુટી કમિશનર ઓફ લેબર (સેન્ટ્રલ) નાગપુરની તપાસ સમિતિ સોમવારથી તપાસ શરૂ કરશે, એવું અધિકારીએ વધુમાં જણાવ્યું હતું.

શુક્રવારે સવારે ૧૦.૪૦ વાગ્યે ભંડારાના જવાહરનગર વિસ્તારમાં આવેલી ફેક્ટરીમાં હેક્સ (હાઈ એનર્જી એક્સપ્લોઝિવ્સ) સબ-ડિવિઝનમાં એલટીપીઈ (લો ટેમ્પરેચર પ્લાસ્ટિક એક્સપ્લોઝિવ્સ) બિલ્ડિંગ નંબર ૨૩માં થયેલા વિસ્ફોટમાં ૮ કામદારનાં મોત થયાં હતાં. આ અંગે એક ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે વિસ્ફોટ પાછળનાં કારણોની તપાસ કરવા માટે એક કમિટીની રચના કરવામાં આવી છે જે ૨૭મી જાન્યુઆરીથી તપાસની શરૂઆત કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે બ્લાસ્ટ થયો ત્યારે યુનિટમાં ૧૩ જણ કામ કરી રહ્યા હતા. આ ઘટનામાં ૮નાં મોત થયાં હતાં, જ્યારે પાંચ જણ ઘાયલ થયા હતા.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# જમ્બો બ્લોકને કારણે પશ્ચિમ રેલવેના પ્રવાસીઓને હાલાકી

## અંધેરી અને બોરીવલી સ્ટેશને પ્રવાસીઓની બેકાબૂ ભીડ

મુંબઈઃ મુંબઈગરા માટે રવિવાર એટલે રજાનો દિવસ નહીં, પણ રેલવેનો મેગાબ્લોક એવી ઓળખ બની ગઇ છે. રવિવારે મુંબઈમાં રેલવેનું મેગાબ્લોક હવે નિયમિત બની ગયું છે. જોકે આ અઠવાડિયે માત્ર રવિવાર જ નહીં, પણ ત્રણ દિવસ 'જમ્બો મેગાબ્લોક' લેવામાં આવ્યો હતો. પશ્ચિમ રેલવે લાઈન પર આ જમ્બો બ્લોક થવાને કારણે આ લાઈનમાં મુસાફરી કરવી પ્રવાસીઓ માટે દુષ્કર બની ગયું હતું.

જમ્બો બ્લોક સવારે સાડાસાત વાગ્યાથી ટ્રાફિક સરળ થશે, એવું અધિકૃત રીતે જાહેર કરવામાં આવ્યું હતું, પણ આઠ વાગ્યા છતાં ટ્રાફિક સરળ નહીં થયો. સવારે બ્લોક પૂરો થાય કે તાત્કાલિક ટ્રેન પકડવા માટે સાડાસાત વાગ્યાથી પ્રવાસીઓની ભીડ ઊમટી પડી હતી. જોકે સાડાસાત વાગ્યે પણ ટ્રેનવ્યવહાર પૂર્વવત્ ન થતાં સ્ટેશનો પર ભીડ વધવા લાગી હતી. બોરીવલી અને અંધેરી સ્ટેશનો પર જાણે કીડીયારું જોવા મળ્યું હતું.

શુક્રવારે રાતથી પશ્ચિમ રેલવે લાઈન પર મેઈન્ટેનન્સ અને રિપેરિંગના કામ માટે જમ્બો બ્લોક હાથ ધરવામાં આવ્યો હતો. જોકે સાડાસા વાગ્યે બ્લોક પૂરો થવાની એનાઉન્સમેન્ટ કરવામાં આવી હતી, પણ ટ્રેનવ્યવહાર સાડાસાત વાગ્યે પૂર્વવત્ ન થતાં પ્રવાસીઓને ભારે હાલાકી સામનો કરવો પડ્યો હતો.

પશ્ચિમ રેલવેએ માહિમ અને બાંદ્રા લાઈન સ્ટેશન દરમિયાન પુલના પુનર્બાંધકામ માટે આ જમ્બો બ્લોક હાથ ધર્યો હતો. પશ્ચિમ રેલવે પર ત્રણ દિવસ 'જમ્બો મેગા બ્લોક'ની જાહેરાત કરવામાં આવી હતી. જમ્બો બ્લોક દરમિયાન પશ્ચિમ રેલવેની ૩૩૦થી વધુ ટ્રેનોને રદ કરવામાં આવી હતી. આ અંગેની માહિતી રેલવે વિભાગે પહેલાં જ આપી હતી અને સ્ટેશનો પર આવી એનાઉન્સમેન્ટ કરવામાં આવતી હતી. તેમ છતાં અમુક પ્રવાસીઓએ ફરિયાદ કરી હતી કે અમને માહિતી જ નથી. શુક્રવારે રાતે અને શનિવારે સવારે ૧૨૭ સબર્બ ટ્રેનોને રદ કરવામાં આવી હતી. બીજી બાજુ ૨૪મી જાન્યુઆરી રાતે ૧૧ વાગ્યાથી સવારે ૯ વાગ્યા સુધી માહિમ અને બાંદ્ર સ્ટેશન દરમિયાન ફાસ્ટ ટ્રેનો સ્લો ટ્રેક પર દોડાવવામાં આવશે. હજી આ બ્લોક બે દિવસ ચાલવાનો છે. આથી રવિવારનો દિવસ પ્રવાસીઓને હજી ત્રાસ વેઠવો પડશે. ■



**ઓ દેશ મેરે તેરી શાન પે...** ૨૬મી જાન્યુઆરીની પૂર્વ સંધ્યાએ મુંબઈની ઓળખસમા સીએસએમટી રેલવે સ્ટેશન અને એશિયાની સૌથી ધનવાન મહાનગર પાલિકામાંથી એક એવી બીએમસી બિલ્ડિંગને ટ્રાયો કલરની લાઈટિંગથી શણગારવામાં આવી હતી. (જયપ્રકાશ કેળકર)

# મુંબઈના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે વિન્ટેજ કાર ફિયેસ્ટા-૨૦૨૫નો પ્રારંભ

મુંબઈઃ શનિવારે કફ પરેડના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે વીસીસીઆઈએ વાર્ષિક કાર ફિયેસ્ટાનું આયોજન કર્યું હતું. આજની ઈવેન્ટમાં અનેક વિન્ટેજ કાર પૈકી સેંકડો વિન્ટેજ અને ક્લાસિક કાર જોવા મળી હતી, જેમાં ૧૦ સુપરકાર્સ અને ૧૦૦ વિન્ટેજ-ક્લાસિક બાઈકસનો સમાવેશ હતો.વીસીસીઆઈના ચેરમેન નીતિન ડોસાએ મુંબઈ સમાચારને જણાવ્યું હતું કે અમે દર વર્ષે વિન્ટેજ કાર ફિયેસ્ટા અંતર્ગત મોટરિંગના આર્ટ અને ઇતિહાસના સેલિબ્રેશન માટે વિન્ટેજકાર પ્રેમીઓ અને સંગ્રહકોને એક મંચ પર લાવીએ છીએ. તેમણે આ કાર ફિયેસ્ટા વિશે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે આ વખતે ફિયેસ્ટામાં વિન્ટેજ કાર કેટેગરીમાં ૧૭૦ જેટલી એન્ટ્રી આવી છે અને વિન્ટેજ ટુવ્હીલર કેટેગરીમાં ૮૨ એન્ટ્રીઓ આવી છે. વાત કરીએ આ વખતનાઆ વખતે ફિયેસ્ટામાં ૧૯૧૪ની વોલસેલી નામની કાર સેન્ટર ઓફ અટ્રેક્શન છે. વાર્ષિક વિન્ટેજ કાર ફિયેસ્ટા ૨૦૨૫ ઓટોમોબાઈલ સેક્ટરના ઉત્સાહીઓ માટે પણ ખાસ રહેશે કારણ કે આ વખતે વીસીસીસીઆઈએ મોરિસ ગેરેજના ૧૦૦ વર્ષ, રોલ્સ રોયસના ૧૨૦ વર્ષ અને પેકાર્ડ ઓટોમોબાઈલના ૧૨૫ વર્ષ સહિત મહત્વપૂર્ણ ઓટોમોટિવ એનિવર્સરીની ઉજવણી કરવામાં આવી છે.



**તૂ ખીંચ મેરી ફોટો...** મુંબઈના કફ પરેડના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે વીસીસીઆઈએ વાર્ષિક કાર ફિયેસ્ટા-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. ૧૫૦થી વધુ વિન્ટેજ કાર અને ૮૦થી વધુ વિન્ટેજ ટુવ્હીલર ડિસ્પ્લેમાં મૂકવામાં આવ્યા છે. દરમિયાન મુંબઈના પોલીસના કર્મચારીઓ પણ આ વિન્ટેજ કાર સાથે ફોટો ક્લિક કરાવવાથી પોતાની જાતને રોકી શક્યા નહોતા. (અમય ખરાડે)

શનિવારની ઈવેન્ટમાં યોહાન પુનાવાલા, ગૌતમ હરિ સિંઘાનિયા, રાજકોટના મહારાજા સહિત અન્ય વિન્ટેજ કારપ્રેમીઓ પોતાની કારને પ્રદર્શનમાં પ્રસ્તુત કરી હતી. વિન્ટેજ એન્ડ ક્લાસિક કાર ક્લબ ઓફ ઈન્ડિયા દ્વારા દર વર્ષની જેમ જ આ વર્ષે પણ ૨૫મી અને ૨૬મી જાન્યુઆરીના ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીના ઐતિહાસિક મૂલ્યોના જતન માટે ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. બે દિવસની ઈવેન્ટ પૈકી શનિવારના દિવસે વર્લ્ડ ટ્રેડ સેન્ટ ખાતે ૧૭૦ જેટલી વિન્ટેજ અને ક્લાસિક કાર સાથે ભાગ્યે જોવા મળતી કાર-બાઈક્સ પણ ડિસ્પ્લે કરવામાં આવી હતી. ■

# કોસ્ટલ રોડ પૂરી ક્ષમતાથી શરૂ કરવા માટે તૈયાર

- કોસ્ટલ રોડ અને વરલી-બાંદ્રા સી લિંકને જોડનારા પુલનું મુખ્ય પ્રધાનને હસ્તે આજે ઉદ્‌ઘાટન
- આ માર્ગ દરરોજ સવારે ૭થી રાતના ૧૨ વાગ્યા સુધી ખુલ્લો રહેશે

મુંબઈઃ ધર્મવીર, સ્વરાજ્યરક્ષક છત્રપતિ સંભાજી મહારાજ મુંબઈ કોસ્ટલ રોડ પોજેક્ટ આગામી સોમવારથી પૂરી ક્ષમતાથી શરૂ થઇ જશે. આનું ઉદ્‌ઘાટન પ્રજાસત્તાક દિને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે થવાનું છે. સોમવારે ૨૭મી જાન્યુઆરીથી આ પુલ પર દક્ષિણ મુંબઈથી સીધા બાંદ્રા સુધી બેતરફી ટ્રાફિક વ્યવહાર શરૂ થઇ જશે.

વરલી, પ્રભાદેવી, લોઅર પરેલ, લોટસ જંક્શન વગેરે ભાગોના પ્રવાસીઓને કોસ્ટલ રોડ પ્રોજેક્ટ પર આવન-જાવન કરી શકે એ માટે સુવિધા આપતા ત્રણ આંતરમાર્ગનું પણ લોકાર્પણ કરવામાં આવશે. મુંબઈ કોસ્ટલ રોડ દરરોજ સવારે ૭થી રાતના ૧૨ વાગ્યા સુધી ખુલ્લો રહેશે.

કોસ્ટલ રોડને ખુલ્લો મૂકવો એટલે દક્ષિણ મુંબઈના એક ખૂણેથી ઉત્તર મુંબઈ છેડા સુધી, એટલે કે નરીમાન પોઈન્ટથી દહીંસર સુધી ઝડપી પહોંચવા માટે મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટ તબક્કા વાર આકાર લઇ રહ્યો છે. આ પૈકીનો પહેલા તબક્કા હેઠળનો શામળદાસ ગાંધી માર્ગ (પ્રિન્સેસ સ્ટ્રીટ ફ્લાયઓવર)થી વરલી-બાંદ્રા સી લિંક સુધીનો રોડ બનાવવામાં આવ્યો છે.

આ પ્રોજેક્ટની લંબાઈ ૧૦.૫૮ કિ.મી. જેટલી છે. અત્યાર સુધી આ પ્રોજેક્ટનું ૯૪ ટકા બાંધકામ થઇ ગયું છે. આ પ્રોજેક્ટનો થોડો થોડો ભાગ અત્યાર સુધી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. જોકે રવિવારે ૨૬મી જાન્યુઆરી, એટલે કે પ્રજાસત્તાકના દિને આ સંપૂર્ણ માર્ગ ટ્રાફિક વ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવવાનો છે.

કોસ્ટલ રોડથી વરલી-બાંદ્રા સી લિંકને જોડવા માટે બે પુલ બનાવવામાં આવ્યા છે. એ પૈકીનો દક્ષિણ તરફ આવવા મટો બાંધવામાં આવેલા પહેલા પુલનું લોકાર્પણ ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું હતું. ટ્રાફિકને હળવો કરવા માટે આ દક્ષિણ તરફના પુલ પરથી ઉત્તર તરફ (બાંદ્રા તરફ) જતા ટ્રાફિકને સવલત આપવામાં આવી હતી. હવે ઉત્તર તરફના પુલનું કામ પૂરું થઇ ગયું છે. આને કારણે હવે બંને પુલ પર નિયમિત દિશા તરફનો ટ્રાફિક શરૂ થઇ જશે. આથી હવે શામળદાસ ગાંધી માર્ગ (પ્રિન્સેસ સ્ટ્રીટ)થી બાંદ્રા સુધીના બંને તરફ પ્રવાસ કરવો શક્ય બનશે. અત્રે ઉલ્લેખનીય છે કે જે પુલ લોકાર્પણ થવાનો છે તેની લંબાઈ ૮૨૭ મીટરની છે. આમાં સમુદ્ર પર આવેલી લંબાઈ ૬૯૯ મીટર, જ્યારે પહોંચવા માટેનો રસ્તો ૧૨૮ મીટરનો છે. આ પુલ બાંધવા માટે ૨૪૦૦ મેટ્રિક ટ્રન વજનનું ગર્ડર બેસાડવામાં આવ્યું છે. આ ગર્ડરની લંબાઈ ૧૪૩ મીટર, જ્યારે પહોળાઈ ૨૭ મીટરની છે અને ઊંચાઈ ૩૧ મીટર જેટલી છે. ■

# પેટમાં ૭.૫૧ કરોડનું ડ્રગ્સ ભરેલી કૅપ્સ્યૂલ્સ છુપાવીને લાવનાર વિદેશી નાગરિક પકડાયો

## એરપોર્ટ પર સોનું-વિદેશી ચલણ સાથે બે પ્રવાસીની પણ ધરપકડ

મુંબઈઃ પેટમાં ૭.૫૧ કરોડ રૂપિયાનું ડ્રગ્સ ભરેલી કૅપ્સ્યૂલ્સ છુપાવીને લાવનારા તાન્ઝાનિયનને કસ્ટમ્સ વિભાગે મુંબઈ એરપોર્ટ પર પકડી પાડ્યો હતો. પ્રવાસીના પેટમાંથી ૫૫ જેટલી કૅપ્સ્યૂલ્સ કઢાવતાં અધિકારીઓને પાંચ દિવસ લાગ્યા હતા. બીજી તરફ મુંબઈ એરપોર્ટ પર સોનું અન વિદેશી ચલણ સાથે અન્ય બે પ્રવાસીની પણ ધરપકડ કરવામાં આવી હતી.

કસ્ટમ્સ વિભાગના ઍર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) ડ્રગ્સની તસ્કરી બદલ ધરપકડ કરેલા તાન્ઝાનિયનની ઓળખ લુખુનમી ફહાદી સઇ મુનાવાકી (૪૭) તરીકે થઇ હતી. લુખુનમી મુનાવાકી ૧૯ જાન્યુઆરીએ દર ઇસ સલામથી ફ્લાઇટમાં બેઠો હતો અને બીજે દિવસે તે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આવી પહોંચ્યો હતો. એઆઇયુના અધિકારીઓએ તેને શંકાને આધારે આંતર્યો હતો.

લુખુનમીના સામાનની તલાશી લેવામાં આવતાં કશું જ મળી આવ્યું નહોતું. બાદમાં તેણે શરીરમાં કશું છુપાવ્યું છે કે કેમ એવું પુછાતાં તે ડ્રગ્સ ભરેલી કૅપ્સ્યૂલ્સ ગળીને લાવ્યો હોવાનું અને પેટમાં અસ્વસ્થતા મહેસૂસ થઇ રહી હોવાનું તેણે જણાવ્યું હતું. આથી તેને એરપોર્ટ પર એઆઇયુ રૂમના ટોઇલેટમાં લઇ જવાયો હતો, જ્યાં ઝાડા વાટે ૧૭ લેમિનેટ કરેલી કૅપ્સ્યૂલ્સ કાઢવામાં આવી હતી, જેમાં કોકેઇન મળી આવ્યું હતું.

લુખુનમીએ તેના પેટમાં વધુ કૅપ્સ્યૂલ્સ હોવાનું જણાવ્યા બાદ તેને હોસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાં ૨૪ જાન્યુઆરીએ બીજી ૩૮ કૅપ્સ્યૂલ્સ પેટમાંથી કઢાઇ હતી. કૅપ્સ્યૂલ્સ પેટમાં ફાટી ન જાય એ માટે તેને લેમિનેટ કરવામાં આવી હતી. આમ તેના પેટમાંથી કુલ ૫૫ કૅપ્સ્યૂલ્સ કઢાઇ હતી અને તેમાંથી કોકેઇન મળી આવ્યું હતું. દરમિયાન એરપોર્ટ કમિશનરેટ, મુંબઈ, ઝોન-૩ના અધિકારીઓએ શનિવારે મળસકે ત્રણ કેસમાં સોનું અને વિદેશી ચલણ પકડી પાડ્યું હતું. બાકુ અને જેદ્દાહથી આવેલા બે પ્રવાસીની તલાશી લેવાતાં તેમણે શરીરમાં એ જૂતામાં મીણમાં છુપાવેલું ગોલ્ડ ડસ્ટ અને સોનાની લગડી મળી આવી હતી, જેની કિંમત ૮૬.૬૮ લાખ હતી. બીજી તરફ મુંબઈથી દુબઇ જઇ રહેલા પ્રવાસીની બેગમાંથી વિદેશી ચલણ મળી આવ્યું હતું. ■

# ભાજપ ફરી એક વાર ઉદ્ધવ ઠાકરેને નિશાન બનાવ્યા

## જનાબ ઉદ્ધવ ઠાકરે વિશિષ્ટ સમાજના મતો માટે તમે તુષ્ટીકરણનો ભેખ ધારણ કર્યો

મુંબઈઃ છેલ્લાં પાંચ વર્ષમાં ભાજપ અને શિવસેના (ઉદ્ધવ ઠાકરે) વચ્ચેના સંબંધો એટલા બધા વણસ્યા છે કે બંને પક્ષ મહેણાંટોણાં મારવાની એક પણ તક ગુમાવતા નથી. હાલમાં જ મુંબઈમાં બોમ્બસ્ફોટ કરનારી વ્યક્તિ સાથે મળીને પ્રચાર કર્યો એ મહારાષ્ટ્રની જનતા ક્યારે પણ ભૂલશે નહીં. ખરેખર તો ભાજપે ઉદ્ધવ ઠાકરેએ કરેલા આરોપનો જવાબ આપ્યો છે.

સોશિયલ મીડિયા પર સામનાના લોગોવાળો ફોટો વાયરલ થઇ રહ્યો છે. આ ફોટોમાં ઉદ્ધવ ઠાકરેએ ૧૯૯૩ની હિંસા બાબતે કોઇની પણ માફી માગી ન હોવાનું સ્પષ્ટ કર્યું છે. આ ફોટમાં ઉદ્ધવ ઠાકરેએ એવું પણ કહ્યું છે કે '૧૯૯૩ની હિંસા માટે મેં માફી છે, એવી ખોટી વાત ફેલાવવામાં આવી રહી છે. માફી ઉદ્ધવ ઠાકરેએ નહીં, અટલ બિહારી વાજપેયીએ માગી હતી. બાબરી વોઝ એ ટેરિબલ મિસ્ટેક એવું ઉદ્ધવ ઠાકરે નહીં, એલ.કે. અડવાણી બોલ્યા હતા. નવાઝ શરીફના જન્મદિવસે કેક ઉદ્ધવ ઠાકરેએ નહીં, તમારા નરેન્દ્ર મોદીએ ખાધી હતી. નાનપણથી અમે મુસલમાન કુટુંબના પડોશી રહ્યા છે, ઈદના દિવસે તેઓ અમારા ઘરે જમવા આવતા અને અમે સાથે જમતા, એવું ઉદ્ધવ ઠાકરે નહીં, નરેન્દ્ર મોદી બોલ્યા હતા. મોહન ભાગવત મસ્જિદમાં ગયા હતા, ઉદ્ધવ ઠાકરે નહીં. ઉદ્ધવ ઠાકરેની આવી પોસ્ટ બાદ ભાજપે પણ ઉદ્ધવ ઠાકરેને સણસણતો જવાબ આપ્યો છે. ઉદ્ધવ ઠાકરેના વિધાનને શેર કરીને ભાજપે એવો ટોણો માર્યો છે કે 'જનાબ ઉદ્ધવ ઠાકરે વિશિષ્ટ સમાજના મતો માટે તમે તુષ્ટીકરણનો જે ભેખ ધારણ કર્યો છે, એ મહારાષ્ટ્રની જનતા હજી ભૂલી નથી. વકફ બોર્ડના સમર્થનમાં તમે કોંગ્રેસથી પણ એક ડગલું આગળ નીકળી ગયા. રામ મંદિરનો વિરોધ હતો એટલે જ તમે પ્રાણપ્રતિષ્ઠામાં અયોધ્યા ગયા નહીં. મતો માટે મુંબઈમાં બોમ્બસ્ફોટ કરનારી વ્યક્તિ સાથે તમે કરેલો પ્રચાર મુંબઈગરો અને ઉલેમા બોર્ડના ૧૭ સમાજવિઘાતક માગણીને આપેલું પીઠબળ મહારાષ્ટ્ર ભૂલ્યું નથી.

આથી ભાજપ અને શિવસેના (ઉદ્ધવ ઠાકરે) સતત એકમેક પર ટીકા અને આરોપ-પ્રત્યારોપ કરી રહ્યા છે. એવામાં ભાજપે હવે ૧૯૯૩માં થયેલી હિંસા બાબતે ઉદ્ધવ ઠાકરેને નિશાન પર લીધા છે. ■

# બીડ જિલ્લાના સરપંચની હત્યા પ્રકરણ સુરેશ ધસ ફરી આક્રમક

## ૧૪ કરોડ જનતાના મનમાં રોષ ભરાયેલો છેઃ હત્યારાઓ ફાંસીને માંચડે ચડશે પછી જ બધું થાળે પડશે

મુંબઈઃ મસ્સાજોગના સરપંચ સંતોષ દેશમુખ હત્યા-કરણ બાદ રાજ્ય આખામાંથી તમામ લોકોમાં ભારે પ્રમાણમાં રોષ જોવા મળ્યો છે. આ માત્ર ધનંજય દેશમુખ તેમનો ભાઈ છે એટલે નહીં, પણ ૧૪ કોડ જનતાના મનમાં ગુસ્સો ભરાયેલો છે. જે હત્યા કરનારા છે એ તમામ લોકો જે દિવસે ફાંસીને માંચડે લટકશે ત્યારે બધું શાંત થશે, એવું ભાજપના વિધાનસભ્ય સુરેશ ધસે જણાવ્યું હતું. મસ્સાજોગના સરપંચ સંતોષ દેશમુખ અને પરભણીના સોમનાથ સૂર્યવંશીનાં મૃત્યુની બંને ઘટનામાં ન્યાય મળે એ માટે મુંબઈમાં સર્વપક્ષીય જન આક્રોશ મોરચાનું આયોજન કરવામાં આવ્યું હતું. મોરચામાં દેશમુખના પરિવારજનો પણ હાજર હતા.

ખંડણી અને હત્યા પ્રકરણે આરોપી વાલ્મિક કરાડની સિટી સ્કેન તપાસ કરવામાં આવી. નિયમ પ્રમાણે જ્યારે આરોપી આવા નિયમમાં જે સવત આપી છે એ લેવાનો તેને અધિકાર છે. ધનંજય મુંડેના રાજીનામા અંગે હજી પણ તપાસ ચાલી રહી છે. અમને વિશ્વાસ છે કે જે ડિમાંડ કરવામાં આવે છે એ ઉજ્જવલ નિકમની નિમણૂક અને ફરાર આરોપીને ક્યાંયથી પણ સવલત આપવામાં આવશે નહીં, એવું ધસેએ જણાવ્યું હતું.

દરમિયાન વાલ્કિમ કરાડની સંપત્તિને તાબામાં લેવામાં આવ્યા બાદ હવે એકલા 'આકા'ના નામ પર પ્રોપર્ટી નથી. આકા, બાકા, ચોકાના નામે પર પ્રોપર્ટી છે. પ્રોપર્ટી આલ્યામાંથી માલ્યાને ચાલી ગઇ છે, એવું ધસેએ વધુમાં જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે મેટ્રો સિનેમાથી આઝાદ મેદાન સુધી આવેલા આ મોરચા બાદ આંદોલનકારીઓનું એક પ્રતિનિધિમંડળ મુખ્ય પ્રધાનને મળશે. હાલમાં તપાસની શી પરિસ્થિતિ છે એ અંગે ફોડ પાડવાની માગણી કરવામાં આવશે. ત્યાર બાદ આગળના આંદોલનની દિશા નક્કી થશે, એવું તેમણે જણાવ્યું હતું. ■

# મુંબઈ રેપ કેસમાં મોટો વળાંક; યુવતીએ પોતાની જાતને જ ઈજા પહોંચાડી હોવાની શક્યતા

મુંબઈઃ નાલાસોપારામાં રેલ્વે સ્ટેશન બહાર ૨૦ વર્ષીય યુવતી પર બલાત્કારના કેસની તપાસમાં મોટો વળાંક આવ્યો છે. મહિલાને નાજુક સ્થિતિમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ૨૦ વર્ષીય યુવતીએ દાવો કર્યો હતો કે બળાત્કારીએ તેના ગુપ્તાંગમાં પથ્થરો અને સર્જિકલ બ્લેડ ઘુસાડ્યા હતાં.

આ બળાત્કાર ગુજારવાના આરોપમાં મુંબઈના એક ઓટો-રિક્ષા ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી છે. હવે જાણવા મળ્યું છે કે મહિલાએ પોતે જ પોતાને ઈજા પહોંચાડી હતી. ઓટો-રિક્ષા ડ્રાઈવર પર બળાત્કારનો આરોપ મૂકવામાં આવ્યો છે, પરંતુ પોલીસની પ્રાથમિક પૂછપરછ બાદ ઘણા ખુલાસા થયા છે. પોલીસના જણાવ્યા મુજબ મહિલાએ પોતે જ તેના શરીરમાં વસ્તુઓ નાખી હતી.

યુવતી ઓટો-રિક્ષા ડ્રાઈવર સાથે બીચ પર ગઈ હતી! પોલીસે મીડિયા ચેનલ સાથે વાત કારતા જણાવ્યું કે યુવતી તેના પરિવાર સાથે મુંબઈ મેટ્રોપોલિટન રિજનના નાલાસોપારામાં રહે છે.

યુવતી ઓટો-રિક્ષા ડ્રાઈવર સાથે તેના ઘરથી લગભગ ૧૨ કિમી દૂર અર્નાલા બીચ પર ગયા હતા. બંનેએ ત્યાં જ રાત વિતાવવાનું આયોજન કર્યું. જોકે, યુવતી પાસે માન્ય ઈઉ ન હતું, આથી તેમને હોટલમાં રૂમ મળ્યો નહીં અને તેથી બંનેએ રાત બીચ પર વિતાવી. પોલીસનું માનવું છે કે રાતના સમયે તેની પર બળાત્કાર થયો હતો. ત્યારબાદ ઓટો-રિક્ષા ડ્રાઈવર સ્થળેથી ફરાર થઇ ગયો. ■

### યુવતીએ જાતે જ ઈજા પહોંચાડી

પોલીસે જણાવ્યું કે યુવતી ત્યારબાદ કોઈરીતે નાલાસોપારાના રેલ્વે સ્ટેશન પહોંચી. આખીરાત ઘરની બહાર વિતાવ્યા પછી ઘરે ફરવાના વિચારથી ગભરાઈ ગઈ હતી, તેણે એક સર્જિકલ નાઈફ ખરીદી અને યોનિમાં દાખલ કરી. પોલીસના જણાવ્યા મુજબ શરીરમાં પથ્થરો પણ યુવતીએ પોતે નાખ્યા હતા. થોડા સમય પછી યુવતીને દુખાવો થયો અને લોહી વહેવા લાગ્યું, ત્યારે તેણે સ્થાનિક પોલીસનો સંપર્ક કર્યો. સારવાર બાદ યુવતીએ ઓટો-રિક્ષા ચાલક સામે બળાત્કારનો કેસ દાખલ કર્યો.

### અગાઉ પણ કેસ દાખલ કરી ચુકી છે

યુવતીએ અગાઉ દાવો કર્યો હતો કે તે અનાથ છે અને વારાણસીમાં તેના કાકાની સંભાળ હેઠળ રહે છે. યુવતીના પિતાએ પોલીસને જણાવ્યું કે ૨૦૨૩ માં તેમની દીકરીએ અગાઉ પણ મુંબઈના નિર્મલ નગર અને શિવાજી નગરમાં બે બળાત્કારની ફરિયાદો નોંધાવી હતી. પોલીસનું માનવું છે કે મહિલા માનસિક રોગથી પીડાય છે. ■

# મુંબઈ, કલ્યાણ, ડોંબિવલીથી બાંગ્લાદેશી નાગરિકો પકડાયા

મુંબઇઃ ભારતમાં ઘૂસણખોરી કરીને ગેરકાયદે વસવાટ કરતા બાંગ્લાદેશીઓને પકડવા માટે પોલીસ દ્વારા વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હોઇ શુક્રવારે મુંબઈ, કલ્યાણ અને ડોંબિવલી ખાતેથી નવ બાંગ્લાદેશીઓની ધરપકડ કરવામાં આવી હતી.

નાગપાડા પોલીસે મળેલી માહિતીને આધારે શુક્રવારે કામાઠીપુરાની ૧૧મી ગલીમાં એપોલો હોટેલ નજીક રેઇડ પાડીને ચાર બાંગ્લાદેશી મહિલાને ઝડપી પાડી હતી. તેમની ઓળખ મુસમ્મતઅલી આજીજુલ હક્ક, આસ્મા સુલતાન શેખ, બારશા નૂરમિયા ખાન અને પિયા દિનેશ મંડલ તરીકે થઇ હતી, તેઓ અહીં ગેરકાયદે વસવાટ કરતી હતી. તેમની પાસેથી ભારતીય દસ્તાવેજો મળી આવ્યા હતા, જેના બનાવટી હોવાનું જણાયું હતું.

દરમિયાન કલ્યાણ અને ડોંબિવલીમાં પોલીસે રેઇડ પાડીને ચાર મહિલા સહિત પાંચ બાંગ્લાદેશીને તાબામાં લીધા હતા. ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૩) અતુલ ઝેન્ડેએ કહ્યું હતું કે પકડાયેલા બાંગ્લાદેશીઓ આ વિસ્તારમાં નાના-મોટા કામ કરતા હતા. તેમની પાસેથી યોગ્ય દસ્તાવેજો મળી આવ્યા નહોતા. ■

## બીડનો મુદ્દો ઉકળી રહ્યો છે

# પોલીસની કાર્યવાહી અને મુંડેએ બોલાવવી પડી બેઠક

મુંબઈઃ મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખ હત્યા પ્રકરણની તપાસ ચાલી રહી ચે ત્યારે પોલીસ ફોર્સ દ્વારા બે મહત્ત્વના નિર્ણય લેવામાં આવ્યા છે. પરલીમાં મહાદેવ મુંડેના હત્યા પ્રકરણે તપાસ હવે પરલી પોલીસ પાસેથી ખેંચી લેવામાં આવી છે. આ તપાસ હવે એસપી લેવલના અધિકારીને આપવામાં આવી છે. આ ઉપરાંત દેશમુખ હત્યા પ્રકરણની તપાસ માટે નીમવામાં આવેલી ખાસ તપાસ ટીમે વાલ્મિક કરાડની સંપત્તિને જપ્ત કરવાની હિલચાલ શરૂ કરી દીધી છે. એસઆઈટીએ બીડ વિશેષ કોર્ટમાં સંપત્તિ જપ્ત કરવાની પરવાનગી માટે અરજી કરી છે. એ પાર્શ્વભૂમિ પર રાજ્યના અન્ન અને નાગરી પુરવઠા પ્રધાન ધનંજય મુંડેએ પરલીમાં જગમિત્ર ઓફિસમાં એક બેઠક બોલાવી છે. પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી બાદ આ બેઠક બોલાવવામાં આવી હતી.

એનસીપીના સ્થાનિક પદાધિકારીઓને આ અંગે મેસેજ મોકલવામાં આવ્યો હતો. ધનંજય મુંડે વિવિધ વિષય પર માર્ગદર્શન કરવાના હોઈ તમામ લોકોએ મોટી સંખ્યામાં હાજર રહેવું એવી વિનંતી કરવામાં આવી હતી. એનસીપીના તમામ પદાધિકારી, વિવિધ આઘાડીના પદાધિકારીને પણ સૂચિત કરવામાં આવ્યું હતું કે શનિવારે સાંજે પાંચ વાગ્યે બેઠક બોલાવવામાં આવી છે. ધનંજય મુંડેના માર્ગદર્શન હેઠળ આ બેઠક બોલાવવામાં આવી હોઇ તમામ લોકોએ હાજર રહેવું, એવું મેસેજમાં લખવામાં આવ્યું હતું. ■

# રોહિત, રહાણે, શ્રેયસ અને યશસ્વી સહિતના સ્ટાર પ્લેયર્સ પણ મુંબઈને પરાજયથી ન બચાવી શક્યા

મુંબઈ: બાન્દ્રા-કુર્લા કૉમ્પ્લેક્સ (બીકેસી)માં ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈનો ગઈ કાલે ચાર દિવસીય રણજી મુકાબલામાં ત્રીજા દિવસે જમ્મુ અને કાશ્મીર સામે પાંચ વિકેટે પરાજય થયો હતો. બાવીસ વખત રણજી ચૅમ્પિયન બનેલા મુંબઈ સામે એનો ૧૦ વર્ષે વિજય થયો છે. છેલ્લે મુંબઈ સામે એનો ડિસેમ્બર, ૨૦૧૪માં વિજય થયો હતો. રોહિત શર્મા તથા યશસ્વી તેમ જ કૅપ્ટન અજિંક્ય રહાણે અને શ્રેયસ ઐયર જેવા સ્ટાર ખેલાડીઓની હાજરી પણ મુંબઈને હારથી બચાવી ન શકી.

એલીટ, ગ્રૂપ-એમાં મુંબઈના છ મૅચમાં માત્ર બાવીસ પૉઇન્ટ છે જેને લીધે એની હવે આ સ્પર્ધામાંથી બાદબાકી થવાની તૈયારીમાં છે. મુંબઈ હવે મેઘાલય સામે બોનસ પૉઇન્ટથી જીતશે તો પણ ગ્રૂપ સ્ટેજમાં જ બહાર થઈ શકે એમ છે. આ ગ્રૂપમાં પારસ ડોગરાના સુકાનમાં જમ્મુ અને કાશ્મીરની ટીમ ૨૯ પૉઇન્ટ સાથે મોખરે છે, જ્યારે બીજા નંબરે બરોડાના મહારાષ્ટ્ર સામેની મૅચ પહેલાં ૨૭ પૉઇન્ટ હતા. મુંબઈ માત્ર બાવીસ પૉઇન્ટ સાથે ત્રીજા સ્થાને છે. શાર્દુલ ઠાકુર અને તનુષ કોટિયનની બધી મહેનત પાણીમાં ગઈ છે.

શાર્દુલે પ્રથમ ઇનિંગ્સમાં ૫૧ રન અને બીજી ઇનિંગ્સમાં ૧૧૯ રન બનાવ્યા હતા. તેણે બે વિકેટ પણ લીધી હતી. તનુષ કોટિયને પ્રથમ દાવમાં ૨૬ રન અને બીજા દાવમાં ૬૨ રન બનાવ્યા હતા.

રોહિત શર્માએ તાજેતરમાં ઑસ્ટ્રેલિયા સામેની સિરીઝમાં કુલ ફક્ત ૩૧ રન બનાવ્યા હતા અને જમ્મુ-કાશ્મીર સામેની આ મૅચના બે દાવમાં પણ તે કુલ માત્ર ૩૧ રન બનાવી શક્યો હતો.

જમ્મુ અને કાશ્મીરને ગઈ કાલે જીતવા ૨૦૫ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. ઓપનર શુભમ ખજુરિયાના ૪૫ રન તથા વિવ્રાન્ત શર્માના ૩૮ રનની મદદથી જમ્મુ અને કાશ્મીરે પાંચ વિકેટે ૨૦૭ રન બનાવીને શાનદાર વિજય મેળવ્યો હતો. આઇપીએલના સ્ટાર અબ્દુલ સામદે પાંચ ફોરની આતશબાજી સાથે ૨૦ બૉલમાં ૨૪ રન બનાવ્યા હતા. લેફ્ટ-હૅન્ડ બૅટર આબિદ મુશ્તાકે તનુષ કોટિયનની ઓવરમાં બે ઊંચી સિક્સર ફટકારીને સ્ટાઇલમાં મૅચ પૂરી કરી હતી. તેણે ૩૨ બૉલમાં બનાવેલા ૩૨ રનમાં ત્રણ ફોર પણ હતી.

વિજેતા ટીમને છ પૉઇન્ટ મળ્યા, જ્યારે મુંબઈની ટીમ આ વખતે ગ્રૂપ સ્ટેજમાં બીજી વાર પૉઇન્ટ ન મેળવી શકી. જમ્મુ-કાશ્મીરના પેસ બોલર યુધવીર સિંહને કુલ સાત વિકેટ બદલ મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર મળ્યો હતો.

ડિફેન્ડિંગ ચૅમ્પિયન સ્પર્ધાની એક્ઝિટની લગોલગ, જમ્મુ-કાશ્મીર ૧૦ વર્ષે મુંબઈ સામે જીત્યું



## ગઢ ગયો, પણ સિંહ આવ્યો

### પંજાબ રણજી મુકાબલામાં હારી ગયું, પણ ગિલ સેન્ચુરી ફટકારીને પાછો ફૉર્મમાં આવી ગયો




બેન્ગલૂરુ: ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ-સિરીઝની તમામ પાંચ ઇનિંગ્સમાં સારું પર્ફોર્મ કરવામાં નિષ્ફળ ગયેલો શુભમન ગિલ અહીં કર્ણાટક સામેની રણજી મૅચના પ્રથમ દાવમાં પણ ફક્ત ચાર રન બનાવી શકતા ટીકાકારોનું નિશાન બન્યો હતો, પણ ગઈ કાલે તેણે બીજા દાવમાં સેન્ચુરી ફટકારીને તેમની બોલતી બંધ કરવાનો પ્રયાસ કર્યો હતો. ગિલે ૧૭૧ બૉલમાં ત્રણ સિક્સર અને ૧૪ ફોરની મદદથી ૧૦૨ રન બનાવ્યા હતા.

પંજાબની ટીમ આ મૅચ એક દાવથી હારી ગઈ હતી, પણ પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્ના સહિતના પાંચ બોલરની બોલિંગનો હિંમતથી સામનો કરી ગિલે ૧૪મી ફર્સ્ટ-ક્લાસ સેન્ચુરી ફટકારવામાં સફળતા મેળવી હતી. તેણે ૧૫૯ બૉલમાં ૧૦૦ રન પૂરા કર્યા હતા. ટેસ્ટ મૅચમાં ત્રીજા નંબરે રમતા ગિલે આ રણજી મૅચમાં ઓપનિંગમાં કમબૅક કર્યું હતું.

પચીસ વર્ષીય ગિલના સુકાનમાં પંજાબ પહેલા દાવમાં ફક્ત પંચાવન રનમાં ઑલઆઉટ થઈ ગયું ત્યારે જ એનો પરાજય નક્કી થઈ ગયો હતો. કર્ણાટકે રવિચન્દ્રન સ્મરણ (૨૦૩)ની ડબલ સેન્ચુરીની મદદથી ૪૭૫ રન બનાવ્યા અને બીજા દાવમાં પંજાબને ગિલની સદી છતાં ૨૧૩ રનમાં ઑલઆઉટ કરીને આ મૅચ એક ઇનિંગ્સ અને ૨૦૭ રનથી જીતી લીધી હતી. કર્ણાટકના સ્પિનર શ્રેયસ ગોપાલે ૧૯ રનમાં ત્રણ વિકેટનો સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ બતાવ્યો હતો. ગિલની વિકેટ તેણે જ લીધી હતી. તેણે ગિલને એલબીડબ્લ્યૂમાં પૅવિલિયનમાં પાછો મોકલ્યો હતો. પેસ બોલર યશોવર્ધન પરણતાપે ત્રણ વિકેટ અને પ્રસિદ્ધ ક્રિષ્નાએ બે વિકેટ લીધી હતી.

## રણજીમાં બોનસ પૉઇન્ટ સાથે ગુજરાત બીજા નંબર પર આવી ગયું...

### મહારાષ્ટ્ર સામે બરોડાના વિકેટકીપર સિવાયના તમામ ૧૦ બોલરે બોલિંગ કરી છતાં કંઈ ન વળ્યું

અમદાવાદ: ગુજરાતે અહીં ચાર દિવસની રણજી મૅચમાં ગઈ કાલે ત્રીજા દિવસે ઉત્તરાખંડ સામે એક દાવ અને ૨૮ રનથી વિજય મેળવ્યો હતો અને બોનસ પૉઇન્ટની મદદથી ગુજરાત એલીટ, ગ્રૂપ-બીમાં બીજા નંબર પર આવી ગયું હતું.

ગુજરાતના લેફ્ટ-આર્મ સ્પિનર સિદ્ધાર્થ દેસાઈને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. સિદ્ધાર્થની વિક્રમજનક નવ વિકેટને લીધે ઉત્તરાખંડની ટીમ પ્રથમ દાવમાં ૧૧૧ રનમાં ઑલઆઉટ થયા બાદ ગુજરાતે ૩૯૩ રન બનાવ્યા હતા અને ગઈ કાલે બીજા દાવમાં ઉત્તરાખંડની ટીમ શાશ્વત દંગવાલના ૧૦૧ રન અને કૅપ્ટન રવિકુમાર સમર્થના ૭૬ રન છતાં ફક્ત ૨૫૪ રન બનાવી શકી હતી.

સિદ્ધાર્થે પ્રથમ દાવની નવ વિકેટ ઉપરાંત બીજા દાવમાં ત્રણ વિકેટ લીધી હતી અને એ સાથે તેની વિકેટોનો આંકડો ૧૨ થયો હતો. ગુજરાતના જ રિન્કેશ વાઘેલા અને વિશાલ જયસ્વાલે પણ ઉત્તરાખંડના ત્રણ-ત્રણ બૅટરને આઉટ કર્યા હતા. ગુજરાતે એક દાવથી વિજય મેળવ્યો એ બદલ કુલ સાત પૉઇન્ટ મેળવ્યા હતા.

નાશિકમાં બરોડા સામે મહારાષ્ટ્રની ટીમ ખૂબ મજબૂત સ્થિતિમાં છે. ચાર દિવસની આ મૅચમાં ગઈ કાલે ત્રીજા દિવસની રમતને અંતે મહારાષ્ટ્રનો બીજા દાવનો સ્કોર સાત વિકેટે ૪૬૪ રન હતો. એમાં વિકેટકીપર સૌરભ નવાળે (૧૨૬ અણનમ) રામક્રિષ્ન ઘોષ (૯૯ રન) અને કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડ (૮૯ રન)ના સૌથી મોટા યોગદાન હતા. સૌથી રસપ્રદ વાત એ છે કે વિકેટકીપર મિતેશ પટેલને બાદ કરતા બરોડાના કૅપ્ટન કૃણાલ પંડ્યા સહિત બાકીના તમામ ૧૦ ખેલાડીએ બોલિંગ કરી હતી. એમાંથી છ બોલરને એકેય વિકેટ નહોતી મળી. લુકમાન મેરિવાલા અને અતિત શેઠે સૌથી વધુ બે-બે વિકેટ લીધી હતી. પ્રથમ દાવની ૧૫૨ રનની લીડ ઉમેરતાં મહારાષ્ટ્રના કુલ ૬૧૬ રન થયા છે અને આજે મહારાષ્ટ્ર સીધો વિજય મેળવી શકે અથવા ડ્રૉ જતાં પ્રથમ દાવની સરસાઈને આધારે વધુ પૉઇન્ટ મેળવી શકે.

જયપુરમાં અક્ષય વાડકરના અણનમ ૧૦૨ રન અને યશ રાઠોડના ૯૮ રનની મદદથી વિદર્ભએ બીજા દાવમાં સાત વિકેટે ૩૫૮ રન બનાવ્યા હતા અને પ્રથમ દાવની રાજસ્થાનની ૧૦૦ રનની લીડ બાદ કરતા વિદર્ભની ટીમ ૨૫૮ રનથી આગળ હતી.

**પાકિસ્તાન-વેસ્ટ ઇન્ડિઝ ટેસ્ટ**

## પ્રથમ દિવસ ટી-૨૦ જેવો બન્યો, કુલ ૨૦ વિકેટ પડી!

### નોમાન અલી ટેસ્ટમાં હૅટ-ટ્રિક લેનાર પ્રથમ પાકિસ્તાની સ્પિનર

મુલતાન: અહીં પાકિસ્તાન અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચેની બીજી ટેસ્ટનો પહેલો દિવસ ટી-૨૦ મૅચ જેવો થઈ ગયો હતો. વેસ્ટ ઇન્ડિઝની ટીમ બૅટિંગ લીધા પછી ૧૬૩ રનમાં ૧૦ વિકેટ ગુમાવી બેઠું ત્યાર બાદ યજમાન પાકિસ્તાનની ટીમે ૧૫૪ રનમાં ૧૦ વિકેટ ગુમાવી દીધી હતી. એ રીતે, આખા દિવસમાં કુલ ૨૦ વિકેટ પડી હતી.

વેસ્ટ ઇન્ડિઝે નવ રનની સરસાઈ લીધી હતી.

કૅરિબિયન ઑલરાઉન્ડર ગુડાકેશ મૉટી આ પહેલા દિવસનો સુપરસ્ટાર હતો. તેણે પહેલાં પંચાવન રન બનાવ્યા હતા અને પછી બાબર આઝમની પ્રાઇઝ વિકેટ સહિત પાકિસ્તાનની ત્રણ વિકેટ લીધી હતી.

પાકિસ્તાનનો લેફ્ટ-આર્મ સ્પિનર નોમાન અલી ટેસ્ટમાં હૅટ-ટ્રિક લેનાર પ્રથમ પાકિસ્તાની સ્પિનર બન્યો હતો. તેણે વેસ્ટ ઇન્ડિઝની ૧૬૩ રનની ઇનિંગ્સમાં કુલ છ વિકેટ લીધી હતી. અગાઉ પાકિસ્તાનના ચાર ફાસ્ટ બોલર (વસીમ અકરમ, અબ્દુલ રઝાક, મોહમ્મદ સામી અને નસીમ શાહ) ટેસ્ટમાં હૅટ-ટ્રિક લઈ ચૂક્યા હતા. અકરમે બે વાર આ સિદ્ધિ મેળવી હતી.

પ્રથમ ટેસ્ટ પાકિસ્તાને ૧૨૭ રનથી જીતી લીધી હતી.



બીકેસીના મેદાન પર ગઈ કાલે રોહિત શર્માને મળવા તેનો ચાહક મેદાન પર દોડી આવ્યો હતો અને બે હાથે તેનો જમણો હાથ પકડી લીધો હતો. (પીટીઆઈ)

## ટી-૨૦ વર્લ્ડમાં સિંઘ ઇઝ કિંગ

### આનંદો! આઇસીસીએ પ્રતિષ્ઠિત પુરસ્કાર માટે ભારતના સ્ટાર બોલર અર્શદીપ સિંહ પર ઢોળ્યો કળશ




દુબઈ: ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ ભારતના ટી-૨૦ સ્પેશિયાલિસ્ટ ફાસ્ટ બોલર અને ભારત વતી ટી-૨૦ ફૉર્મેટમાં ૬૧ મૅચમાં સૌથી વધુ ૯૭ વિકેટ લઈ ચૂકેલા અર્શદીપ સિંહને આઇસીસી મેન્સ ટી-૨૦ ક્રિકેટર ઑફ ધ યર-૨૦૨૪ના પુરસ્કાર માટે પસંદ કર્યો છે. તેણે આ અવૉર્ડ માટેની રેસમાં ઝિમ્બાબ્વેના સિકંદર રઝા, પાકિસ્તાનના બાબર આઝમ અને ઑસ્ટ્રેલિયાના ટ્રૅવિસ હેડને હરાવ્યા હતા.

અર્શદીપ ટી-૨૦ ફૉર્મેટના ટોચના વર્તમાન બોલર્સમાં ગણાય છે અને આ પ્રતિષ્ઠિત પુરસ્કારને કારણે તેની ખ્યાતિ વધી ગઈ છે.

પચીસ વર્ષના અર્શદીપે ૨૦૨૪ના વર્ષમાં ૧૮ મૅચમાં ૩૬ વિકેટ લીધી હતી.

અર્શદીપે જૂન, ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપમાં સૌથી વધુ ૧૭ વિકેટ લીધી હતી. અફઘાનિસ્તાનનો ફઝલહક ફારુકીએ પણ એ વિશ્વ કપમાં ૧૭ વિકેટ મેળવી હતી. અર્શદીપે ૨૦૨૨ના ટી-૨૦ વર્લ્ડ કપમાં ૧૦ વિકેટ લીધી હતી જે ભારતીય બોલર્સમાં હાઇએસ્ટ હતી.

અર્શદીપને એક જ દિવસમાં મળેલી આ બીજી સિદ્ધિ છે. આઇસીસીએ ૨૦૨૪ની ટી-૨૦ ટીમ ઑફ ધ યરમાં પણ તેનો સમાવેશ કર્યો છે. આ ટીમમાં રોહિત શર્મા, જસપ્રીત બુમરાહ તથા હાર્દિક પંડ્યા પણ સામેલ છે. તેમનો સમાવેશ જૂનના ટી-૨૦ વર્લ્ડ કપને ધ્યાનમાં લઈને કરવામાં આવ્યો છે.

## મૅડિસન કીઝ ઑસ્ટ્રેલિયન ઓપનની નવી ચૅમ્પિયન

### જાણો, વિજેતાએ કઈ-કઈ અસાધારણ સિદ્ધિઓ મેળવી



મેલબર્ન: અમેરિકાની ૨૯ વર્ષીય ટેનિસ સ્ટાર મૅડિસન કીઝ પ્રથમ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી છે. તેણે ગઈ કાલે ઑસ્ટ્રેલિયન ઓપનમાં મહિલાઓની સિંગલ્સની ફાઇનલમાં વર્લ્ડ નંબર-વન અને ડિફેન્ડિંગ ચૅમ્પિયન અરીના સબાલેન્કાને ૬-૩, ૨-૬, ૭-૫થી હરાવી દીધી હતી. એ સાથે વર્ષની પ્રથમ ગ્રૅન્ડ સ્લૅમ સ્પર્ધા ઑસ્ટ્રેલિયન ઓપનને મહિલા વર્ગમાં નવી વિજેતા મળી છે.

મૅડિસન કીઝ છેલ્લા ૨૦ વર્ષની એવી પ્રથમ મહિલા ટેનિસ ખેલાડી છે જેણે ઑસ્ટ્રેલિયન ઓપનમાં મોખરાની બે ખેલાડીને હરાવી છે. ૧૪મી રૅન્ક ધરાવતી મૅડિસને સેમિ ફાઇનલમાં વર્લ્ડ નંબર-ટૂ ઇગા સ્વૉન્ટેકને હરાવી હતી અને હવે વર્લ્ડ નંબર-વન સબાલેન્કાને પરાજિત કરી છે. ૨૦૦૫માં સેરેના વિલિયમ્સે એ સમયે મોખરાની બે પ્લેયર મારિયા શારાપોવાને સેમિ ફાઇનલમાં અને ફાઇનલમાં લિન્ડ્સે ડેવનપોર્ટને હરાવીને ઑસ્ટ્રેલિયન ઓપનનું ટાઇટલ બીજી વાર જીતી લીધું હતું.

મૅડિસન કીઝે શનિવારે વિશ્વની નંબર-વન ખેલાડી સબાલેન્કાને મોટી સિદ્ધિથી વંચિત રાખી હતી. સબાલેન્કાને સતત ત્રીજી વાર ઑસ્ટ્રેલિયન ઓપનનું ટાઇટલ જીતવાનો મોકો હતો, પરંતુ મૅડિસને તેને એનાથી દૂર રાખી દીધી. જો સબાલેન્કા ફાઇનલ જીતી હોત તો ૧૯૯૭થી ૧૯૯૯ દરમ્યાન માર્ટિના હિન્ગિસએ જેમ ઉપરાઉપરી ત્રણ ઑસ્ટ્રેલિયન ઓપન ટાઇટલ જીતી હતી એમ સબાલેન્કા પણ જીતી ગઈ હોત.

સબાલેન્કા આ ફાઇનલ હારી છતાં વર્લ્ડ નંબર-વનની રૅન્ક તેણે જાળવી રાખી છે.

મૅડિસન છેક સાત વર્ષે ફરી એકવાર ગ્રૅન્ડ સ્લૅમની ફાઇનલમાં પહોંચી અને પ્રથમ ટાઇટલ જીતી શકી છે. ૨૦૧૭માં તે યુએસ ઓપનની ફાઇનલમાં અમેરિકાની જ સ્લોન સ્ટીફન્સ સામે હારી ગઈ હતી. ત્યાર બાદ મૅડિસન ક્યારેય કોઈ ગ્રૅન્ડ સ્લૅમ ફાઇનલમાં નહોતી પહોંચી શકી, પરંતુ આ વખતે ટાઇટલ જીતીને રહી. છેલ્લાં થોડાં વર્ષ દરમ્યાન તે નબળું રમવા ઉપરાંત ઈજાઓને કારણે પરેશાન પણ હતી. ૨૯ વર્ષની મૅડસિન આટલી મોટી ઉંમરે પ્રથમ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતનારી ચોથા નંબરની મહિલા ખેલાડી છે. તે આ પહેલું મોટું ટાઇટલ જીતી એ સાથે આશ્ચર્યમાં ડૂબી ગઈ હતી, તેની આંખોમાંથી હર્ષના આંસુ આવી ગયા હતા અને દોડીને પતિ તથા કોચ બ્યૉન ફૅટેન્જેલોને ભેટી પડી હતી.

બીજી તરફ, ઑસ્ટ્રેલિયન ઓપનમાં ટાઇટલની હૅટ-ટ્રિક ચૂકી જનાર સબાલેન્કા નિરાશામાં માથા પર ટુવાલ ઓઢીને બેઠી રહી હતી. જોકે લૉકર રૂમમાંથી ટેનિસ કોર્ટ પર પાછી આવી ત્યારે ૧૫,૦૦૦ પ્રેક્ષકોએ તેને તાળીઓથી વધાવી લીધી હતી. સબાલેન્કાએ મૅચ પછીના ટ્રોફી વિતરણ સમારોહમાં કહ્યું, ‘મૅડિસન ખૂબ જ સારું રમી અને તેના પર્ફોર્મન્સ સામે હું ઝાંખી પડી ગઈ. હવે પછી તેની સામે રમીશ ત્યારે વધુ સારું પર્ફોર્મ કરી દેખાડીશ.’

ચૅમ્પિયન મૅડિસને કહ્યું, ‘હું ઘણાં વર્ષોથી આ ટાઇટલની તલાશમાં હતી. સાચું કહું તો હું ફરી મોટી સ્પર્ધાની ફાઇનલમાં પહોંચીશ અને ટ્રોફી જીતી જઈશ એવી મેં કલ્પના પણ નહોતી કરી.’

૨૦૨૩ની યુએસ ઓપનની ક્વૉર્ટર ફાઇનલમાં સબાલેન્કાએ જ અમેરિકાની મૅડિસનને હરાવી હતી જેને લીધે મૅડિસન હોમ ગ્રૅન્ડ સ્લૅમની સેમિ ફાઇનલથી વંચિત રહી ગઈ હતી.

પુરુષોની ઑસ્ટ્રેલિયન ઓપન ફાઈનલમાં આજે ઍલેક્ઝાંડર ઝવેરેવ અને યાનિક સિન્નર વચ્ચે ટક્કર થશે.

## અભિષેક પછી હવે ભારતને બીજા વિજયનું તિલક

ચેન્નઈ: ભારતે પહેલી ટી-૨૦ અભિષેક શર્માની ફટકાબાજી જીત્યા બાદ ઇંગ્લૅન્ડ સામેની બીજી ટી-૨૦ જીતીને પાંચ મૅચવાળી શ્રેણીમાં ૨-૦થી સરસાઈ લીધી હતી. લેફ્ટ-હૅન્ડ બૅટર તિલક વર્મા (૭૨ અણનમ, પંચાવન બૉલ, પાંચ સિક્સર, ચાર ફોર) આ વિજયનો હીરો હતો. વનડાઉનમાં આવ્યા બાદ તેણે સામા છેડે એક પછી એક સાથીને આઉટ થતો જોયો હતો, પરંતુ પોતે ક્રીઝમાં ટકી રહ્યો અને ભારતને જિતાડીને રહ્યો હતો. ભારતે ૧૬૬ રનના લક્ષ્યાંક સામે ૧૯.૨ ઓવરમાં આઠ વિકેટે ૧૬૬ રન બનાવીને જીત હાંસલ કરી હતી. વૉશિંગ્ટન સુંદરે ૨૬ રનનું યોગદાન આપ્યું હતું અને છેલ્લે રવિ બિશ્નોઈ (નવ અણનમ, પાંચ બૉલ, બે ફોર) પણ ઉપયોગી ઇનિંગ્સ રમ્યો હતો. બ્રાયડન કાર્સે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. એ પહેલાં, ઇંગ્લૅન્ડે બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૬૫ રન બનાવ્યા હતા. ભારત વતી કુલ સાત બોલરે બોલિંગ કરી હતી જેમાં રવિ બિશ્નોઈને બાદ કરતા બીજા તમામ છ બોલરને એક કે બે વિકેટ મળી હતી. જૉસ બટલરના ૪૫ રન ટીમમાં હાઇએસ્ટ હતા. અક્ષર પટેલે બટલરને તિલક વર્માના હાથમાં કૅચઆઉટ કરાયો હતો.

બ્રાયડન કાર્સના ૩૧ રન ટીમમાં સેકન્ડ હાઇએસ્ટ હતા. વાઇસ-કૅપ્ટન અક્ષર પટેલે બે વિકેટ અને પહેલી મૅચના પુરસ્કાર-વિજેતા વરુણ ચક્રવર્તીએ હોમટાઉન ચેન્નઈમાં બે વિકેટ લીધી હતી. અર્શદીપ સિંહ, હાર્દિક પંડ્યા, વૉશિંગ્ટન સુંદર અને અભિષેક શર્માએ એક-એક વિકેટ લીધી હતી. આ મૅચમાં ઈજાગ્રસ્ત નીતીશ કુમાર રેડ્ડી તથા રિન્કુ સિંહના સ્થાને વૉશિંગ્ટન સુંદર અને ધ્રુવ જુરેલને ઇલેવનમાં સમાવવામાં આવ્યા છે.■



પટનામાં બિહાર સામેની રણજી મૅચમાં ઉત્તર પ્રદેશના ખેલાડીઓએ એક વિકેટ ખૂબ ઉત્સાહિત થઈને સેલિબ્રેટ કરી હતી. (પીટીઆઈ)

મુંબઈ સમાચાર ઉત્સવ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
રવિવાર
તા. ૨૬-૧-૨૦૨૫



# સૈફ અલી ખાન પટૌડી પરિવારને ૧૫ હજાર કરોડનો ફટકો

એક મહત્વના કાયદા અનુસાર સૈફના પટૌડી પરિવારે કરોડોની અધધધ મિલકત ગુમાવવી પડશે... શું છે એ

## એનિમી પ્રોપર્ટી એક્ટ?

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com



પટૌડી પેલેસ

મધ્ય પ્રદેશ હાઈકોર્ટે ફિલ્મ અભિનેતા સૈફ અલી ખાનના પટૌડી પરિવારની ૧૫ હજાર કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી લેવા સામેનો સ્ટે ઉઠાવીને 'એનિમી પ્રોપર્ટી એક્ટ' હેઠળ આ સંપત્તિ જપ્ત કરવાની છૂટ આપી એની સાથે જ ૧૯૬૮નો 'એનિમી પ્રોપર્ટી એક્ટ' ફરી ચર્ચામાં છે.

સૈફના પૂર્વજો હરિયાણાના પટૌડીના નવાબ હતા. ગુડગાંવ પાસેના પટૌડીના નવાબ પરિવારના સૈફના દાદા ઈફ્તિખાર અલી ખાન પટૌડી જાણીતા ક્રિકેટર હતા. ૧૯૪૬માં ઈંગ્લેન્ડ રમવા ગયેલી ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન હતા. સૈફના પિતા મન્સૂર અલી ખાન ઉર્ફે ટાઈગર પટૌડી પણ ભારતીય ટીમના કેપ્ટન હતા. ભારતને વિદેશની ધરતી પર પહેલો ટેસ્ટ શ્રેણી વિજય ટાઈગર પટૌડીના નેતૃત્વમાં ૧૯૬૭માં ન્યુઝીલેન્ડ સામેની સિરિઝમાં મળ્યો હતો.

સૈફના પરિવારનો ઈતિહાસ આખો અલગ વિષય છે ને અત્યારે આપણે વાત તેની નહીં, પણ 'એનિમી પ્રોપર્ટી એક્ટ'ની કરવી છે. આ એક્ટ ૧૯૬૮માં ઈન્દિરા ગાંધીની સરકારે બનાવેલો. આ કાયદા દ્વારા ભારત સરકારને ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારતને આઝાદી મળી પછી પાકિસ્તાન અને ચીન જતા રહેલાં લોકોની સંપત્તિ જપ્ત કરવાનો અધિકાર આપે છે. ૧૯૬૫માં પાકિસ્તાન સામેના યુદ્ધ પછી ઈન્દિરા ગાંધીએ પાકિસ્તાન સામે આક્રમક વલણ અપનાવીને મર્દાના મિજાજ બતાવવાની નીતિ અપનાવી તેના ભાગરૂપે એનિમી પ્રોપર્ટી એક્ટ અમલમાં આવ્યો હતો. આ એક્ટ હેઠળ ભારત સરકારનો પાકિસ્તાનીઓની સ્થાવર જ નહીં, પણ જંગમ મિલકત પર પણ અધિકાર થઈ ગયો.

એનિમી પ્રોપર્ટી એક્ટ પહેલાં ભારતમાં દિલ્હી કરાર અસ્તિત્વમાં હતો. જવાહરલાલ નહેરૂએ ૧૯૫૦માં પાકિસ્તાનના વડા પ્રધાન લિયાકત અલી ખાન સાથે 'લિયાકત-નહેરૂ કરાર' તરીકે ઓળખાતા દિલ્હી કરાર કર્યા હતા. એ કરાર હેઠળ ભારત અને પાકિસ્તાને બંને દેશના લઘુમતી સમુદાયનાં લોકો બીજા દેશમાં રહી ગયેલી સંપત્તિ વેચવા માટે જઈ શકે તેની મંજૂરી આપવામાં આવી હતી. ભારત આવેલા હિંદુ પાકિસ્તાનમાં પોતાની સંપત્તિ વેચી શકે ને પાકિસ્તાન ગયેલા મુસલમાનો ભારત આવીને પોતાની સંપત્તિ વેચી શકે તેવી જોગવાઈ દિલ્હી કરારમાં હતી. લૂંટવામાં આવેલી સંપત્તિ ઉપરાંત હિંદુ - મુસ્લિમ બંને કોમની ઉઠાવી જવાયેલી સ્ત્રીઓને પણ પાછી લાવવાની -આપવાની પણ જોગવાઈ આ કરારમાં હતી. ભારત - પાકિસ્તાન બંનેએ લઘુમતીઓને મદદરૂપ થવા લઘુમતી પંચોની રચના પણ કરી હતી.

નહેરૂએ આ કરાર દ્વારા પાકિસ્તાન સાથે સારા સંબંધ રાખવાની પહેલ કરેલી, પણ પાકિસ્તાને ૧૯૬૫માં ભારત પર આક્રમણ કર્યું પછી ગિન્નાએલાં ઈન્દિરા ગાંધીએ નરમ વલણ છોડીને એનિમી પ્રોપર્ટી એક્ટ બનાવી દીધો ને ઇન્દિરાજીએ કાયદાનું નામ રાખ્યું એ જ બહુ સૂચક હતું. 'એનિમી પ્રોપર્ટી એક્ટ' નામ દ્વારા ઈન્દિરાએ સ્પષ્ટ કરી દીધેલું કે, ભારત છોડીને પાકિસ્તાન ગયેલાં લોકોને ભારતમાં સંપત્તિ રાખવાનો અધિકાર નથી ને જે છોડીને ગયા એ બધું હવે અમારું-સરકારનું છે. 'એનિમી' શબ્દ દ્વારા ઈન્દિરાજીએ પણ સંકેત આપી દીધેલો કે, ભારત પાકિસ્તાનીઓને દુશ્મન માને છે. આ પ્રોપર્ટી એક્ટ હેઠળ કસ્ટોડિયન ઓફ એનિમી પ્રોપર્ટીઝ ઓફ ઈન્ડિયા (સીઈપીઆઈ)ની રચના કરવામાં આવે છે, જે ભારતમાં દુશ્મન દેશોની કેટલી પ્રોપર્ટી છે તેનો હિસાબ રાખે છે.

આ 'એનિમી પ્રોપર્ટી એક્ટમાં' બે વાર સુધારા પણ થયા છે. ૨૦૦૫માં યુપીના મહમૂદાબાદના રાજા મોહમ્મદ આમીર અહમદ ખાનના કેસમાં સુપ્રીમ કોર્ટે રાજાના વારસોને એનિમી પ્રોપર્ટી જાહેર થયેલી સંપત્તિ પાછી આપવાનો ચુકાદો આપ્યો પછી ૨૦૧૦માં ડો. મનમોહનસિંહની સરકારે વટહુકમ બહાર પાડીને એનિમી પ્રોપર્ટી કાનૂની વારસોને ટ્રાન્સફર ના કરી શકાય એવો સુધારો કર્યો. ૨૦૧૬માં મોદી સરકારે કાયદામાં સુધારો કરીને તમામ એનિમી પ્રોપર્ટીઝ કસ્ટોડિયન પાસે જ રહે અને એનિમી પ્રોપર્ટીને લગતા તમામ કોર્ટના ચુકાદા રદબાતલ ગણાય એવી જોગવાઈ કરી પછી બધી એનિમી પ્રોપર્ટી સી પ્રોપર્ટીઝ કસ્ટોડિયનના હવાલામાં છે.

એના સત્તાવાર આંકડા પ્રમાણે હાલમાં ભારતમાં પાકિસ્તાનીઓની ૧૨૪૫૮ અને ચીનાઓની ૧૨૬ મળીને કુલ ૧૨,૬૧૧ એનિમી પ્રોપર્ટી છે કે, જેમની બજાર કિંમત આજે એક લાખ કરોડ રૂપિયાથી વધારે થાય છે. ઉત્તર પ્રદેશમાં સૌથી વધારે ૬૨૫૫ એનિમી પ્રોપર્ટી છે. પશ્ચિમ બંગાળ, દિલ્હી, ગોઆ, મહારાષ્ટ્ર અને તેલંગાણા એ પછીના સ્થાને છે. ભારત સરકારે અત્યાર સુધી એક પણ સ્થાવર એનિમી પ્રોપર્ટી નથી વેચી, પણ શેર, સોનું વગેરે વેચીને ૩૮૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

ભારતમાં પાકિસ્તાનીઓની કેટલીક પ્રોપર્ટીના કેસ હાઈ પ્રોફાઈલ પણ બન્યા છે. પાકિસ્તાને મુંબઈમાં આવેલા મોહમ્મદ અલી ઝીણાના મકાન જિન્નાહ હાઉસ પર દાવો કરેલો. પણ ભારતે એ 'ઝીણા હાઉસ' પરનો દાવો ફગાવી દીધો હતો. નહોતો રાખ્યો. દિલ્હીમાં પાકિસ્તાનના સરમુખત્યાર જનરલ પરવેઝ મુશર્રફની સંપત્તિ પણ પાકિસ્તાને માગી હતી પણ ભારતે એ માગણી નકારી દીધી હતી.

બીજી તરફ, પાકિસ્તાનના પેશાવરમાં આવેલું પૃથ્વીરાજ કપૂર અને દિલીપકુમારના ઘર સહિતની ઘણી ભારતીયોની સંપત્તિ પાકિસ્તાને આપણને આપી નહીં એ જોતાં ભારતનું વલણ યોગ્ય હતું.

સૈફ અલી ખાનના પરિવારની સંપત્તિ પણ ભારતે એનિમી સંપત્તિ જાહેર કરી દીધી તેનું કારણ પણ એ જ છે કે, સૈફનો અડધો પરિવાર પાકિસ્તાન જતો રહેલો. સૈફ અલી ખાનના દાદા નવાબ ઈફ્તિખાર અલી ખાનનાં લગ્ન ભોપાલના નવાબ હમીદુલ્લાહ ખાનના બીજા નંબરની દીકરી સાજિદા સુલતાન સાથે થયાં હતાં. હમીદુલ્લાહ ભાગલા પછી ભારતમાં જ રહેલા અને ૧૯૬૦માં ભોપાલમાં જ ગુજરી ગયા ત્યારે સૌથી મોટી દીકરી આબિદા સુલતાન સંપત્તિનાં વારસ ગણાયેલાં.

આબિદાનાં લગ્ન કુરવાઈના નવાબ મોહમ્મદ સરવર અલી ખાન સાથે થયેલાં, પણ ભાગલા વખતે તેમનો પરિવાર પાકિસ્તાન જતો રહેલો. ત્રીજી દીકરી રાબિયા સુલતાને પહેલાં લગ્ન પાકિસ્તાનમાં કરેલાં. ભોપાલના નવાબ ગુજરી ગયા ત્યારે એનિમી પ્રોપર્ટી એક્ટ અમલમાં નહોતો તેથી એ વખતે સંપત્તિ વહેંચી લીધી હોત તો આજે આ અઢળક સંપત્તિ બચી ગઈ હોત, પણ દિલ્હી કરારના કારણે આબિદાને પોતે ગમે ત્યારે સંપત્તિ વેચી શકશે એવું લાગતું હતું તેથી સંપત્તિ ના વેચી, પણ ૧૯૬૮માં ઈન્દિરા ગાંધીએ એનિમી પ્રોપર્ટી એક્ટ બનાવી દીધો તેથી પટૌડી પરિવારને બરાબરનો બૂચ વાગી ગયો.

એનિમી પ્રોપર્ટી એક્ટ અમલમાં આવતાં સંપત્તિ બચાવવાનાં હવાતિયાંના ભાગરૂપે સૈફ અલી ખાનનાં દાદી સાજિદા બેગમે પોતે સંપત્તિનાં વારસ હોવાથી સંપત્તિ પોતાને મળવી જોઈએ એવો દાવો કરીને કેસ કરેલો. સાજિદા બેગમને ૨૦૧૯માં કોર્ટે કાયદેસરનાં વારસ જાહેર કરતાં એ સંપત્તિ સૈફ અલી ખાનના પરિવારને મળશે એવું લાગવા માંડેલું, પણ તાજેતરના હાઈકોર્ટના ચુકાદાએ હવે સમગ્ર ચિત્ર બદલી નાખ્યું છે.

આમ તો સૈફ અલી ખાન પાસે પટૌડીમાં-દિલ્હી અને મુંબઈમાં અબજોની સંપત્તિ છે. આમ છતાં ૧૫ હજાર કરોડ નાની રકમ નથી.

ભોપાલમાં આવેલી પટૌડી પરિવારની નૂર-ઉસ-સબાહ પેલેસ. ફ્લેગ સ્ટાફ હાઉસ, દાર-ઉસ-સલામ, બંગલો ઓફ હબીબી, અહમદાબાદ પેલેસ. કોહેફિઝા પ્રોપર્ટી સહિતની સંપત્તિ અબજોની છે. આ સંજોગોમાં સૈફનો પરિવાર સંપત્તિ બચાવવા માટે શક્ય તમામ પ્રયત્નો કરીને કાનૂની જંગ ખેલશે જ પણ સંપત્તિ એમને મળે એવી શક્યતા અત્યારે તો ઓછી દેખાયા છે. એ બરાબર પણ છે કેમ કે જે લોકો ભારતને વફાદાર ના રહ્યાં એમને ભારતમાં રહેલી સંપત્તિ ભોગવવાનો કોઈ અધિકાર નથી. ■

---



અરાઉન્ડ દ વર્લ્ડ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# દુનિયાના સૌથી અજોડ ટ્રેન પ્રવાસ ને એક્સપ્લોર કરો

**ટ્રેનો હંમેશા પરિવહનના માધ્યમ કરતાં વધુ રહી છે. ભારતની રોયલ રેલ્વેથી લઈને સમગ્ર વિશ્વમાં ઈજનેરી અજાયબીઓ સુધી, દરેક પ્રવાસ આપણને વિશ્વની સુંદરતા અને વિવિધતાની નજીક લાવે છે.**



થોડા મહિના પૂર્વે મેં ભારતમાં અમુક અતુલનીય ટ્રેન પ્રવાસ વિશે વાત કરી હતી. આ અનુભવો આપણા દેશની વૈવિધ્યતા, ઈતિહાસ અને મંત્રમુગ્ધ કરનારું નિસર્ગસૌંદર્ય પ્રદર્શિત કરે છે. ટ્રેનોમાં 'પેલેસ ઓન વ્હીલ્સ' અને 'ડેક્કન ઓડિસ્સી' આપણને સ્થળો સાથે સમય થકી પણ પ્રવાસ કરાવીને ભારતના અસલ જોશ સાથે ઊંડાણભર્યું જોડાણ પ્રદાન કરે છે.

આજે ચાલો, આપણી ક્ષિતિજોને વિસ્તારીએ અને દુનિયાની અમુક સૌથી પ્રતિકાત્મક ટ્રેનોમાં સવારી કરીએ. આ ટ્રેનો નાવીન્યતા, સાહસ અને બેસુમાર સૌંદર્યની વાર્તાઓ સાથે ભરચક હોઈ પોતાની અંદર એક અનુભવ છે. તો ચાલો, આપણે વિવિધ ખંડોની વર્ચ્યુઅલ સવારી પર નીકળીને દુનિયાના સૌથી અસાધારણ ટ્રેન પ્રવાસની ખોજ કરીએ.

**સૌથી લાંબી રેલવે: ટ્રાન્સ-સાઈબેરિયન રેલવે (રશિયા):** મોસ્કોથી લાદિવોસ્તોક સુધી 9,289 કિમી અંતર ધરાવતી ટ્રાન્સ-સાઈબેરિયન રેલવે દુનિયામાં સૌથી લાંબી રેલવે લાઈન છે. રશિયાના વિપુલ નિસર્ગસૌંદર્યમાંથી આ પ્રવાસ 87 શહેર, 16 નદી અને 8 ટાઈમ ઝોન પાર કરે છે. મોસ્કોથી આરંભ કરતાં તે પેસિફિક કોસ્ટ પર લાદિવોસ્તોક સુધી ઉરાલ પહાડીઓથી સાઈબેરિયન તાઈગા સુધી નિસર્ગસૌંદર્યમાં નાટકીય પરિવર્તન ઉજાગર કરે છે. તેમાં લેક બાઈકલ આકર્ષણરૂપ છે, જે દુનિયામાં સૌથી ઊંડું સરોવર કાચ જેવા સાફ જળ માટે પ્રસિદ્ધ છે. 1800ના પૂર્વાર્ધમાં નિર્મિત આ રેલવેનું નિર્માણ થિજાવી દેતી ઠંડીમાં શ્રમિકો માટે પુરસ્કાર તરીકે વોડકા પીરસીને પૂર્ણ કરાયું હતું, જે પરંપરા આજે પણ પ્રવાસીઓને પ્રવાસ દરમિયાન વોડકા આપીને ચાલુ રાખવામાં આવી છે. આ ટ્રેન પોતાની અંદર રશિયન સંસ્કૃતિનું માઈક્રોકોઝમ છે, જે સ્થાનિક સ્વાદિષ્ટ ભોજન પીરસે છે અને સર્વ ક્ષેત્રના લોકો સાથે મળવાનું થાય છે. આ રેલવેનો રોચક વારસો તેનો સ્તર નહીં પણ આ વિશાળ અને વૈવિધ્યપૂર્ણ રાષ્ટ્રમાં તે પૂરું પાડે તે જોડાણનું ભાન છે.

**સૌથી તીક્ષ્ણ ઢાળવાળી રેલવે- પિલેટસ રેલવે (સ્વિટ્ઝર્લેન્ડ):** સ્વિટ્ઝર્લેન્ડમાં 1889થી ચાલતી પિલેટસ રેલવે અધધધ 48 ટકા ઢાળ પર ચઢાણ કરે છે, જે તેને દુનિયામાં સૌથી તીક્ષ્ણ ઢાળવાળી કોગવ્હીલ રેલવે બનાવે છે. આ પ્રવાસ સમુદ્રની સપાટીથી 2,128 મીટરે માઉન્ટ પિલેટસ શિખર પર પહોંચે છે. આલ્પનેસ્ટેડમાં આરંભ કરતાં તે હરિયાળીથી ભરચક પહાડીઓ, ચકમકતાં સરોવરો અને શિખરોનો નજારો પ્રદાન કરે છે. આ શિખરને મધ્યયુગીન દંતકથાને લીધે 'ડ્રેગન માઉન્ટન' તરીકે ઓળખવામાં આવે છે, જેમાં હાઈકિંગ ટ્રેઈલ્સ, ઓબ્ઝર્વેશન ડેક અને અલ્પાઈન રેસ્ટોરાં છે. પ્રવાસીઓ સાહસ અને શાંતિનું અજોડ સંમિશ્રણ માણવા સાથે સ્થાનિક લોકકળામાં પોતાને પરોવી શકે છે. મોસમી વૈવિધ્યતા તેની ખૂબીઓમાં ઉમેરો કરે છે,જેમાં શિયાળામાં બરફ ઓઢેલાં ઝાડવાં અને ઉનાળામાં સ્વર્ણિમ ફૂલોનો સમાવેશ થાય છે. પિલેટસ રેલવે નિસર્ગના નિર્ભેળ સૌંદર્ય સાથે એન્જિનિયરિંગ અજાયબીને સંમિશ્રિત કરનારા બુદ્ધિશાળી માનવીનો દાખલો છે, જે દરેક ઢાળને યાદગાર અવસર બનાવે છે.

**સૌથી ઝડપી રેલવે: શાંઘાઈ મેગ્લેવ (ચીન):** શાંઘાઈમાં શાંઘાઈ મેગ્લેવ પ્રતિકલાક 431 કિમી ગતિથી દોડતી દુનિયાની સૌથી ઝડપી વ્યાવસાયિક ટ્રેન છે. ફક્ત 7 મિનિટમાં 30 કિમી અંતર પાર કરી શકતી આ લોહચુંબકીય ટ્રેન પુડોંગ ઈન્ટરનેશનલ એરપોર્ટને લોંગયાંગ રોડ સ્ટેશન સાથે જોડે છે. પૈડાં વિના ચાલતી આ ટ્રેન ટ્રેક પર દોડવા માટે તેના લોહચુંબકીય ક્ષેત્રોનો ઉપયોગ કરીને આંચકારહિત સવારીની ખાતરી રાખે છે. પ્રવાસીઓ ટ્રેન દોડતી હોય ત્યારે ટેબલ પર ટટ્ટાર સંતુલિત કોઈન જોઈને ચકિત થયા વિના રહેતા નથી, જે ઉચ્ચ ગતિએ પણ ટ્રેનની સ્થિરતા દર્શાવે છે. આ ટેકનોલોજિકલ અજાયબી ચીનની નાવીન્યતાનો દાખલો છે, જે પ્રવાસીઓને મંત્રમુગ્ધ કરનારો અનુભવ પૂરો પાડવા સાથે પરિવહનના ભવિષ્યમાં ઝાંખી કરાવે છે. તેની ગતિની પાર શાંઘાઈ મેગ્લેવ આધુનિક એન્જિનિયરિંગ ઉત્કૃષ્ટતાનું પ્રતિક છે અને શહેરી ક્ષિતિજમાં મોબિલિટીનો નવો દાખલો બેસાડવા માટે કટિબદ્ધ છે.

**સૌથી અજોડ ટ્રેન મુકામ: શલાતી ટ્રેન ઓન ધ બ્રિજ (સાઉથ આફ્રિકા):** સાઉથ આફ્રિકાના ક્રુગર નેશનલ પાર્કમાં સાબી નદી પરથી અધ્ધર દોડતી શલાતી ટ્રેન ઓન ધ બ્રિજ ઈતિહાસ, નાવીન્યતા અને બેસુમાર લક્ઝરીને જોડે છે. આ કાયાકલ્પ કરેલી ટ્રેન કાયમી ધોરણે શેલાતી બ્રિજ પર ઊભી રહે છે,જે મનોહર નજારો પ્રદાન કરે છે. મહેમાનો નદીનો નજારો માણી શકે છે, જેમાં તેમને ઘણી વાર હાથીઓ, હિપ્પો અને મગરમચ્છ જોવા મળે છે.ટ્રેનની ખૂબી સાથે સફારીનું આકર્ષણ સંમિશ્રિત અનુભવ તેને ખરેખર અવિસ્મરણીય બનાવે છે. સાંજની સફારી, પારંપરિક સાઉથ આફ્રિકન વાનગીઓઅને તારલાથી ચકમકતું આકાશ આ અનોખા મુકામને પરિપૂર્ણ કરે છે. આ સાહસ હસ્ર જીવનના શોખીનો અને લક્ઝુરિયસ રિટ્રીટના ચાહકોને પણમોહિત કરે છે. શલાતી અનુભવ મુકામથી પણ વિશેષ છે. તે વારસો અને નિસર્ગ સાથે ઐક્યની વાર્તા છે, જે સાઉથ આફ્રિકાના હસ્ર હૃદય સાથેનાજુક જોડાણ પ્રદાન કરે છે.

**સૌથી નયનરમ્ય રેલવે: ગ્લેશિયર એક્સપ્રેસ (સ્વિટ્ઝર્લેન્ડ):** ધ ગ્લેશિયર એક્સપ્રેસ 'સૌથી ધીમી એક્સપ્રેસ ટ્રેન' તરીકે ઓળખાય છે,જે સ્વીસ પહાડીઓ થકી મંત્રમુગ્ધ કરનારો પ્રવાસ પ્રદાન કરે છે. ઝર્મેટથી સેન્ટ મોરિટ્ઝ સુધી ૨૯૧ કિમી અંતરમાં પથરાયેલી ટ્રેન બરફાચ્છિદત પહાડીઓ, હરિયાળી ખીણો અને વિલક્ષણ ગામડાંઓ પ્રદર્શિત કરતાં આઠ કલાક લે છે. તેની ખૂબીમાં લેન્ડવોસર વાયાડક્ટ અને ઓબેરાલ્પ પાસ છે,જે રુટનો સર્વોચ્ચ પોઈન્ટ 2033 મીટરે છે. પેનોરમિક વડોઝ સુંદર નજારો આપે છે, જેથી દરેક અવસર યાદગાર બની જાય છે. સુંદર નજારા સાથે સ્વાદિષ્ટ ભોજન પ્રવાસમાં પૂરક બની જાય છે. ધ ગ્લેશિયર એક્સપ્રેસ ધીમા પ્રવાસના રોમાન્સની દ્યોતક છે, જ્યાં દરેક પળ પ્રવાસની મનોહરતામાં ગળાડૂબ થવા આમંત્રિત કરે છે.

**ધ ઈન્ડિયન પેસિફિક: ઓસ્ટ્રેલિયાનો કોસ્ટ-ટુ-કોસ્ટ રેલ અનુભવ:** ધ ઈન્ડિયન પેસિફિક સિડનીથી પર્થ સુધી 4,350 કિમી આવરી લેતાંઓસ્ટ્રેલિયાના પ્રચુર સૌંદર્ય વચ્ચેથી પસાર થાય છે. તે જોડે છે એ મહાસાગરો પરથી તેને આ નામ અપાયું છે. આ ચાર દિવસનો પ્રવાસ ઓસ્ટ્રેલિયાના નાટકીય નિસર્ગસૌંદર્ય અને સાંસ્કૃતિક વારસાને મઢી લે છે. સિડનીથી આરંભ કરતાં તે બ્લુ માઉન્ટન્સ, સાઉથ ઓસ્ટ્રેલિયાના વાઈનયાર્ડસ અને નલ્લરબાર પ્લેઈન થકી પસાર થાય છે, જે દુનિયામાં સૌથી લાંબા સીધા રેલવે ટ્રેક સાથે ઝાડરહિત ક્ષેત્ર છે. સમતલ જમીન પરથી તારલાઓને જોવા તે આકર્ષણરૂપ છે, જેમાં આકાશગંગા ઉત્કૃષ્ટ રીતે દ્રષ્ટિગોચર થાય છે. આ પ્રવાસ દરિયાકાંઠાથી દરિયાકાંઠાનું સાહસ પ્રદાન કરીને પર્થમાં સમાપ્ત થાય છે. ટ્રેનમાં પ્રવાસીઓ સ્વાદિષ્ટ ભોજન, પ્રાદેશિક વાઈન અને વાર્તાકથન સત્રો માણી શકે છે, જે ઓસ્ટ્રેલિયાના સમૃદ્ધ ઈતિહાસને જીવંત કરે છે. ધ ઈન્ડિયન પેસિફિક ફક્ત ટ્રેન નથી, પરંતુ ખોજ સાથે લક્ઝરીને સંમિશ્રિત કરતા ખંડના આત્મા થકી પ્રવાસ છે.

**સૌથી લક્ઝુરિયસ રેલવે: વેનિસ સપલોન-ઓરિયન્ટ-એક્સપ્રેસ (યુરોપ):** ધ વેનિસ સપલોન-ઓરિયન્ટ-એક્સપ્રેસ 1920 ના ગ્લેમરનું પ્રતિક છે.આ સૂઝબૂઝપૂર્વક કાયાકલ્પ કરેલી ટ્રેન લંડનથી વેનિસને જોડે છે, જે ઈંગ્લિશ કન્ટ્રીસાઈડ, ફ્રેન્ચ લેન્ડસ્કેપ્સ અને સ્વીસ આલ્પ્સ થકી પસાર થાય છે. અન્ય રુટ્સમાં પેરિસ, પ્રાગ અને ઈસ્તંબુલનો સમાવેશ થાય છે. મનોહર આર્ટ ડેકો કેરેજીસ અને મંત્રમુગ્ધ કરનારો નજારો અનુભવને બહેતર બનાવે છે. શાહીપણું અને છળ સાથે તેના સહયોગ માટે જ્ઞાત ટ્રેન મનોહરતા અને રહસ્યની પ્રતિક છે. મહેમાનો માટે સ્વાદિષ્ટ ભોજન, લાઈવ પિયાનો પરફોર્મન્સ અને ઉત્તમ સેવા સાથે આગતાસ્વાગતા કરાય છે, જે પ્રવાસના સુવર્ણ યુગમાં તેને અવિસ્મરણીય પ્રવાસ બનાવે છે. આ અનુભવ છે, જ્યાં ઘડવામાં આવેલી દરેક બારીકાઈ પ્રવાસીઓને સમકાલીન આધુનિકતાના યુગમાં લઈ જાય છે.

આપણે એક્સપ્લોર કરેલા દરેક ટ્રેન પ્રવાસ પરિવહનથી પણ વિશેષ છે, જે વિવિધ સ્થળોના હાર્દ અને અંતરમાં વસી જાય છે. આ પ્રવાસ અવિસ્મરણીય અનુભવો સાથે મજેદાર વાર્તાઓનું વચન આપે છે. તમે ગતિના રોમાંચ, નિસર્ગરમ્ય ક્ષિતિજના રોમાન્સ કે લક્ઝરીના કમ્ફર્ટથી પ્રેરિત થઈ જાઓ,આ દરેક ટ્રેન પ્રવાસ તમારી વાટ જુએ છે. તો તમારું આગામી ટ્રેન સાહસ તમને ક્યાં લઈ જશે? મને તે વિશે સાંભળવાનું ગમશે.મને લખો neil@veenaworld.com. પર. ફરી મળીશું, ત્યાં સુધી જીવનની ઉજવણી કરતા રહો!

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઈટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.


શું તમે તમારા ડ્રીમ ડેસ્ટિનેશન પર ટ્રેનથી સફર કરવાની ઈચ્છા રાખો છો?

બસ વીણા વર્લ્ડ કસ્ટમાઇઝ્ડ હોલિડેઝ ટીમ સાથે સંપર્ક કરો અને બાકી બધું અમારા પર છોડી દો! તમે તૈયાર પૅકેજમાંથી પસંદ કરી શકો છો અથવા તમારા માટે પર્સનલાઇઝ્ડ પ્રાઇવેટ હોલિડે પૅકેજ બનાવી શકાય છે. તમારી તારીખો, તમારી પસંદગીઓ, તમારું બજેટ... ચાલો, હવે તમારી ડ્રીમ ટ્રેન જર્ની સાકાર કરો વિશ્વમાં ક્યાંય પણ, વીણા વર્લ્ડ સાથે!

| | |
|---|---|
| સ્વિટ્ઝર્લેન્ડ વિથ ગ્લેશિયર એક્સપ્રેસ 8 Days - €2260 | સ્વિટ્ઝર્લેન્ડ વિથ સિનિક ટ્રેન 8 Days - €2500 |
| સાઉથ આફ્રિકા વિથ ક્રુગર શલાટી 7 Days - $3900 | ન્યૂઝીલેન્ડ વિથ ટ્રાન્ઝઅલપાઈન ટ્રેન 12 Days - NZD 6770 |

*T&C Apply



Email: travel@veenaworld.com | veenaworld.com | Toll-Free: 1800 22 7979

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@
bombaysamachar.com

# આધુનિક ગઝલના પ્રણેતા શેખાદમ આબુવાલા

## નાચી ઊઠી સુગંધ ને ઝૂમી ઊઠ્યો પવન
## તમને નિહાળી ફૂલના રંગો હસી પડયા

શેખ આદમ મુલ્લા શુજાઉદ્દીન આબુવાલાને ગઝલના ચાહકો શેખાદમ આબુવાલાના નામે જાણે છે. શેખાદમનો જન્મ દાઉદી વહોરા ખાનદાનમાં અમદાવાદમાં ૧૫-૧૦-૧૯૨૯માં થયો હતો. આ કવિ પાસે ઉચ્ચ અભ્યાસ, વિશાળ વાચન, ભાષાની સરળતા અને જીવનની ઊંડી સમજણનો ખજાનો હતો. ગઝલકાર બહુશ્રુત હોય તો તેમને ઉચ્ચતમ સ્તરેથી સ્વીકૃતિ મળે છે. આવી સહજ સ્વીકૃતિ શેખાદમને પ્રથમ સંગ્રહ 'ચાંદની'ના પ્રકાશન વખતે ૧૯૫૩માં જ મળી હતી. ગુજરાતના મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીએ પ્રસ્તાવનમાં જે કંઈ કહ્યું તે આ કવિને સમજવા માટે સહાયભૂત થશે.

ઉમાશંકરે લખ્યું કે 'ભાઈ શેખાદમ આબુવાલાની કવિતા માટે મને હંમેશાં ઘણી આશા રહી છે. ગઝલમાં તેમ જ સંસ્કૃત છંદોમાં – બંનેમાં એમને સારી ફાવટ છે. એમનું પહેલું કાવ્ય – નાનાલાલ કવિ ઉપરની એક 'પૃથ્વી' છંદમાં લખેલી સુંદર સૉનેટ – જોઈને જ એમની રચનાશક્તિ વિષે હું ઉત્સુક બન્યો હતો. ગઝલમાં અને છંદોમાં પ્રયોગો કરવાની એમને આદત છે.

ગુજરાતી ગઝલ શયદા સાહેબની સરદારી હેઠળ ઉર્દૂ-ફારસી શબ્દોનો સહારો ઓછો કરીને ગુજરાતી પદાવલિઓ પ્રયોજવાની પેરવીમાં રમમાણ હતી ત્યારે અમદાવાદના આકાશમાં શેખાદમ આબુવાલા નામના નવયુવાન શાયરનો ઉદય થાય છે. શેખાદમ સમકાલીનોથી એ વાતે નોખા તરી આવતા હતા કે એમણે એમ.એ સુધી અભ્યાસ કર્યો હતો. ગુજરાતી અને હિન્દી વિષયો હતા. ઉમાશંકરે કહ્યું તેમ 'ગુજરાતી ભાષાની અને જોડણીની શુદ્ધિ માટે એમની ચીવટ પ્રશંસાપાત્ર છે.' જર્મનીમાં જર્મન સાહિત્ય અને ફિલસૂફીનો અભ્યાસ જર્મન રેડિયો ડોઈશે વેલે 'વોઈસ ઑફ જર્મની'ના હિન્દી વિભાગમાં ૧૭ વર્ષ સુધી કાર્યક્રમો તૈયાર કરવાનું કામ કર્યું. જર્મન, ફારસી, ગ્રીક, ઉર્દૂ ભાષાનું ઊંડું જ્ઞાન હતું. એમણે યુરોપ, રશિયા, ચીન, ઈજિપ્ત વગેરે દેશોનો પ્રવાસ કર્યો હતો.

આમ શેખાદમે ગુજરાતી અને ઉર્દૂ ગઝલમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. 'ચાંદની', 'સોનેરી લટ', 'અજંપો', 'તાજમહલ' જેવા ગુજરાતી ગઝલ સંગ્રહો, 'ઘિરતે બાદલ ખુલતે બાદલ' હિન્દી સંગ્રહ, 'અપને ઈક ખ્વાબ કો દફના કે અભી આયા હૂં' નામનો ઉર્દૂ ગઝલો – નઝમોનો સંગ્રહ. 'હવાની હવેલી', ગઝલ ૧-૨ અને હિંદીમાં 'સનમ' કાવ્યસંગ્રહો છે. બધાં સર્જનોનો એક દીવાન છે અને તેનું નામ 'દીવાન-એ-આદમ' છે. શેખાદમે દસ નવલકથાઓ, આંતરરાષ્ટ્રીય અનુભવકથાઓ, શ્રેષ્ઠ જર્મન વાર્તાઓનો ગુજરાતીમાં અનુવાદ અને એમણે લીધેલી મુલાકાતો 'તસવીર દિખાતા હૂં' નામની



પ્રગટ કર્યા છે. શેખાદમ સૌ પ્રથમ પત્રકારનો જીવ. યુરોપની હવામાં ગુજરાતી ગઝલો લખી. 'હમ ભી ક્યા યાદ કરેંગે' શિર્ષક નીચે ડાયરી પણ લખી છે. આમ સાહિત્યના વિવિધ ક્ષેત્રોમાં એમનું પ્રદાન છે પણ સવિશેષ ગઝલકાર તરીકે ઓળખાય છે.

શેખાદમ રોજબરોજ બોલાતી ભાષાના સતત સંપર્કમાં હતા. લોકોને સમજાય એવી ભાષા એમને પત્રકારત્વમાંથી મળી હતી. ગુજરાતીમાં રૂઢ થયેલા મુહાવરાઓ, કહેવતો અને લઢણોને એમણે ગઝલના રંગમાં વણીને ગઝલની એક નવી ભાષા વિકસાવી છે. થોડાંક ઉદાહરણ જોઈએ.

*મુહબ્બતના સવાલોના કોઈ ઉત્તર નથી હોતા*
*અને જે હોય છે એટલા સધ્ધર નથી હોતા*
*મળે છે કોઈ એક જ પ્રેમીને સાચી લગન દિલની*
*બધાયે ઝેર પીનારાઓ કૈં શંકર નથી હોતા.*
***
*હું પડ્યો છું પ્રેમમાં કે તું પડી છે પ્રેમમાં*
*કે પછી એવું નથી બંને છીએ કૈં વ્હેમમાં*
***
*મેં વસંત પાસેથી એક ફૂલ માગ્યું છે*
*એટલે જ તો ખોટું પાનખરને લાગ્યું છે*
***
*પ્યારની રંગીન લત મોંઘી પડી*
*આગ સાથેની રમત મોંઘી પડી*

શેખાદમમાં રજૂઆતની નવીનતા હતી. એમને પ્રયત્નો કરવા નહોતા પડ્યા. 'બધાયે ઝેર પીનારાઓ કૈં શંકર નથી હોતા' એમાં ઉક્તિની નવીનતા છે અને સાથે દૃષ્ટિની પણ નવીનતા છે. પાનખરને ખોટું લાગવાની વાતમાં એક આગવી નવીન ઢબ છે. શબ્દની ઉપાસના કરી હોય એમને શબ્દનો મહિમા સમજાય છે.

ગઝલ લોકપ્રિય કાવ્ય પ્રકાર છે એટલે સભારંજની શેરોની ભરમાર વચ્ચે અકળાઈ જવાય એવી સ્થિતિ ઊભી થઈ છે. કવિતા કે ગઝલમાં છંદ અને બંધારણ છે પણ આ મર્યાદા અતિક્રમીને ગઝલના હાર્દમાં પહોંચવું જરૂરી છે. કહેવાનો અંદાજ સરસ હોય, ચિત્રાત્મકતા અને ચોટદાર ઉક્તિથી શેરનું નકશીકામ થયું હોય, પરંતુ ખયાલનું નૂર અને નાવીન્ય ન હોય તો ગઝલિયતની સોનાની થાળીમાં લોખંડની મેખ બને છે.

શેખાદમ કવિચેતનાની એક ચોક્કસ ભૂમિકા પર પહોંચીને સર્જન કરે છે એટલે એની ગઝલમાં સૌન્દર્યબોધ થાય છે. એમની પાસે એક પોતી કી અભિવ્યક્તિ છે. એ તૂટેલા અને તળિયે આવી ગયેલા જામની વાત નથી કરતો. પીવામાં તો સમયનું લવલેશ ભાન ન હોય, એમાં ઉતાવળ ન હોય, એટલે શેખાદમ કહે છે તેમાં ખયાલનું નૂર છે:

*જામ લૈને ઝૂમું છું*
*ચાંદનીને ચૂમું છું*
*જિન્દગીને માણું છું*
*અપ્સરાના નર્તન સમ-*
*પ્રેમીજનના વર્તન સમ*
*જિન્દગી સમાલું છું*

અમદાવાદના પ્રખર તડકાઓમાં પનપેલી શેખાદમની ગઝલો યુરોપના ઠંડગાર તડકામાં લાલિમા ધારણ કરે છે. આ લાલિમા છે ગઝલના જીવાનુભૂત તત્ત્વ પ્રેમની પ્રણયની અને પ્યારની. પોતાની ખુમારી અને મસ્તીમાં એક અલગારી અસ્તિત્વના માલિક શેખાદમના શબ્દો સચોટતાની ધરતી પરથી આવે છે એટલે પ્રતીતિજનક લાગે છે. ચાલો માણીએ આ સાચુકલ સર્જકના થોડાક અશ્આર:

આ સૂરજ જેવા સૂરજથી હું આંખ મિલાવી જાણું છું.
એ આગ લગાવી જાણે છે, હું આગ બુઝાવી જાણું છું.

***
*નાચી ઊઠી સુગંધ ને ઝૂમી ઊઠ્યો પવન*
*તમને નિહાળી ફૂલના રંગો હસી પડ્યા.*
***
*છે સુરખી ખુશીની રંગોમાં અરમાનની ખુશ્બૂ અંગોમાં*
*શા હાલ થયા છે ફૂલોના આ કળિયો ના જાણે તો સારું*
***
*ચર્ચા કરી રહ્યો છું સુરાલયમાં ધર્મની*
*મારા ને સંતના આ સમાગમનું શું થશે?*
***
*દમકતો ને ચમકતો શાહજહાંનો મ્હેલ જોવા દે*
*મને ધનવાન મજનૂએ કરેલો ખેલ જોવા દે*
*પ્રદર્શન કાજ જેમાં પ્રેમ કેદી છે જમાનાથી*
*મને એ ખૂબસૂરત પથ્થરોની જેલ જોવા દે*
***
*જે નશાની સાથ આપે દર્દ એવું ઘેન થૈ*
*કોઈની આંખે અમે દિનરાત ઘેરાતા રહ્યા.*
*કોઈ સાચી પ્યાસ લૈ ન આવ્યું અમને ઢૂંઢતું*
*જામની માફક અમે તો નિત્ય છલકાતા રહ્યા*
***
*મુહબ્બત પાસેથી એ ભેટ સુન્દર લૈને આવ્યો છું*
*હું મારા બે નયનમાં સાત સાગર લૈને આવ્યો છું.*
***
*મને ઊંડી મુહબ્બત છે સદા મારા વતન માટે*
*છતાં એથી અધિક ઊંડી જગતના સર્વજન માટે*
***
*મૃત્યુ કેરી ખીંટી પર જિન્દગીને ટિંગાવી*
*કોઈ પ્યારી મસ્તીમાં ઝૂમતો ફરું છું હું*
***
*એ તો સત્કારે છે દુઃખને ગમને આંસુને સદા*
*કોણ કહે છે માનવી ધરતી ઉપર મ્હેમાન છે*
***
*હું પાપ ના કરું એ ખરું, પણ જરી વિચાર*
*ગંગાનું શું થશે અને ઝમઝમનું શું થશે?* ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@
bombaysamachar.com

# બહોત હૈ મુશ્કિલ ગિર કે સંભલના...

## ...પણ માણસ નિશ્ચય કરે તો પડ્યા પછી ફરી ઊભા થઈ શકાય એનો પુરાવો છે એક પોલીસ અધિકારી નૌજિશા!

આજે વાત કરવી છે કેરળની યુવતી નૌજિશાની. કેરળની નૌજિશાએ કમ્પ્યુટર એપ્લિકેશન્સમાં માસ્ટર્સની ડિગ્રી મેળવી પછી એ એક કોલેજ સાથે ગેસ્ટ લેકચરર તરીકે જોડાઈ હતી. એ પોતાની જિંદગી માણી રહી હતી, પરંતુ ૨૦૧૩માં એના જીવનમાં એક આઘાતજનક વળાંક આવી ગયો. કુટુંબે એને એક યુવાન સાથે પરણાવી. એ પછી એના જીવનનો અત્યંત ભયંકર તબક્કો શરૂ થઈ ગયો...

નૌજિશા માટે પતિનું ઘર દોઝખ સમાન સાબિત થયું. લગ્ન પછી પણ એ નોકરી કરવા ઈચ્છતી હતી. પતિના કુટુંબે લગ્ન પછી નોકરી કરવા માટે મંજુરી પણ આપી હતી, પરંતુ એ પછી સાસરિયાએ વચનભંગ કર્યો. નૌજિશાએ લગ્ન અગાઉ પતિને ય કહ્યું હતું કે 'હું લગ્ન પછી નોકરી ચાલુ રાખીશ. તમને વાંધો નથી ને?' તેના પતિએ એ વખતે કહ્યું હતું, 'મને કશો વાંધો નથી.' પરંતુ લગ્ન પછી પતિએ પણ તેને નોકરી કરવાની ઘસીને ના પાડી દીધી.

નૌજિશા લેક્ચરર બની એ અગાઉ મોડી રાત સુધી જાગીને અભ્યાસ કરતી રહેતી હતી અને એણે માસ્ટર્સ ડિગ્રી અને લેકચરર તરીકે નોકરી મેળવી હતી, પરંતુ પતિ માટે એ સર્ટિફિકેટ્સનું મહત્ત્વ નકામા કાગળથી વધુ કશું જ નહોતું.

ઉચ્ચ શિક્ષિત હોવા છતાં નૌજિશાએ ઘરમાં પુરાઈ રહેવું પડતું હતું. પતિ એને અવારનવાર ફટકારતો હતો. ભાગ્યે જ કોઈ એવો દિવસ જતો કે પતિએ એના પર હાથ ન ઉપાડ્યો હોય.

નૌજિશાના પિયરમાં બધા દુઃખી થઈ ગયા. માતા-પિતા અને મોટી બહેને એને કહ્યું, 'તું ઘરે પાછી આવી જા.' પિયરમાંથી બધાએ કહ્યું છતાં નૌજિશાએ સમાજના ડરથી પિયર જતા રહેવાનું ટાળ્યું. સાડા ત્રણ વર્ષ સુધી પતિના જુલમો સહન કર્યા.

એ દરમિયાન નૌજિશા એક પુત્રની માતા બની ગઈ હતી. ૨૦૧૬ના વર્ષમાં જિંદગીથી એ એટલી હદ સુધી તંગ આવી ગઈ કે એણે જીવન ટૂંકાવવાનો વિચાર કરી લીધો. પતિના ઘરની સામે એક કૂવો હતો. તે આત્મહત્યા કરવા માટે તે કૂવા પાસે ગઈ, પરંતુ તે વખતે હિંમત ચાલી નહીં.

વર્ષો પછી એક અંગ્રેજી અખબારને એણે આપેલી મુલાકાતમાં કહ્યું હતુંઃ 'એ રાતે હું ધીમા ડગલાં ભરતીભરતી મારા ઘર સામેના કૂવા પાસે પહોંચી. હું કૂવામાં કૂદીને આત્મહત્યા કરી લેવા ઈચ્છતી હતી, પરંતુ હું એ કૂવા પાસે પહોંચી ત્યાં સુધીમાં હિંમત હારી ગઈ. મારું આખું શરીર થરથર કાંપવા લાગ્યું. અને મેં આત્મહત્યા કરવાનો વિચાર માંડી વાળ્યો. અને હું મારા એક વર્ષના પુત્ર ઐયામ નઝલ સાથે મારા પતિનું ઘર છોડીને મારા માતા- પિતાના ઘરે





ચાલી ગઈ.'

નૌજિશાએ પિયર પાછા ફર્યા બાદ પેરામ્બ્રાની કોલેજમાં લેકચરર તરીકે નોકરી મેળવી લીધી. સાથેસાથે કેરળ પબ્લિક સર્વિસ કમિશનની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કોચિંગ ક્લાસીસમાં જવાનું શરૂ કરી દીધું.

એને સમજાયું કે એણે સંપૂર્ણ સમય અભ્યાસ પર જ કેન્દ્રિત કરવો પડશે તો જ તે પોલીસ અધિકારી બની શકશે એટલે એણે લેકચરર તરીકે નોકરી છોડી દીધી. એ દરમિયાન એણે ડિવોર્સ પિટિશન ફાઈલ કરી દીધી હતી. એણે પતિથી છૂટાછેડા લઈ લીધા. દરમિયાન એણે પ્રથમ સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરી અને એર્નાકુલમમાં લોઅર ડિવિઝન કલાર્કની પોસ્ટ માટે તેની પસંદગી થઈ. એ પછી એણે વુમન સિવિલ પોલીસ ઓફિસરની પોસ્ટ માટે પરીક્ષા આપી.એ પરીક્ષા તો પાસ કરી, પણ શારીરિક ટેસ્ટમાં તે નાપાસ થઈ.

જોકે એણે હિંમત હાર્યા વગર પરીક્ષાઓ આપવાનું ચાલુ રાખ્યું. કેરળ પબ્લિક સર્વિસ કમિશનની પોલીસ સ્પેશિયલ રિક્રુટમેન્ટ માટેની પરીક્ષા પાસ કરી લીધી. એ પછી એ ઈન્ટરવ્યુમાં અને શારીરિક ટેસ્ટમાં પણ પાસ થઈ ગઈ. સ્પેશિયલ પોલીસ ઓફિસર માટેની સ્પર્ધાત્મક પરીક્ષામાં કેરળ રાજ્યમાં ૧૪૧મો નંબર મેળવ્યો અને એપ્રિલ ૧૫, ૨૦૨૧ના દિવસે મહિલા પોલીસ તરીકે નિમણૂક મેળવી.

નૌજિશા પોલીસ ઓફિસર બની એ પછી પત્રકારો સાથે વાત કરતા એણે કહ્યું હતું કે 'હું જયારે ભયંકર તકલીફમાં હતી અને મને મદદની જરૂર હતી, મારો પતિ મને સતત મારતો હતો એ સમયમાં મારા જીવનના સૌથી ખરાબ તબક્કામાં મારું કુટુંબ મારા પડખે ઊભું રહ્યું અને ખાસ તો મારી મોટી બહેન સતત મારી સાથે રહી, પણ એ વખતે મને પોલીસ પાસે પણ જતાં ડર લાગતો હતો. હવે મને સમજાય છે કે મારે એવો ડર રાખવાની જરૂર નહોતી. હવે હું મહિલાઓને સલાહ આપું છું કે ઘરેલું હિંસાનો ભોગ બનનારી મહિલાએ સીધા પોલીસ પાસે જવું જોઈએ.'

ઘરેલુ હિંસા સહન કરનારી ૩૫ વર્ષની નૌજિશા હવે પોલીસ અધિકારી તરીકે ઘણી મહિલાઓને મદદરૂપ બની રહી છે અને કેરળની કેટલીય મહિલાઓ માટે તે પ્રેરણાનો સ્રોત પણ બની રહી છે. કોઈ વ્યક્તિ જીવનસફરમાં પડી જાય એ પછી એના માટે ઊભા થવાનું મુશ્કેલ ચોક્કસ હોય છે, પણ અશક્ય નથી હોતું એનો પુરાવો નૌજિશા છે. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@
bombaysamachar.com

# મસ્તઅલમસ્ત રહેવું છે?
# દબા કે ખાઓ, દુબલે હો જાઓ !

**ટાઈટલ્સઃ**

સત્તાનો મદ અને શરીરનો મેદ, જલ્દીથી ના ઊતરે. (છેલવાણી)

બે બહેનપણી રોજની જેમ વજન ઘટાડવા વિશે વાતો કરતી હતી. એકે બીજીને ચેલેંજ આપી, 'જો ૧ મહિનામાં હું તારા કરતાં વધારે વજન ઉતારું તો તારે ૧૦૦૦૦ આપવાના ને જો તું મારા કરતાં વધારે ઉતારે તો મારે આપવાના. લાગી શરત?'

'લાગી... પણ આ શરત ૨ અઠવાડિયા પછી શરૂ થશે, હોં!'

'કેમ છેક ૨ અઠવાડિયે?'

'કારણ કે શરત પહેલાં, ૨ અઠવાડિયામાં મારે કેટલી બધી આઇટેમ્સ ઝાપટી લેવી છે ને, ગાંડી?'

આ સત્યઘટના છે, પણ પેલીની વેદના સમજી શકાય છે. 'જો લીલા શાક-પાંદડાં ખાઈને પાતળા થવાય તો હાથી કેમ જાડા હોય છે?' જેવા વિચિત્ર સવાલ 'ડાયેટિંગ'નું નામ પડતાં જ અમને સૂઝવા લાગે. જેમ જુદાજુદા ધર્મના લોકો પોતપોતાના ધર્મ વિશે જુદાજુદા દાવા કરે છે એમ જુદાજુદા ડાયેટિશિયનો અલગઅલગ દાવા ને વાદા કરે છે..લેકિન-કિંતુ-પરંતુ અમને હંમેશાં સવાલ થાય કે 'જગતમાં વજન ઉતારવાની સચોટ રીત કે દવા છે ખરી ?'

હા, હવે છે!

હમણાં ડેનમાર્કની એક યુનિવર્સિટીનાં વૈજ્ઞાનિકોએ, લેક (LaKe) 'પરમાણુ' વડે એવી વજન ઉતારવાની ગેરેંટી આપી છે. એટલે 'લેક' તત્ત્વવાળી ૧ ગોળી તમે ખાશો તો ખાલી પેટે ૧૦ કિલો મીટરની ઝડપે દોડો ત્યારે જેટલી કેલેરી બળે એટલી એ ગોળીથી બળશે ને વજન ગાયબ, બોલો! ચરબીના સ્તર, બિસ્તર પરથી ૧ ઇંચ પણ હલ્યા વિના ઉતરશે!

'લેક'ને ઉંદરો પર અજમાવતા સમજાયું છે કે એ શરીરમાંથી ઝેરી તત્ત્વો બહાર કાઢે, હૃદયને મજબૂત બનાવે ને વળી ડાયાબિટીસ ઘટાડવામાંયે મદદ કરી શકે! બસ, હવે એવી દવા આપણી ભારતની બજારમાં ક્યારે આવશે એની રાહ જોઇને અત્યારે તો અમે શીરોપૂરી ને ઊંધિયું જમી રહ્યા છીએં.

શું છે કે આપણે સૌએ ક્યારેક તો જીવનમાં પ્રેમ કર્યો જ હશે એમ ક્યારેક તો વજન ઉતારવાની નાકામ કોશિશ પણ કરી જ હશે. સાચું કહીએ તો '૧૦ દિવસમાં વજન ઉતારો' જેવી બુક્સ અમે ભરપેટ સૂતાંસૂતાં વાંચી હોવાથી વજન ઘટવાને બદલે વધ્યું જ છે! આવાં જાડાં પુસ્તકો વાંચીવાંચીને અમે એક 'ફેટ-બુક ઓન ફેટ' લખી શકીએ એમ છીએ....પણ ઉછીના આઇડિયાથી 'બૂક' ને સ્ટ્રિક્ટ ડાયેટથી 'લૂક' બનાવવામાં માનતા નથી. જોકે, સનાતન સત્ય છે કે વધતું વજન આપણને સૌને ક્યારેક તો રડાવે જ છે.

**ઇંટરવલઃ**

રૂપ તેરા ઐસા,
દર્પન મેં ના સમાયે.(ઇંદીવર)

એક અલમસ્ત વજનદાર ભાઇ ડાયેટિશિયન પાસે જ્યારે સલાહ લેવા ગયા ત્યારે એમનો નાનકડો દીકરો વજનકાંટા પર ચડવા જતો હતો. પપ્પાએ તરત જ એને રોક્યો, 'ના ના બેટા, આ મશીન પર ના ચડાય. એ તો બધાંને રડાવે!'

શું છે કે સાસરે જતી કન્યાથી બાબુલનું આંગન છૂટતું નથી એમ આપણાથી મીઠાઇ, ચોકલેટ, આઇસક્રીમ નથી છૂટતાં. હમણાં એક હરીભરી ચિત્રકાર મહિલા મૈત્રિણીએ અમને સરસ વાત કહી કે જે 'આનંદ સ્વરૂપ' આત્મા હોય એ થોડા ચબી ને ગોળમટોળ જ હોય! જાડિયાઓ માટે 'આનંદ સ્વરૂપ' કેવું સ્વીટડું સંસ્કારી લેબલ છે ને? માટે જે બહુ ચિંતા કરે એ દૂબળા રહે અને એ માટે એણે ચિંતન છોડી દેવું રહ્યું. આ વિશે સ્પેશિયલ 'ચિંતા ડાયેટ' બની શકે.

તમે કોઇને કહેવા ખાતર પણ કહી જોજો કે 'વાઉ આજે ડિફ્રન્ટ લાગો છો!' બસ, પછી તમારા પર આજની સરકારથીયે વધુ સખત સીબીઆઇ, ઈડી લેવલની ઈન્ક્વાયરી તરત જ શરૂ થઇ જાય! જેમ કે 'એટલે હું જાડો લાગુ છું? ના ના ,એ તો લૂઝ કુર્તો પહેર્યો છે એટલે. બાકી હું તો સવાર સાંજ રાતે ઉંઘમાંયે ચાલું છું' વગેરે વગેરે પેલો કહેવા માંડશે. પછી તમે પરાણે સિંગર સોનુ નિગમ કે કોઇ ચાંપલી આર.જે.(RJ)ની નમ્રતાથી કહેશો : 'ના ના, યૂ લુક સુપર્બ. 'અલગ' એટલે કે સરસ, એમ! આમાં જાડા-પાતળાની વાત જ નથી.' હવે તમે ત્યાંથી પતલી ગલીમાં નીકળવા માંગો છો પણ પોતાની કેડને પતલી માનનાર ખુદની વધેલી કેડની વાતનો કેડો જ નહીં મૂકે...



'તમે સાચું કહો છો કે સારું લગાડવા કહો છો? જાડો લાગું છું ને?' પેલો ધરાર પૂછે રાખશે! તમને ભારતનો મુદ્રાલેખ 'સત્યમેવ જયતે' આંખો સામે દેખાશે ને નકાર પહેલાં 'નૈતિક ધ્રાસકો' પડશે કે આ હમણાં અહિંયા રસ્તામાં જ કુર્તો ઉતારીને પોતાની ફિટનેસ સાબિત કરશે કે શું? આખરે તમે એને 'સોરી મારી મમ્મી, પપ્પા, બહેન, ભાઈ, આખું ફેમિલી હોસ્પિટલમાં આઇ.સી.યુ.માં બહુ જ સિરિયસ છે, ત્યાં જવામાં મને મોડું થાય છે' એમ સત્તાપક્ષના પ્રવક્તા જેવું બેશરમ બહાનું આપીને તમારે છટકવું પડશે. તોયે પેલો પાછળથી બૂમ પાડશે, 'ઓ...મને ૩ મહિના આપોજો જો હું કેટલું વજન ઘટાડીને બતાડીશ. ચેલેંજ !''

હરામ બરાબર છે કે ૩ મહિને પેલાનું વજન ૩૦૦ ગ્રામ પણ ઘટ્યું હોય! ત્યાર બાદ ફરીવાર એને મળશો ત્યારે તમે સંભાળીને, તાત્કાલિક તકેદારીથી વજન સિવાયની વાત માંડશો. જેમ કે 'હોનોલૂલૂમાં લૂ વાગવાનાં કારણ' કે પછી 'અમદાવાદનું નામ કર્ણાવતી ક્યારે થશે? ' જેવા કોઇપણ સાવ અલગ જ સવાલો કરશો, પણ ભૂલથીયે એના શરીર વિશે ૧ શબ્દ તો શું અક્ષર પણ બોલશો નહીં.

(ચોખવટઃ આ લેખ માત્ર મજા માટે છે, મેડિકલ સલાહ માટે નહીં ઓકે? ચાલો, હવે ગરમાગરમ જમવા બેસો)

**એંડ ટાઇટલ્સઃ**

આદમઃ ધર્મસંકટ એટલે શું?
ઈવઃ મારું વજન ઉતર્યુંને?
આદમઃ બસ બસ..સમજી ગયો. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**માની** ઇચ્છા પૂરી કરવાની પિન્ટોની વાતે પ્રિયાને માત્ર વિચારતી કરી એટલું જ નહીં, પણ વિચારને વેગ આપવાનું કામ કર્યું હતું. હકીકતમાં પિન્ટોએ એને કેબિનમાં બોલાવી ત્યારે પ્રિયા અભિ સાથે લગ્ન કરી લેવાના વિચારમાં ખોવાયેલી હતી જ. પ્રિયા અભિને મળવા સેટ પર પહોંચી ગઇ. મેક-અપ રૂમમાં મેક-અપ કરાવી રહેલા અભિની સાથે 'બદલતે રાસ્તે'નો ડાયરેક્ટર અશોક ટંડન અને કંવલ બેઠા હતા. અભિ કંવલને રોલ આપવાની ભલામણ કરી રહ્યો હતો ને ત્યાં દરવાજે બે ટકોરા મારીને પ્રિયા દાખલ થઇ.

'વોટ અ સરપ્રાઇઝ...ખુરસી ખેંચી લે' અભિ બોલી ઉઠ્યો.

'સોરીસોરી. આઇ થિન્ક આઇ ડિસ્ટર્બ્ડ યુ પીપલ.' પ્રિયા બોલી.

'અરે ના ભાઇ ના.....આવો આવો' અશોક ટંડને કહ્યું.

મેક-અપ દાદા અટકી ગયા. કંવલે પ્રિયાને પહેલીવાર જોઇ...એ અભિ સાથેના એના સંબંધની અટકળ કરતો એને જોતો રહ્યો.

'આપણે પછી વાત કરીએ.' પ્રિયાને થોડો ટાઇમ આપવાના આશયથી અભિએ ત્યાં બેઠેલા સૌને કહ્યું. ત્રણેય ઊભા થવા ગયા એટલે અભિ બોલ્યો: 'અરે તમે ત્રણેય બહાર જાઓ એના કરતાં અમે બંને બહાર જઇએ એ વધુ સારું રહેશે.' અભિ અને પ્રિયા બહાર નીકળીને અભિની કારમાં બેઠાં.

'અભિ, આપણે હવે લગ્ન કરી લઇએ. માની છેલ્લી ઇચ્છા પણ એ જ હતી....એ રાતે તું આવ્યો હોત તો મા પોતે જ તને વાત કરવાની હતી.'

'પ્રિયા, આપણે થોડી રાહ જોઇએ. બીજી એક પ્રપોઝલ આવી છે.' પ્રપોઝલ શબ્દ સાંભળીને પ્રિયા ચોંકી ગઇ.

'પ્રપોઝલ?' એણે પૂછ્યું.

'પોલિટિક્સ જોઇન કરવાની પ્રપોઝલ.' અભિએ કહ્યું.

'તો તું પોલિટિક્સ જોઇન કરવાનો..?' પ્રિયા બોલી.

'હા.....મેં નક્કી કરી લીધું છે.'

'તેં નક્કી કરી લીધું છે તો એને પ્રપોઝલ કેમ કહેવાય અભિ.?' પ્રિયાએ દલીલ કરી.

'આ દુનિયામાં પાવર ઓફ ફેમ અને પાવર ઓફ મની કરતાં વધુ પાવરફુલ જો કાંઇ હોય તો એ છે પાવર ઓફ પોલિટિક્સ' અભિના અવાજમાં અભિમાનનો રણકાર હતો.

'અભિ, તું જન્મજાત કલાકાર છો...જન્મજાત રાજકારણી નહીં.'

'જાણું છું, પણ હું વચ્ચે મળી જતી તકને જતી કરવા નથી માગતો.'

'તક ક્યારેક તકલાદી નીકળી શકે છે અભિ' પ્રિયાએ કહ્યું.

'એ તો સમય કહી શકશે...અત્યારે હું એટલું જ કહેવા માગું છું કે આપણાં લગ્ન મુલતવી રાખીએ.'

'તારી ફિલ્મની કરીઅર....રાજકારણ...આ બધું તું લગ્ન પછી પણ કરી જ શકીશ....એમાં હું વચ્ચે ક્યાંય નથી આવવાની.' પ્રિયાએ કહ્યું.

'મને થોડો વિચારવાનો ટાઇમ આપ.' અભિ બોલ્યો.

'અભિ, તારે વિચાર શેનો કરવાનો છે.? લગ્ન કરવા કે નહીં એનો કે ક્યારે કરવા એનો.?' પ્રિયાએ તર્કબદ્ધ સવાલ કર્યો.

'હું લગ્ન ક્યારે કરવા એનો વિચાર કરવા ટાઇમ માગું છું.' અભિનો સૂર તરડાયેલો હતો.

'ઓ....કે.... ટેઇક યોર ઔન સ્વીટ ટાઇમ' કહીને પ્રિયા કારમાંથી નીકળી ગઇ.

**********

રાજ્યના વિરોધ પક્ષના વિધાનસભ્ય હનુમંતરાવને દિલ્હીમાંથી ખબર મળ્યા કે અપ્પાસાહેબ અભિનય શ્રીવાસ્તવને રાજકારણમાં લાવવા માગે છે.

રાજકારણ એક દિમાગી ખેલ છે અને દાવપેચ વિનાનું રાજકારણ શક્ય નથી. વિરોધ પક્ષ યેનકેન પ્રકારેણ વિરોધ કરવાનું ચુકતો નથી...અને ક્યારેક વાત વ્યકિતગત રીતે વિરોધ જતાવવા કે દુશ્મન બનાવવા સુધી પહોંચતી હોય છે. અપ્પા સાહેબે ખેલેલા ખેલથી છંછાડાયેલા હનુમંતરાવે બીજો એક દાવ ખેલવાનું વિચાર્યું.

હનુમંતરાવે આદિલ ખાનને ફોન જોડ્યો. અને એ જ દિવસે આદિલ ખાન

હનુમંતરાવના આમંત્રણનું રહસ્ય જાણવાની ઉત્સુકતા સાથે એમના વિશાળ ડ્રોઇંગ રૂમમાં બેઠો હતો.

'ફરમાઇયે સાબ.....મેરે જેસે છોટે કલાકાર કો આપને યાદ કિયા.' આદિલ ખાન બોલ્યો.

'સૂના હૈ...ફિલમલાઇન મેં અભિનય શ્રીવાસ્તવ કર કે કોઇ તુમ્હારા હરીફ એક્ટર આ ગયા હૈ.' હનુમંતરાવે આદિલ ખાનની દુ:ખતી નસ પર હાથ મૂક્યો.

'હરીફ નહીં.....મેરા એક નંબર કા દુશ્મન હૈ.' આદિલ ખાનનો ઉકળાટ બહાર આવ્યો.

> 'આ દુનિયામાં પાવર ઓફ ફેમ અને પાવર ઓફ મની કરતાં વધુ પાવરફુલ જો કાંઇ હોય તો એ છે પાવર ઓફ પોલિટિક્સ.'

'ફિલમલાઇન મેં તૂમ ઉસકો ટક્કર દેતે રહેના. મૈં તુમકો ઓર તરીકે સે ઉસકો પછાડને કા મૌકા દે સકતા હું.'

'કેસે? ક્યા કરના હૈ મુઝે.? બતાઇયે.' આદિલ ખાન રાજકીય નેતાના ટેકાથી ખુશ થઇ ગયો.

'તૂમ હમારી પાર્ટી જોઇન કર લો.'

'ઉસ સે ક્યા હોગા' આદિલ ખાને પૂછ્યું.

'અભિનય શ્રીવાસ્તવ રૂલિંગ પાર્ટી જોઇન કર રહા હૈ...તૂમ હમારે સાથે જૂડ જાઓ......વો ઇલેક્શન લડેગા....તૂમ ભી લડના.'

સાંભળીને આદિલ ખાનનું લોહી ઉકળી ઉઠ્યું. બદલો લેવાની ભાવના તપવા લાગી.

'અભિ કો હરાને કે લિયે મૈં કૂછ ભી કરને કે લિયે તૈયાર હું.' હનુમંતરાવ કા તીર ઠીક નિશાને પર લગા થા.

**********

અભિ વિધિવત રીતે શાસક પક્ષમાં જોડાઇ ગયો અને આદિલ ખાન વિરોધ પક્ષમાં.....જે દિવસે અભિની પ્રેસ કોન્ફરન્સ યોજાઇ એ જ દિવસે હનુમંતરાવે આદિલ ખાનની પ્રેસ કોન્ફરન્સ યોજીને શાસક પક્ષ અને અભિને ચોંકાવી દીધા. બીજે દિવસે દરેક અખબારોએ મુંબઈના બે ટોચના લોકપ્રિય કલાકારોએ રાજકારણમાં ઝંપલાવવાના કરેલા ધડાકાના સમાચારો છાપીને આખાય દેશમાં સનસનાટી મચાવી દીધી. લોકો અને ખાસ કરીને અભિના ચાહકો અભિની બે ફિલ્મો 'ટક્કર કાંટે કી' અને 'બદલતે રાસ્તે'ની મજાકભરી ચર્ચા કરવા લાગ્યા. અભિના આ પગલાંથી અજાણ સીમા માટે આ સમાચાર ચોંકાવનારા હતા ને પ્રિયા અભિએ બદલેલા રસ્તાને લીધે નારાજ હતી.

**********

મોતીબાબુ બસ્તા શેઠના ઘરેથી નીકળ્યા પછી એણે આપેલી લાલચ વિશે વિચારતો રહ્યો. બડા પૈસા મિલેગા આ શબ્દો એના કાને વારેવારે અફળાતા રહ્યા. આ દુનિયામાં કોઇ મોટા રૂપિયા તાસક પર ધરી નથી દેતું. એની સામે કોઇ મોટું કામ કરાવી લેવાતું હોય છે અને મોતીબાબુ આ વાત બરાબર સમજતો હતો. એણે એ મોટા કામની રાહ જોવાની હતી. એક રાતે જોરાવરે એને બારમાં બસ્તા શેઠે કહેણ મોકલ્યું હોવાનું કહ્યું. મોતીબાબુની ઇન્તેજારીનો અંત આવ્યો.

'આજ રાત અફઝલ નામ કા એક લડકા તેરે રૂમ મેં રહેગા....ઉસને અલીબાગ મેં એક રિસોર્ટ કે માલિક કો ઉડાયા હૈ.....કલ સુબહ કલકતાવાલી ટ્રેઇન મેં બિઠા દેને કા......વો જમશેદપુર જાયેગા.' સામે બેઠેલા મોતીબાબુને બસ્તા શેઠે કહ્યું. મોતીબાબુએ એની જિંદગીમાં આવા ખતરનાક ધંધા વિશે સાંભળ્યું નહતું. એની સામે બસ્તા શેઠના ધંધાનું એક કાળુ પાનું ખુલી ગયું.

ચંદન ટેક્સી ડ્રાઇવર હતો......એની પાસે પણ પોતાની રૂમ હતી.....નક્કી એ આ ધંધામાં સંડોવાયેલો હોવો જોઇએ અને એટલે જ એનું મર્ડર....એણે ટીક ટીક કરતી વિચારોની સ્ટોપવોચ અટકાવી દીધી. ખતરનાક ખેલમાં પડવાના નિર્ધાર સાથે બોલ્યો: 'કહાં મિલેગા વો.?'

'સાત રસ્તા...દિલરૂબા રેસ્ટોરન્ટ.' બસ્તા શેઠે કહ્યું.

મોતીબાબુ ઉઠ્યો. બસ્તા શેઠે રૂપિયાના બંડલમાંથી થોડી નોટો કાઢીને એના હાથમાં મુકતા કહ્યું: 'અપના મૂહ બંધ રખના.'

**********

અભિને ઊંઘ આવતી નહતી. સીમા, પ્રિયા, પોલિટિક્સ અને આદિલ ખાનના વિચારોએ એના મનને ઘેરી લીધું હતું. સત્તાલોલુપતા અને રાજકારણમાં છવાઇ જવાની તાજી જન્મેલી મહેચ્છા એને ઝંપવા દેતી નહતી. હરીફાઇમાં આદિલ ખાનને હંફાવવાની જીદે એને જકડી લીધો હતો. એની આંખોના પડદા સામે સીમા અને પ્રિયાની સ્લાઇડ વારાફરતી ફરી રહી હતી. પ્રિયાએ લગ્નની વાત છેડ્યા પછી અભિના મનમાં ભયંકર ઉચાટ હતો. સીમા સાથેનો છેલ્લો સંવાદ....એના શબ્દો મનમાં ઘૂમી રહ્યા હતા. શું એ રાતે સીમાના પડખાંમાં શેષ જીવન સાથે ગાળવાની પ્રબળ ઇચ્છા અને લાગણીના પ્રવાહમાં બોલાયેલા એ શબ્દો ફિલ્મી હતા.? બંને સ્ત્રીઓએ એના જીવનમાં ભજવેલી ભૂમિકાઓથી એ પૂરેપૂરો વાકેફ હતો. બંનેનું મહત્ત્વ એ જાણતો હતો. સીમાએ એને મુંબઈની ધરતીમાંથી એક ટુકડો આપ્યો....પ્રેમ આપ્યો...આખું શરીર સોંપી દીધું...ને પ્રિયા એની ઇમોશનલ સપોર્ટ સિસ્ટમ બની રહી.....એ સપોર્ટ સિસ્ટમના પગથિયાં ચડીને અભિએ ફિલ્મની કારકિર્દી ઘડી. પ્રિયાની વાતે અભિ માટે નિર્ણાયક ઘડી ઊભી કરી હતી. અભિ સીમા સાથે લગ્ન કરશે કે પછી પ્રિયા સાથે લગ્ન કરીને સીમાને છેહ દેશે.? અભિની સામે બે ફિલ્મો છે....જેમાંથી એણે એક સાઇન કરવાની છે. બંને ફિલ્મો પોતપોતાની રીતે ઉત્તમ છે. બંનેની કથાવસ્તુ શ્રેષ્ઠ છે...બંનેની વાર્તા મજબૂત છે....પટકથા ચોટદાર છે બંનેમાં સંવેદના છે...બંને લાગણીસભર છે. માર્ગમાં આવતી કોઇપણ વ્યકિતનો પગથિયું બનાવી ઉપયોગ કરવો સરળ હોઇ શકે છે, પણ સ્ત્રીનો ઉપયોગ કરવો સહેલું નથી......અભિની જીવંત ફિલ્મમાં બે સક્ષમ સ્ત્રીઓની મજબૂત ભૂમિકા હતી.

અભિ એક ફિલ્મ સાઇન કરશે તો બીજી આપોઆપ ઠુકરાઇ જશે. ત્યાર પછીના સિનારિયોમાં આ એક સંવાદ ફીટ બેસે છે: 'બે સ્ત્રીઓ વચ્ચેનો પુરૂષ ઝૂલતો નહીં, પણ ઝૂરતો હોય છે.' (ક્રમશ:)■

ફોકસ

અંતરા પટેલ
feedback@bombaysamachar.com

# જીવનમાં જો પ્રેમ જોઇએ છે તો ડિજિટલ જ્ઞાનના ભરોસે ના રહો



**તાજેતરમાં** જ મારા મિત્રો સાથેની મુલાકાત દરમિયાન મને અનુભવ થયો કે તે ડેટિંગ પ્રક્રિયાના કારણે વધુ વ્યાકુળ અને મૂંઝવણમાં છે. હું જાણુ છું કે ઘણું બધું બદલાઇ ગયું છે અને લોકો વધુ વોકલ અને ખૂબ જલદી બીજા અંગે નિર્ણય લેનારા થઇ ગયા છે. હું એ પણ જાણું છું કે આ ખૂબ અસહજ હોઇ શકે છે. પરંતુ એ વાતને સ્વીકાર કરવામાં મદદ મળી શકે છે કે રોમેન્ટિક સંબંધનો અર્થ કોઇ અન્ય નવા વેન્ચરના અર્થથી અલગ હોતો નથી. કોઇ પણ ચીજની શરૂઆત ઉત્સાહ, ફોક્સ, ઉતાવળ, જીજ્ઞાસા, ગભરાહટ અને સાવધાનીથી થાય છે. પછી જ્યારે ચીજો સ્થિર થવા લાગે છે તો આરામ પ્રસરવા લાગે છે. જો તમે નસીબના બળિયા છો તો સ્થિરતા અને આત્મવિશ્વાસના સ્તર સુધી પહોંચી જાય છે. ડેટિંગના સંદર્ભમાં આ સ્તરોમાં પરિવર્તન ધીમે ધીમે એક પછી એક થવું જોઇએ. જ્યારે બે વ્યક્તિ એકબીજાને ઓળખવા લાગે છે, એકબીજાના નખરાઓ અને આદતોને સહન કરવા લાગે છે અને એટલો પ્રેમ થઇ જાય છે કે ગુસ્સા અને મૂડને પણ સમજવા લાગે છે.

વાસ્તવમાં ડેટિંગના શરૂઆતના સ્ટેજમાં ઉતાવળ કરવાથી મનમાં ડર અને મૂંઝવણનો પ્રવેશ થાય છે. કોર્ટશિપ ફેઝમાં સમર્પિત સંબંધની આશા કરવી એવું હોય છે કે જેમ કાદવને ચાલતા ચાલતા પાર કરવું. તેમાં નુકસાન પણ થઇ શકે છે. તમે વધુ આશા રાખવા લાગો છો. ચોંટેલા રહો છો અથવા બેદરકાર થઇ જાવ છો. મારી એક મિત્રનું કહેવુ છે કે તે એક સીમા સુધી પરફેક્ટ હોવાનો દેખાવ કરી શકે છે. આ સારી વાત નથી કારણ કે સંબંધમાં દેખાડો તો હોવો જ ના જોઇએ. તમે જેવા છો, તેવા જ રહો, પોતાને અલગ કરવાનો પ્રયાસ ના કરો. આ સત્ય છે કે શરૂઆતના ડેટ્સ દરમિયાન તમે તમારી જાતને સારી રજૂ કરવા માટેના પ્રયાસો કરો છો, પરંતુ તમામ લોકો એ વાતને જાણે છે કે કોઇ આટલું સારું અથવા રસપ્રદ દયાળુ હોઇ શકે નહીં. પરંતુ એમ માનીને ચાલવું જોઇએ કે જે ગુણ બતાવવામાં આવી રહ્યા છે તે વ્યક્તિમાં હાજર છે. કોઇ વ્યક્તિ એક ચહેરા પર બીજો ચહેરો લગાવીને જીવી શકતો નથી.

આખરે ડેટ્સનો ઉદ્દેશ્ય એકબીજાને ઓળખવાનો હોય છે. જો બે વ્યક્તિઓ એકબીજાને ફક્ત બનાવટી રીતે જોવે છે તો રોમાન્સનો દીપક કેવી રીતે સળગાવી શકાય છે. અને તેને સળગતો કેવી રીતે રાખી શકાય છે. વ્યક્તિ નકાબ કેમ લગાવે છે? તે પણ પોતાનામાં એક રહસ્ય છે. પરંતુ હું સમજુ છું કે લોકો ક્લિકબેટ રિલ્સ અને ઓનલાઇન વાર્તાઓના આધાર પર એમ માની લે છે કે શું પસંદ કરવામાં આવે છે અને શું પસંદ કરવામાં આવતું નથી. પછી તેવું જ પોતાને રજૂ કરવાનો પ્રયાસ કરે છે. જ્યારે તે તેવા હોતા નથી. આ પ્રકારનું કન્ટેન્ટ નવું નથી. અફસોસ આ પ્રકારની વાતોને યુવા ગંભીરતાથી લે છે. આજે કન્ટન્ટ સરળતા અને નિરંતરતાથી મળે છે, પરંતુ સત્ય એ છે કે આ અર્થહીન હોવાની હદ સુધી જેનરિક છે. તેનાથી ક્યારેય કોઇ ફાયદો થયો નથી.

મારો એક મિત્ર છે જે ૨૫ વર્ષનો છે અને એક કંપનીમાં મેનેજર છે. તેની ડેટિંગ લાઇફ ખૂબ એક્ટિવ છે, પરંતુ તે તમામ તેની પ્રથમ ડેટ્સ છે. તે કહે છે કે કોઇ પણ ફરી આવતી નથી. જો કે ખૂબ સારો છે. વાસ્તવમાં તેણે 'સારાને' ખોટું સમજી લીધું છે. તેણે એક ઓનલાઇન લેખ વાંચ્યો હતો કે જેમાં સલાહ આપવામાં આવી હતી કે આજની મહિલાઓ આશા રાખે છે કે પુરુષ હંમેશાં વાતને સમજે તેવો હોવો જોઇએ. એટલા માટે વર્ષ સુધી એવું થતું રહ્યું છે કે ડેટ્સ પર મોડા આવતી, સાંજે મોટાભાગનો સમય ફોન યુઝ કરતી અથવા આવતી જ નહીં અને તે કોઇ ફરિયાદ કરતો નથી. જે છોકરીઓ આવતી નહીં. તે અનેક દિવસ પછી ફરીથી સંપર્ક કરતી હતી અને તે કહેતો કે ફરીથી મળવાનો કાર્યક્રમ નક્કી કરવાથી તેને ખુશી મળશે. તે ઓનલાઇન લેખનું કેમ પાલન કરી રહ્યો હતો. એવી શું મજબૂરી હતી? તેણે લેખની એવી વ્યાખ્યા કેમ કરી? હું વાત કરી રહી છું કે એક વ્યક્તિ ખુશી અથવા ઉદાસી અને નિરાશામાં પોતાને કેવી રીતે વ્યક્ત કરી શકે છે. વાસ્તવિક મુદ્દો સંતુલનનો છે. તેનાથી જ ડેટિંગ સંસારમાં ફસાયેલા વ્યક્તિઓ માટે ત્રણ સૂચનો મળે છે. એક ઇમાનદારી અને સંતુલનનું લક્ષ્ય રાખો. જેનાથી તે બધુ સરળ લાગવા લાગે છે. બીજું, આવશ્યકતાથી વધુ ના વિચારો. તર્ક અને શાલીનતાથી પ્રેરાવ નહીં. સંભાવના છે કે તમને બધુ સરળ લાગવા લાગશે. ત્રણ, યોગ્ય અને ખોટા મામલામાં ઇન્ટરનેટ ગુરુ પર વિશ્વાસ ના કરો. હું શરત લગાવી શકું છું કે માનવ ઇતિહાસમાં આ પ્રકારે કોઇને પણ પ્રેમ મળ્યો નથી. ■

આકાશ મારી પાંખમાં

કલ્પના દવે
feedback@bombaysamachar.com

# તમસો મા જયોતિર્ગમય

**મુંબઈના** પશ્ચિમ પરામાં આવેલા કુરાડવિલેજમાં રહેતી સુશીલા નૈયરના જીવનની આ હૃદય વિદારક સત્ય હકીકત છે. મોહિત નૈયર એક કંસ્ટ્રકશન કંપનીમાં સુથારીકામ કરે છે. એક તરફ કારમી મોંઘવારી અને ટૂંકી આવક તો બીજી તરફ કૌટુંબિક જવાબદારી અને જીવનમાં આગળ વધવાના સોનેરી સપનાં.

કોલેજમાં ભણતી હતી ત્યારે સુશીલાએ પણ પોતે ખૂબ ભણીને સારું કમાશે એમ નક્કી કર્યું હતું. પણ,નસીબે સાથ ન આપ્યો, તેના પિતાનું આકસ્મિક અવસાન થતાં માતાએ તેનું ભણતર છોડાવીને પરણાવી દીધી. સાસરીમાં મીના નાની નણંદ, વૃદ્ધ સાસુમા અને ઓછું ભણેલા પણ સમજુ અને પ્રેમાળ પતિ મોહિત.

સંગીત-નૃત્યની વિશેષ તાલીમ લેનાર સુશીલા કોલેજના બીજા વર્ષમાં હતી ત્યારે જ તેના લગ્ન થયાં પરિણામે અભ્યાસ છોડવો પડ્યો. વૃદ્ધ સાસુમાની સેવા અને કૌટુંબિક જવાબદારી એ જ એની દુનિયા. પતિ મોહિતની ટૂંકી આવકમાં એક સુલક્ષણા પત્નીની જેમ રહેતી સુશીલા સાસુની લાડકી વહુ તો નણંદ મીનાની પ્રેમાળ ભાભી બની ગઈ. પતિની ઓછી આવકની સમસ્યા દૂર કરવા બપોરના સમયે સુશીલા ટ્યુશન કરતી.

સુશીલાને હવે સારા દિવસો જાય છે એ જાણીને ઘરમાં બધા ખુશ હતા. સાસુમા તો સુશી વહુને ઓછાવાના કરતા. કોઈએ કહ્યું- મહાલક્ષ્મી માતાની બાધા રાખો, રૂડો-રૂપાળો કાનકુંવર આવશે. સુશીએ કહ્યું- મા, ખોટી બાધા-આખડી કરતાં નિર્મળ ભાવે આપણે પૂજા કરીશું. તેના મનમાં હતું કે મહારાજને બોલાવો, એ કહે તે બધું કરવામાં ખર્ચો થાય એટલે કહ્યું- મા, તમારા આશિષ અમારે માથે છે. પછી શું ચિંતા?

સુશીલા આવનાર બાળક માટે ઘરખર્ચમાંથી વધુ પૈસા બચાવતી. સાતમો મહિનો બેઠો હશે ત્યારે તેને વધુ નબળાઈ વરતાવા લાગી પણ એ કોઈને કહેતી નહીં. એક સાંજે શાક લેવા એ બજારમાં ગઈ હતી ત્યાં એને ચકકર આવી ગયા, એ શાકભાજીની લારી પાસે જ બેસી પડી. એક બહેન તેને રિક્ષામાં બેસાડી ઘરે લાવ્યાં. મીનાએ કહ્યું- ભાભી, હવે તમે કંપલીટ આરામ કરો, હું ઘરનું કામ સંભાળીશ. બીજે દિવસે ડોકટરે પણ કહ્યું- તમે નસીબદાર છો કે બાળક સ્વસ્થ છે, પણ તમારે હવે વધુ શ્રમ લેવો નહીં કે માનસિક ટેન્શન રાખવું નહીં. નવમો મહિનો ઊતરતાં જ સુશીલાએ સુંદર દીકરાને જન્મ આપ્યો જેનું નામ પાડ્યું શિવમ. નાના શિવમે તો ઘરને ગોકુળ બનાવી દીધું.



શિવમ પાંચ વર્ષનો થયો ત્યારે સુશીલાએ પડોશમાં રહેતા ચાલીમાં રહેતા ૧૫છોકરાંઓ માટે એક મીની પાર્ટી રાખી. તે દિવસે શિવમે ખૂબ મજા કરી. બાજુમાં રહેતા રામુભાઈએ નાના સ્પીકર પર સરસ ગીતો વગાડ્યા, આ બચ્ચા પાર્ટીમાં બધા ખૂબ નાચ્યા. દાદીમાએ પણ ઠુમકા લીધા. શિવમ તો પપ્પાની રાહ જોતો હતો. પપ્પા રાત્રે સાડા આઠ વાગે આવ્યા. તેમના હાથમાં લાલ રમકડાંની બેટરીવાળી કાર જોઈને શિવમ એ કાર ચલાવવા લાગ્યો. મમ્મી-પપ્પાની વચ્ચે ઊભા રહીને બર્થડે બોય રાજકુમાર જેવો શોભતો હતો. શિવમે કેક કાપી ત્યારે એ નાનો ઓરડો હેપી બર્થ ડે ટુ યુના હર્ષોલાસથી ગૂંજી ઉઠ્યો.

એ જ રાત્રે ૧૧વાગે રસોડામાં કામ કરતાં સુશીલાને આંખે અંધારા આવ્યા ને એ ત્યાં જ ઢળી પડી. તેને માંડ માંડ પલંગ પર સુવડાવી, એના હાથ-પગ જકડાઈ ગયા હતા. એ ચકરવકર આંખે જોતી હતી, એને બોલવું હતું પણ તે બોલી શકતી નહીં.

મીના તરત પાસે રહેતા ડોકટર અજય ત્રિપાઠીને બોલાવી લાવી.

આવા ચક્કર તમને પહેલાં કોઈ વાર આવ્યા હતા કે આજે જ આવ્યા? મને આ સ્થિતિ જરા ગંભીર લાગે છે. જુઓ, હમણાં હું એક ઈંજેકશન આપું છું. પણ, સુશીબેનને કોઈ મોટા સ્પેશિયાલીસ્ટ ડોકટર પાસે લઈ જવા પડશે.

ડો.ત્રિપાઠીએ મલાડમાં આવેલી મલ્ટીસ્પેશિયાલીસ્ટના ન્યુરોલોજીના ડોકટરને ચિઠ્ઠી લખી આપી. પછી મોહિતને નજીક બોલાવી કહ્યું:- કદાચ, મોટું ઓપરેશન કરાવવું પડે એવું જણાય છે. મોટો ખર્ચ કરવો પડે તો તું મૂંઝાતો નહીં, હું કોઈ ચેરીટેબલ સંસ્થા તરફથી પૈસા લાવીશ. પણ, સુશીબેનને સારી ટ્રીટમેન્ટ આપીશું. મોહિતે પોતાના પાડોશી મિત્ર ડોકટરના ખભે માથું મૂક્યું, ત્યારે પોતાના આંસુ ખાળી ન શક્યો. મોહિત તું ચિંતા ન કર, હું તારી સાથે જ છું.

એકાદ કલાક પહેલાં પાર્ટીમાં ઝૂમતું કુટુંબ ચિંતાના વાદળમાં ઘેરાઈ ગયું.

બીજે દિવસે સવારે સુશીલા ઊઠી ત્યારે તેના આંખના પોપચા સુજેલા હતા, તેનું માથું ભમતું હતું. એણે અડધો કપ ચા સાથે બે બિસ્કિટ માંડ માંડ ખાધી.

સવારે નવ વાગે મોહિત અને મીના સુશીલાને લઈને મોટા ડોકટર પાસે ગયા.

મોહિતે ઘરમાં હતી એ રોકડ રકમ લીધી. મીનાએ કહ્યું-લે, ભાઈ આ મારા બચાવેલા ૫૦૦૦ રૂપિયા છે. હું તારી સાથે જ છું. મારી ભાભી જલદી સાજી થઈ જશે. ડોકટર જે કાંઈ કહે તે આપણે સમજવાનું, અને ન સમજાય તો પૂછવાનું. ચાલ, હવે રિક્ષા આવી ગઈ. મીનાનો હાથ પકડી સુશીલા માંડમાંડ રિક્ષામાં બેઠી ત્યારે નાનો શિવમ ગંભીર હતો અને માએ સુશીના માથે હાથ ફેરવતાં કહ્યું- મારી અંબામા તારી રક્ષા કરે.

ડોકટર મિત્ર ત્રિપાઠી પણ હાજર હતા. મોટી હોસ્પિટલના ડોકટરે સુશીને તપાસતા કહ્યું- કેટલાક રિપોર્ટ કઢાવવા પડશે.

માથામાં સખત દુખાવો, આંખે ઝાંખપ, ચક્કર આવવા અને નેકપેન જેવાં લક્ષણોમાં સુશીલાના સી.ટી.સ્કેન અને એમ.આર.આઈના રિપોર્ટ પરથી સુશીલાના મગજમાં ત્રણ ગાંઠ હોવાનું નિદાન થયું. ડૉકટરે તાત્કાલિક ઓપરેશનની સલાહ આપી.

આ ઓપરેશન મોટું અને ગંભીર છે, અને જલદી કરાવવું જોઈએ. સ્પેશિયાલીસ્ટ ડોકટરે કહ્યું. ઓપરેશન કરતાં લગભગ સાડા ત્રણથી ચાર કલાક લાગશે, આસિસ્ટંટ ડોકટરે કહ્યું. મારી સુશીલા સાજી તો થઈ જશેને મોહિતે તૂટક અવાજે કહ્યું.

આસિસ્ટંટ ડોકટરે જયારે કહ્યું:- લગભગ સાડા ત્રણ લાખ ખર્ચ થશે. આ સાંભળતા મોહિતે કહ્યું-સાહેબ અમને આ ખર્ચ કેવી રીતે પોષાય-

જુઓ, હું થોડી રાહત પેશંટ રીલીફ ફંડમાંથી કરાવીશ. હમણાં તાત્કાલિક અડધી રકમ ભરવી પડે.

ડો. ત્રિપાઠીએ પોતાના ખાતામાંથી તરત દોઢ લાખની રકમ ઓનલાઈન હોસ્પિટલના નામે ટ્રાન્સફર કરી.સોમવારે ૮વાગે ઓપરેશન કરવાનું નક્કી થયું.

નાનો શિવમ મંમા. મંમાની રટ લગાવતો હતો, સાસુમા સુશીલા જલદી ઘરે આવે એની રાહ જોતા હતા, જયારે મોહિત અને મીનાએ આ નવા જંગ સામે લડવા તૈયાર રહેવાનું હતું. જયારે હોસ્પિટલના બિછાના પર કુટુંબની લાડકી સુશી ભવિષ્યના અંધકારમાં ભટકી રહી હતી.

આખરે સોમવારે સવારે ૮.૩૦ કલાકે સુશીલાના બ્રેનટ્યુમરનું ઓપરેશન શરૂ થયું. મોટા ડોકટર સાથે ત્રણ મદદનીશ ડોકટર અને ત્રણ નર્સ ઓપરેશન થિયેટરમાં હતાં. સામે દરદીઓના સગાવહાલાના કક્ષમાં મોહિત-મીના-મા અને નાનો શિવમ ગંભીર ચહેરે બેઠા હતા.

ઓપરેશન થિયેટરની લાલ લાઈટ મોહિતને આજે ભયાવહ લાગતી હતી એકાદ કલાક પછી અચાનક એક ડોકટર બહાર આવ્યા ત્યારે ડો.ત્રિપાઠીને પણ બાજુની કેબિનમાં લઈ ગયા. બીજી હોસ્પિટલમાંથી કોઈ નિષ્ણાત ડોકટરની મદદ જરૂરી હતી. એ ડોકટરે પંદર મિનિટમાં આવવાનું કહ્યું. ખારની મોટી હોસ્પિટલના એ નિષ્ણાત ડોકટરને આવતાં પોણો કલાક થઈ ગયો. ડો,ત્રિપાઠી ચિંતામાં ડૂબી ગયા.

ઓપરેશન પૂરું થતાં ડોકટરે જરૂરી સૂચના આપી. હવે ૬-૭ કલાકે પેશન્ટ ભાનમાં આવે એટલે મને જણાવજો.

સાંજે પાંચ વાગે સુશીલા ભાનમાં આવી અને નિષ્પલક નેત્રે મોહિત સામું જોઈ રહી. એના મોઢામાંથી શબ્દો નીકળતા ન હતા. મીનાનો હાથ ઝાલી એ શિ-શિ મ ત્રુટક સ્વરે બોલી.

હમણાં આવશે- મીનાએ કહ્યું.

સુશીલા ચકર-વકર જોવા લાગી. મોહિત સામે જ હતો પણ એ કશું જ ન બોલી.

સુશી, સુશી તને કેમ છે- બહુ બોલતી નહીં તને થાક લાગશે. મોહિતે કહ્યું.

મોહિત એના ઓશિકા પાસે ઊભો હતો, ત્યારે સુશીએ મીનાનો હાથ ઝાલી રાખતાં પૂછ્યું-મોહિત કેમ દેખાતા નથી.

ત્યાં જ મોટી નર્સ દવા આપવા આવી એણે જોયું કે પેશન્ટ પાણીનો પ્યાલો પકડવા આમતેમ હાથ હલાવે છે. એની નજર સ્થિર નથી. એણે તરત આસિસ્ટંટ ડોકટરને બોલાવ્યા. એમણે પણ જોયું કે પેશન્ટના વિઝનમાં પ્રોબલેમ છે. ઓપરેશન થયાને આઠ દિવસ થઈ ગયા. સુશીલાનું ઓપરેશન તો સારું થઈ ગયું, પણ એની દ્રષ્ટિ ચાલી ગઈ.

ઓપરેશનના દસમે દિવસે મોટા ડોકટરે સુશીલાને તપાસતાં કહ્યું- ઓપરેશન તો સરસ થયું છે, પણ એમની દ્રષ્ટિ જતી રહી એમનું અમને ભારે દુ:ખ છે.

સાહેબ, સુશીલાના દ્રષ્ટિ શા માટે જતી રહી, હું પણ મેડિકલ પ્રેક્ટીશનર છું. ડો. ત્રિપાઠીએ પૂછ્યું.

અમે આજે આંખના સ્પેશિયાલીસ્ટને બોલાવ્યા છે. તે જણાવશે.

આંખના ડૉકટરે જણાવ્યું- કે ઓપરેશનના સમય વખતે કોઈ પ્રોબલેમને લીધે તેમના મગજના પાછલા ભાગની એક નસ દબાઈ ગઈ છે. એટલે વિઝન નથી. ઘણી વાર થોડા વખત પછી દેખાવા લાગે. અને ન જ દેખાય તો ઓપરેશન કરી શકાય. પણ, કેટલું- કેવું દેખાય તે કહી ન શકાય. આવામાં પેશન્ટને કોઈ વાતે ટેન્શન ન થવું જોઈએ. આપણે બે મહિના પછી આંખનું ઓપરેશન કરીએ એવી મારી સલાહ છે.

હવે સુશીલાની વેદના અકથ્ય હતી. ઘરનું કામ કરી ન શકે. ઓપરેશનનો મોટા ખર્ચ માટે ડો.ત્રિપાઠીના પૈસા પરત કેવી રીતે થશે. ઘરડા મા પર કામનો બોજો કેમ નખાય, મોહિત એક મહિનાથી કામ પર ગયા નથી, કોન્ટ્રાકટર મજૂરી નહીં આપે- મીના એકલી શું કરશે, સૌથી મોટી હૈયું વલોવી નાંખે તેવી વાત મારા શિવમને હું ખવડાવી શક્તી નથી, એ સ્કૂલે જાય, આવે- ભણે, એ રમે-મસ્તી કરે મને કશું ન દેખાય. મારા શિવમને કેવી રીતે જમાડું, હું ખવડાવું ત્યારે જ એ જમે છે..મા, કેટલું સમજાવે છે પણ એ બરાબર ખાતો નથી. હે,પ્રભુ આ તે કેવી સજા.

એક મહિના પછી મોટા ડોકટરને બતાવવા ગયા, ત્યારે મોટા ડોકટરે કહ્યું- સુશીલાને હવે સારી રુઝ આવી ગઈ છે. અને, મારા મિત્ર જે આંખના સ્પેશિયાલીસ્ટ છે, તેઓ સુશીલાનું આંખનું ઓપરેશન કરશે. તમારે એનો કોઈ ખર્ચ આપવાનો નથી. હોસ્પિટલના ડોનર ફંડમાંથી અમે કરીશું.

સુશીલાને એની નેત્રજયોત ફરી મળશે ને? તમસો મા જયોતિર્ગમય. ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# સુંદરતાનું સાયન્સ : કથ્થઈ આંખોવાલી એક લડકી...



થોડા દિવસ પહેલાં પ્રયાગરાજના મહાકુંભમાંથી એક બેહદ ખૂબસૂરત યુવતીની તસ્વીરો અને વીડિયો દેશ-દુનિયામાં વાઈરલ થયા હતા. દેશના સૌથી સ્વચ્છ શહેર ઇન્દોરથી પોતાના પરિવાર સાથે મહાકુંભ પહોંચેલી મોનાલિસા નામની આ છોકરી ત્યાં રુદ્રાક્ષની માળાઓ વેચી રહી હતી  ત્યારે અમુક યાત્રાળુઓનું એના પર ધ્યાન ગયું હતું.

‘કથ્થઈ આંખોવાલી’ આ છોકરીના ઘાટીલા નાક-નકશા, શ્યામ ત્વચા અને વિશિષ્ઠ રીતે બોલવાની શૈલીથી લોકોએ એની સરખામણી લિઓનાર્ડો દ વિન્ચીના જગપ્રસિદ્ધ પેન્ટિંગ ‘મોનાલિસા’ સાથે સરખામણી કરી હતી. જે લોકો એ છોકરીની વીડિયો ક્લિપ્સ જોતા હતા એ બધા  એની અસાધારણ સુંદરતાના પ્રેમમાં પડી જતા હતા. કુંભમાં લોકો એની સાથે સેલ્ફી પડાવતા હતા અને એની પાછળ પાછળ જતા હતા.

મોનાની સુંદરતા જોઈને એક યુઝરે લખ્યું હતું, ‘સુંદર છોકરીઓ ગરીબ ઘરોમાં જ જન્મે છે.’ અન્ય એક યુઝરે લખ્યું : ‘એની આંખો છે કે સમંદર! અભિનેત્રીઓ પણ પાણી ભરે.’ ત્રીજા યુઝરે લખ્યું હતું : ‘ઉપરવાળો આટલી ખૂબસૂરતી કોઈક ગરીબને જ આપે.’ અમુક લોકોએ એને સ્વર્ગની અપ્સરા ગણાવી હતી.

મોનાએ એક વીડિયોમાં કહ્યું હતું :‘મેં જીવનમાં પહેલીવાર મારી આસપાસ આટલી ભીડ જોઈ છે. હું બે ડગલાં ચાલુ તો પણ લોકો ઘેરી વળે છે અને બૂમો પાડે છે. હું તો ડરી ગઈ કે આટલા બધા લોકો મારું નામ લઈને ચીસો પાડે છે.... હું તો રુદ્રાક્ષ વેચવાવાળી એક સામાન્ય છોકરી છું.’

કોઈને આમાં ગાંડપણ લાગી શકે, પરંતુ સુંદરતા તરફ આકર્ષિત થવું ઈન્સાની ફિતરતમાં છે. સુંદર ચીજો આપણું ધ્યાન ખેંચે છે, ચાહે તમે ઈચ્છો કે ના ઈચ્છો. અંગ્રેજીના મશહૂર કવિ જ્હોન કીટ્સે એમની એક કવિતામાં લખ્યું હતું કે A thing of beauty is joy forever- એક સુંદર વસ્તુ સદૈવ સુખદ હોય છે.

ગદ્ય હોય કે પદ્ય, પ્રાચીન હોય કે આધુનિક, સ્ત્રીઓની સુંદરતા વિશેની વાર્તાઓથી સાહિત્ય ભરેલું પડ્યું છે. આજના યુગમાં શારીરિક સુંદરતા મેળવવા માટે સંઘર્ષ કરવો પડે છે. વિશ્વભરમાં તેની સ્પર્ધાઓ યોજાય છે. એમના માટે સૌંદર્યનાં ધોરણો નક્કી કરવામાં આવ્યાં છે. એટલા માટે, મોના જેવી સહજ અને પ્રાકૃતિક ખૂબસૂરતીથી લોકો અંજાઈ જાય તે પણ સ્વાભાવિક છે.

એવું કેમ થતું હશે?

‘યુનિવર્સિટી કોલેજ લંડન’ ના  બે વિજ્ઞાની, તોમોહિરો ઈશિઝૂ અને સેમિર ઝેકીએ, એકવાર તેનો ન્યુરોલોજીકલ જવાબ શોધવા પ્રયાસ કર્યો હતો. એમણે એક પ્રયોગમાં ૨૧ સ્વયંસેવકોના મગજના MRL  સ્કેન લીધા હતા. સ્કેનિંગ મશીનમાં દરેકને વારાફરતી ૩૦ પેન્ટિંગ બતાવવામાં આવ્યાં હતાં અને કાનમાં ૩૦ પ્રકારના સંગીતના સૂર વગાડવામાં આવ્યા હતા. તે વખતે એમના મગજમાં રક્તચાપ કેવો થાય છે અને મગજનો કયો હિસ્સો સક્રિય થાય છે તે નોંધવામાં આવ્યું હતું. સ્વયંસેવકોએ પોતે જે જોતા હતા અને સાંભળતા હતા તેને ત્રણ શબ્દોથી વર્ણવવાનું હતુંઃ સુંદર- મામૂલી અને અરુચિકર.

સ્કેનરે નોંધ્યું હતું કે જ્યારે સુંદર ઈમેજ જોવામાં આવતી હતી અથવા મધુર ધૂન સાંભળવામાં આવતી હતી ત્યારે મગજનો એક નિશ્ચિત હિસ્સો સૌથી વધુ ચમકી જતો હતો- તેને ‘ઓર્બોટોફ્રન્ટલ કોર્ટેક્સ’ કહે છે. કપાળની વચ્ચે પાછળના ભાગમાં આવેલું કોર્ટેક્સ નિર્ણયશક્તિ, એકાગ્રતા અને એક્શન સાથે જોડાયેલું છે. આ અંગ લાગણીઓ, અનુભૂતિઓ અને આનંદ સાથે પણ સંકળાયેલું છે.

ટૂંકમાં, સુંદરતાનો સીધો સંબંધ આપણી ન્યુરોલોજી સાથે છે. સુંદરતા જોનારની આંખમાં છે તેવા એક જાણીતા કથનને બદલીને એવું કહી શકાય કે સુંદરતા જોનારના મગજમાં છે. અર્થાત, મોનાને જોયા પછી મગજમાં ‘ઘંટડી’ ના વાગે  તો જ નવાઈ!

અહીં એક પ્રશ્ન થાય છે :  કુદરતે જગતમાં સુંદરતા કેમ મૂકી છે? ચાહે પ્રકૃતિનો વૈભવ હોય અથવા માનવીય સંસાર હોય, તેમાં સુંદરતાનું અસ્તિત્વ કેમ છે? ચિંતકો, કલાકારો અને વિજ્ઞાનીઓ સદીઓથી આ પ્રશ્ન પર ચર્ચા કરી રહ્યા છે.

આપણે કેમ ખાઈએ છીએ તેનો જવાબ સ્પષ્ટ છેઃ તેનાથી કેલરી મળે છે અને તે આપણા જીવતા રહેવા માટે જરૂરી છે, પરંતુ સુંદરતાને જોવાથી આપણને કોઈ પોષણ નથી મળતું. સુંદરતા એક ચીજ કરે છેઃ આપણે આંખનું મટકું માર્યા વિના તેને તાક્યા કરીએ છીએ.

વિજ્ઞાનીઓ કહે છે કે ના, સુંદરતા પણ આપણા જીવતા રહેવા (સર્વાઈવલ) માટે છે. એમનો તર્ક એવો છે કે સુંદરતા વાસ્તવમાં તંદુરસ્તીની નિશાની છે. માણસ જ્યારે જંગલમાં રહેતો હતો ત્યારે સુંદર દેખાતાં ફળ-ફૂલ તોડીને ખાતો હતો, કારણ કે તે પાકેલાં અને તંદુરસ્ત હતાં. તે સુંદર દેખાતાં મેદાનો કે પહાડીઓ પર દોડી જતો હતો,   જેથી ત્યાં જીવ બચી જાય.

એ જ કારણથી માણસોમાં પણ સુંદરતા છે. ઉત્ક્રાંતિક સાઈકોલોજી કહે છે કે, જે લોકોનાં જીન્સ ઉત્તમ હોય એ લોકો દેખાવે આકર્ષક પણ હોય. શારીરિક સુંદરતા તંદુરસ્ત જીન્સ અને બુદ્ધિનો બાહ્ય સંકેત છે. અને પુરુષનાં જીન્સ હંમેશાં તંદુરસ્ત ‘કેરિયર’ ની શોધમાં હોય છે  એટલે એમના માટે સ્ત્રીને જોઇને પ્રભાવિત થવું કુદરતી છે. સ્ત્રી જેટલી વધુ સુંદર, એના તરફ એટલું ધ્યાન વધુ.

જીવશાસ્ત્રમાં ‘બાયોલોજીકલ ઓર્નામેન્ટ્સ’  નામનો શબ્દ છે. ધારણા એવી છે કે પ્રાણીઓ શારીરિક સજાવટ જોઈને એકબીજા પ્રત્યે આકર્ષાય છે, જેમ કે રંગ, કેશવાળી, પૂંછડીઓ, પીંછાં વગેરે. સુંદરતા એક પ્રાકૃતિક સંકેત છે કે આ  ઓર્નામેન્ટ્સ પેદા કરનાર વિજાતીય જીવનું શરીર તંદુરસ્ત છે  અને જીન્સને બીજી પેઢીમાં સફળતાપૂર્વક લઇ જવા  સક્ષમ છે.  સ્ત્રીની એટ્રેકટિવનેસ એના સ્તન અને હિપ્સ-નિતંબમાં છે, જ્યારે પુરુષની એટ્રેકટિવનેસ હોય છે એના અવાજ, ઊંચાઈ અને ત્વચાના રંગમાં. આપણે ફેશન પણ એટલા માટે જ કરીએ છીએ. સમગ્ર પ્રાણી જગતમાં સેક્સુઅલ સિલેકશન અથવા મેટ સિલેકશન બાયોલોજીકલ ઓર્નામેન્ટ્સના આધારે થાય છે. જીવોમાં શારીરિક સુંદરતા પેદા થવાનું આ એક  માત્ર ઉત્ક્રાંતિક કારણ છે.

ઘરમાં એક સંતાન રૂપાળુ હોય અને બીજું કુરૂપ તો રૂપાળા પર સૌનું વધારે ધ્યાન હોય તે શક્ય છે. સોશ્યલ મીડિયા પર સેલ્ફીઓ એટલે જ સૌથી વધુ પ્રચલિત છે.

ટૂંકમાં, સૌંદર્યના છોડ પર પ્રેમનું ફૂલ જલ્દી ખીલે છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ક્યાંક પ્રજાસત્તાક દિનની ૩૫ કલાક ઉજવણી, તો ક્યાંક સ્પેશિયલ મીઠાઈ







૨૬મી જાન્યુઆરી, એટલે આપણો પ્રજાસત્તાક દિન. ૧૯૪૭માં સ્વતંત્રતા મળ્યા બાદ ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ બંધારણનો સ્વીકાર કરીને ભારતને સાર્વભૌમ લોકતાંત્રિક પ્રજાસત્તાક દેશ જાહેર કરાયો. એની ઉજવણી કેવી રીતે થાય છે એ જણાવવાની જરૂર નથી.

આ નિમિત્તે વિશ્વના કેટલાંક દેશોમાં થતી પ્રજાસત્તાક દિનની ઉજવણી વિશે જાણીએ. તુર્કી (કે તુર્કીએ)માં ૨૯મી ઑગસ્ટે પ્રજાસત્તાક દિન (સ્થાનિક ભાષામાં ‘કુમ્હુરિયેન બાઈરાપી’) ઉજવાય છે. આધુનિક તુર્કીના ઘડવૈયા મુસ્તફા કમ અતાતુર્કે ૧૯૨૩ની ૨૯મી ઓકટોબરે દેશને પ્રજાસત્તાક જાહેર કર્યો હતો. એ દિવસે બંધારણમાં ફેરફાર કરીને તુર્કીને પ્રજાસત્તાક જાહેર કરાયો હતો. આ સાથે ઓટ્ટોમ સામ્રાજ્યનો સત્તાવાર આવ્યો હતો. તુર્કીમાં આગલા દિવસે એટલે કે ૨૮મી ઑક્ટોબરના બપોરે એક વાગ્યાથી પ્રજાસત્તાક દિનની ઉજવણી શરૂ થઈ જાય છે. જે ૩૫ કલાક સુધી ચાલતી રહે છે. આ ઉજવણીમાં અન્ય દેશોની જેમ સરકારી રજા હોય. સાથોસાથ આતશબાજી, ધ્વજ વંદન, સંગીતમય કાર્યક્રમ અને પરેડ યોજાય છે.

ઈટાલી બીજી જૂને પ્રજાસત્તાક દિન મનાવે છે. બીજા વિશ્વયુદ્ધ બાદ ૧૯૪૬માં લોકમતને પગલે ઈટાલી પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું એની સ્મૃતિમાં આ દિવસ ઉજવાય છે. બીજા વિશ્વયુદ્ધ પછી પ્રજા સમક્ષ બે વિકલ્પ હતા કે કયા પ્રકારની શાસન વ્યવસ્થા જોઈએ છેઃ રાજાશાહી કે પ્રજાસત્તાક. આ દિવસે પાટનગર રોમમાં ભવ્ય લશ્કરી પરેડ યોજાય છે. આ પરેડ ઐતિહાસિક સ્થળોએથી પસાર થઈને ઈટાલીના પ્રમુખના સત્તાવાર નિવાસસ્થાને જાય છે. પ્રમુખના મહેલને પ્રજાસત્તાક દિને પ્રજા માટે ખુલ્લો મુકાય છે.

સર્બિયામાં ૧૫મી ફેબ્રુઆરીએ પ્રજાસત્તાક દિન હોય છે. ૧૮૦૪માં સર્બિયામાં થયેલી સર્વપ્રથમ ક્રાંતિ અને ૧૮૩૫માં દેશના પ્રથમ બંધારણને સ્વીકારવાના માનમાં પ્રજાસત્તાક દિન ઉજવાય છે.

પાકિસ્તાન ૨૩મી માર્ચે પ્રજાસત્તાક દિન મનાવે છે. એની પાછળ બે કારણ છે. ૧૯૪૦માં આ દિવસે ઓલ ઈન્ડિયા મુસ્લિમ લીગે લાહોર ઠરાવે રૂપે અલગ પાકિસ્તાનની પહેલીવહેલી માંગણી રજૂ કરી હતી અને ૧૯૫૬માં ૨૩મી







માર્ચે પાકિસ્તાને પોતાને ઈસ્લામિક પ્રજાસત્તાક રાષ્ટ્ર જાહેર કર્યું હતું. આ બંને પગલાનું પરિણામ શું આવ્યું એ જગજાહેર છે.

અઝરબૈજાનને ૧૯૧૮ની ૨૮મી મેના રોજ સ્વતંત્રતા મળી હતી. આ સાથે અઝરબૈજાન લોકશાહી પસંદ કરનારું પ્રથમ મુસ્લિમ રાષ્ટ્ર બન્યું હતું. અગાઉ સોવિયેત સંઘના આધિપત્ય હેઠળ અઝરબૈજાનમાં ૨૮મી મેએ પ્રજાસત્તાક દિવસ ઉજવાતો નહોતો પણ હવે એની ઉજવણી થાય છે.

પાડોશી નેપાળ ૨૮મી મેએ  પ્રજાસત્તાક દિન ઉજવે છે. નેપાલની કોમ્યુનિસ્ટ પાર્ટી દ્વારા એકાદ દાયકાની લોકતાંત્રિક ક્રાંતિ બાદ તત્કાલીન રાજા જ્ઞાનેન્દ્રશાહના શાસનની વિરુદ્ધમાં શાંતિપૂર્વક નિર્ણય આવ્યો હતો. ૨૦૦૮ની ૨૮મી મેના રોજ નેપાળ ફેડરલ ડેમોક્રેટિક રિપબ્લિક બન્યું એના માનમાં એ દિવસે પ્રજાસત્તાક દિવસ ઉજવાય છે.

માલદિવ્સમાં દર વર્ષની ૧૧મી નવેમ્બરે પ્રજાસત્તાક દિવસ મનાવાય છે. ૧૯૬૮માં રિપબ્લિક ઓફ માલદિવ્સની સ્થાપના બાદ દર વર્ષે પરિસંવાદ, પરેડ સહિતના કાર્યક્રમ યોજાય છે.

આ દિવસની એક વિશિષ્ટતતામાં રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ બાળકોની પરેડ છે. માલદિવ્સ મુસ્લિમ રાષ્ટ્ર હોવાથી પરેડમાં એરેબિક છાંટ ઊડીને આંખે વળગે છે. આ ખાસ દિવસની ઉજવણી વિશિષ્ટ મીઠાઈઓથી કરાય છે. હુની હાકારુ ફોલ્હી (નાળિયેરની કેક), બોડીબૈયા (અત્યંત ગળપણવાળા ચોખા) અને મરસોહી (માછલીની પેનકેક) જેવી મીઠાઈ પ્રજાસત્તાક દિનની ઉજવણીને મીઠી મધુરી બનાવે છે.

ફિલિપાઈનમાં રિપબ્લિક ડે ચોથી જુલાઈએ હોય છે. આને ફિલિપાઈન- અમેરિકન ફ્રેન્ડશિપ ડે પણ કહેવાય છે. બુરકીના ફાસો ૧૧મી ડિસેમ્બરે, નાઈજર ૧૮મી ડિસેમ્બરે, માલ્ટા ૧૩મી ડિસેમ્બરે, તો કેન્યા ૧૨મી ડિસેમ્બરે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરે છે. જે લગભગ અન્ય રાષ્ટ્રો જેવી જ હોય છે.

પ્રજાસત્તાક દિવસ ભલે બધે ઉજવાયો હોય પણ આ શબ્દ ‘પ્રજાસત્તાક’નો અક્ષરસઃ અમલ કેટલા રાષ્ટ્રોમાં થતો હશે? ... ખરેખર પ્રજાના હાથમાં સાચી સત્તા હોય છે ખરી? કે પછી આ પણ માત્ર હાથીના દેખાડવાના દાંત જેવી વાત છે? આનો વિચાર શાસકો તો ન જ કરે. એ કામ પ્રજાનું છે, જો સમજાય, સુઝે અને સમય મળે તો.

અને હા, સૌને હૃદયપૂર્વક પ્રજાસત્તાક દિનની મુબારકબાદી. ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

બજેટ-૨૦૨૫-૨૬

# મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગને કેવા સુધારા ને રાહત જોઈએ છે?

**મ્યુચ્યુઅલ ફંડ્સમાં ઈન્વેસ્ટરોનો વિશ્વાસ મજબૂત કરવા નાણાપ્રધાનને ‘એમ્ફી’ દ્વારા સુપરત કરાયેલી ભલામણો  જાણવા જેવી છે...**




**નાણાપ્રધાન** નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીના રોજ વર્ષ ૨૦૨૫ માટેનું કેન્દ્રીય બજેટ રજૂ કરવાનાં છે તે પૂર્વે ‘એસોસિએશન ઑફ મ્યુચ્યુઅલ ફંડ્સ’ (એએમએફઆઈ-એમ્ફિ) દ્વારા મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ તરફથી નાણાં પ્રધાનને કેટલીક મહત્ત્વની ભલામણો સુપ્રત કરવામાં આવી છે. ‘એમ્ફિ; ના ચીફ એક્ઝિક્યૂટિવ’ વેંકટ ચલસાનીએ કહ્યું છે કે અમને આશા છે કે સરકાર આ વખતના બજેટમાં કરવેરા સંબંધિત મહત્ત્વના પ્રશ્નો પર ધ્યાન આપીને રોકાણકારોના વિશ્વાસ તેમજ મ્યુચ્યુઅલ ફંડ્સમાં એમની ભાગીદારી વધારવાને પ્રાથમિકતા આપશે. આ વખતનું બજેટ એવી રીતે પ્રગતિશીલ હશે કે મ્યુચ્યુઅલ ફંડ્સને આર્થિક વિકાસ તેમજ ઈન્વેસ્ટરો માટે સંપત્તિ સર્જનના એક આધારસ્તંભ તરીકે વધારે મજબૂત બનાવશે.

## મહત્ત્વની ભલામણો :

### ડેટ ફંડ્સ માટે લાંબા ગાળાના ઈન્ડેક્સેશન્સ લાભો

ડેટ મ્યુચ્યુઅલ ફંડ્સ પર લાંબા ગાળાના કેપિટલ ગેન્સ માટેના ઈન્ડેક્સેશન્સ લાભો જે ૨૦૨૪ના બજેટમાં હટાવી લેવામાં આવ્યા હતા તેને પુન : સ્થાપિત કરવા જોઈએ. ઈન્ડેક્સેશન્સ ફુગાવા માટે નફાને એડજસ્ટ કરે છે જેથી એવું સુનિશ્ચિત થાય છે કે ઈન્વેસ્ટરો પર માત્ર રિયલ ગેન્સ ઉપર જ વેરો નાખવામાં આવશે. આ જોગવાઈ હટાવી લેવાથી રિટેલ ઈન્વેસ્ટરો પર નકારાત્મક અસરો ઊભી થઈ છે, જે સ્થિર રિટર્ન માટે ડેટ ફંડ્સ પર નિર્ભર રહે છે. કેપિટલ ગેન્સ ટેક્સ પરનો વધારો પાછો ખેંચો.

શોર્ટ ટર્મ અને લોન્ગ ટર્મ કેપિટલ ગેન્સ પર લેવાતા ટેક્સના દર જે અનુક્રમે ૨૦ ટકા અને ૧૨.૫ ટકા સુધી વધારવામાં આવ્યા તે વધારો પાછો ખેંચીને તેને અગાઉના સ્તર - અનુક્રમે ૧૫ ટકા અને ૧૦ ટકાના પુનઃસ્થાપિત કરો. વેરાના દર વધારવાથી મ્યુચ્યુઅલ ફંડ્સમાં રિટેલ ઈન્વેસ્ટરોની ભાગીદારી ઘટી જશે એવું AMFI નું માનવું છે. ઈક્વિટી-લક્ષી ફંડ્સની પરિભાષાનો વિસ્તાર ઈક્વિટી-ઓરિએન્ટેડ ફંડ્સમાં ઓછામાં ઓછા ૯૦ લોકો  ઈન્વેસ્ટ કરે તે ફંડ ઓફ ફંડ્સ (FoFs) ને ઈક્વિટી-કેન્દ્રિત કેટેગરીમાં મૂકવામાં આવે એવી દરખાસ્ત કરવામાં આવી છે. હાલની પરિભાષામાં ઘણા ઈક્વિટી-ઈન્વેસ્ટેડ FoFs ને બાકાત રાખવામાં આવ્યા છે, જેને લીધે ડાયરેક્ટ ઈક્વિટી અથવા ઈક્વિટી-ઓરિએન્ટેડ ફંડ્સની સરખામણીમાં ઊંચા વેરા લાગુ થાય છે. જો પરિભાષાનો વિસ્તાર કરવામાં આવે તો વેરામાં સમાનતા જળવાશે અને મ્યુચ્યુઅલ ફંડ સ્ટ્રક્ચર મારફત મૂડીબજારોમાં વધુ ભાગીદારી માટે પ્રોત્સાહન મળશે. પેન્શન-કેન્દ્રિત મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સ શરૂ કરો

AMFI દ્વારા અન્ય ભલામણ એ થઈ છે કે, સેબીમાં રજિસ્ટર કરાયેલા મ્યુચ્યુઅલ ફંડ્સને પેન્શન-કેન્દ્રિત યોજનાઓ શરૂ કરવા દેવી જોઈએ, જેમાં ૮૦-CCD કલમ હેઠળ એનપીએસને મળે છે તેવા જ કરવેરાના લાભ પ્રાપ્ત થાય. આ યોજનાઓ ફ્લેક્સિબલ હોય અને પરંપરાગત પેન્શન યોજનાઓ માટે બજાર સાથે જોડાયેલા એક વિકલ્પ તરીકે બનાવી શકાય, જેથી  ખાસ કરીને અસંગઠિત ક્ષેત્રના વ્યક્તિઓને લાભ મળી શકે. વધુમાં, એનપીએસ (નેશનલ પેન્શન સિસ્ટમ) જેટલા જ કરવેરાના લાભ મળે તો લાંબા ગાળાના ઈન્વેસ્ટમેન્ટ આકર્ષિત થશે. તેમજ વિદેશી પોર્ટફોલિઓ ઈન્વેસ્ટરો (એફપીઆઈ) પરની નિર્ભરતા ઘટશે.

### મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સને સ્પેસિફાઈડ એસેટ્સ ગણવી

ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા પ્રાથમિક્તાવાળાં ક્ષેત્રોમાં ઈન્વેસ્ટ કરતા મ્યુચ્યુઅલ ફંડ્સને કેપિટલ ગેન્સ ટેક્સ મુક્તિ માટે કલમ ૫૪ EC હેઠળ સ્પેસિફાઈડ એસેટ્સ તરીકે ઘોષિત કરવા જોઈએ. આનાથી, પ્રોપર્ટી વેચાણોમાંથી મળતા લાભોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાઓ તરફ વાળી શકાશે, તેને લીધે સરકાર ઉપર ઋણનો બોજો ઘટશે અને ઈન્વેસ્ટરોને હાલ ૫૪ EC બોન્ડ્સમાંથી મળતા ઓછી રકમના ફિક્સ્ડ રિટર્ન્સને બદલે બજાર સાથે જોડાયેલા રિટર્ન્સ કમાવાનો વિકલ્પ પ્રાપ્ત થશે. ઓફ્ફશોર ફંડ ટેક્સેશનની જોગવાઈઓ  સરળ બનાવો કલમ ૯A હેઠળની જોગવાઈઓને હળવી બનાવો જેથી ખાસ કરીને ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીસ સેન્ટર્સમાં ભારતીય પોર્ટફોલિઓ મેનેજર્સ દ્વારા સંચાલિત ઓફ્ફશોર ફંડ્સને આકર્ષિત કરી શકાય. હાલની સુરક્ષિત હાર્બર જોગવાઈઓ અપૂરતી અને નિયંત્રિત છે, જે ફંડ મેનેજર્સને ભારતમાં સ્થળાંતર કરતાં રોકે છે. એનઆરઆઈ માટે સમાન ટીડીએસ સરચાર્જ બિનનિવાસી ભારતીયો માટે મ્યુચ્યુઅલ ફંડ યુનિટ્સ પર ડિવિડંડ અને કેપિટલ ગેન્સ માટેના ટીડીએસ પર ફ્લેટ ૧૦ ટકા  સરચાર્જ લાગુ કરવો જોઈએ.

### ELSS ઈન્વેસ્ટમેન્ટ નિયમોને હળવા બનાવો

ELSS ઈકિવટી લિન્કડ સેવિંગ સ્કિમના રોકાણને . રૂ ૫૦૦ના ગુણાંકમાં (રૂ. ૫૦૦થી વધુની કોઈપણ રકમની મંજૂરી આપતા) નિયંત્રણને દૂર કરવાથી ડિજિટાઇઝ્ડ રોકાણનું વાતાવરણ પ્રતિબિંબિત થશે, કારણ કે નિશ્ચિત રકમની વ્યવસ્થા બહુ જૂની થઈ ગઈ છે. આ નિયંત્રણ દૂર કરવાથી વધુ ઈન્વેસ્ટરો તેમાં જોડાશે. TDS મર્યાદા વધારો મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા આવકના વિતરણ પર કર કપાતની મર્યાદાને વાર્ષિક રૂ ૫,૦૦૦ થી વધારીને રૂ. ૫૦,૦૦૦ કરવાથી રોકાણકારો અને ફંડ હાઉસ બંને માટે અનુપાલનની મુશ્કેલીઓ ઘટશે. વર્તમાન મર્યાદા નાના રોકાણકારોને અસંગત રીતે અવળી અસર કરે છે, જેને લીધે બિનજરૂરી રિફંડ અને વહીવટીય બોજ વધે છે. ઇક્વિટી રોકાણો પર LTCG ટેક્સને એડજસ્ટ કરો AMFI દ્વારા ઈક્વિટી રોકાણો માટે વિભિન્ન LTCG (લોંગ ટર્મ કેપિટલ ગેન) ટેક્સ દર લાગુ કરવાની ભલામણ કરાઈ છે. જેમાં ૧-૩ વર્ષના હોલ્ડિંગ માટે ૧૦ ટકા અને ૩ વર્ષથી વધુના હોલ્ડિંગને વેરામાંથી મુક્તિ અપાવી જોઈએ.

### ડેટ-લિન્કડ સેવિંગ્સ સ્કીમ્સ (DLSS) શરૂ કરો

DLSS સ્કીમ ભારતના કોર્પોરેટ બોન્ડ માર્કેટનો વિકાસ કરતી વખતે રિટેલ રોકાણકારોને સુરક્ષિત, નિશ્ચિત આવકના રોકાણનો વિકલ્પ પ્રદાન કરશે. કોર્પોરેટ ધિરાણ માટે બેંકો પર નિર્ભરતા ઘટાડવા અને ટકાઉ આર્થિક વૃદ્ધિ નિશ્ચિત કરવા માટે આ પ્રકારનું વૈવિધ્યકરણ આવશ્યક છે. PAN માટે TDS અનુપાલન સરળ બનાવો જ્યારે રોકાણકારનું PAN ઓન-બોર્ડિંગ પછી નિષ્ક્રિય થઈ જાય છે ત્યારે મ્યુચ્યુઅલ ફંડને ઊંચા TDS દરો કપાતમાંથી મુક્તિ આપવાથી ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં સરળતા વધશે અને ફંડ હાઉસીસ અને રોકાણકારો માટે વહીવટી મુશ્કેલીઓ ઘટશે.■


સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# વહાલા પ્રેક્ષકોએ ઘર અપાવ્યું

**મનુષ્ય** તેના જીવનકાળમાં વિવિધ પ્રકારની વ્યક્તિના સંપર્કમાં આવતો હોય છે. દરેક પાસેથી કંઈ ને કંઈ શીખવા મળતું હોય છે. જીવનમાં શું કરવું જોઈએ એ સમજાવતા અનેક લોકો નજર સામે આવતા હોય છે. સાથે સાથે શું ન કરવું એ શીખવી જતા લોકો પણ હોય છે. રંગભૂમિ પર પગ મૂક્યો ત્યારે એક શીખ મળી હતી કે 'આજીવન વિદ્યાર્થી રહેવાનું, કારણ કે શીખવાની કોઈ મર્યાદા નથી હોતી.' આ વિચારને હું કાયમ વળગી રહી અને પ્રમાણિકપણે કહું છું કે અભિનેત્રી તરીકેના અને મારા વ્યક્તિત્વ વિકાસમાં આ વૃત્તિ મને મદદરૂપ થતી આવી છે. આજે ૮૩ વર્ષની ઉંમરે બહાર જવાનું કે લોકોને મળવા કરવાનું ઘટી ગયું છે, પણ જ્યારે જ્યારે કોઈ સાથે મુલાકાત થાય, પરિચય થાય ત્યારે એમાંથી કશુંક શીખવા મળ્યા કરે છે. આવા જ એક અનન્ય અનુભવની વાત મેં આ લેખને અંતે કરી છે.

સેનેટોરિયમ ફરતા રહેવાનો અને ૧૧ – ૧૧ મહિના કોન્ટ્રેક્ટ કરી ભાડાના ઘરમાં રહેવાનું અને પછી ફરી નવું ઘર ગોતવાનું એ ક્રમથી હું અને બાળકો કંટાળી ગયાં હતાં. બાળકો પણ હવે મોટાં થઈ ગયાં હતાં અને દીકરાનું ભણવાનું અને દીકરીઓ તો ભણતર ઉપરાંત કામ પણ કરતી હોવાથી વારંવાર ઘર બદલવાનો તેમને ત્રાસ લાગતો હતો. દરમિયાન કોઈના કહેવાથી, કોઈની ભલામણથી મેં એક બિલ્ડરના નવા બાંધકામમાં મેં એક ગ્રાઉન્ડ ફ્લોરનો ફ્લેટ બુક કર્યો. 'મારે પણ એક ઘર હોય' એ પૃથ્વી પર વસતા દરેક માનવીનું સપનું હોય છે. જોકે, મુંબઈ શહેરમાં એ સપનું સાકાર થતા નાકે દમ આવી જાય છે. ઘર લખાવી તો દીધું, પણ બિલ્ડરને શરૂઆતમાં તો ચોક્કસ રકમ ચૂકવી દેવી પડે. અને હું તો હતી ઠણઠણગોપાલ. મારી પાસે પૈસા તો હતા નહીં. કરવું શું? અહીં પણ વિનુભાઈ મદદે આવ્યા. તેમણે એક આઈડિયા આપ્યો કે સંભારણાંનો એક શોનું આયોજન કરીએ. શોની જાણકારી આપતી જાહેર ખબરમાં સ્પષ્ટપણે લખવામાં આવ્યું કે 'મહેશ્વરી બહેન માટે ઘર લેવાનું હોવાથી આ શો રાખવામાં આવ્યો છે.' આમ કરવાનો ફાયદો એ થયો કે મસ્જિદ બંદરના મોટા મોટા હોલસેલ વેપારીઓની 'અભિવાદન ટ્રસ્ટ' નામની એક સંસ્થા હતી. એ સંસ્થાએ ઘણી ટિકિટો ખરીદી લીધી. એ સમયે ગુજરાતી વેપારી વર્ગ પણ જૂની રંગભૂમિના 'સંભારણાં' શો જોવા આવતો હોવાથી બધા મને નામથી ઓળખતા હતા. મારો અભિનય અને મેં ગાયેલાં ગીતો પણ તેમને પસંદ હતાં. એટલે વિનુભાઈના સૂચનથી હું મસ્જિદ બંદર વેપારીઓની દુકાને ટિકિટોના વેચાણ માટે જવા લાગી. વેપારીઓએ મને ઉમળકાથી સહકાર આપ્યો અને ટિકિટો ખરીદવા લાગ્યા. શો થયો, હાજર પ્રેક્ષકોને બહુ આનંદ આવ્યો. તમે નહીં માનો, પણ



નાટક – કોરી આંખો ભીના હૈયા

થિયેટરની બહાર મારા બાળકોને પિગી બેંક (બાળકોનું પૈસા બચાવવાનું સાધન) સાથે ઊભા રાખ્યા હતા. આ કાર્યક્રમને કારણે મને ૮૦ હજાર રૂપિયા મળ્યા. આજની તારીખમાં આ રકમ મામૂલી લાગે પણ ૪૦ વર્ષ પહેલા આ ખાસ્સી મોટી રકમ હતી.

આ શો મારા જીવનનું અનન્ય સંભારણું છે. પ્રેક્ષકોને નાટક માટે, નાટકના કલાકારો માટે કેવો અનહદ પ્રેમ – લગાવ હોય છે એ મેં તે દિવસે જોયું – અનુભવ્યું. આજે જ્યારે અમિતાભ બચ્ચન જેવા મહાન કલાકારો તેમના શોમાં પ્રેક્ષકોનો પાડ માને છે એ વાત સાવ સાચી છે. પ્રેક્ષકો થકી જ કલા અને કલાકારનો ઉદય થઈ વિકાસ થાય છે. 'મહેશ્વરી બહેન માટે ઘર લેવાનું છે' એ રજૂઆત એવી ધારદાર સાબિત થઈ કે શો માત્ર હાઉસફુલ ન થયો, બેસવા માટે સીટ ન મળી એ લોકોએ પૈસા આપી ઊભા રહીને આખો શો જોયો અને માણ્યો. કેટલાક લોકો તો સ્ટેજ પર આવી પૈસા મૂકી જતા હતા. કલાકારના સુરક્ષિત ભવિષ્ય માટે કેવી દરકાર. પ્રેક્ષકોના પ્રેમનું આ એક એવું શિખર હતું જેની ટોચ પર પહોંચવાનું નસીબ બધા કલાકારના જીવનમાં નથી હોતું. એ સમયે તો આવા ઈવેન્ટ રેકોર્ડ કરવાની સુવિધા સહજપણે ઉપલબ્ધ નહોતી, પણ મારી આંખો સમક્ષ આજે પણ એ બધું તરવરે છે ત્યારે હું ભાવવિભોર થઈ જાઉં છું અને પ્રેક્ષકોને મનોમન વંદન કરું છું. એમના અસીમ પ્રેમને કારણે જ ઘર વિનાની મહેશ્વરી ઘરની માલિક બની.

ફ્લેટ બુક કરાવવા ગઈ ત્યારે પૈસા ભરો એ સાંભળી બિલ્ડર પાસેથી હું વિલા મોઢે-નત મસ્તકે પાછી ફરી હતી અને આજે એ જ મહેશ્વરી ઉન્નત મસ્તકે બિલ્ડર પાસે પહોંચી ગઈ. મારો ખુશખુશાલ ચહેરો જોઈ બિલ્ડરે કહ્યું કે 'પૈશ્યાંચી સોઈ ઝાલી દિસતંય' (પૈસાની વ્યવસ્થા થઈ ગઈ લાગે છે). હું હસી પડી અને બે હાથ જોડી આકાશ તરફ ઈશારો કર્યો. તેમણે પણ કહ્યું કે 'હા, ઈશ્વર સહુની રક્ષા કરે છે.' ■

## ભક્તો ભલે હાથ જોડે, કહેવાય તો પગે લાગ્યા!

ગયા હપ્તામાં ગણપતિ દાદાના દર્શન માટે સિદ્ધિવિનાયક મંદિરની લાઈનમાં ઊભી હતી ત્યારે થયેલા અનુભવનો અછડતો ઉલ્લેખ કર્યો હતો. આજે એ વાત વિગતે કરું છું. હાથ અને પગની એક બહુ જ મજેદાર વાત લાઈનમાં મારી આગળ ઊભેલા એક બહેને મને કરી જે તમારી સાથે શેર કરું છું. વાતને ચાલીસેક વર્ષ વીતી ગયા હોવા છતાં શબ્દશઃ યાદ છે. મને ખાતરી છે કે વાચકોના હૃદયમાં પણ અંકિત થઈ જશે. એ બહેને કરેલી વાત આ પ્રમાણે છેઃ કોઈ મંદિરમાં આરતી ટાણે અનેક ભક્તજનો હાથ જોડી ઈશ્વર સમક્ષ નત મસ્તક ઊભા હતા. બધાનું ધ્યાન જોડાયેલા હાથ પર હતું. નરસિંહ મહેતાના પદ 'જળકમળ છાંડી જા ને બાળા'માં પણ શ્રીકૃષ્ણ જ્યારે કાળીનાગને નાથે છે ત્યારે નાગણ વિલાપ કરે છે અને 'બેઉ કર જોડી વિનવે સ્વામી, મૂકો અમારા કંથને' અને ભગવાન નાગને છોડી મૂકે છે. અહીં પણ કર એટલે કે હાથનો મહિમા વર્ણવ્યો છે. આમ સર્વત્ર હાથનો મહિમા ગવાતો હોવાથી અકળાયેલા ચરણ – પગ ભગવાનના દરબારમાં ફરિયાદ કરે છે. પગ કહે છે કે 'હે પ્રભુ દૂર દૂરથી મુસીબત ઉઠાવી, જહેમત કરી તારા શ્રદ્ધાળુ ભગતને મંદિર સુધી પહોંચાડવાનું કષ્ટ હું ઉઠાવું, બધી મહેનત કરું હું પણ તારી સમક્ષ તો જોડાય બે હાથ જ. હાથ જોડવાનો મહિમા એવો અનન્ય છે કે પગની ઉઠાવેલી જહેમત કોઈને યાદ પણ નથી આવતી. આવું કેમ પ્રભુ? મારી સાથે અન્યાય કેમ?' પગની ફરિયાદ સાંભળી પ્રભુના ચહેરા પર સ્મિત ફરક્યું અને તેમણે પગને એટલું જ કહ્યું કે ભલે ભક્તજનો મારી સામે હાથ જોડે, પણ કહેવાશે તો એમ જ કે 'પગે લાગ્યા.' કેવી અદભુત વાત છે. ઉદ્યમનું મૂલ્ય છે જ, કદાચ આપણને દેખાતું નથી અથવા આપણે સમજી નથી શકતા. અન્યાયની ફરિયાદ કરતા લોકો કાં તો ન્યાય દેખી નથી શકતા અથવા સમજી નથી શકતા. એક સામાન્ય મહિલાએ કહેલા આ પ્રસંગે કેવી અનન્ય શીખ આપી.

કેન્વાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# જેન્ડર ઇક્વાલિટી... ભ્રમણા કે માન્યતા?!


'જેન્ડર ઇક્વાલિટી' શબ્દપ્રયોગ છેલ્લાં વીસેક વર્ષથી ઘણો સાંભળીએ છીએ. પુરુષ અને સ્ત્રી સમાન હોવા જોઈએ એવું પણ હવે લોકો કહેતા થયા છે. 'પુરુષ સમોવડી સ્ત્રી' જેવા વિચિત્ર શબ્દ સમૂહ પણ પ્રચલિત થયા છે. આજથી ત્રીસેક વર્ષ પહેલાં જનરેશન ગેપને લઈને બહુ વાતો થતી. હવે પુરુષ અને સ્ત્રી વચ્ચેની વાત થાય છે. તેના ભેદ વિશે લોકો ચિંતન કરે છે કે પોતાના મત મૂકે છે. ગુલઝાર કે જાવેદ અખ્તર જેવા મોટા ગજાના કવિઓએ તો ઘણી વખત ટકોર કરી છે કે સ્ત્રીનું સ્થાન ઊંચું જ હોય. પુરુષ સાથે એની સરખામણી યોગ્ય નથી. કવિતાની જ વાત નીકળી છે તો બીજા એક કવયિત્રીની એક દમદાર અને વર્તમાન સમયમાં એકદમ પ્રસ્તુત લાગે એવી કવિતા મમળાવીએ...

*તુમને કહાઁ થા હમ એક હી હૈ, તો અપને બરાબર કર દો ના,*
*નેપી જબ મૈં બદલતી હૂઁ, તો દૂધ કી બોતલ ભર દો ના,*
*બસ, યુ હી એક હૈ, એક હૈ કરકે કહાઁ જિંદગી ચલતી હૈ?*
*કભી તુમ ભી સર દબા દો મેરા, યે કમી ભી ખલતી હૈ.*
*જબ મૈં ઓફિસ જાતી હૂઁ, તુમ ભી ઘર કો સંવાર દો ના*
*મત કરો જન્મો કે વાદે, ઇસ પલ ખુશી કી વજહ દો ના*
*કભી બાઝારો સે ધ્યાન હટે તો મકાન કો ભી ઘર કર દો ના*
*આઓ પાસ બૈઠે કુછ બાતે કરે, દિલ કે જખ્મ ભર દો ના*
*કયું કહેના ભી પડતા હૈ યે , અહેસાસો કો સમજો ના*
*તુમ ક્રિકેટ ભી અપના દેખો, ઔર મૈં સિરિયલ ભી લગાઉંગી*
*થોડા હાથ બંટા દેના, જબ મૈં કિચન મેં જાઉંગી*
*સબ મિલકર સાથ કરને કી, હમ મૈ યે ભી તો ક્વોલિટી હૈ*
*હમ સાથ ખડે હૈ એક દુજે કે, હલ હી જેન્ડર ઇકવાલિટી હૈ*
*તુમ ભી નયે સે હો જાઓ ઔર નઈ સી મુઝે ઉંમર દો ના*
*તુમને કહાઁ થા હમ એક હી હૈ, બસ યુંહી જીવન બસર હો ના.*

દિવ્યા દત્તાની આ સુંદર કવિતા દરેક સ્ત્રીને પોતાનો અવાજ લાગશે. જેન્ડર ઇકવાલિટીના આ સમયમાં આપણે સ્ત્રીઓ બધી રીતે સક્ષમ છીએ એ બતાવવાની દોડમાં ક્યારેક જાતની ક્ષમતાથી વધારે જ દોડવું પડતું હોય છે ત્યારે ઘરમાં પતિના સાથ સહકારની ખૂબ જરૂર પડી જતી હોય છે.

જેન્ડર ઇકવાલિટી શું માત્ર સ્ત્રીઓએ જ સાબિત કરવાની છે? એ જવાબદારી પણ માત્ર સ્ત્રીઓની તો નથી જ ને! જયારે સ્ત્રી ઘરની ઈકોનોમીમાં પોતાનું યોગદાન આપતી હોય ત્યારે ઘરના હાઉસ હોલ્ડ કામોમાં પુરુષનું યોગદાન પણ ઇચ્છનીય છે.

લગ્ન એક સામાજિક વ્યવસ્થા છે. જયારે આપણે કોઈ સહિયારો પ્રોજેક્ટ કે કામ ઉપાડીએ ત્યારે જેની ક્ષમતા જે ક્ષેત્રમાં વધારે હોય, એને એ ક્ષેત્રનું કામ સોંપીએ, જેથી આપણું કામ કે પ્રોજેક્ટ સુપેરે પાર પડે તો આવી જ કોઈ વ્યવસ્થા સમાજમાં પણ કરવામાં આવી છે. સ્ત્રીનું શરીર, મન પુરુષની સરખામણીમાં નાજુક અને સંવેદનશીલ ગણવામાં આવે છે. એનામાં અપાર ધીરજ હોય છે. ઉપરાંત બાળકને જન્મ આપવાની જવાબદારી પણ સ્ત્રીના શિરે હોય છે. આ બધું જોતા એક એવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી કે, સ્ત્રીની સરખામણીએ શારીરિક અને માનસિક રીતે પ્રમાણમાં મજબૂત એવો પુરુષ બહાર જઈને અર્થોપાર્જન કરે, અને સ્ત્રી ઘરે રહીને બાળ ઉછેર તથા ઘરનાં કામ સાથે ઘરને સાંભળે, જેથી એમના સંસારરૂપી રથનું સમતોલન બરાબર જળવાઈ રહે.



હવે આ વાત સમજીને એનો અમલ કરવામાં આવે ત્યાં સુધી કંઈ જ વાંધો ન હોય, પરંતુ જયારે આ વાતને ટેકન ફોર ગ્રાન્ટેડ લેવામાં આવે ત્યારે તકલીફ થાય. સ્ત્રી ઘરકામ કરે છે એનો મતલબ એ નથી કે એ બીજું કંઈ નથી કરી શકતી. જયારે જયારે એની શક્તિઓનું અવમૂલ્યન થયું ત્યારે ત્યારે એણે દેખાડી દીધું કે, એ પણ પુરુષોથી કોઈ ક્ષેત્રમાં ઓછી ઊતરે એવી નથી. ખભેખભા મિલાવીને ચાલી શકે છે. ઓકે! આ વાત પણ સમાજમાં ઘણા ખરા પુરુષોએ માની અને સ્વીકારી. જેમણે નથી માની એ પણ આવનાર સમયમાં સ્વીકારી લેશે.

જોકે, આપણો મુદ્દો અહીં એ નથી. મુદ્દો એ છે કે જયારે જયારે સ્ત્રીએ અર્થોપાર્જનની જવાદારીમાં પુરુષને સાથ આપવા માંડ્યો ત્યારથી એની વાહ વાહ તો થવા માંડી, પરંતુ આવું કરવા જતાં સ્ત્રીનું કામ, એનો શારીરિક શ્રમ કેટલો વધી ગયો! એણે પોતાનાં સપનાં, ઈચ્છાઓ, પસંદગી બધું જ કોરાણે મૂકીને બેવડી જવાબદારી નિભાવવા માંડી અને વરસો સુધી આવું કર્યા પછી ઉંમરના કોઈક પડાવે એને થાક, કંટાળો, ડિપ્રેશન મહેસૂસ થવા લાગે છે. ઘરની આર્થિક વ્યવસ્થા એવી તો બંનેની આવક પર સેટ થયેલી હોય છે કે, વરસો સુધી બહાર કામ કરનાર અને નોકરી કરનાર સ્ત્રી અમુક ઉંમર પછી થાકે કે કંટાળે તોય છોડી નથી શકતી.

સાંજે જોબ પરથી પાછી ફરતી સ્ત્રી ઓફિસના દરવાજા બહાર જેવો પગ મૂકે, એનું મન ઘરના દરવાજામાં પગ મૂકે છે. આજે ઘરનાઓ માટે સાંજે શું બનાવું, કોને શું ભાવશે, જે બનાવવું છે એમાં કંઈ ખૂટતું હોય કે ઘરમાં કંઈ ખૂટતી વસ્તુ હોય તો રસ્તામાંથી સાથે લેતાં જવું, બાળકોની ફલાણી નોટબુક લેવાની હતી, સાસુની પેલી દવા માટે આજે પૂછતાં જવાનું હતું, કાલે પતિને મીટિંગમાં પહેરવાનો સૂટ લોન્ડરીવાળાએ હજુ નથી આપ્યો, આજે તો ગમે એમ એની પાસે ઊભા ઊભા કરાવડાવવો પડશે. આવી સેંકડો વાતો એક મધ્યમ વર્ગીય અને નોકરી કરતી સ્ત્રીના મગજમાં રમતી હોય છે.

વર્ગ કોઈ પણ હોય મધ્યમ કે ઉચ્ચ, વાતો અને જવાબદારીનો પ્રકાર થોડો અલગ હોઈ શકે, પરંતુ હોય છે એ જ. કોર્પોરેટ કંપનીમાં મોટા હોદા પર કામ કરતી અને આખો દિવસ કલાયન્ટ સાથે ઉચ્ચકક્ષાની બૌદ્ધિક ચર્ચાઓ કરતી સ્ત્રી પણ આવી જવાબદારીઓ પણ નિભાવતી જ હોય છે.

–તો પછી પ્રશ્ન ક્યાં આવે છે જેન્ડર ઇકવાલિટીનો ? તેના વિશે થોડી વધુ વાત કરીશું આવતા અંકે... ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# આજના વેપારની આવશ્યકતા... સ્ટાર્ટઅપની માનસિકતા

**હાલમાં** જાણીતી મલ્ટિનેશનલ કંપની 'યુનિલિવરે' પોતાનાં પરિણામ જાહેર કર્યા ત્યારે બીજી એક વાત કરી કે અમે 'મિનિમલિસ્ટ' નામની કંપનીને ૨,૭૧૫ કરોડ રૂપિયામાં હસ્તગત કરી છે. 'યુનિલિવર'ના સીઈઓના મતે આ એક્વિઝિશન ભારતના સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ માટે મજબૂત સંભવિતતા દર્શાવે છે, કારણ કે 'મિનિમલિસ્ટ' કંપનીએ ફક્ત ચાર વર્ષમાં ૫૦૦ કરોડનું વાર્ષિક સેલ હાંસિલ કર્યું છે.

આવી ઘણી સ્ટાર્ટઅપ કંપનીઓ હસ્તગત થઇ છે તે આપણે જાણીયે છીએ. એક ડેટા અનુસાર ભારતમાં જ્યાં ૨૦૧૬માં ૪૫૦ સ્ટાર્ટઅપ હતા ત્યાં આજે ૧,૨૮,૦૦૦ થી પણ વધુ સ્ટાર્ટઅપ છે અને ૧૧૦ થી વધુ યુનિકોર્ન છે. આનો અર્થ એ થયો કે સ્ટાર્ટઅપ કયા સ્તરે વિકસી રહ્યું છે. સ્ટાર્ટઅપ કંપનીઓ અલગ માનસિકતા ધરાવે છે અને તેઓની કાર્ય કરવાની પદ્ધતિ પણ અલગ છે પરિણામે જે રીતે એમને સફળતા મળી રહી છે તે જોઈ ઘણી જૂની પેઢીઓને ઈર્ષા પણ આવે છે કે અમે આટલાં વર્ષોથી જ્યાં સુધી પહોંચ્યા છીએ ત્યાં આ લોકો આટલા જલ્દી પહોંચી ગયા! ઘણાને આ વાત સદતી નથી. એમને લાગે છે કે આ લોકો લાંબા ગાળા માટે ના રમી શકે. લોકોને જે સમજવું હોય તે સમજે, પણ સ્ટાર્ટઅપ કંપનીઓની સફળતા કોઈ નકારી શકે તેમ નથી.

આનું કારણ શું? લોકો વર્ષોથી જેમ વેપાર કરતા આવ્યા છે તેનાથી વિરુદ્ધની વિચારધારા સ્ટાર્ટઅપ કંપની અપનાવે છે. એ ઘરેડમાં નથી ચાલતી. કહેવાનું તાત્પર્ય તે નથી કે તે જે કરે છે તે બધું સાચું અને દરેકને આ રીતે સફળતા મળે... ઘણા સ્ટાર્ટઅપ નિષ્ફળ પણ ગયા છે. આમ છતાં મુદ્દો તે છે કે જે પરંપરાગત રીતે વેપાર કરતા લોકોએ અમુક વાતો વિચારવી પડશે, કારણ કે અંતે એમણે આ લોકોનો જ સામનો કરવાનો છે તો આ માનસિકતા વિષે વિચારીયે.

સ્ટાર્ટઅપના સ્થાપક બનવાથી સ્ટાર્ટઅપ માનસિકતા આપમેળે સ્થાપિત થતી નથી.



**સ્ટાર્ટઅપ લોકોની સમસ્યા શું છે તેની શોધ કરશે, પછી તેનું મૂલ્યાંકન કરશે, ત્યારબાદ તે મુજબના ઘરાકો અને બજાર શોધશે.**

સાચી સ્ટાર્ટઅપ માનસિકતા ધરાવતી કંપનીઓ માર્કેટમાં આવતા બદલાવને જાણવું, બદલાતી ઉપભોક્તાની વર્તણૂકોનો અભ્યાસ અને બદલતી ઝડપી તકનીકી પ્રગતિ સાથે તાલ મેળવવામાં માહિર હોય છે.

સ્ટાર્ટઅપવાળા આ વાતોને ફક્ત જાણતા નથી પણ તેના પર તે મુજબના કામ તેટલી જ ઝડપથી કરે છે. સ્ટાર્ટઅપ માઇન્ડસેટ એ વ્યવસાય માટેનો એક અનોખો અભિગમ છે, જે તમને તમારા ઉત્પાદનો અથવા સેવાઓને તમારા ટાર્ગેટ માર્કેટ સુધી ઝડપથી પહોંચાડવામાં મદદ કરે છે.

સ્ટાર્ટઅપ માનસિકતાને અનુસરવાથી તમે પરંપરાગત પદ્ધતિ કરતાં વધુ ઝડપથી ઉત્પાદનો બનાવી શકો છો. સૌથી મોટો તફાવત પરંપરાગત અને સ્ટાર્ટઅપ કંપનીઓનો જોઈએ તો પરંપરાગત રીતે ચાલતો વેપાર બજારમાં શું ચાલે છે અથવા હું શું બનાવી શકું છું તે વિચારધારાથી શરૂ થયા છે અને વર્ષોના વર્ષ તે જ રીતે ચાલે છે. બીજી તરફ, સ્ટાર્ટઅપ લોકોની સમસ્યા શું છે તેની શોધ કરશે, પછી તેનું મૂલ્યાંકન કરશે, ત્યારબાદ તે મુજબના ઘરાકો અને બજાર શોધશે. આમ પરંપરાગત વેપાર માર્કેટ ડિમાન્ડ જાણી ઉત્પાદન બનાવશે, જે ચાલે છે તે બનાવશે તો બીજે છેડે સ્ટાર્ટઅપ એક એવું ઉત્પાદન બનાવશે જે ગ્રાહકોને જરૂરી ઉકેલ પ્રદાન કરે છે. આવી માનસિકતા વિકસિત કરવી જરૂરી છે.

આથી આગળ, સ્ટાર્ટઅપમાં માલિક અને કર્મચારી જેવી વાત નથી હોતી. 'અમે' અને 'તમે' નહિ, પણ આપણે આ માનસિકતા હોય છે. આ કારણસર સ્ટાર્ટઅપના સ્થાપકો એમની ટીમને એમના વિઝન માટે કામ કરવા માટે પ્રેરણા અને પ્રોત્સાહિત કરી શકે છે. જ્યારે ટીમ એક થઇ સમાન વિઝન માટે કામ કરતી હોય ત્યારે સ્ટાફને માઇક્રોમેનેજ કરવાની પણ જરૂર નથી પડતી.

મોટા કોર્પોરેટ્સમાં કે સ્થાપિત બિઝનેસમાં સિસ્ટમ અને પ્રોસેસ ઘણી હોય છે. આ વાત જરૂરી છે અને તે તમને સફળતા પણ આપે છે. નિર્ણયો લેવા માટે જયારે અમુક લોકો સંકળાયેલા હોય અથવા સિસ્ટમને અનુસરીને ચાલવાનું હોય ત્યારે નિર્ણયો લેવામાં વાર લાગે છે. સ્ટાર્ટઅપ માટે આ વાત સરળ છે. ત્યાં નાની ટીમ હોવાથી નિર્ણયો તરત લેવાય છે અને આ માનસિકતા જયારે એ સ્ટાર્ટઅપ મોટી બને છે ત્યારે પણ જળવાય છે. આ વાત તમે સફળ સ્ટાર્ટઅપ જે યુનિકોર્ન બની ચુકી છે તેમાં જોઈ શકશો. આવી જ રીતે એ ચીજોને સરળ રાખવામાં માને છે. ઉદાહરણ તરીકે, સ્ટાર્ટઅપવાળા એપ દ્વારા કે ટેકનોલોજીના સહારે કામ કરશે, જેથી કામ આસાન થાય. એપ પણ સરળ હોય છે-સિલેક્ટ કરો-ઓર્ડર આપો ને પૈસા ચૂકવો. વાત પૂરી.

સ્ટાર્ટઅપમાં એકબીજાનો સહયોગ, પોતાના વિચારો વ્યક્ત કરવાની છુટ, હંમેશાં ઉત્સાહિત રહેવું, નિષ્ફળતાનો ડર નહિ, ત્વરિત નિર્ણયો જેવી વાત સકારાત્મક માનસિકતા ઘડે છે. મોટાભાગના સ્ટાર્ટઅપની એક સમાન વાત એટલે એ પહેલેથી સ્પષ્ટ હોય છે કે, એક દિવસ મોટું વેલ્યુએશન બનાવી બ્રાન્ડ વેચવી. આ માનસિકતા એટલે 'હું જે વેપાર ઊભો કરી રહ્યો છું તેની સાથે મારે ભાવનાત્મકતાથી નથી જોડાવાનું અને સમય આવતા તેને રામ રામ કરી, નવી ગિલ્લી નવો દાવ...!' ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# આખું આ જગ ગઝલની ભાષા છે

ગઝલની તાસીર, ગઝલનાં સ્વરૂપનું આંતરસ્ત્રાવિક અનહદપણું, ઉત્તમ ઉમદા ગઝલની-સીધી કલમથી ભાવકના ભીતરે પહોંચવાની સાધ્યન્નતા અને સારી/ખરાબનાં નિર્ણય વખતે કવિને વશીકરણથી ગોથું ખવડાવી શકવાની અજરામર કુનેહને લઈને જ તો છેલ્લાં ૫૦ વરસથી ગઝલના હીંચકે ઝૂલી રહ્યાં છીએ.

હમણાં, એટલે કે એક્ઝેક્ટ કહું તો ૨૩ સપ્ટેમ્બરથી ૩ ડિસેમ્બર એવો સરસ સમય ગયો, એટલી બધી સર્જનાત્મક ક્ષણોએ હારતોરા પહેરાવ્યા, નવનીત સમર્પણ અને પરબમાં એવું સરસ સ્થાન મળ્યું કે થયું મારા પરમપ્રિય વાચકો સાથે એ નિજાનંદ વહેંચું. મને ય ખબર તો પડે કે એમની નજરમાં હું ક્યાં છું !

(૧)

*પ્રથમ પ્રહરની મજાઓ ગઝલમાં લાવ્યો છું.*
*હું શ્લોક, મંત્ર, ઋચાઓ ગઝલમાં લાવ્યો છું.*

*તું વેણી વાળમાં ગૂંથે, બે પંક્તિ એમ ગૂંથી*
*હું બેનમૂન કલાઓ ગઝલમાં લાવ્યો છું.*

*કદીક સતાવે બીમારીઓ માનસિકતાની*
*તો બેઠા કરવા દવાઓ ગઝલમાં લાવ્યો છું.*

*હવે શું કરશે વિસંવાદી તર્કવાળા બધા ?*
*સીધી, પ્રજાની વ્યથાઓ ગઝલમાં લાવ્યો છું.*

*અહીં છે કાશી અહીં કાબા, બન્ને ઉપરથી*
*રવિ, શશીની ધજાઓ ગઝલમાં લાવ્યો છું*

*અસીમ તું છે હવે સૌ અનુભવોથી અલગ*
*તેં મોકલેલી દુઆઓ ગઝલમાં લાવ્યો છું*

*ગીતા કુરાન મળીને રચે છે અદ્ભુત શેર*
*અને અઝાન પૂજાઓ ગઝલમાં લાવ્યો છું.*

* * *

(૨)

જંગલ દેખાડું છું

*છે વન ને રણના ગવાઈ રહ્યા છે મ્હાડ જુઓ.*
*'પધારો' કહેતું લીલુંછમ આ મારવાડ જુઓ.*

*તમારી આંખથી સિંચાતાં સર્વ ઝાડ જુઓ.*
*નર્યા નિસર્ગનાં ખૂલી રહ્યાં કમાડ જુઓ.*

*ખૂલી રહ્યું છે ખરેખર નસીબ, ઉઘાડ જુઓ.*
*નદીઓ વૃક્ષો ફૂલો પર્વતો પહાડ જુઓ.*

*પતંગિયાએ મૂકેલી મૂંગી દહાડ જુઓ.*
*સુણીને ડોલતી વેલાની એક વાડ - જુઓ.*

*પૂરબ દિશાથી થયું દૂર સહેજ અંધારું,*
*ધરે છે ઘાસને આ ઓસ કેવાં લાડ - જુઓ!*

*ફૂટી રહ્યા છે અહીં નવ્ય સોમ્ય અંકુરો,*
*અડે છે આભને બીજી તરફ આ તાડ ..જુઓ.*



*ન દશ્ય થાય છે બગલાને માછલી એકે,*
*ગળ્યા નજરમાં છે પોતાની એનાં હાડ... જુઓ!*

*બધાં જ પંખીઓ, પ્રાણીઓ છે અચાનક ચુપ,*
*સૂતેલા રાજાએ જાગી, મૂકેલી ત્રાડ જુઓ.*

*તિમિરની સેના છે સામે ને આગિયા થોડા,*
*વિરાટ સામે મથામણ આ મારફાડ - જુઓ!*

*સમસ્તને જે ગજાવી રહી છે ખુશ્બોથી,*
*એ રાતરાણીની માદક ને મુગ્ધ ધાડ જુઓ.*

*ન મટકું મારતા, સોગંદ તમને જંગલના,*
*ઊતરતા શબ્દમાં, આ સૌ પ્રભુના પાડ - જુઓ.*

* * *

(૩)

અલગ ચાલનું વ્યથોપનિષદ

અહો ! પહેલી વખત પુરવાર કરવાનું !
પછીથી તો સતત પુરવાર કરવાનું.

દુઆ આપે છે ગત પુરવાર કરવાનું.
'નવું હો કાર્યરત પુરવાર કરવાનું'.

ટણી પર ટેકવી વટ ઢાલ ભૂલી જઈ,
સ્વયમ્નું પાણીપત પુરવાર કરવાનું.

નિરાંતે બેસવાનું નહીં કદી ક્યાંયે,
પધાર્યાં કે તરત પુરવાર કરવાનું.

ઘણા જાણે છે, રહે છે દૂર કાયમના,
કશી ક્યાં આવડત પુરવાર કરવાનું?!

પૂરી પ્રજ્ઞા ભૂંસાઈ ઓલવાઈ જ્યાં,
કે નીવડે કારગત પુરવાર કરવાનું.

અદાલત વિશ્વભરની છે પ્રવૃત્તિમાં
બધું સાચું ગલત પુરવાર કરવાનું.

અસત્ પડકારવાની હામ છે જગમાં?
અને હંમેશ સત પુરવાર કરવાનું?

ફિતૂરી-વાસના - રઘવાટમાં જીવતા,
સહુનો એકમત : પુરવાર કરવાનું.

અગર ના હોત સાંકળ આવી ભારેખમ,
તો અમને પણ ગમત પુરવાર કરવાનું.

અપેક્ષાનાં બધાં જંગલની વચ્ચોવચ,
થયું ના હસ્તગત પુરવાર કરવાનું.

અભરખાઓ બધા વાસી દીધાં છે તેં;
હું નહીંતર મોકલત પુરવાર કરવાનું.

મેં છોડયું, ઝંખ્યું બહુ પાછું અને આવ્યું,
ન ઠેલાયું પરત પુરવાર કરવાનું.

તપાવું લોહ ચકમકથી ને મારું ઘણ?
બહુ દુર્ગમ, સખત પુરવાર કરવાનું.

લીધું કણ, ચાખ્યું નાખ્યું, ઊડી ગોરૈયા,
અહીં તો બસ ચખત પુરવાર કરવાનું.

હવે થાકી અને હાંફી ગયું છે, જો!
હજી નહીં તો ચલત પુરવાર કરવાનું.

વિષાદોથી ભરેલી જિંદગી નીચે
છે મારા દસ્તખત : પુરવાર કરવાનું.

આ કેવળજ્ઞાન આવ્યું છે મને હમણાં-
મૂઉ! છટ! મૂર્ખ! ધત! પુરવાર કરવાનું...

અરે શોભિત ! હવે આ સોય-દોરાથી,
ભૂરા આભે ભરત પુરવાર કરવાનું !

* * *

(૪)

*જેટલું અહિંનું નિયત છે, રહીને ;*
*થાય છે કે હવે નાસી જઇએ*
*આપણી વાત બરાબર કહીને,*
*થાય છે કે હવે નાસી જઇએ*

*છે કલમ સાથે પનારો જેનો,*
*એવો ખડિયો તો થવા આવ્યો ખતમ*
*મુકી અડધેથી આ ખાતાવહીને,*
*થાય છે કે હવે નાસી જઇએ*

*જ્યાં જવું'તુ ન જવાયું ક્યારેય,*
*ને ગયા જ્યાં ત્યાં ચલાવી લીધું;*
*કોઈ બોલે છે ભીતર રહીરહીને*
*''થાય છે કે હવે નાસી જઇએ''*

*લાગણીની થઈ દરકાર કશેક,*
*ક્યાંક વિખરાઈ ગયા સંવેદન*
*માન અપમાન સજાવી, સહીને;*
*થાય છે કે હવે નાસી જઇએ*

*કોઈ જાણે કે ન જાણે શું ખબર*
*બોલશે, મુકી જઈશું એ બધું;*
*આપણા બસનું ગઝલમાં વહીને;*
*થાય છે કે હવે નાસી જઇએ.*

* * *

આજે આટલું જ... ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com


## ગુજરાતની વિવિધ રામસર સાઈટ

# પ્રવાસી પંખીઓનું સ્વર્ગ સમાન શિયાળુ નિવાસ સ્થાન

ભારત દેશમાં વિવિધ સરોવરોમાં શિયાળા દરમ્યાન વિવિધ પક્ષીઓનો મેળાવડો જામે છે અને યાયાવર પક્ષીઓ પોતાનું નિવાસ સ્થાન બનાવે છે. સેન્ટ્રલ એશિયન ફ્લાય વે એટલે કે પંખીઓનાં વિવિધ હાઈવેમાંના એક હાઈવેનો ઉપયોગ કરીને તેઓ છેક સાયબીરિયન પ્રાંતમાંથી ભારત દેશ આવે છે અને સુરક્ષિત શિયાળો પસાર કરીને ફરીથી પ્રવાસી માફક જ પોતાના વતનમાં પરત ઉડ્ડયન ભરે છે. કુદરતે તેઓને વિશિષ્ટ દિશા ઓળખની શક્તિ આપી છે કે તેઓ પોતાના માર્ગને વળગી રહે છે અને જે તે સ્થાન પર દર વર્ષે અચૂક પણે હાજરી નોંધાવે જ છે. ઈરાન ખાતે આવેલ રામસર શહેરમાં થયેલા પ્રવાસી પંખીઓનાં સંરક્ષણ માટેનાં ૧૯૭૧માં થયેલ કન્વેન્શન મુજબની ધારાધોરણો ધરાવતાં કુદરતી કે કૃત્રિમ જળાશયોના સમૂહને રામસર સાઈટ તરીકે જાહેર કરીને આંતરરાષ્ટ્રીય મહત્ત્વ આપવામાં આવે છે અને પંખીઓ માટે તેની જાળવણી કરવામાં આવે છે. આશરે ૧૩૦ કરતાં વધુ પ્રજાતિનાં યાયાવર પક્ષીઓને સાચવી શકે અને વિવિધ જાતનાં છોડ તથા કુદરતી વાતાવરણ પૂરું પાડે તેવા વિસ્તારને રામસર સાઈટમાં આવરી લેવામાં આવે છે. દુનિયાભરમાં વિવિધ સ્થળે જ્યાં જ્યાં પંખીઓ પસાર થતા હોય, રોકાતા હોય કે બ્રીડિંગ કરતા હોય એવી રામસર સાઈટ જાહેર કરાઈ છે અને ભારત દેશમાં આવી ૪૮ રામસર સાઇટ્સ આવેલી છે. ગુજરાતમાં જ આવી ૪ રામસર સાઈટ છે.

તાજેતરમાં જામનગર ખાતે આવેલ ખીજડિયા પક્ષી અભ્યારણ્યને રામસર સાઈટ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. થોડા મહિનાઓ અગાઉ અમદાવાદ નજીક આવેલા થોળ પક્ષી અભ્યારણ્ય અને વડોદરા નજીક આવેલ વઢવાણા પક્ષી અભ્યારણ્યને પણ રામસર સાઈટ તરીકે જાહેર કરવામાં આવી જે પક્ષી પ્રેમીઓ માટે હરખની ઘડી કહી શકાય. આ પહેલા માત્ર નળ સરોવર પક્ષી અભ્યારણ્ય જ રામસર સાઈટ હતી પણ ગુજરાતના વિશાળ સમુદ્ર કિનારા, ખુલ્લા ઘાસનાં મેદાનો અને વિશાળ મીઠાં પાણીનાં સરોવરો યાયાવર પક્ષીઓને મુક્ત વાતાવરણ અને સુરક્ષિત જીવન પૂરું પાડે છે એ જ કારણોને લઈને વિશ્વભરનાં પક્ષીઓ ગુજરાતના મહેમાન બને છે. ખૂબ જ દુર્લભ કહી શકાય તેવા પક્ષીઓ પણ ગુજરાતને પોતાનું ઘર બનાવે છે. ગુજરાતમાં આવેલ વિવિધ રામસર સાઇટ્સ વિષે ચર્ચા કરીશું.

જામનગર નજીક આવેલ ખીજડિયા પક્ષી અભ્યારણ્ય યાયાવર પક્ષીઓ માટે ખૂબ જ માનીતું સ્થળ છે. અહીં એક તરફ મીઠા વરસાદી પાણીનાં સંગ્રહથી બનતું નાનાં નાનાં તળાવોનું વિશાળ સરોવર અને માટીનાં પાળાથી અલગ પડતું ખારા પાણીનું વિશાળ જળ પ્લવિત ક્ષેત્ર છે. અહીં આશરે ૩૦૦ કરતાં પણ વધુ પક્ષીઓની વિવિધ જાતો દેખાઈ છે. જામનગરથી માત્ર ૧૨ કિમીનાં અંતરે આવેલ આ સ્થળ પર પક્ષી અભ્યાસુ લોકો પણ વિશ્વભરમાંથી શિયાળો આવતા જ દેખા દે છે. કચ્છના અખાતના દક્ષિણ કિનારે આવેલ હોય આ વિસ્તાર પક્ષીઓ માટે ખૂબ જ સરળ માઈગ્રેશન પોઇન્ટ છે, ઈરાન-અફઘાનિસ્તાન, પાકિસ્તાન, મોંગોલિયા, રશિયા જેવા પ્રાંતનાં પક્ષીઓ અહીં મીઠાં પાણીનાં સરોવરોમાં પોતાનું આશ્રયસ્થાન બનાવે છે. ૧૯૮૪માં પક્ષીવિદ ડો. સલીમ અલીએ અહીં એક જ દિવસનાં સમયમાં ૧૦૪ જાતનાં પક્ષીઓને ઓળખી બતાવ્યા હતા. દર વર્ષે અહીં જલહંસ એટલે કે ઇન્ડિયન સ્કિમર આવે છે. તાજેતરમાં અહીં વર્ષો પછી મ્યુટ સ્વાન મહેમાન બન્યો જેણે જામનગરને વૈશ્વિક ફલક પર મૂકી દીધું. પ્રવાસ આપણે કરી જાણીએ છીએ પણ પક્ષીઓથી મોટું કોઈ પ્રવાસી જીવ નથી. આપણે માત્ર વિવિધ વિશ્વને જોવા અને માણવા માટે પ્રવાસ કરીએ છીએ પણ પક્ષીઓ તો પોતાનાં જીવનને ટકાવી રાખવાનાં સંઘર્ષનાં ભાગ રૂપે પ્રવાસ કરે છે. કેટલાક પક્ષીઓ સાઇબિરિયા પ્રાંતમાંથી, તો કેટલાક રશિયાની ઓબ નદીનાં ઠંડા વિસ્તારમાંથી, કેટલાંક જાપાન વિસ્તારમાંથી તો કેટલાક હિમાલયનાં અતિ ઠંડાગાર સરોવરોમાંથી પોતાનાં બચ્ચાઓને લઈને ખૂબ જ ઊંચી અને લાંબી મુસાફરી માટે ઉડાન ભરીને ગુજરાતનાં



અલગ અલગ સરોવરોને સંઘર્ષના ભાગ રૂપે જીવનનો થોડા સમય માટે હિસ્સો બનાવે છે. ખીજડિયામાં હિમાલયનાં માનસરોવરથી રાજહંસોનું ટોળું, હિમાલયનાં સો-મોરીરીથી ભગવી સુરખાબ, આફ્રિકા અને સિંધ પ્રાંતમાંથી હંજોનું ટોળું, મધ્ય એશિયાના વિસ્તારોમાંથી ગુલાબી પેણ, સિંધ પ્રાંતમાંથી શિકારી પક્ષીઓ વગેરે અહીંયા ગમતું અને સુરક્ષિત વિશ્વ મેળવી લે છે. અહીં ગુલાબી પેણનો હજારોનો સમૂહ, નાના અને મોટા હંજોનો સમૂહ, વિવિધ બતક, સમુદ્રી પક્ષીઓ ખીજડિયાને શિયાળામાં ગુંજતું કરી મૂકે છે. જામનગરનાં ખીજડિયાનાં અફાટ સૌંદર્યમાં મહાલતા મોટાં અને નાનાં હંજ જ્યારે છીછરા પાણીમાં સમૂહમાં ખોરાક શોધતાં હોય ત્યારે ક્ષિતિજ પર સફેદ આકાર સ્પષ્ટ દેખાય પણ જયારે આકાશને આંબવા ઉડાણ ભરે કે આખું આકાશ ગુલાબી રંગે રંગાઈ જાય. ગુજરાતનું રાજ્ય પક્ષી આમ મુક્તપણે વિહરતુ હોય ત્યારે એને જોયા જ કરવાનું મન થાય, એકીટશે.

કુદરતનાં માહોલમાં રત થઇ જવાય એવા ડલ રંગોનાં કપડાં જેવા કે ઓલિવ ગ્રીન વગેરે પહેરીને પક્ષી દર્શનનો લાભ લઇ શકાય. ખીજડિયા સરોવરને સંપૂર્ણ પણે શાંતિથી જોવા માટે સવારના છ વાગ્યાથી લઈને સૂર્યાસ્ત સુધીનો સમય જોઈશે જ. અહીં એક વોચ ટાવર છે જેના પરથી પાણીમાં દૂર સુધી મહાલતા પક્ષીઓની કરતબને શાંતિથી નિહાળી શકાય છે. અહીંના મુખ્ય ચેક લિસ્ટમાં રેડ ક્રેસ્ટેડ પોચાર્ડ, હેરિયર્સ, પાણીમાં શિકાર કરતી લિટલ ગ્રેબ, તળાવ વચ્ચે લાકડાં પર બેસેલું સ્નેકબર્ડ ડાર્ટર, બોઇંગ વિમાનની જેમ પાણી પર ઉતરાણ કરતા પેલીકન્સ, પાણીમાં ચાંચ ડુબાડીને કોઈ તરતી સ્ટીમર માફક ટોળામાં ખોરાક શોધતા ફ્લેમિન્ગોઝ, ઊંચે આકાશમાંથી પાણીમાં છલાંગ લગાવીને એક જ ઝાટકે માછલી પકડીને ઊડતું ઓસ્પ્રે, સફેદ રૂ જેવું મુલાયમ કોટન પીગ્મી ગૂઝ, ઊડતા વેંત જ સિસોટી મારતું લેસર વિસલિંગ ડક વગેરે વિવિધતમ સુંદર પક્ષીઓ અહીં માત્ર થોડા જ કલાકોમાં જોઈ શકાય. પંદરમી ઓક્ટોબરથી લઈ ને છેક ફેબ્રુઆરી મહિનાનાં અંત સુધી અહીં વિવિધ પક્ષીઓ જોઈ શકાય છે.

ખીજડિયા બે ભાગમાં વહેંચાયેલું છે જેમાં એક વિસ્તારમાં સૂકાં ઘાસિયાં મેદાનો અને માનવ સર્જિત માટીના પાળાથી બનેલાં નાનાં નાનાં સરોવરોનો સમૂહ છે એટલે અહીં સાયબીરિયન સ્ટોનચેટ, વિવિધ જાતની લાર્ક જેવાં નાનાં પક્ષીઓ આવે છે અને શિકાર માટે બાજ, શકરો, ગરુડ વગેરે આવે છે. કુદરતની આહાર શૃંખલાં સરળ રીતે જળવાઈ રહે એવી રચના અહીંના માનવસર્જિત સરોવરોમાં કુદરતી રીતે જ નિર્માણ પામી છે પરિણામે આજે જામનગરને આંતરરાષ્ટ્રીય સ્તરે નામના ધરાવતી રામસર સાઈટ મળી છે અને પંખીઓને વધારે સુરક્ષિત સ્થાન મળ્યું છે. ખીજડિયાનાં બીજા ભાગમાં વરસાદી પાણીનાં સંગ્રહથી બનતાં સરોવરોનો સમૂહ છે જ્યાં પાણીમાં વસતા વિવિધ પક્ષીઓની કરતબો નિહાળવા માટેની શ્રેષ્ઠ જગ્યા છે. સાંજના સમયે અહીં બેસીને સરસ રીતે પક્ષી નિરીક્ષણ કરી શકાય છે. અહીં જંગલી બિલ્લીઓ પણ અલગ જ અંદાજમાં જોવા મળે છે. બીજા ભાગમાં ગાડી લઈને જઈ શકાય છે. પહેલા ભાગમાં ચાલતા જ પક્ષી નિરીક્ષણ કરી શકાય છે. પહેલાં ભાગમાં જવાનો શ્રેષ્ઠ સમય વહેલી સવારનો જ છે જ્યારે સાંજનાં સમયે બીજા ભાગમાં પક્ષી નિરીક્ષણ કરી શકાય છે. અહીં બુકિંગ વિન્ડો પરથી સરળ રીતે ટિકિટ મેળવીને અભ્યારણ્યની મુલાકાત લઇ શકાય છે. સાથે દૂરબીન હશે તો સોને પે સુહાગા. વનવિભાગને વિનંતી કરવાથી અહીં દૂરબીન પણ મેળવી શકાય છે. પક્ષી નિરીક્ષણ સમયે વિવિધરંગી કપડાં ના પહેરતા જંગલનાં વાતાવરણને અનુરૂપ પોશાક પહેરવો હિતાવહ છે. કોઈ પણ જાતની અકુદરતી સુગંધ કે પરફ્યુમ પણ પક્ષીઓની વર્તણૂંકને ખલેલ પહોંચાડે છે માટે અમુક બાબતોમાં સજાગ બનીને બાળકો સાથે પક્ષી નિરીક્ષણ કરીયે અને બાળકોને પણ નિસર્ગ સાથે મહાલવાની આદત પાડીએ તો રામસરની સિદ્ધિ જરૂર સાર્થક ગણાશે. બાળકોને નેશનલ જ્યોગ્રાફિક ચેનલનો અદ્દલ સાચો અનુભવ પ્રકૃતિ વિશ્વમાં વિહરીને જ આપી શકાય. અહીં તેઓ દેશમાં આવતા વિદેશી મહેમાનોથી માહિતગાર થશે અને વન્યસૃષ્ટિ તથા પ્રકૃતિ પ્રત્યે સંવેદના આપોઆપ જાગશે. માત્ર બાળકો જ નહિ પણ મોટેરાઓ પણ પક્ષી દર્શનનો શોખ આ રીતે જ કેળવી શકે છે. પક્ષીઓનાં મુક્ત વિશ્વમાં એક વાર ડૂબકી લગાવ્યા પછી આ વિશ્વને જાણવાની જિજ્ઞાસા આપોઆપ સહુને પક્ષી અભ્યારણ્ય ક્ષેત્રોમાં ખેંચી જશે જ.

સામાન્ય રીતે આપણે દયા દ્રષ્ટિ દાખવનારા લોકો છીએ પણ અજાણતા આપણે પક્ષીઓ સાથે અન્યાય કરી બેસીએ છીએ. યાયાવર પક્ષીઓની શારીરિક રચના અને પાચનતંત્ર તેમને લાંબું ઊડવા માટે પૂરતી તાકાત આપે એવી હોય છે અને તેઓનો ખોરાક પણ એ રીતે જ હોય છે. સામાન્ય રીતે તેઓ માંસાહાર કે માછલીઓ પર નભતા હોય છે પણ આપણે તેઓને આપણો ખોરાક જેવા કે ગાંઠિયા વગેરે આપીને તેઓનુ પાચનતંત્ર ખોરવી મૂકીએ છીએ અને તેઓની મૂળ આહાર પદ્ધતિથી એમને વિખૂટા પાડી મૂકીએ છીએ. જરાક સજાગ અને સંવેદનશીલ બનીએ તો આ નિર્દોષ અને સુંદર મહેમાનોને આપણે હંમેશાં મહાલતા જોઈ શકીશું. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# નેટવર્ક ન હોય તો પણ કોલ થશે..!

## આ છે મિનિમમ રિ-ચાર્જનું મોટું મેજિક

**મોબાઈલ** યુઝર્સ મામલે ભારતે ગત અઠવાડિયે ડંકો વગાડી દીધો છે. સબસ્ક્રાઈબર્સ અને પ્રીમિયમ યુઝર્સ મામલે ભારત પાસે સૌથી વધારે યુઝર્સ છે. આ એક ડેટા ટેલિકોમ કંપનીએ પોતાના એક વાર્ષિક અહેવાલમાં અંકિત કર્યો છે. વાર્ષિક અહેવાલ અનુસાર રિ-ચાર્જ કે પોસ્ટપેઈડ કનેક્શન કરતા એક જ નંબર પર જુદી જુદી સર્વિસ એક્ટિવ કરનારા લોકોની સંખ્યા વધી રહી છે. એમાં મોટાભાગના યુવાનો હોવાનું સર્વે કહે છે. હવે જે લોકોએ કી-પેઈડવાળા મોબાઈલનો ઉપયોગ કર્યો હશે એને એના બટનની અવધ પૂરી થયાનો અહેસાસ થયો હતો. અગાઉના મોબાઈલ જોઈએ તો દરેક મોબાઈલ પર એક નાનકડી દાંડી આવતી, જે નેટવર્કના સિગ્નલને કંટ્રોલ કરવાનું કામ કરતી. કાળક્રમે મોબાઈલ પાતળા થતા ગયા અને આ દાંડીએ કાયમી ધોરણે વિદાય લીધી. હવે તમે કહેશો કે, આમા શું નવું છે. હવે જે નવું છે એ છે નેટવર્કનું ક્રમિક ધોરણે બદલાવું. પરિવર્તન, ચેન્જ અને ફેરફાર.

મોબાઈલમાં બેલેન્સ ન હોય કે બિલ ન ભર્યું હોય તો નેટવર્ક હોવાનું સ્ક્રિન પર બતાવે પણ ફોન કે મેસેજ ન થાય. આ તબક્કામાંથી તો દરેક વ્યક્તિ કોઈને કોઈવાર પસાર થઈ હશે પછી યુદ્ધના ધોરણે બિલ ભરવું પડે અથવા તો રિ-ચાર્જના ઓછામાં ઓછા પૈસા ખર્ચવા પડે. ટેલિકોમ કંપનીઓ માટે ગળાકાપ હરીફાઈના યુગમાં ફ્રી સર્વિસ પોસાય એમ નથી તેમ છતાં એક ફ્રી કોલ સર્વિસે કંપનીઓના પેટમાં તેલ રેડ્યું છે.

વાત વિગતવાર સમજીએ કે, નેટવર્ક ન હોય કે ઓછું હોય તો કેવી રીતે કોલ કરી શકાય. પહેલા તો એ વાતની સ્પષ્ટતા કે અહીં કોઈ જ સેટેલાઈટ સર્વિસ કોલિંગની વાત નથી. આ સર્વિસ ડિફેન્સ અને એવિએશન ક્ષેત્રે ઉપયોગમાં લેવામાં આવે છે. નેટવર્ક પ્રોવાઈડર કંપનીઓ એક નવી સવલત શરૂ કરી રહી છે જેનું નામ છે 'ઈન્ટ્રા સર્કલ રોમિંગ સર્વિસ'.



પ્રાથમિક ધોરણે આપણા દેશની ટેલિકોમ કંપનીઓએ આના પર રિસર્ચ કરીને, અમુક કરાર કરીને અને એને સમકક્ષ ટેકનોજી પાછળ ખર્ચ કરવાનું શરૂ કરી દીધું છે. આ સર્વિસ ટેલિકોમ કંપનીઓ પાસે પહેલા આવશે જેનો સીધો ફાયદો એના ગ્રાહકોને થવાનો છે. સૌથી વધુ સબસ્ક્રાઈબર્સ ધરાવતી કંપનીઓ માટે પ્રાથમિક ધોરણે આ મોંઘું પડશે. જ્યારે તમારા મોબાઈલમાં કોઈ જ પ્રકારનું નેટવર્ક નહીં હોય તો પણ તમે બીજાના નેટવર્કનો ઉપયોગ કરીને કોલ કરી શકશો. આ થઈ એક પ્રકારની કોલિંગ નેટવર્ક પોર્ટેબિલિટી. જોકે, હકીકત એ પણ સ્વીકારવી પડે કે, મોબાઈલનો ટાવર ભલે કોઈ પણ કંપનીનો હોય નેટવર્ક તો એમાંથી બધી ટેલિકોમ કંપનીના એકસાથે રૂટ થાય છે. આપણા દેશની ત્રણ મોટી ટેલિકોમ કંપનીઓએ આ ટેકનોલોજી પર કામ કરવાનું શરૂ કરી દીધું છે. આ માટે કેટલાક રોમિંગ, રિ-ચાર્જ પ્લાન અને સિમ સર્વિસમાં ફેરફાર કરવાનું પણ શરૂ કરી દીધું છે. એટલે હવે નજીકના સમયમાં કોલિંગ અને સિમ નેટવર્ક ટેકનોલોજીમાં એક મોટી અપડેટ આવી રહી છે એ વાત નક્કી છે.

આ પ્રકારની ટેકનોલોજી તૈયાર કરવાનો એક હેતુ એ છે કે, મેડિકલ કે સુરક્ષા સંબંધિત ઈમરજન્સી દરમિયાન કોઈ વ્યક્તિ યુદ્ધના ધોરણે મદદ માગી શકે. કોઈનો સંપર્ક કરી શકે. આફત જેવી સ્થિતિમાં જીવ બચાવવા કોઈને દોડાવી શકે. ઈન્ટ્રા સર્કલ રોમિંગ સર્વિસમાં નેટવર્ક કવરેજમાં વધારો, પ્રાપ્યતા, ઈમરજન્સી નેટવર્ક અને નેટવર્ક શેરિંગ જેવા પાયાના ફિચર્સ છે. એ માટે ટેલિકોમ કંપનીઓ અત્યારે કમર કસી રહી છે. એક વખત મોબાઈલમાં ઈન્ટ્રા સર્કલ રોમિંગ સર્વિસ એક્ટિવ થઈ એટલે આસપાસ એક્ટિવ એવા તમામ નેટવર્ક મોબાઈલ પર મળશે, જેનો ઉપયોગ કરીને જે તે વ્યક્તિ ઈમરજન્સીમાં પણ મદદ માગી શકશે. અહીં નેટવર્ક કોનું છે અને કંઈ કંપનીનું છે, કેટલું નેટવર્ક આવે છે એનું મહત્ત્વ નથી. ખાસ ધ્યાન એ વાતનું રાખવાનું છે કે, જે તે સમયે આ સર્વિસ આપણા મોબાઈલ સુધી પહોંચશે પણ તેના ઉપયોગમાં મર્યાદા છે.

હંમેશાં માટે આ પ્રકારની સર્વિસનો ઉપયોગ કરી શકાશે નહીં. કંઈ સ્થિતિમાં આનો ઉપયોગ કરી શકાશે એ માટેના માપદંડ સરકારનો ટેકનોલોજી અને ટેલિકોમ વિભાગ નક્કી કરશે. જાણીને નવાઈ લાગશે પણ આ ટેકનોલોજીનો પ્રયોગ તમિલનાડુ રાજ્ય કરી ચૂક્યું છે. ગત વર્ષે તમિલનાડુના ચેન્નઈ સહિત કેટલાક ગ્રામ્ય વિસ્તારમાં પૂર આવ્યું એ સમયે નેટવર્ક ઠપ્પ થવાના બદલે નિષ્ણાતોએ કોઈ સંપર્કવિહોણા ન થાય એ માટે આ રસ્તો અપનાવ્યો હતો. ખાસ વાત એ હતી કે, જે પ્રવાસીઓ અહીં આવ્યા હતા. એના નેટવર્કનો ઉપયોગ પણ લોકોને જે તે સંપર્કવિહોણા ક્ષેત્રમાંથી કોન્ટેક્ટ કરવા થયો. ટેલિકોમ કંપનીઓ માર્કેટમાં ભલે હરીફાઈ કરે, પણ કોઈ સંપર્કવિહોણું ન થાય અને ઈમરજન્સીમાં મદદ મળી રહે એ હેતુથી સમજણના પ્લેટફોર્મ પર સહમત થતા મોટી સિદ્ધિ બની રહેશે. ■

**આઉટ ઑફ બૉક્સ**

*વર્ષ ૧૯૯૫માં ભારતમાં પહેલી વખત સિમકાર્ડ નેટવર્ક સિસ્ટમની શરૂઆત થયેલી. એની પહેલી સર્વિસ દિલ્હીમાં શરૂ થઈ હતી.*

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# મોટા ભાગના દેશોમાં પ્રજાસત્તાક સરકાર છે




આજે ૨૬ જાન્યુઆરી. બ્રિટિશરોની ગુલામીમાંથી મુક્ત થઈ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે ભારતને આઝાદી મળી. દેશ સ્વતંત્ર થયો. એના લગભગ અઢી વર્ષ પછી ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના દિવસે આપણો દેશ પ્રજાસત્તાક બન્યો. **પ્રજાસત્તાક એટલે સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર અનુસાર મતદારો દ્વારા નિશ્ચિત મુદત માટે ચૂંટાયેલી સરકાર.** એવી સરકાર ધરાવતા દેશોને પ્રજાસત્તાક દેશો કહેવામાં આવે છે. પ્રજાસત્તાકમાં મતદારો સાર્વભૌમ સત્તા ધરાવતા હોય છે. **સાર્વભૌમ એટલે સર્વોપરી, એના ઉપર કોઈ નહીં.** રાજ્યના ચૂંટાયેલા વડા બિન વારસાગત રીતે નિશ્ચિત મુદત માટે પ્રજાના નામે શાસન ચલાવતા હોય છે. રાજાનો દીકરો જ રાજા બને એથી સાવ વિપરીત એટલે બિન વારસાગત પ્રણાલી. આ રીતે ચૂંટાયેલા પ્રમુખ સામાન્ય રીતે નામ માત્રની કારોબારી સત્તાઓ ધરાવતા હોય છે. **કારોબારી એટલે કારોબાર સંબંધિત અને કારોબાર એટલે અમલ, કારભાર, વહીવટ કે વ્યવસ્થા.** ભારતમાં રાષ્ટ્રપ્રમુખ નામ માત્રની કારોબારી સત્તાઓ ધરાવે છે અને કારોબારીની ખરી સત્તાઓનો વાસ્તવિક ઉપયોગ તો વડા પ્રધાન સહિતનું પ્રધાનમંડળ કરે છે. અલબત્ત એમાં અમેરિકા જેવા દેશ અપવાદરૂપ છે. અહીં દેશના પ્રમુખ પાસે સત્તા હોય છે.

પ્રજાસત્તાક વ્યવસ્થા સામાન્ય રીતે લોકશાહી પર આધારિત હોય અને એમાં રાજાશાહીને કોઈ સ્થાન ન હોય. જોકે, કેટલાક દેશોમાં લોકશાહી હોય, પરંતુ ત્યાંની સરકારનું સ્વરૂપ પ્રજાસત્તાક હોતું નથી. જેમ કે બ્રિટનની સરકાર. અહીં રાજ્યનો વડો વારસાગત ધોરણે હોદ્દો ધરાવે છે. પ્રજાસત્તાક સરકાર ત્રણ સ્વરૂપો ધરાવે છેઃ (૧) પ્રમુખીય પ્રથા, (૨) સંસદીય પ્રથા અને (૩) પ્રમુખીય – સંસદીય મિશ્ર પ્રથા. યુએસએમાં પ્રમુખીય પ્રથા, ઈટલી, પશ્ચિમ જર્મની અને ભારતમાં સંસદીય પ્રથા તથા ફ્રાંસમાં પ્રમુખીય – સંસદીય મિશ્ર પ્રથા કાર્યરત છે. કેટલાક દેશો બંધારણની દૃષ્ટિએ પ્રજાસત્તાક હોવા છતાં, વાસ્તવિક સ્વરૂપમાં તે પ્રજાસત્તાક હોતા નથી. લેટિન અમેરિકન દેશોમાં આવા દાખલા જોવા મળે છે.

ભારતમાં પ્રાચીન કાળમાં બે પ્રકારની સરકાર હતી. એક રાજાશાહી પર આધારિત અને બીજી ગણાધીન યા પ્રજાસત્તાક. અનેક વ્યક્તિવાળા શાસનને ગણાધીન (ગણતંત્ર) કહેવામાં આવતું. ઐતિહાસિક દૃષ્ટિએ ગણનો અર્થ પ્રજાસત્તાક રાજ્ય થાય છે. સંસ્કૃત ભાષાનું વ્યાકરણ બનાવનારા પાણિનિના અભિપ્રાય મુજબ રાજદ્વારી સંઘ એટલે ગણ અથવા પ્રજાતંત્ર. આધુનિક કાળમાં પ્રજાસત્તાક સરકારનો ઉદભવ એ રાજ્યક્રાંતિઓનું પરિણામ છે. આજે યુરોપમાં કેટલેક ઠેકાણે રાજાશાહી તંત્રો અપવાદરૂપે અસ્તિત્વમાં છે. જોકે, ત્યાં રાજા નામની જ સત્તા ધરાવે છે. યુનાઈટેડ નેશન્સમાં સભ્યપદ ધરાવતા વિશ્વના મોટા ભાગના દેશોએ પ્રજાસત્તાક સ્વરૂપની સરકાર અપનાવી છે.

## ENગ્લિશ વિંGLISH — REPUBLIC COUNTRIES

પ્રજાસત્તાક માટે અંગ્રેજી શબ્દ છે રિપબ્લિક. પ્રજાસત્તાક સરકારનું એક એવું સ્વરૂપ છે જેમાં સત્તા લોકો પાસે હોય છે. અલબત્ત સીધી રીતે શાસન કરવાને બદલે લોકો સત્તા ચૂંટાયેલા પ્રતિનિધિઓને આપે છે. આ પ્રતિનિધિઓ તેમના હિતનું પ્રતિનિધિત્વ કરે છે. The word republic comes from the Latin term res public, which means public things, public matter, or public affair. પ્રજાસત્તાક શબ્દ લેટિન શબ્દ ‘res public’ પરથી આવ્યો છે, જેનો અર્થ જનતા સંબંધિત સાર્વજનિક બાબત થાય છે.

વિશ્વનાં ૧૫૯ સાર્વભૌમ રાજ્યો તેમના સત્તાવાર નામે પ્રજાસત્તાક શબ્દનો ઉપયોગ કરે છે. આપણે જે દેશને દક્ષિણ કોરિયા તરીકે ઓળખીએ છીએ તેનું વાસ્તવિક નામ તો રિપબ્લિક ઓફ કોરિયા છે. જોકે, કેટલા દેશ ખરેખર પ્રજાસત્તાક તરીકે શાસન કરે છે એની યાદી તૈયાર કરવી એ ખૂબ જ મુશ્કેલ કામ છે. This is partly due to the generously broad modern definition of a republic and partly due to the fact that the term is occasionally incorporated into the titles of countries that have arguably distorted its definition. આજના યુગમાં રિપબ્લિક યાને કે પ્રજાસત્તાકની વ્યાખ્યામાં ઉદારતા જોવા મળે છે. આ અભિગમને કારણે વ્યાખ્યા વિકૃત થઈ ગઈ છે. કેટલાક દેશના નામમાં રિપબ્લિક શબ્દ કહેવા પૂરતો છે કારણ કે એ દેશના શાસનમાં લોકશાહી નહીં, આપખુદશાહી જોવા મળે છે. One well-known example of this is North Korea, whose official name is the Democratic People's Republic of Korea, despite the fact that the country is widely considered to be a military dictatorship and a totalitarian regime rather than a republic. એનું ખૂબ જ જાણીતું ઉદાહરણ ઉત્તર કોરિયા છે. તમને જાણીને નવાઈ લાગશે પણ ઉત્તર કોરિયાનું સત્તાવાર નામ ડેમોક્રેટિક પીપલ્સ રિપબ્લિક ઓફ કોરિયા છે. જોકે, નામને શાસન સાથે કોઈ લેવાદેવા નથી. આ દેશ રિપબ્લિક – પ્રજાસત્તાક તરીકે નહીં, પણ લશ્કરી સરમુખત્યારશાહી અને નિરંકુશ – એકહથ્થુ શાસન તરીકે નામચીન છે. Similarly South American country Chile is known as Republic of Chile but for some years it was ruled by military dictatorship. સાઉથ અમેરિકન દેશ ચિલી રિપબ્લિક ઓફ ચિલી તરીકે ઓળખાય છે પણ અનેક વર્ષ ત્યાં રાજકીય સરમુખત્યારશાહી હતી. આ બધા એવા ઉદાહરણ છે જેને પ્રજાસત્તાક દેશ તરીકે ઓળખવા એ કમનસીબી છે. At the same time, many of the world's most prominent true republics, such as the United States, Germany, Japan, and the United Kingdom, do not include the word republic in their names at all. આના બીજા છેડાના ઉદાહરણ છે યુનાઇટેડ સ્ટેટ્સ, જર્મની, જાપાન અને યુનાઇટેડ કિંગડમ જેવા વિશ્વના ખરા અર્થમાં અગ્રણી પ્રજાસત્તાક રાષ્ટ્ર જેમના નામમાં પ્રજાસત્તાક શબ્દનો સમાવેશ જ નથી કરવામાં આવ્યો.

## રાષ્ટ્ર ભાષા — गणराज्य या गणतंत्र

પ્રજાસત્તાક માટે હિન્દી શબ્દ છે ગણરાજ્ય અથવા ગણતંત્ર. गणतंत्र शब्द संस्कृत के दो शब्दो ‘गण’ और ‘तंत्र’ से मिलकर बना है. ‘गण’ का मतलब है जनता और ‘तंत्र’का मतलब है प्रणाली. ભાષાના દ્રષ્ટિકોણથી વિચારીએ તો ગણતંત્ર શબ્દ ‘ગણ’ અને ‘તંત્ર’ એ બે સંસ્કૃત ભાષાના શબ્દોના યુગ્મથી બન્યો છે. ગણ શબ્દનો અર્થ થાય છે જનતા અને તંત્રનો અર્થ થાય છે પ્રણાલી. ગણતંત્ર એટલે જનતાનું શાસન. भारत को गणतंत्र इसलिए कहा जाता है क्योंकि इसके प्रतिनिधि देश की जनता द्वारा चुने जाते हैं। नागरिकों द्वारा चुने गए प्रतिनिधियों के पास हमारी ओर से निर्णय लेने की शक्ति होती है। ભારતને પ્રજાસત્તાક એટલા માટે કહેવામાં આવે છે કે જનતા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિ દેશ પર શાસન કરે છે. एक गणराज्य या गणतंत्र सरकार का एक रुप है जिसमें देश को एक ‘सार्वजनिक मामला’ माना जाता है, न कि शासकों की निजी संस्था या सम्पित एक गणराज्य के भीतर सत्ता के प्राथमिक पद विरासत में नहीं मिलते हैं। यह सरकार का एक रुप है जिसके अंतगर्त राज्य का प्रमुख राजा नहीं होता । રાજ્ય અથવા ગણતંત્રમાં દેશ શાસક કે કોઈ અંગત બાબત નથી ગણવામાં આવતી. બલ્કે એ સાર્વજનિક સંપત્તિ તરીકે સ્વીકૃત છે. અહીં રાજ્યના પ્રમુખ રાજા નહીં લોક પ્રતિનિધિ હોય છે.

## સખ્ખી બહિણ — गणराज्य


મરાઠીમાં પ્રજાસત્તાક માટે પ્રજાતંત્ર અથવા પ્રજાસત્તાક શબ્દ વપરાય છે. પ્રજા શબ્દ બંને ભાષામાં સમાન અર્થ અને વપરાશ ધરાવતા હોવાથી સામ્ય જોવા મળે છે. भारत हे सार्वभौम समाजवादी लोकशाही गणराज्य आहे असं संविधानाच्या प्रास्ताविकात घोषित करण्यात घोषित करण्यात आलं आहे. બંધારણની પ્રસ્તાવનામાં જ સ્પષ્ટતા કરવામાં આવી છે કે કે ભારત એક સાર્વભૌમ સમાજવાદી લોકશાહી પ્રજાસત્તાક રાષ્ટ્ર છે. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના દિવસથી આપણું બંધારણ અમલમાં આવ્યું. બંધારણ માટે મરાઠી શબ્દ છે સંવિધાન.‘आम्ही भारताचे लोक’ या शव्दांपासून आपल्या संविधानाची उदेशिका सुरु होते. देशांच जे काही बरं-वाईट करायंचं, त्याचे सर्वाधिकार भारतीय नागरिकांच्या हाती आहेत. संविधानातली प्रत्येक बाब संविधान सभेत चर्चा होउन संमत झाली आहे. બંધારણની પ્રસ્તાવનાની શરૂઆત જ ‘અમે ભારતની જનતા’ શબ્દોથી થાય છે. દેશનું જે પણ ભલું - બૂરું કરવું એની સત્તા ભારતીય નાગરિકોના હાથમાં છે. બંધારણના દરેક મુદ્દા પર વિશદ છણાવટ અને ચર્ચા થયા પછી જ સર્વસંમતિ સાધવામાં આવી હતી. આજ તો અર્થ છે પ્રજાસત્તાકનો. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# માખીને ડ્રોનની જેમ કોણ ઉડાડતું હશે?

### એક માખીતુલ્ય સવાલ....



‘ગિરધરલાલ, પહેલાં માણસ કે માખી?’ રાજુને સવાલ પૂછ્યો. રાજુને પ્રશ્ન પૂછવાનું ગજબનું ગાંડપણ છે. સુથારનું ચિત બાવળિયે તેમ રાજુનું ચિત સવાલે. દેવો અને દાનવોએ જોઇન્ટ વેન્ચરનાં ભાગરૂપે મેરુ પર્વતનો રવૈયો અને શેષનાગનું દોરડું-રાંઢવું બનાવી સમુદ્રમંથન કરેલું, જેમાં ચૌદ રત્ન નીકળેલા તેમ રાજુના મગજ વગરના મસ્તિકમાં મનોમંથન ચાલી રહ્યું હતું.

‘રાજુ, પહેલાં મરઘી કે ઇંડું? આ સવાલના જવાબમાં તારા પ્રશ્નનો જવાબ આવી જાય છે.’ મેં જા બિલાડી મોભામોભનું વલણ અપનાવી સવાલની મિસાઇલ રાજુ તરફ ડાયવર્ટ કરી.

‘ગિરધરભાઇ, શું માખી સ્થિતપ્રજ્ઞ હોય છે?’ ‘આસ્થા’ ચેનલ પર આવતા કોઇ જિજ્ઞાસુ સાધકની જેમ રાજુએ આધ્યાત્મિક શંકાને સબળ વાચા આપી.

‘આપણે દુર્ગંધ અને સુગંધ વચ્ચે સમતા રાખી શકીએ છીએ?? આપણે સુખ અને દુ:ખને ડાબી-જમણી આંખનો ભેદ કર્યા સિવાય સ્વીકારી શકીએ છીએ? આપણે સુખમાં હરિનામ સ્મરણ કરીએ છીએ? તારો જવાબ નકારમાં જ હશે. જગતમાં માખી જ એવો આત્મા છે કે મીઠાઇ પર બેસવામાં જે લિજ્જતનો આસ્વાદ લે છે તેવો જ આનંદ મળ કે વિષ્ટા પર બેસીને ચિદાનંદ ઉઠાવે છે. માખી મીઠાઇ કે ફરસાણ વચ્ચે પંક્તિભેદ કરતી નથી. લોટ, ભોટ, વોટ, ઠોઠ કે નોટ વચ્ચે તફાવત કરતી નથી. દુગ્ધાલય કે મધુશાલા તેના માટે સમાન છે. મંદિર કે સ્મશાનને હરખશોક અનુભવતી નથી. માખી આનંદી કાગડા જેવી છે. માખી મોજીલી મહારાણી છે. માખી ગમે તેના પર બેસી ડોકું હલાવતા આગળના બે પગ ઘસીને પદાર્થ પર કશુંક ભભરાવતી હોય છે. સ્લીપવેલના ગાદલા વિના વળગણી દોરી પર આરામથી ઊંઘી જાય છે!’ મેં માખીની ખાસિયતો વર્ણવી.

‘ગિરધરભાઇ,ભગવાન વિષ્ણુએ કાચબા, વરાહ, નરસિંહ ઇત્યાદિ અવતાર ધારણ કર્યા તો માખાવતાર કેમ ન ધારણ કર્યો?’રાજુએ સંશય કર્યો.

‘વેલ, એના વિશે હું કાંઇ ન કહી શકું. અલબત, ભગવાને વૃક્ષોમાં હું પીપળો છું. હાથીમાં ઐરાવત છું. એવું બધું કહ્યું છે, અપિતું, જીવજંતુમાં હું માખી છું એમ કહ્યું નથી. દેવી -દેવતાઓએ મોર,ગરૂડ, હંસ, ઉંદર, વાઘ, પાડાને આઉટસોર્સિંગ કે રેગ્યુલર પે મેટ્રિકસમાં વ્હીકલ તરીકે હાયર કર્યા છે. શનિએ ઇવન કાગડાને પણ ટુ વ્હીલર તરીકે કિફાયતી રેંટથી હાયર કર્યો છે. માખી બુલેટ ટ્રેન કરતા ઝડપી યાતાયાતનું માધ્યમ છે, છતાં માખીને અડધી કિંમતે વાહન તરીકે હાયર કરવામાં આવતી નથી એ સમગ્ર માખી સમાજનું અપમાન છે. માખીઓ બણબણ કરીને ચૂંટણીમાં ભલભલાને ધૂળ ચાટતા કરી દેશે.’ અમે માખી સમાજની અવહેલનાનો વિરોધ કર્યો.

‘ગિરધરભાઇ માખી અને ઘરવાળીમાં શું સામ્ય છે?’ રાજુએ સનાતન સવાલ કર્યો.

‘રાજુ. આપણે વર્તમાનપત્રમાં સમાચાર વાંચતા હોઇએ, ટીવી જોતાં હોઇએ કે મનગમતી પ્રવૃત્તિ કરતા હોઇએ તો માખી છાપા પર, ચશ્માંની ડાંડલી પર માન ન માન મેં તેરા મહેમાનની માફક ચોંટી જાય છે. માખીને ઉડાડીએ તો પણ મૂળસ્થાને આવી જાય છે. ટૂંકમાં, માખી આપણને સતત ઇરીટેટ કરે છે. ઘરવાળીનું પણ એવું જ છે. ફોન પર કોઇ છમકછલ્લો સાથે રસીલી વાતચીત થતી હોય, માત્ર દસ ફૂટ દૂર કોઇ વિશ્વસુંદરી પર આંખના કેમેરાનો લેન્સ ફોકસ કર્યો હોય એ અવસરને ઘરવાળી આફતમાં પલ્ટી નાંખે છે. આમ માખી અને ઘરવાળીને રંગમાં ભંગ કરવાની મજા આવે છે.’ મેં રાજુને વણનોતરી આફત વિશે સાદી સમજ આપી.

‘ગિરધરભાઇ,આપણે નવરા હોઇએ તો માખી મારીએ છીએ એમ કહીએ છીએ. માખી મારવી એ સરળ ટાસ્ક છે?’ રાજુએ પેટા પૂરક પ્રશ્ન પૂછ્યો.

‘ભઈલા, ઝેર તો પીધા છે જાણી જાણી એમ કહેવાય છે. બસ, આવું જ કામ કે કસોટી માખી મારવામાં છે. માખી મારવી એ રોકેટ સાયન્સ કરતાં કપરું કામ છે. માખી મારવી એ કળા અને વિજ્ઞાનનો સમન્વય છે. માખી મારવા માટે જગતની કઇ સ્કૂલ, કોલેજ, યુનિવર્સિટીમાં ક્યાંય ડિપ્લોમા, ડિગ્રી કે પીએચડી કોર્સ ચાલતા નથી. ભાષા ભવનમાં ભાષા ભણાવવામાં આવે છે, પરંતુ માખીભવનમાં માખીનો મ પણ ભણાવવામાં આવતો નથી. રાજકીય પક્ષોના ચૂંટણી ઢંઢેરામાં માખી મારવાનું વચન વચન કે ગેરંટી આપવામાં આવતી નથી. માખી મારવી એના કરતા લોખંડના ચણા ચાવવા સહેલા પડે. પહેલો ઘા રાણાનો કરી માખીવઢ ઘા કરો એટલે ગર્લફ્રેન્ડની માફક બીજે ઉડી જાય છે. મહેલમાં માખીનો ત્રાસ અધિક માત્રામાં હતો. વનમાં માખીનો ત્રાસ ઓછો હશે તેમ વિચારીને વનમાં ગયા હતા. ભગવાન પરશુરામ પણ માખીના ત્રાસથી હેરાન હેરાન થઇ ગયેલા. પૃથ્વીને માખીમુક્ત કરવા માખી વિરુદ્ધ માખીસંગ્રામ કરવા કૃતનિશ્ચયી બનેલા. તેમાં વચ્ચે ક્ષત્રિયો આવી ગયા અને ઇતિહાસ બદલાઇ ગયેલ તેમ જાણભેદુઓ કહે છે.‘મેં ઐતિહાસિક તથ્યો હેલોજન જેવો પ્રકાશ પાડ્યો.

‘ગિરધરભાઇ પુરાણોમાં ભ્રામરી દેવીનું વર્ણન આવે છે તે માખીને મળતું આવે છે. માણસ ચંદ્ર મંગળ પર ચડાઇ કરે છે. રોબોટ-આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ બનાવે છે. પરમાણુ બોમ્બ બનાવે છે. પરંતુ, મચ્છર , માંકડ વંદા, માખીનો ખાત્મો બોલાવી શકતો નથી..મન હોય તો માળવે જવાય પરંતુ, મન હોય તો માખી મરાય એમ કોઇ કહેતું નથી.’ રાજુએ માણસોની નિષ્ફળતા બ્યાન કરી.

‘રાજુ. માખીના ભાણા પર મંડરાતી માખીને કોણ ઉડાડતું હશે ?’ મેં રાજુને અઘરો સવાલ પૂછ્યો.

તમે માનશો? રાજુ માથું ધુણાવતો માખીની જેમ ઊડીને વળગણીએ ટીંગાઇ ગયો. માનો કે વૈતાળ વૃક્ષ પર ઊંધો લટકી ગયો. ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# ૨૬ જાન્યુઆરીની ગોઝારી સવારઃ કચ્છનાં આંસુભીનાં સ્મરણો

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧નો કાળો દિવસ ભારતીય ઇતિહાસમાં ક્યારેય ભૂલી ન શકાય તેવા કચ્છના ભૂકંપ માટે જાણીતો રહેશે. જ્યાં વિનાશક ધરતીકંપથી કચ્છના અંજાર શહેરમાં પ્રજાસત્તાક દિનની રેલીમાં ભાગ લેનાર ૧૮૫ બાળકો, ૨૧ શિક્ષકો, એક કલાર્ક અને બે પોલીસકર્મીનો કરુણ અંત આવ્યો જેણે માત્ર અંજારને જ નહીં, પરંતુ આખા દેશને શોકમાં ગરકાવ કરી દીધું હતું.

અંજારની રેલીની કરુણાંતિકાના તો એટલા ઘેરા પ્રત્યાઘાત પડયા હતા કે દુનિયાની મહાસત્તા ગણાતા અમેરિકા રાષ્ટ્રના પૂર્વ પ્રમુખ બિલ કિલન્ટન કચ્છ આવ્યા ત્યારે તેમણે હોનારતમાં જાન ગુમાવનારા માસૂમ ફૂલોને ગમગીની સાથે શ્રદ્ધાસુમન અર્પણ કર્યું હતું. આ બનાવે માનવીય સંવેદનાને રીતસર હચમચાવી મૂકી હતી. ભૂસ્તર વિજ્ઞાનના અભ્યાસુ ડૉ. મહેશ જી. ઠક્કરના જણાવ્યા અનુસાર, આ પહેલા ૧૮૧૯નો વિનાશક ધરતીકંપ મધ્ય અને પશ્ચિમ કચ્છમાં પ્રભાવી બન્યો હતો જ્યારે ૨૦૦૧ના ભૂકંપે મધ્ય અને પૂર્વ કચ્છને તબાહી આપીને માનવજાતને ઝંખવા મજબૂર કરી દીધા હતા. ખાસ કરીને અંજારના વિરહી માતાપિતાના આંસુઓથી રંજિત ધરતી માટે ૨૬ જાન્યુઆરીની એ સવાર ક્યારેય ભુલાશે નહીં.

આ બાળકોથી વિમુખ થયેલા માતાપિતાની આંખોમાં ચમકતા આંસુઓ આજે પણ અંજારની ધરતીને ભીંજવે છે. આ બાળકો અને શિક્ષકોની યાદમાં ‘વીર બાળક સ્મારક’નું નિર્માણ કરવામાં આવ્યું છે. ૩.૧૫ એકર વિસ્તારમાં આ સ્મારક સૌના માટે કરુણાંતિકાની યાદને જીવિત રાખે છે. દરરોજ રાત્રે આ સ્મારકમાં દેખાતા તેજસ્વી કિરણો એ માસૂમ આત્માઓને શ્રદ્ધાંજલિ અર્પે છે અને શૂન્યથી નવસર્જન તરફની એક નવી રેખા દોરી જાય છે જે આજની પેઢી માટે શીખ છે કે હોનારતોની તરફેણમાં હંમેશાં સાવધાન રહેવું જોઈએ. જોકે, ૧૮૧૯ થી ૨૦૦૧ના ભૂકંપ સુધીમાં કોઇએ સભાનતા કેળવી ન હતી એટલે જ તો હજારોના મૃત્યુઆંકનો ખડકલો ઊભો થયો હતો. આપત્તિઓને નાબૂદ કરવું ભલે આપણા હાથમાં ન હોય પરંતુ સલામતી કેળવવી તો આપણાં હાથમાં છે. અંજારના આ દિવંગત બાળકોની શ્રદ્ધાંજલિ સાથે, કચ્છીઓએ એવું જીવન જીવવું જોઈએ કે જેમાં પ્રજાસત્તાક દિન માત્ર રજાનો દિવસ નહીં, પણ માનવતાની સંવેદનાને ઉજાગર કરતો બને.

ભાવાનુવાદઃ ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧જો કારો ડીં ભારતજે ઇતિહાસમેં કડે ભુલી ન સગાજે એડા કચ્છજે ભુકંપ લા જાધ રોંધો. જિત ગોજારે ભુકંપ થકી કચ્છજે અંજાર સેરમેં પ્રજાસત્તાક ડીં જી રેલીમેં ભાગ ગિનંધલ આસરે ૧૮૫ બાર ને ૨૦ જિતરા માસ્તરેંજો કરુણ અંત આયો જુકો ખાલી અંજારકે જ ન, ૫ સજે ડેસકે શોકમેં હલાય ડિનોં હો.




અંજારજી રેલીજી કરુણાંતિકાજા ત ઇતરા ઉના પ્રત્યાઘાત પ્યા હોઆ ક ધુનિયાજી મહાસત્તા ગણાઇંધલ અમેરિકાજા પૂર્વ પ્રમુખ બિલ ક્લિન્ટન કચ્છ આયા તેર હિન હોનારતમેં જાન ગવાઇંધલ માસુમ ફુલડેંકે ડુસકા ભરંધે શ્રદ્ધાસુમન અર્પણ ક્યો હો. હી ઘટના માનવીય સંવેધનાકે રીતસરજો ડગાઇ વિધો વો. ભૂસ્તર વિજ્ઞાનજ અભ્યાસુ ડો. મહેશ જી. ઠક્કરજે હિસાભે, હિન પેલા ૧૮૧૯જો વિનાશક ભુકંપ મધ્ય ને પશ્ચિમ કચ્છમેં ત ૨૦૦૧જો ભુકંપ મધ્ય ને પૂર્વ કચ્છમેં તબાહી સર્જે ને માનવજાતકે લાચાર ભનાય વિધ વા. ખાસ ત અંજારજા વિરહી મા-પે જે આંસુએંસે રંજિત ધરતી લા ૨૬ જાન્યુઆરીજી ઇ સવાર કડે ન ભુલાંધિ.

હિન બારેં સે વિછુટા થેલ મા-પે જી અંખિયુમેં ચમકંધા આંસુ આજ પણ અંજારજી ધરતીકે ભિંજાઇયેંતા. હિન દિવંગતેજી જાધમેં ‘વીર બાળક સ્મારક’ જો નિર્માણ હિકડે-બો વરે પેલા જ કરેમેં આયો આય જુકો ૩.૧૫ એકર વિસ્તારમેં ફેલાયલ આય. હી સ્મારક મિડેલા કરુણાંતિકાજી જાધકે જીવંધો રખેતો નેં રોજ રાતોં હિન સ્મારકમેં ડસાંધ તેજસ્વી કિરણ ઇ માસૂમેંજી આત્માએંકે શ્રદ્ધાંજલિ અર્પેતા ને શૂન્યસે નવસર્જન જી નઇ રેખા તે ધ્યાન કેન્દ્રિત કરેતા. નેં જુકો અજજી પેઢી કે શીખ ડેંતા ક હોનારત સામે હંમેશાં સાવધાન રોંણૂં ખપે. જકા, ૧૮૧૯ નું ૨૦૦૧જે ભુકંપ સુધીમેં કો પણ સભાનતા ન રખેં વે ઇતરે જ ત હજારો મૃત્યુઆંકજો ઢગલો થિઇ વ્યો વો. આપત્તિકે રોકણું ભલે પાંજે હથમેં ન વે ૫ સલામતી રિખંણી ત પાંજે હથમેં આય. અંજારજે હિન દિવંગત બારેંજી શ્રદ્ધાંજલિ ભેરો, કચ્છીએંકે ન્યો જીયણ જિવેજી તિયારી મેં પ્રજાસત્તાક ડીં ખાલી રજાજે ડીં તરીકે નં પણ માનવતાજી સંવેધનાકે ઉજાગર કરંધો ભનાઇણું ખપે.

*અંતમેં કવિ તેજજી ધરતીકંપકે જાધ ડેરાઇંધલ રચના સાદર,*

*ધરતીકંપ મેં કઈ ધબજી વેઆ કઈ મરી વેઆ ચીસેં મેં!*
*કઇ વિચાડા જીયરા પેઆ-વા છણલ ભીંતે જે ભીંસે મેં!*
*કુધરત જે હેન ખૂની ખોપ મેં એડા ડિઠા કઈ કીસેં મેં!*
*ઘર છડે આંગણ મેં વૈઇ રેઆ ખનેર અપેઆ ખવીસેં મેં!*
*ભીખારી એં કે જલસા થી પેઆ ડાતાર ખાંખો ડીસેં મેં!*
*નાણા ધરતીકંપે ધબાણા ખીંચા ખાલી ખમીસેં મેં!*
*કો’ ડેવાણું ઈતરો ભોગ ડિનોં કો ખેરાતું ભરેઓં ખીસેં મેં!*
*કો રાહત નાલે નાણા ઉગારે શરીફેં કે ઉતારેઓં શીસેં મેં!*
*સચ્ચા સેવક દિલભર ધોડેઆ રાજકારણી રીસેં મેં!*
*‘તેજ’ ચેં છાલ એડી આફત અચે-મં-કર્ડે ભવિષે મેં!* ■

# ડૉલરની નબળાઈ પર સવાર થયેલી સોનામાં તેજી, વૈશ્વિક રોકાણકારોની નજર ફેડરલની નીતિવિષયક બેઠક પર

## સ્થાનિકમાં ઊંચા મથાળેથી રૂંધાયેલી માગ અને વેપારી આલમની મીટ અંદાજપત્ર પર

કોમોડિટી

રમેશ ગોહિલ

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગત ગુરુવારે સ્વિત્ઝર્લૅન્ડના દાઓસ ખાતેની વર્લ્ડ ઈકોનોમિક ફોરમનાં વર્ચ્યુઅલ સંબોધનમાં અમેરિકી ફેડરલ રિઝર્વને વ્યાજદરમાં કાપ મૂકવાની હાકલ કરી હતી, પરંતુ વેપારી ભાગીદાર દેશોથી થતી આયાત સામે લાદવામાં આવનાર ટેરિફ અંગે કોઈ સ્પષ્ટતા ન કરતાં ટેરિફની અનિશ્ચિતતા સપાટી પર રહેતાં આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં પીછેહઠ જોવા મળી હતી અને સોનામાં ઘટ્યા મથાળેથી તેજીનો દોર શરૂ થયો હતો. તેમ જ સપ્તાહના અંતે ડૉલર ઈન્ડેક્સ એક મહિનાની નીચી સપાટીએ પહોંચતા વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૨૭૯૦.૧૫ ડૉલરની વિક્રમ સપાટીથી માત્ર ૧૭.૩૦ ડૉલર જ છેટે રહ્યા હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનામાં તેજીનું વલણ જોવા મળ્યું હતું જોકે, ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં રૂપિયામાં પણ ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળતાં સ્થાનિકમાં સોનાની આયાત પડતરોમાં ઘટાડો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત સપ્તાહે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સાપ્તાહિક ધોરણે ઘટ્યા મથાળેથી ૪૦ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો. જોકે, એકંદરે સોનામાં તેજીનું વલણ રહ્યું હોવાથી ઊંચા મથાળેથી માગનો વસવસો રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરા રહિત ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૧૭મી જાન્યુઆરીના ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૯૨૩૩ના બંધ સામે સાધારણ સુધારા સાથે રૂ. ૭૯,૩૮૩ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૭૯,૩૪૫ અને ઉપરમાં રૂ. ૮૦,૪૩૦ની રેન્જમાં અથડાઈને અંતે સાપ્તાહિક ધોરણે ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૦૯ અથવા તો ૧.૩૯ ટકા વધીને રૂ. ૮૦,૩૪૮ના મથાળે રહ્યા હતા. એકંદરે વિશ્વ બજાર પાછળ તેજીનું વલણ રહ્યું હોવાથી સ્થાનિકમાં રિટેલ સ્તરની માગ માત્ર નામ પુરતી રહી હતી અને જ્વેલરોની દુકાનામાં ગ્રાહકોની ચહેલપહેલ પ્રમાણમાં બહુ ઓછી રહી હોવાનું ચેન્નાઈ સ્થિત એક ડીલરે જણાવ્યું હતું. તેમ જ સરકાર આગામી પહેલી ફેબ્રુઆરીએ રજૂ થનારા અંદાજપત્રમાં ડ્યૂટીનાં માળખામાં ફેરફાર કરવામાં આવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા સ્થાનિક બજારમાં જ્વેલરી ઉત્પાદકોની તેમ જ ઊંચા મથાળેથી રિટેલ સ્તરની માગ પણ શુષ્ક રહી હોવાનું મુંબઈ સ્થિત એક જ્વેલરે જણાવ્યું હતું. આમ એકંદરે જ્વેલરો અને રિટેલ સ્તરની પણ માગ નિરસ રહેતાં ગત સપ્તાહે સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વિશ્વ બજારની સરખામણીમાં ઔંસદીઠ ૩૮ ડૉલર જેટલા ડિસ્કાઉન્ટમાં ઓફર કરી રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહમાં ડિસ્કાઉન્ટ ઔંસદીઠ ૩૦ ડૉલરની સપાટીએ રહ્યું હતું.



વધુમાં સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે પણ વિશ્વ બજાર પાછળ સોનાના ભાવ ઐતિહાસિક ઊંચી સપાટીએ પહોંચતા અપેક્ષિત રિટેલ માગનો વસવસો રહ્યો હતો. તેમ છતાં આગામી ૨૮ જાન્યુઆરીથી ૪ ફેબ્રુઆરી સુધી નવાં લ્યુનાર વર્ષની ઉજવણીની રજાઓ પૂર્વે અમુક લોકો સોનાની ખરીદી કરી રહ્યા હોવાનું ચીન સ્થિત એક પ્રીસિયસ મેટલ ટ્રેડરે જણાવતાં ઉમેર્યું હતું કે ગત સપ્તાહે ચીનમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧૦ ડૉલર પ્રીમિયમથી માંડીને ૧૦ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા. જોકે, આ પૂર્વેના સપ્તાહે ડીલરો સોનાના ભાવ ઔંસદીઠ ત્રણથી ૧૦ ડૉલરમાં ઑફર કરી રહ્યા હતા.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટેરિફ યોજનાઓ અને વ્યાજદરમાં કાપ મૂકવાની કરેલી હાકલને પગલે ગત સપ્તાહે ડૉલર ઈન્ડેક્સમાં એક ટકા જેટલો ઘટાડો નોંધાયો હોવાથી વિદેશી ખરીદદારો માટે સોનાની પડતરોમાં ઘટાડો થતાં માગ ખૂલી હતી. તેમ જ ટ્રમ્પની ટેરિફ અંગેની અનિશ્ચિતતાને કારણે રોકાણકારોની સોનામાં નીકળેલી સલામતી માટેની માગનો ટેકો મળતાં તેજીને વધુ ઈંધણ મળ્યું હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતા ઉમેર્યું હતું કે ગત સપ્તાહે બૅન્ક ઑફ જાપાને વ્યાજદરમાં વધારો કરીને વર્ષ ૨૦૦૮ પછીની સર્વોચ્ચ સપાટીએ રાખ્યા હતા, જ્યારે હવે બજારની નજર આગામી ૨૮-૨૯ જાન્યુઆરીએ યોજાનાર અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ છે. એકંદરે અમેરિકામાં આર્થિક વૃદ્ધિ જળવાઈ રહી છે અને ફુગાવામાં પણ ઘટાડો થઈ રહ્યો છે, પરંતુ ટ્રમ્પની પ્રસ્તાવિત વેપાર અને ટેરિફની નીતિઓ ફુગાવાલક્ષી દબાણ વધારે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વ આગામી બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા અત્યંત પાતળી છે. તેમ છતાં યુરોપિયન સેન્ટ્રલ બૅન્ક વ્યાજદરમાં કાપ મૂકે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું. હાલના પરિબળોને ધ્યાનમાં લેતા અમારા મતે આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૨૭૨૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટીએને ૨૮૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થઈ શકે છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૮,૯૦૦થી ૮૧,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યા તેમણે વ્યક્ત કરી હતી.

વ્યાજદરમાં કાપ મૂકવાની ટ્રમ્પની હાકલ પશ્ચાત્ ડૉલર નબળો પડતાં ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૨૭૭૨.૭૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે હાજર ભાવ ગત ૩૧ ઑક્ટોબરની ઔંસદીઠ ૨૭૯૦.૧૫ ડૉલરની સર્વોચ્ચ સપાટીથી માત્ર ૧૭.૩૦ ડૉલર જ છેટે રહ્યા હતા. તેમ જ સાપ્તાહિક ધોરણે હાજર ભાવમાં ૨.૭ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. તેમ જ વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૨૭૭૮.૯૦ ડૉલરના મથાળે રહ્યા હતા. હાલના તબક્કે માત્ર ડૉલર ઈન્ડેક્સની નરમાઈ અને ટ્રમ્પની ટેરિફ યોજનાઓની અનિશ્ચિતતા જ સોનાની તેજીના મુખ્ય પરિબળો રહ્યા હોવાનું ટીડી સિક્યોરિટીઝનાં કૉમોડિટી સ્ટ્રેટેજિસ્ટ બાર્ટ મેલેકે જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં ટ્રમ્પની ટેરિફ અનિશ્ચિતતા સોનાના ભાવ ઉછાળી રહ્યા છે અને ફુગાવાલક્ષી દબાણ વધવાની સાથે ફેડરલ રિઝર્વ નાણાનીતિમાં સુસંગત નીતિનું વલણ અપનાવે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરતાં ઉમેર્યું હતું કે રોકાણકારોની નજર ફેડરલની બેઠક ઉપરાંત આગામી પહેલી ફેબ્રુઆરીના રોજ ટ્રમ્પની ટેરિફ અથવા તો વેપાર નીતિઓની જાહેરાત પર વધુ રહેશે. ■

# દંભ અને સત્યની લડાઇ

ઓપિનિયન

સી. એ. પ્રકાશ દેસાઈ

તા. ૧૯ જાન્યુઆરી, ૨૦૨૫ના લેખમાં જાપનના કામીકાઝ અને સમુરાઇ અંગે જાણ્યું કે જયારે જાપાનીઝ પાઇલોટોને સામે દેખાતું હતું કે હાર જ થવાની છે, ત્યારે સરન્ડર થવા કરતા સમુરાઇ પ્રથાને ફોલો કરીન સ્યૂસાઇડ સ્ટ્રાઇક કરીને પ્લેનનું ક્રેશ લેન્ડિંગ કરાવીને બને તેટલું વધારે નુકસાન દુશ્મનનું કરતા હતા.

દ્વિતીય વિશ્વ યુદ્ધ પછી જાપાનમાં દેશપ્રેમનો જુવાળ ફાટી નીકળ્યો હતો અને બચ્ચાઓને નર્સરીથી જ દેશપ્રેમના પાઠ ભણાવવામાં આવતા હતા. આ જ સમય દરમિયાન જાપાનમાં એક વ્યક્તિ હતી જેનું નામ હતું યોસીયો કોડામા. કહેવાય છે ને કે એવરિથિંગ ઇઝ ફેર ઇન લવ એન્ડ વોર તેમાં કોડામા પણ માનતો હતો. જૂના જમાનામાં ક્રાઇમ સિન્ડિકેટને યાકુઝા કહેવામાં આવતી હતી. કોડામાએ યાકુઝાને જાપાનમાં રિવાઇવ કર્યું જેમાં યુવાનોને દેશપ્રેમમાં તેની મુવમેન્ટમાં જોડાઇને જાપાનીઝ રાજકારણીઓને તેની દેશ વિરોધી પૉલિસીઓનો વિરોધ કરીને મારવાના પ્રયાસો સામેલ હતા. આના કારણે કોડામાની છાપ એક ગુંડામાંથી એક રાઇટવિંગ નેતાની થઇ ગઇ અને તેના પ્રભાવમાં પોસ્ટ સેકન્ડ વર્લ્ડ વોર પછીના યુવાનો આર્કષાયા.

આજ સમય દરમિયાન મીતસુયાસુ માઇનો નામનો એક ફિલ્મી યુવાન કલાકાર હતો જે કોડામાની રાઇટવિંગ પૉલિસીઓથી બહુ પ્રભાવિત હતો અને તે જાપનીઝ રાઇટવિંગ અને અલ્ટ્રાનેશનાલિસ્ટ લેખક યુકીઓ મિસિમાંની ફિલોસોફીમાં માનતો હતો કે જેણે ૧૯૭૦માં એક સેલ્ફ ડિફેન્સ ફોર્સની રચના કરી હતી. જેમાં યુવાનોની ભરતી કરતા હતા. જેનું કામ હતું પોસ્ટવોર જાપાનના ૧૯૪૭ના બંધારણને ફગાવી દેવાનું, પણ આમાં તે નિષ્ફળ જતા તે સમુરાઇ પ્રથાને ફોલો કરીને મીસીમાએ આપઘાત કરી લીધો, પણ આની ઊંડી છાપ મીતસયાસુ માઇનો ઉપર પડી કે અલ્ટ્રાનેશનાલીઝમમાં દેશ માટે આપઘાત કરીને કુરબાન પણ થઇ જવાય.

આમ એક બાજુ કોડામાં યાકુઝાને રિવાઇવ કરીને જાપાનમાં શરીફ બદમાશ થઇને તેના કાર્યો કરી રહ્યો હતો. અને સમાજમાં તેની ગુંડાની છાપ બદલીને એક દેશભક્તની બહુ સફળતાથી કરી રહ્યો હતો પણ અંદરખાનેથી તે અમેરિકાના સીક્રેટ એજન્ટની જેમ કામ કરતો હતો. કારણકે ૧૯૪૬ના માર્ચ મહિનામાં અમેરિકાએ કોડામાને વોર ક્રિમિનલ તરીકે એરેસ્ટ કરેલો અને ૧૯૪૮માં તેને એક શરતે છોડેલો કે તે એશિયામાં એન્ટિ કોમ્યુનિસ્ટ મોહિમ ચલાવશે અને અમેરિકાના પીઠુ તરીકે કામ કરશે. ૧૯૪૯માં અમેરિકાએ કોડામાને ચીનમાંથી ટંગસ્ટન કેમિકલ સ્મગલ કરવાનું કામ સોંપ્યું, પણ તે કામ નિષ્ફળ ગયું. પણ કોડામાએ કામ કરવાના મહેનતાણાના જે પૈસા મળેલા તે રાખી મૂકયા. આમ કોડામાં પાસે પુષ્કળ પૈસા આવતા તે તેની યાકુઝાની છાપને એક અલ્ટ્રાનેશનાલિસ્ટમાં ફેરવવામાં સફળ થયો, જેમાં તેના યુવાન અનુયાયીઓ થયા જેમાંનો આ યુવાન ફિલ્મી કલાકાર મીતસુયાસો માઇનો પણ સામેલ હતો.

આ સમય દરમિયાન જાપાનીઝ રાજકારણીઓ ભ્રષ્ટાચારમાં લુપ્ત હતા જે યુવાનો માટે એક આશ્ચર્યની વાત હતી કે લોકોને અને બાળકોને દેશપ્રેમના પાઠ પઢાવતા રાજકરાણીઓ ખુદ કેમ ભ્રષ્ટ હોઇ શકે?

જાપાનના ફાઇનાન્શિયલ સ્કેન્ડલમાં તે વખતનું સૌથી મોટું સ્કેન્ડલ હતુ લોકહીડ બ્રાયબરી સ્કેન્ડલ જેમાં સંડોવાયેલા હતા જાપાનીઝ પ્રાઇમ મિનિસ્ટર કાકુઇ ટનાકા.

જાપાનમાં અમેરિકન લોકહીડ કંપની વેંચવામાં કોડામાએ ૧૬ વર્ષ સુધી મુખ્ય ભૂમિકા ભજવીને કરોડો જાપનીઝ યેન કમાયો અને આજ તેના પતનનું મુખ્ય કારણ બન્યું કારણ કે હિરોશીમાં અને નાગાસાકીમાં અમેરિકન અણુબૉમ્બ ફેંકવામાં જે પ્લેન વપરાયેલા તે લોકહીડ કંપનીમાં હતા! સેકન્ડ વર્લ્ડવોર પછી જાપનીઝમાં એન્ટિ અમેરિકા ફિલિંગ એટલી મોટી હતી કે જાપનીઝ અમેરિકાનું નામ સાંભળવા તૈયાર નહોતા ત્યારે અમેરિકન વસ્તુ ખરીદવાનો તો સવાલ જ પેદા નથી થતો. આવા સમયે કોડામાએ જાપાનમાં અમેરિકન લોકહીડ પ્લેન ૧૬ વર્ષ સુધી ઘુસાડતા તેની છાપ અલ્ટ્રાનેશનાલિસ્ટમાંથી એન્ટિનેશનાલિસ્ટની થઇ ગઇ અને તેની સૌથી ઊંડી અસર પડી મીતસુયાસો માઇનો ઉપર કે જે કોડામાને તેનો રોલ મોડલ માનતો હતો અને તેથી તેને બહુ ધક્કો લાગ્યો કે કોડામાએ યુવાનો સથે ઠગાઇ કરી છે તેથી તેણે સમુરાઇ પ્રથાનો ફોલો કરીને કોડામાને ખતમ કરવાનો પ્લાન બનાવ્યો.

માઇનો એક કલાકાર હતો. જોકે તેને મેઇનસ્ટ્રીમ મુવીમાં કામ નહીં મળતા તેણે મોટા ભાગની પૉનો ફિલ્મોમાં જ કામ કરેલું હતું પણ જાપાનમાં લોકો તેને મુવી આર્ટિસ્ટ તરીકે ઓળખતા હતા. માઇનો એક ટ્રેઇન્ડ પાઇલોટ પણ હતો.

૧૯૭૬માં કોડામાં પાસે સારા પૈસા હતા અને સ્ટ્રોંગ સિક્યોરિટીમાં રહેતો હતો અને તેની ઉંમર પણ ૭૦ની આસપાસ થઇ ગઇ હતી. તેથી તેને પાસે પહોંચવું મુશ્કેલ હતું. તેથી ૨૯ વર્ષના માઇનોએ માર્ચ ૧૯૭૬માં એક પ્લાન બનાવ્યો અને તેના ૩ મિત્રો સાથે કામીકઝના મિલિટરી યુનિફોર્મમાં હે હીટલરના નારા લગાવતા ટોકયોના એરપોર્ટ ઉપર આવ્યા. લોકો પણ આશ્ચર્યમાં પડી ગયા કે નાઝી યુનિફોર્મ પહેરીને જાપાનમાં આ યુવાનો ટોકયો એરપોર્ટ પર કેમ આવ્યા છે અને બધા લોકો ગભરાઇ ગયા પણ માઇનોએ સમજાવ્યું કે તેઓ સેકન્ડ વર્લ્ડવોરમાં કામીકઝ એકટમાં શહીદ થયેલા પાઇલોટો ઉપર એક મુવી બનાવ રહ્યાં છે અને તેના શૂટિંગમં તેઓ જઇ રહ્યાં છે. તેથી આ ડ્રેસ પહેરેલા છે. માઇનો અને તેના મિત્રો ટ્રેઇન્ડ પાઇલોટ હોવાના કારણે તેઓએ બે પ્લેન ભાડે પણ લીધેલાં હતાં. આમ પબ્લિક અને એરપોર્ટ ઓથોરિટીને મૂર્ખ બનાવીને માઇનો અને તેના બે મિત્રોએ બે પ્લેનમાં ઉડાન ભરી પણ ત્યારબાદ માઇનોએ તેના મિત્રોને કહ્યું કે તમે પાછા ફરો અને હું પાછળથી આવું છું પણ તેનો ઇરાદો અલગ જ હતો. માઇનોને ખબર હતી કે ટોકયોના રહેવાસી ઇલાકામાં કોડામા કયા બિલ્ડિંગમાં કેટલામાં માળે રહે છે. તેણે ટોકયોના રહેવાસી ઇલાકામાં હવામા ચક્કર લગાવ્યા અને એક બિલ્ડિંગના બીજા માળની બારીમાં સમુરાઇને યાદ કરીને તેના પ્લેનનું ક્રેશ લેન્ડિંગ કર્યું. જેથી કોડામાને મારી શકાય. તેના બદનસીબે કોડામાં બિલ્ડિંગના નીચેના માળે હોવાના કારણે બચી ગયા પણ ક્રેશ લેન્ડિંગમાં માઇનો માર્યા ગયા. આમ ૧૯૭૬માં જાપાનમાં બે એક્સ્ટ્રીમ વસ્તુ જોવા મળી. એક કે સેકન્ડ વર્લ્ડવોર પછી ખંઢેર થયેલું સમૃદ્ધ જાપાન કે જેમાં બુલેટ ટ્રેનો દોડતી હોય અને વિશ્વની એક મોટી અર્થવ્યવસ્થા હોય જયારે બીજી તરફ જાપાનમાં યુવાનોમાં દેશપ્રેમનો જુવાળ અને બીજી તરફ ટનાકા જેવા ગદ્દાર રાજકારણીઓ અને દેશદાઝનો મુખોટો પહેરેલા કોડામાં જેવા ગુંડાઓ. આ વાત તો થઇ ૧૯૭૬ની પણ ત્યારબાદ તો દુનિયાનુ રાજકારણ એટલું બધું બદલાઇ ગયેલું છે કે ટનાકાઓ અને કોડામાઓ આજે પણ દુનિયાના કેટલાય દેશોના રાજકારણમાં જોવા મળે છે અને આશ્ચર્ય તો એ વાતનું છે કે તેઓની વાતોમાં આવી જતા લોકોનો કોઇ તોડ નથી, કારણકે જેમ માર્ક ટવાઇને કહ્યું છે તેમ ''અ લાઇ કેન ટ્રાવેલ હાફ વે એરાઉન્ડ ધ વર્લ્ડ વ્હાઇલ ધ ટ્રુથ ઇઝ પુટિંગ ઓન ઇટસ શુઝ.'' ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની તમામ દેશવાસીઓને શુભકામના. ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં વધુ ૧.૮૮ અબજ ડૉલરનો ઘટાડો



મુંબઈ: ગત તા. ૧૭ જાન્યુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહમાં દેશની વિદેશી હૂંડિયામણની અનામત વધુ ૧.૮૮ અબજ ડૉલર ઘટીને ૬૨૩.૯૮૩ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ જાહેર કરેલી સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૮.૭૧૪ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૨૫.૮૭૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

ગત સપ્ટેમ્બરના અંતે દેશની વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ પહોંચી હતી. જોકે, તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલા મજબૂત વલણને કારણે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણ અથવા તો બજારમાં વધેલી ચંચળતા હળવી કરવા માટે રિઝર્વ બૅન્ક સમયાંતરે બજારમાં હસ્તક્ષેપ કરીને ડૉલરનું વેચાણ કરી રહી હોવાથી અનામતમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૨.૮૭૮ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૩૩.૧૩૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર સિવાયના યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૧૦.૦૬૩ લાખ ડૉલર વધીને ૬૮.૯૪૭ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ એક લાખ ડૉલર વધીને ૧૭.૭૮૨ અબજ ડૉલરના સ્તરે રહ્યા હતા, જ્યારે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૭.૪ કરોડ ડૉલરના ઘટાડા સાથે ૪.૧૨૨ અબજ ડૉલરના સ્તરે રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■

# ખાંડના મથકો પર નરમાઈ, સ્થાનિકમાં મિશ્ર વલણ




(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોના ભાવમાં વધ્યા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે વેપાર રૂ. ૩૬૨૦થી ૩૬૭૦માં થયાના અહેવાલ હતા. આમ મથકો પરના નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહેના અંતે સાર્વત્રિક સ્તરેથી માગ ખપપૂરતી રહેતાં હાજરમાં માગ અને માલની ગુણવત્તાનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો અને ઉપલા મથાળેથી રૂ. ૧૭નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી સાધારણ ક્વિન્ટલે રૂ. બે ઘટી આવ્યા હતા.વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ મથકો પાછળ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને સપ્તાહના અંતને કારણે રિટલ સ્તરની માગ પણ છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટીને અને ઉપલા મથાળેથી રૂ. ૧૭ વધીને રૂ. ૩૭૨૨થી ૩૮૦૫માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સાધારણ ઘટાડા સાથે રૂ. ૩૭૯૦થી ૩૯૦૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પર નરમાઈનું વલણ રહેતાં ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૬૦થી ૩૭૧૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૭૦થી ૩૭૫૦માં થયા હતા. ■

# પાંખાં કામકાજો વચ્ચે ધાતુમાં માગ અનુસાર વધઘટ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના અંતે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે વિવિધ ધાતુઓમાં માગ અનુસાર વધઘટ જોવા મળી હતી, જેમાં મુખ્યત્વે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ અને ટીનમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો સાધારણ સુધારો આવ્યો હતો અને કોપર વાયરબાર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ, લીડ ઈન્ગોટ્સ અને નિકલમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. એકથી બે ઘટી આવ્યા હતા, જ્યારે અન્ય ધાતુઓમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે માત્ર કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ અને ટીનમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એકના સાધારણ સુધારા સાથે અનુક્રમે રૂ. ૭૩૭, રૂ. ૫૭૮ અને રૂ. ૨૬૫૪ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી તેમ જ સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં કોપર વાયરબાર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૮૫૬, રૂ. ૨૫૭, રૂ. ૨૭૩ અને રૂ. ૧૩૭૩ના મથાળે રહ્યા હતા, જ્યારે લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના સાધારણ ઘટાડા સાથે રૂ. ૧૮૦ના મથાળે રહ્યા હતા.

આ સિવાય આજે છૂટીછવાઈ માગને ટેકે અન્ય ધાતુઓના ભાવ જેમાં ટકેલું વલણ રહ્યું હતું તેમાં કિલોદીઠ ધોરણે કોપર કેબલ સ્ક્રેપના રૂ. ૮૦૮, કોપર સ્ક્રેપ હેવીના રૂ. ૭૯૯, કોપર આર્મિચરના રૂ. ૭૮૭, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના રૂ. ૫૩૫ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના રૂ. ૧૯૮ના મથાળે ટકેલાં રહ્યાં હતાં. ■

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**

# ભાવનગરમાં ૧૫માં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર આર. કે. મહેતાની અધ્યક્ષતામાં ૧૫ માં રાષ્ટ્રીય મતદાતા દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના કોર્ટ હોલમાં કરવામાં આવી હતી. ૧૫ માં રાષ્ટ્રીય મતદાતા દિવસની થીમ ''મતદાનથી વિશેષ કંઈ નહીં, હું અવશ્ય મતદાન કરીશ'' પર ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા કલેકટરએ રાષ્ટ્રીય મતદાતા દિવસની શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, લોકશાહીમાં આપણને ઉપલબ્ધ થયેલાં અમૂલ્ય એવાં મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીને જીવંત રાખવી જરૂરી છે. આ અવસરે તેમણે જણાવ્યું હતું કે, જિલ્લામાં મતદાનપાત્ર લોકોની નોંધણી માટે ઝૂંબેશરૂપે કાર્ય કરીને જિલ્લામાં અનેક નવાં યુવા મતદારોની નોંધણી કરવામાં આવી છે. ૧૮ વર્ષના યુવા મતદારથી માંડીને ૧૦૫ વર્ષના સુમરી બા એ મતદાન કરવા માટે જિલ્લામાં ઉમળકો દર્શાવ્યો હતો.

સુદ્રઢ લોકશાહી માટે જાગૃત મતદાતા જરૂરી છે ત્યારે જિલ્લામાં મતપાત્ર તમામ વયજૂથના લોકોને ઓળખી તેમના ઘરે, કોલેજ પર તેમજ ઔદ્યોગિક વિસ્તાર હોય મતપાત્ર મતદાતા ત્યાં હોય ત્યાં જઇને જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવી છે. કલેકટરએ જે મતદારોના નામ પ્રથમ મતદાર યાદીમાં પ્રસિદ્ધ થયા છે એવા યુવા મતદારોને શુભેચ્છા પાઠવી જવાબદાર નાગરિક તરીકે ભારતની લોકશાહી પ્રક્રિયાને મજબૂત બનાવવા માટે પોતાનો સહયોગ આપવા જણાવ્યું હતું. તેમજ નવા નોંધાયેલા યુવા મતદારોને નવા ચુંટણી કાર્ડ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા. ■



રાજકોટમાં કે.કે.વી. બ્રિજ નીચે મનપા દ્વારા બનાવવામાં આવેલા ફૂડ ઝોન અને ગેમ ઝોનનો કૉંગ્રેસ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.
(તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

# મુંદરા બંદરેથી ઝડપાયેલી ટ્રામાડોલની ૯૪ લાખ ગોળીઓનો ભચાઉના ઈન્સિનેરેટર (ભઠ્ઠી)માં નાશ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ દ્વારા ૧૦થી ૨૫મી જાન્યુઆરી ૨૦૨૫ સુધી શરૂ કરવામાં આવેલી અખિલ ભારતીય ડ્રગ ડિસ્પોઝલ ઝુંબેશના ભાગરૂપે ગત જુલાઈ-૨૦૨૪માં મુંદરા અદાણી બંદરેથી આફ્રિકન દેશોમાં નિકાસ અર્થે જઈ રહેલાં બે શંકાસ્પદ કન્ટેઈનરોમાંથી ૧૫૦ કરોડથી વધુના મૂલ્યની ઝડપાયેલી ૯૪ લાખ ટ્રામાડોલ ટેબ્લેટ (અફીણમાંથી બનતી ગોળી)ના વિશાળ જથ્થાનો ભચાઉ પાસેના ઇન્સિનેરેટર(ભઠ્ઠી)માં નાશ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૮માં એનડીપીએસ કાયદા હેઠળ સાયકોટ્રોપિક પદાર્થો તરીકે વર્ગીકૃત થયા પછીની સૌથી મોટી ટ્રામાડોલ જપ્તીઓમાંની એક એવી મુંદરા કસ્ટમની સ્પેશિયલ ઇન્ટેલિજન્સ અને ઇન્વેસ્ટિગેશન શાખાની આ કાર્યવાહીમાં જપ્ત કરાયેલી દવાઓને અખિલ ભારતીય ડ્રગ ડિસ્પોઝલ અંતર્ગત ભચાઉમાં સ્થિત ઇન્સિનેરેટરમાં લાવવામાં આવી હતી. આ ઝુંબેશ ભારતીય કસ્ટમ્સની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે કે તેઓ ડ્રગ હેરફેરનો સામનો કરવા માટે તૈયાર છે અને નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક પદાર્થોનો ઝડપી અને કાર્યક્ષમ નિકાલ સુનિશ્ચિત કરે છે. ભચાઉના આજ સ્થળે અગાઉ મુંદરા બંદરેથી ઝડપાયેલા ૨૧ હજાર કરોડના મૂલ્યના ડ્રગ્સના જથ્થાનો ડીઆરઆઈએ નાશ કર્યો હતો.



(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

અત્રે ઉલ્લેખનીય છે કે, અફીણમાંથી બનાવાતી ટ્રામાડોલ ટેબ્લેટનું વર્ગીકરણ ઓપીઓઈડ ડ્રગ્ઝ તરીકે કરાયેલું છે. સામાન્ય રીતે આ દવા કામચલાઉ ધોરણે અસહ્ય પીડામાંથી છુટકારો આપવા માટે ઉપયોગમાં લેવાય છે.આ દવા મગજની સેન્ટ્રલ નર્વ્ઝ સિસ્ટમ પર સીધી અસર કરે છે. ટ્રામાડોલની દવા લેવાથી કલાકો સુધી ઊંઘ આવતી નથી તેથી મધ્ય પૂર્વના ખતરનાક આતંકી સંગઠન આઈએસઆઈએસ સાથે જોડાયેલા ટ્રેઈન્ડ આતંકીઓ આ 'ફાઇટર ડ્રગ્સ'નો વ્યાપક ઉપયોગ કરે છે. આફ્રિકાના નાઈજિરિયા, ઘાના વગેરે જેવા ગરીબ દેશોમાં સિન્થેટીક (રસાયણોના સંયોજનોથી બનાવેલી કૃત્રિમ દવા) ટ્રામાડોલની ખૂબ ઊંચી માગ છે. માદક દ્રવ્યોની હેરાફેરી, સંગ્રહ અને વેચાણ પર પ્રતિબંધ મૂકતાં નાર્કોટિક્સ ડ્રગ્ઝ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સીઝ એક્ટ ૧૯૮૫ અંતર્ગત એપ્રિલ ૨૦૧૮થી આ દવાની ભારતમાં આયાત અને નિકાસ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે. ■

# રાજકોટમાં એસિડ એટેકનો ભોગ બનેલી મહિલાને ત્રણ લાખ રૂપિયાનું વળતળ ચૂકવવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં સોખડા ગામે તાજેતરમાં થયેલા એસિડ એટેક કેસમાં ડિસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરિટી દ્વારા ૨૪ કલાકમાં ભોગ બનનાર મહિલાને ૩ લાખનુ વળતર ચુકવવા આદેશ કરાયો હતો. પીડિત વળતર ફંડમાંથી હવે ભોગ બનનાર મહિલાને ત્રણ લાખ રૂપિયાનું વળતર ચૂકવવામાં આવશે. ઓથોરિટી દ્વારા આ મહિલાની મુલાકાત લઈને તેની તબીબી સારવારની જાણકારી પણ લેવાઈ હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ડિસ્ટ્રીક્ટ લીગલ સર્વિલ ઓથોરિટીના સેક્રેટરી કે.એમ. ગોહિલે જણાવ્યું હતું કે, રાજકોટના સોખડા ગામે ફરિયાદી મહિલાએ તેની કાકાની દીકરીની સગાઈ આરોપી પ્રકાશ સરવૈયા સાથે કરાવી હતી. સગાઈ દરમિયાન ફરિયાદી મહિલાની બહેન બીજા સાથે પ્રેમલગ્ન કરી જતી રહી હતી. જેથી ફરિયાદી બહેનનું સરનામું જાણવા છતા જણાવતા નથી તેમ શંકા કરી આરોપી ફરિયાદીના ઘરે પહોંચી ગયો હતો અને એસીડ ભરેલી બોટલ ફરિયાદી મહિલા ઉપર નાખી દીધી હતી. આ ઘટનામાં મહિલાને માથે, મોઢાના ભાગે, છાતીના ભાગે, સાથળના ભાગે ઈજા થઈ હતી. આ મુદ્દે મહિલાએ ૨૨ જાન્યુઆરીએ કુવાડવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવી હતી.

ત્યારબાદ ૨૩ જાન્યુઆરીએ ડિસ્ટ્રીક લીગલ સર્વિસ ઓથોરિટીના ચેરમેન વી. બી. ગોહિલને ભોગ બનનાર ઉપર એસિડ-એટેક થયાની અહેવાલોના આધારે જાણ થતાં ભોગ બનનાર મહિલાને ૩ લાખ રૂપિયાનું વળતર ચુકવવાનો આદેશ કરવામાં આવ્યો હતો. કે. એમ. ગોહિલે ભોગ બનનાર અને ભોગ બનનારના પરિવારના સભ્ય સાથે હોસ્પિટલમાં મુલાકાત લઈ મહિલાને યોગ્ય પ્રાથમિક સારવાર આપવા બાબતે સમીક્ષા કરી હતી.

રાજકોટ કુવાડવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એસિડ-એટેકની ઘટનામાં પોલીસ તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે, સોખડા ગામે રહેતા આરોપી પ્રકાશ સરવૈયા નામના યુવાનની સગાઇ તેના જ ગામની યુવતી પારસબેન સાથે કરવામાં આવી હતી. મંગેતરે તેના પ્રેમી સાથે લગ્ન કરી લીધા હોવાની જાણ થતા આરોપી પ્રકાશ સરવૈયા તેની મંગેતરની પિતરાઈ બહેનના ઘરે બોટલમાં એસિડ ભરીને પહોંચ્યો હતો અને બાદમાં એસિડ-એટેક કરી ફરાર થઈ ગયો હતો. ગંભીર ઇજા પહોંચતા ભોગ બનનાર મહિલાને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ■

# મુંદરામાં બે બંધ મકાનનાં તાળાં તૂટ્યાંઃ ₹ ૧.૨૮ લાખની માલમતાની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મુંદરા શહેરમાં શિયાળાની રાતના સુનકાર વચ્ચે હાઇપર એક્ટિવ થયેલા તસ્કરોનો રંજાડ બરકરાર રહેવા પામ્યો છે, મુંદરામાં આવેલાં બે બંધ મકાનોને નિશાના પર લઇ, સોનાં-ચાંદીના દાગીના સહિત રૂપિયા ૧,૨૮,૦૦૦ની માલમતાની ચોરી કરી જતાં ચકચાર પ્રસરી હતી.

આ ઘરફોડ અંગે મુંદરાની સમુદ્ર ટાઉનશિપમાં રહેતા અને ખાનગી નોકરી કરતા મૂળ મધ્ય પ્રદેશના પ્રશાંતકુમાર અશોકકુમાર આગારે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પારિવારિક પ્રસંગમાં ભાગ લેવા વતન ગયા હતા તે સમયગાળા દરમ્યાન પાડોશીએ વીડિયો કોલ મારફતે તેમના તથા અન્ય એક ઘરના તાળા તૂટ્યાં હોવા અંગે જાણ કરી હતી.

તાત્કાલિક ઘરે પરત ફરેલા ફરિયાદીએ તપાસ કરતાં સોના-ચાંદીના દાગીના તથા રોકડા રૂ.૧૮,૦૦૦ મળી કુલ રૂ. ૬૩,૫૦૦ની ચોરી થઈ હોવાનું જણાયું હતું, જ્યારે બાજુમાં આવેલા તાલુરી વેન્કટ સત્ય શાહી શિવા સંતોષકુમારના મકાનમાંથી પણ સોના-ચાંદીના ઘરેણાં મળી કુલ રૂ. ૬૪,૫૦૦નો મુદ્દામાલ ચોરાયો હતો.

ઘરફોડના આ બનાવ અંગે મુંદરા પોલીસે ફરિયાદ નોંધી અજાણ્યા તસ્કરોની ભાળ મેળવવા તપાસ શરૂ કરી છે. ■

# કચ્છના એ ગોઝારા ભૂકંપની ૨૪મી વરસીઃ કેમ ભૂલાશે એ તારાજી

(અમારા પ્રતિનિધિ તરફથી)



(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

ભુજઃ કચ્છના લોકો માટે ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાકનો દિવસ કદાપિ ભૂલી શકાય એમ નથી.આ દિવસે વર્ષ ૨૦૦૧માં સવારે ૮ અને ૪૬ મિનિટે વિનાશક ભૂકંપ આવ્યો હતો જે આજે દુનિયાના ધરતીકંપને લગતા તમામ સંશોધનોમાં 'ભુજ અર્થક્વેક' તરીકે ઓળખાય છે. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ભચાઉ તાલુકાના ચોબારી ખાતે નોંધાયું હતું. આ મહાવિનાશક ભૂકંપ ૯૦ સેકન્ડ સુધી ચાલ્યો હતો અને તે જમીનથી માત્ર ૧૭.૪ કિલોમીટર જેટલો ઊંડો હોઈ,તેણે મચાવેલી તબાહીના દ્રશ્યો હજુ આજે પણ લોકોની નજર સમક્ષ તરવરી રહ્યાં છે. તેમાંય હવે ભુજના ભુજિયા ડુંગર પર સ્મૃતિવન બનાવાતા આ કડવી સ્મૃતિઓ ફરી તાજી થવા પામી છે.

સુપર ફાસ્ટ ટ્રેન ધસમસતી આવી રહી હોય તેવો ભયાનક અવાજ શરૂ થતાં લોકો અચંબામાં મુકાયા હતા અને આ ધરતીકંપ છે તેવું હજુ સમજમાં આવે તે પહેલાં ચોતરફ ધૂળના ગોટે ગોટા ઉડવા શરૂ થઇ ચુક્યા હતા. આ વિનાશક ભૂકંપમાં અંદાજે ૨૦૦૦૦ જેટલા લોકોના મોત નીપજ્યાં હતાં, સેંકડો ઘાયલ થયા હતા.

ભૂકંપ આવ્યા બાદ ગણતરીની મિનિટોમાં બહાર નીકળનારા લોકોને રસ્તામાં ઠેર-ઠેર હાથગાડીમાં મૃતકો કે ઘાયલોને લઇ જતા સ્વજનો જોવા મળતા હતા. એ દિવસે ભુજનું ન્યૂનતમ તાપમાન ૭ ડિગ્રી સે. હતું અને લોકો પોત-પોતાના ખંડેર બની ચૂકેલા મકાનોની બહાર તંબુઓમાં રહેવા મજબૂર બન્યા હતા.

આ ગોઝારા ભૂકંપની સૌથી કરુણ ઘટના કચ્છના અંજાર ખાતે બનવા પામી હતી જેમાં અંજારના ખત્રી ચોક ખાતે બનેલી દુઃખદ ઘટનામાં સાંકડી ગલીના બન્ને ભાગમાં આવેલી ઇમારતો ધ્વંસ થઇ જતાં તેમાં ૧૮૪ જેટલાં બાળકો અને ૧૮ શિક્ષકો અને બે પોલીસકર્મીઓના મોત થયાં હતાં. માત્ર અંજારમાં ૨૦૦૦ જેટલા લોકોના મોત નીપજ્યાં હતાં અને ૬૦૦૦ પરિવારો ઘરવિહોણાં બન્યાં હતાં. એ ગોઝારી ઘટનાને ૨૪ વર્ષના વ્હાણા પસાર થઇ ચુક્યા છે પરંતુ આ કડવી સ્મૃતિઓ લોકોના મનમાંથી હજુ નીકળતી નથી. ■

# સલાયા મરીન પોલીસે પ્રતિબંધિત ટાપુ પર પ્રવેશ કરનારા છ માછીમારોને ઝડપ્યાઃ ૫ લાખની બોટ જપ્ત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હાલ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૨૧ જેટલા નિર્જન ટાપુઓ પર માનવ પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એવામાં ઓખા વિસ્તારમાં આવેલા પ્રતિબંધિત ટાપુ પર ગેરકાયદેસર પ્રવેશ કરવા મુદ્દે સલાયા મરીન પોલીસે શફીઢોરા દરિયાકાંઠા વિસ્તારમાં અલ અક્સા નામની ફિશિંગ બોટમાં માછીમારી કરવા ગયેલા છ માછીમારોને ઝડપી લીધા હતા. સલાયા મરીન પોલીસની ટીમ દ્વારા દરિયામાં પેટ્રોલીંગ દરમ્યાન પ્રતિબંધિત શફીઢોરા ટાપુ પાસે બોટ લાંગરી માછીમારી કરતા ૬ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતાં. આ ૬ માછીમારોએ અલ અક્સા નામની ફિશિંગ બોટ ટાપુ પાસે લાંગરી દરિયાના પાણીમાં ફીશીંગ જાળ નાંખી ટાપુ પર અનઅધિકૃત પ્રવેશ કર્યો હતો. આરોપીઓમાં શાહિલ કરીમ ભગાડ, અજીમ કરીમ ભગાડ, નવાજ શબીર સંઘાર, એજાજ અબ્દુલ સંઘાર, એજાજ અબ્દુલ સુંભણીયા, નજીરહુસેન શબીર સંઘાર અને નુરમામદ સિદ્દીક સંઘારનો સમાવેશ થાય છે. સલાયા મરીન પોલીસ મથકના એ.એસ.આઈ. જેસલસિંહ જાડેજાની ફરિયાદ મુજબ, આરોપીઓએ સુરક્ષાના કોઈપણ સાધનો વગર માછીમારી માટે નીકળ્યા હતા. તેઓએ અનધિકૃત લેન્ડિંગ પોઇન્ટ શફીઢોરા ખાતે બોટ લાંગરી હતી. આ સ્થળે જેટી કે બારૂની સુવિધા ન હોવા છતાં જીવના જોખમે બેદરકારીપૂર્વક બોટ લાંગરી હતી. આરોપીઓએ રાજ્ય સરકારના નિયમો મુજબ માછીમારી દરમિયાન રાખવાના થતા સેફ્ટીના સાધનો પણ સાથે રાખ્યા ન હતા. પોલીસે આ ગંભીર ઉલ્લંઘન બદલ રૂ. ૫ લાખની કિંમતની બોટ જપ્ત કરીને આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તેમજ ફિશિંગ એક્ટ હેઠળ કાર્યવાહી શરૂ કરી હતી. ભૂતકાળમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના આવા નિર્જન ટાપુઓ પર દેશ વિરોધી પ્રવૃત્તિઓ કરવામાં આવતી હતી. જેથી રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા જિલ્લાના ૨૧ જેટલા નિર્જન ટાપુઓ પર માનવ પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. સલાયા બંદરના આ ઈસમો પ્રતિબંધિત સમુદ્રી ખારા મીઠાના ટાપુ પર ગયા હોવાની જાણકારી મળતાં પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઇ હતી. ■

# ભાવનગર બચાવો અભિયાન હેઠળ શહેરમાં કૉંગ્રેસની વિશાળ રેલી

(અમારા પ્રતિનિધિ તરફથી)



(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

ભાવનગરઃ શહેર કે જે અત્યારે કોઈપણ ક્ષેત્રે ગુજરાતનાં નકશામાં ન હોય તેવી પ્રતીતિ શહેરનાં લોકો કરી રહયા છે ત્યારે અને સત્તાધીકારી કુંભકરણની નિદ્રામાં હોય આઝાદીના આટલા વર્ષો પછી પણ ગુલામી જેવી સ્થિતિ હોય તેના ભાગરૂપે ભાંગી ગયેલા ભાવનગર ''ભાવનગર બચાવો''ના નેજા તળે ભાવનગર શહેરના વિવિધ મુખ્ય વિસ્તારોમાં વિશાળ રેલી નિકળી હતી.

આ રેલીનો ઉદ્દેશ ભાવનગરમાં પડી ભાંગેલા કાયદો અને વ્યવસ્થા, નાશ પામેલા ઉદ્યોગ ધંધા, બેકારી બેરોજગારી, વ્યસન મુક્તિ તથા નબળી પોલીસ કામગીરીને લઈને પણ જાગૃતિ લાવવા માટે તથા શહેરનાં નાના વેપારીનાં ધંધા રોજગારને પ્રોત્સાહન મળે તે માટે અને શહેરમાં રોજગાર મળે, શહેરનાં પૈસા શહેરમાં જ વપરાય અને શહેરનો રોજગાર વિકાસ પામે તે માટે ૧ વર્ષ સુધી શહેર કૉંગ્રેસનાં તમામ આગેવાનો, કાર્યકરો અને તેના પરિવારજનો શહેરમાં બનતી વસ્તુઓ શહેરમાંથી જ ખરીદ કરશે અને મધ્યવર્ગના વેપારીઓ પાસેથી જ વસ્તુઓ ખરીદવાની રેલી પૂર્ણ ગયા બાદ કેસંટ સર્કલ પાસે આવેલ મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે સંકલ્પ કર્યો હતો. રેલીમાં શહેર કૉંગ્રેસ પ્રમુખ એડવોકેટ હિતેશભાઈ વ્યાસ, મહિલા પ્રમુખ એડવોકેટ દર્શનાબેન જોશી સહિત કૉંગ્રેસના આગેવાનો કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. ■

# કચ્છમાં બર્ફીલા ઠારનો ચમકારોઃ નલિયામાં ૮.૩ ડિગ્રી ન્યૂનતમ તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ જમ્મુ-કાશ્મીર અને તેની આસપાસના પહાડો પર તાજેતરમાં થયેલી હિમવર્ષાની અસર હેઠળ સમગ્ર ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીએ આક્રમણ કરવું શરૂ કર્યું છે ત્યારે રણપ્રદેશ કચ્છમાં પણ લઘુતમ તાપમાનનો આંક ફરી એકવાર સિંગલ ડિજિટ પર સ્થિર થઇ જતાં જનજીવન પ્રભાવિત થઇ રહ્યું છે.

ત્રણ-ચાર દિવસના અંતરાલ બાદ અચાનક હાવી થયેલી ગાત્રો થીજવી દેતી ઠંડીના માર વચ્ચે અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં લઘુતમ ૮.૪ ડિગ્રી સે. જ્યારે જિલ્લાના મુખ્ય મથક ભુજમાં ઉત્તરીય હિમપવનોની સંગાથે ૧૨ ડિગ્રી સે.લઘુતમ તાપમાન નોંધાયું હતું. તેમાં પણ વળી ઉત્તર-પૂર્વ દિશાએથી પ્રતિકલાકે ૧૫ કિલોમીટરની ઝડપથી ફૂંકાઈ રહેલા ઠંડાગાર પવનોએ લોકો પર સિતમ વરસાવ્યો છે. ભર બપોરે પણ મહત્તમ તાપમાન ૨૫ ડિગ્રી જેટલું રહેવાથી ટાઢોળાની તીવ્રતાએ લોકોને ઘરમાં રહેવા મજબૂર કર્યા છે. ગાંધીધામ-કંડલામાં ઠંડીનું જોર આંશિક વધઘટ સાથે યથાવત રહ્યું છે. કંડલા એરપોર્ટ ખાતે આજનું લઘુતમ તાપમાન ૧૩ અને કંડલા પોર્ટ ખાતે ૧૪ ડિગ્રી નોંધાયું હતું. સતત ઉત્તર દિશાએથી વેગીલા વાયરાઓએ ઠંડીની ધાર વધુ તેજ બનાવતાં બપોરે પણ વહેલી સવાર જેવી ઠંડી પડી રહી છે. ■

# ગાંધીધામની ભાગોળે ટ્રેક્ટરને ટ્રકે હડફેટે લેતાં એકનું મોત, એક ઘાયલ

ભુજઃ કચ્છમાં અપમૃત્યુની સામે આવેલી બે ઘટનામાં બે યુવાનોના અકાળે મોત નીપજ્યાં છે. ભારે વાહનોની અવર-જવરથી સતત ધમધમતા રહેતા ભચાઉ-ગાંધીધામ ધોરીમાર્ગ પર આગળ જઈ રહેલા ટ્રેક્ટરને પાછળથી ટ્રકે હડફેટમાં લેતાં ગોલુ સુન્ના બારિયા (ઉ.વ. ૨૦)નું મોત થયું હતું, અન્ય એકને ઇજાઓ પહોંચી હતી, જયારે ભચાઉના શિવલખાની સીમમાં રાહુલકુમાર ગગનદેવ મહતો નામના ૨૨ વર્ષીય યુવાને ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ગાંધીધામ શહેરની ભાગોળે આવેલા જવાહર નગરમાં રહેનાર ગોલુ બારિયા તથા જીતુન નામના યુવાનો લાકડાં ભરીને ટ્રેકટર ટ્રોલી લઇને ગળપાદર તરફ જઈ રહ્યા હતા. તેઓ ભચાઉ-ગાંધીધામ માર્ગ પર પહોંચ્યા ત્યારે પાછળથી આવતા હરિયાણા પાસિંગના ટ્રકે ટ્રેક્ટરને પાછળથી ટક્કર મારી દેતાં ગોલુ બારિયાનું ગંભીર ઇજાઓના પગલે ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે જીતુનને અસ્થિભંગ સહિતની ઇજાઓ પહોંચતાં તેને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો. અકસ્માત અંગે મુન્ના ગજહિંગ બારિયાએ પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. બીજી તરફ, મૂળ બિહારના હાલે ભચાઉના શિવલખા ખાતે રહેનારા રાહુલકુમાર નામના શ્રમિકે અગમ્ય કારણોથી લીમડાના ઝાડમાં દોરી વડે ગળેફાંસો ખાઇ અનંતની વાટ પકડી લેતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■

# ભાવનગરમાં આજીવન કેદની સજા પામેલા ૯ કેદીઓને ગીતા આપી શુભેચ્છા પાઠવી વહેલી મુક્તિ અપાય

ભાવનગરઃ જિલ્લા જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા ૧૨ કેદીઓમાંથી ૯ કેદીઓને વહેલી મુક્તિ આપવામાં આવી હતી. ગુજરાત જેલ વિભાગના ડીજીપીના માર્ગદર્શન હેઠળ અને જેલ અધિક્ષક એલ. એમ.રાઠોડના પ્રયાસોથી આ નિર્ણય લેવાયો હતો. પ્રાપ્ત થતી માહિતી મુજબ જિલ્લા મેજિસ્ટ્રેટની અધ્યક્ષતામાં મળેલી જેલ સલાહકાર સમિતિની બેઠકમાં ૧૧ કેદીઓને હકારાત્મક અભિપ્રાય મળ્યો હતો. આ કેદીઓએ ૧૪ વર્ષની સજા પૂર્ણ કરી હતી અને જેલમાં સારી વર્તણૂક દાખવી હતી. તેમણે વિવિધ સુધારાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો અને જેલ ઉદ્યોગોમાં કામગીરી કરી હતી. જેથી તેમની બાકીની સજા માફ કરવામાં આવી હતી. મુક્ત થયેલા કેદીઓમાં નીતિનભાઈ ઝાલા, અશોકભાઈ ઝાલા, નિલેષભાઈ ઝાલા, ભરતભાઈ બારૈયા, સબુરભાઈ ડાભી, જીણાભાઈ ડાભી, પ્રવીણભાઈ કામ્બડ, કિશોર ઉર્ફે પોપટ ચુડાસમા અને ધીરુભાઈ ભીલનો સમાવેશ થતો હતો. જેલ અધિક્ષકે મુક્ત થયેલા કેદીઓને શ્રીમદ્ ભગવદ્ ગીતા ભેટ આપી અને તેમને ભવિષ્યમાં આવેશ કે ગુસ્સામાં આવીને કોઈ ભૂલ ન કરવાની સલાહ આપી હતી. કેદીઓની મુક્તિ વખતે તેમના પરિવારજનો ભાવુક બન્યા હતા. ■